# ૧ ધરતીમાં રોપાયેલ બીજની જેમ જીવનમાં કરેલ પરોપકાર પણ ગમે ત્યારે ફળે છે !!

કેટલીક પંક્તિ એવી કલાત્મક હોય છે અને પ્રસ્તુતિ એવી અસરકારક હોય છે કે એ વાંચતાની સાથે જ હૈયાને અપીલ કરી જાય અને અનાયાસે જ અંતરના આરસ પર અંકિત થઈ જાય. હમણાં આવી નાનકડી છતાં અસરકારક પંક્તિ વાંચી ગૌરાંગ ઠાકરની. એ કહે છે કે :-

**જળથી વરાળ થઈ, પછી વાદળ બનાય છે;**
**મારામાં શું થયા, પછી માણસ બનાય છે?**

જલનું સ્થાન આમ તો ધરતી પર હોય છે. સરોવર-સરિતા કે સાગર : કોઈ પણ સ્વરૂપ ધરાવતું જલ આકાશમાં અદ્ધર નહિ, ધરતી પર હોય છે અને પૃથ્વીનાં સ્તર કરતાં કાંઈક અંશે નીચે હોય છે. એ જ જલ જયારે વરાળરૂપે પરિવર્તન પામે ત્યારે ઊંચે ઊંચે ચડતું જાય અને આકાશમાં વાદળરૂપે સ્થાન-માન પામે. જલની આ ઉન્નતિયાત્રાને લક્ષ્યમાં રાખીને ઉપરોક્ત પંક્તિ અનુત્તર પ્રશ્ન કરે છે કે જળમાં જો વરાળરૂપે પરિવર્તન આવે તો એ વાદળ બને, એમ આપણામાં ક્યું પરિવર્તન આવે તો આપણે સાચા અર્થમાં માણસ બનીએ?

યાદ રહે કે માનવ તરીકેનો રૂડો-રૂપાળો દેહ મળી જાય એટલા માત્રથી સાચા અર્થમાં માણસ બની જવાતું નથી. શરીરરચનાની દૃષ્ટિએ માણસ હોવું અલગ વાત છે અને વાસ્તવિક દૃષ્ટિએ સાચા માણસ બનવું સાવ અલગ વાત છે. કવિ નિરુત્તર પ્રશ્ન દ્વારા આપણી ચેતનાને એ દિશામાં વિચારવાનો નિર્દેશ કરે છે.

અમારે જો એ નિરુત્તર પ્રશ્નનો ઉત્તર આપવાનો હોય તો અમે તરત જ કહીએ કે જળ વરાળરૂપે પરિવર્તન પામે તો વાદળ બને, એમ વ્યક્તિ દયાળુ-કરુણાળુરૂપે પરિવર્તન પામે તો સાચા અર્થમાં માણસ

બને. અને સાથે એ પણ ચોક્કસ બને કે વરાળ બન્યા પછી જલ જેમ એની મૂલભૂત દશા કરતાં અનેકગણી ઉન્નત અવસ્થા પામે છે તેમ દયાળુ-કરુણાવંત બન્યા પછી વ્યક્તિ પણ એની મૂલ અવસ્થા કરતા અનેકગણી ઉન્નત અવસ્થા ગુણાત્મક દૃષ્ટિએ પામે છે. યાદ રહે કે માનવી જો માત્ર કોરો બુદ્ધિશાળી હશે તો કદાચ સ્વાર્થાંધ બનીને શેતાન પણ બની શકે છે, એ માત્ર સંપત્તિશાળી હશે તો દુરાચારી બનીને-સ્વકેન્દ્રિત બનીને હેવાન પણ બની શકે છે. પરંતુ એ જો સંવેદનાસભર-દયાળુ-કરુણાળુ હશે તો ખરા અર્થમાં ઈન્સાન બની રહેશે અને આગળ જતાં ભગવાન પણ બની શકે છે.

અઢાર પુરાણોમાં મહર્ષિ વ્યાસે પ્રસ્તુત કરેલા તમામ ઉપદેશનો સાર માત્ર અર્ધા શ્લોકમાં રજૂ કરતો એક શ્લોક સંસ્કૃત શ્લોકમાં ખૂબ પ્રસિદ્ધ છે. એમાં સારરૂપે દર્શાવાયેલ શ્લોકાર્ધ આ છે કે :-

''परोपकारः पुण्याय, पापाय परपीडनम्''

મતલબ કે અન્યો પર ઉપકાર કરવો તે પુણ્યનું કારણ બને છે અને અન્યોને પરેશાની કરવી - પીડા આપવી એ પાપનું કરાણ બને છે. આ છે અઢાર પુરાણનો સાર!! અમે આમાંની ઉપકારની વાતને અહીં એવા ત્રણ સ્તરે દર્શાવીશું કે જેમાં કારણરૂપે 'ક' અક્ષરથી શરૂ થતો એકેક ગુણ હોય અને તેમાં ય સૌથી પ્રથમ ગુણરૂપે ઉપર દર્શાવી તે કરુણાવૃત્તિ-દયાળુતા હોય :

પહેલું સ્તર છે ઉપકાર કરવો. ઊંચા ઉંચા વાંસનાં જંગલોમાં એવું જોવા મળે છે કે એક વાંસનું વૃક્ષ મૂળમાંથી વિખૂટું પડી જાય તો આસપાસના અડોઅડ વાંસવૃક્ષો પેલા વાંસને સહાયક બનીને ટકાવી રાખે છે, પડવા નથી દેતા. નિષ્ક્રિય ગણાતા વાંસવૃક્ષો પણ જો જાતભાઈને આ રીતે સહાયક બને-ઉપકારી બને, તો સક્રિય ગણાતો માણસ માણસ પર ઉપકાર કેમ ન કરે? અવશ્ય એણે અન્ય દુઃખી-પીડિતો પર ઉપકાર કરવો જ જોઈએ. માટે પહેલું સ્તર દર્શાવાયું કે ઉપકાર કરવો.

ઉપકાર કરવા માટે 'ક' અક્ષરથી શરૂ થતો ગુણ જોઈએ **કરુણા.**

કરુણા - માણસાઇ - હમદર્દી હોય તો જ વ્યક્તિ સમયનો-શક્તિનો કે સંપત્તિ આદિનો ભોગ નિસ્વાર્થભાવે આપીને દુઃખી-દીન-અશક્ત વ્યક્તિને સહાયક-ઉપકારક થઇ શકે. ધારો કે એક શ્રીમંત વ્યક્તિ દેવાના ભાર નીચે કચડાતી ગરીબ વ્યક્તિને વળતરની અપેક્ષા વિના સંપત્તિની સહાય કરે કે કોઇ સેવાભાવી વ્યક્તિ અકસ્માત્‌માં ઘાયલ પ્રવાસીને નિસ્વાર્થભાવે હોસ્પિટલ સુધી પહોંચાડે તો એમાં કરુણા - હમદર્દી નામનું તત્ત્વ જ કારણરૂપ છે. તે સિવાય નિસ્વાર્થ ઉપકાર શક્ય નથી હોતો.

બીજું સ્તર છે ઉપકારને સમજવો. ધારો કે કોઇ વ્યક્તિએ અણીના સમયે સહાય કરીને આપણને મુશ્કેલીમાંથી ઉગાર્યા હોય ત્યારે આપણું વલણ 'ગરજ સરીને વૈદ વૈરી' જેવું ન હોવું જોઇએ. પરંતુ આભારની-ઉપકારની લાગણીથી છલકાતું હોવું જોઈએ. આપણાં રોજિંદા જીવનમાં ય રોજે રોજ અનેક વ્યક્તિના નાના-મોટા અનેક ઉપકારો આપણા ઉપર હોય છે : વળતર સહિતના અથવા વળતરની અપેક્ષા વિનાના. કદાચ એવું બને છે કે એમાંના મોટા ભાગના ઉપકારોને આપણે ઉપકારરૂપે સમજતા કે સ્વીકારતા ય નથી. ત્યાં આભારવૃત્તિની વાત જ ક્યાં?

ઉપકાર સમજવા માટે 'ક' અક્ષરથી શરૂ થતો ગુણ જોઇએ **કૃતજ્ઞતા.** કૃતજ્ઞતાને સચોટપણે છતાં સંક્ષેપમાં સમજાવવી હોય તો એમ કહી શકાય કે જે પગથિયાં ચડીને આપણે મંદિરમાં, ઓફિસમાં કે ઘરમાં દાખલ થઇ શકીએ છીએ એ પગથિયાંનો પણ ઋણસ્વીકાર કરવાની વૃત્તિ આપણામાં વિકસવી જોઇએ. કેમ કે એના વિના આપણે ક્યાંય પહોંચી ન શકત!!

ત્રીજું સ્તર છે ઉપકારનો બદલો વાળવો. ધારો કે કોઇએ આપણા પર મહત્ત્વપૂર્ણ ઉપકાર કર્યો હોય તો 'Thank you' કે 'આભાર' જેવા શબ્દોમાં આપણું કર્તવ્ય સમાપ્ત થઇ જતું નથી. કેટલીક વાર એવું જોવાય છે કે સામી વ્યક્તિના ઉપકારના બદલામાં વ્યક્તિ ઔપચારિક વિવેક વળતી સહાય માટે કરે અને સામી વ્યક્તિ ઇન્કાર કરે તો તરત ખુશી ખુશીપૂર્વક

વિરમી જાય. વસ્તુતઃ ઉપકાર સામે શક્ય હદે પ્રત્યુપકાર જોઈએ જ. એ માટે 'ક' અક્ષરથી શરૂ થતો ગુણ છે **કર્તવ્યનિષ્ઠા.** વ્યક્તિ જો કર્તવ્યનિષ્ઠ હોય તો 'येन केन प्रकारेण' પ્રત્યુપકાર કરે.

આ ત્રણેય સ્તર અને ત્રણેય ગુણ હૃદયસ્પર્શી રીતે એક સાથે અનુભવાય એવી દાસ્તાન જાણવી છે ? તો વાંચો આ સત્ય ઘટના :

બ્રિટનનું એક નાનકડું ગામડું. એની બહાર મુખ્ય માર્ગને સ્પર્શીને એક ખેડૂતનું નાનું ખોરડું હતું અને એની પાછળ એનું એવું જ નાનું ખેતર હતું. એક વાર એ ઘરમાં સમારકામ કરી રહ્યો હતો ત્યારે નજીકમાંથી 'બચાવો બચાવો'ની ગભરાટભરી ચીસો એને અચાનક સંભળાવા માંડી. સમારકામ અધૂરું મૂકીને એ દોડતો બહાર આવ્યો એણે જોયું તો Cycle પર જઈ રહેલ કોઈ કિશોર અચાનક ઊથલી જઈને ચીકણા ગારથી ભરેલ ખાડામાં પડ્યો હતો. જેમ જેમ એ બહાર નીકળવા જોર અજમાવતો હતો તેમ તેમ એ વધુ ને વધુ અંદર ખૂંપતો જતો હતો. કમરથી પણ વધુ અંદર ઊતરી જતાં કિશોરને જાણે મોત પ્રત્યક્ષ દેખાવા માંડ્યું. એથી એ ગભરાટથી ચીસો પાડતો હતો.

ખેડૂતનાં દિલમાં કરુણાનાં ઝરણાં વહેવા માંડ્યા. એણે નિસ્વાર્થ ઉપકારથી ભાવનાથી કિશોરને ઊંડાં કળણમાંથી સલામત બહાર ખેંચ્યો અને એને ભયમુક્ત કર્યો. ખેડૂતપત્નીએ કિશોરનાં કાદવયુક્ત વસ્ત્રો ધોઈ આપ્યા, કિશોરને સ્નાનની વ્યવસ્થા કરી આપી અને એને જમાડ્યો પણ ખરો. અજાણ્યા ગરીબ દંપતીનું આવું નિસ્વાર્થ હેત નિહાળીને કિશોર પ્રભાવિત થઈ ગયો. વસ્ત્રો સુકાઈ ગયા બાદ જતી વેળાએ કિશોર પેલા ખેડૂતને પોતાનું સરનામું આપતો ગયો.

વસ્તુતઃ એ કિશોર કૃતજ્ઞ બુદ્ધિનો અને શ્રીમંત પરિવારનું સંતાન હતો. પોતાનો જાન બચાવનાર ખેડૂત વિશેની વાત શ્રીમંત પિતા સમક્ષ એણે એવી અસરકારક રીતે રજૂ કરી કે બીજા જ દિવસે એના પિતા ખેડૂતને ત્યાં જવા તૈયાર થઈ ગયા. બીજી બપોરે ખેડૂતનાં ઘરઆંગણે એક વૈભવી

Car આવીને ઉભી રહી અને એમાંથી પેલો કિશોર એના પિતા સાથે બહાર આવ્યો.

શ્રીમંત ઉદ્યોગપતિએ ખેડૂતનો ખૂબ ખૂબ આભાર માનીને દીકરાનો જીવ બચાવવા બદલ પાઉન્ડની નોટોની મોટી થપ્પી ખેડૂત સમક્ષ ધરી. પણ... વાહ રે ખેડૂત! એ ગરીબ ખોરડામાં રહેતા દિલના શ્રીમંત આદમીએ ઉપકારની સામે પૈસા સ્વીકારવાનો ધરાર ઈન્કાર કર્યો. એણે કહ્યું : ‘‘મેં માત્ર કરુણા ખાતર ઉપકાર કર્યો છે, પૈસા ખાતર નહિ.’’

પણ શ્રીમંત ઉદ્યોગપતિ કર્તવ્યનિષ્ઠ હતા. એ કોઈ પણ રીતે, આવો મોટો ઉપકાર કરનાર ખેડૂત પર પ્રત્યુપકાર કરવા કટિબદ્ધ હતા. પેલો દિલાવર ખેડૂત પૈસા લેવા ન જ માન્યો ત્યારે ઉદ્યોગપતિએ એના નાના દીકરા માટે નવો પ્રસ્તાવ રજૂ કર્યો : ‘‘ તારો દશ વર્ષનો આ દીકરો જો તારા ઘરે રહેશે તો પૂરી જિંદગી ખેતી - મજૂરી જ કરશે. તું જો એને મારી સાથે મોકલે તો હું એને મારા ઘરે મારા દીકરાની જેમ સાચવીશ અને ભણાવી-ગણાવીને એની જિંદગી સુધારી દઈશ. આટલો પ્રત્યુપકાર કરવાની તું મને તક આપ.’’

ખેડૂતે આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. ઉદ્યોગપતિ પેલા ખેડૂતપુત્રને પોતાના ઘરે લઈ ગયા. કુદરતી એ ખેડૂતબાળ હોનહાર તેજસ્વી વિદ્યાર્થી નીવડ્યો. લંડનની St. Mary Hospital અને મેડિકલ સ્કૂલમાં તૈયાર થયા બાદ એણે સખત સંશોધનોના અંતે એક એવી નવી દવા શોધી કે જેણે લાખો દર્દીઓના જીવ બચાવ્યા અને પેલા ખેડૂતપુત્રને વિશ્વવ્યાપી નામના આપી. વર્ષો બાદ પેલા શ્રીમંત ઉદ્યોગપતિનો પુત્ર ન્યૂમોનિયાની બિમારીમાં ભયંકર રીતે સપડાયો ત્યારે આ જ ખેડૂતપુત્રે શોધેલી દવાથી એનો જીવ બચ્યો હતો.

એ ખેડૂતપુત્રનું નામ Sir Elexander Fleming. એમણે શોધેલ દવાનું નામ Penicillin, એને ભણાવનાર શ્રીમંત ઉદ્યોગપતિનું નામ 'Lord Randolph Churchill' અને ખેડૂતપરિવારના કારણે બબ્બે વાર

**નવજીવન પામનાર પુત્ર એટલે વિશ્વવિખ્યાત રાજનેતા British વડાપ્રધાન Sir Winston Churchill !!**

**અંતે એક વાત : ધરતીમાં રોપાયેલ બીજ ગમે ત્યારે ફળે છે, એમ જીવનમાં કરેલ નિઃસ્વાર્થ પરોપકાર ગમે ત્યારે ફળે છે....**

## ૨ સજ્જનને દુર્જન બનાવે છે કુસંગ... દુર્જનને સજ્જન બનાવે છે સત્સંગ...

ધૂળ!! એ કેવી નગણ્ય અને મૂલ્યહીન ચીજ છે એ પ્રત્યક્ષ પરખાતી બાબત છે. નગણ્ય એ એવી છે કે માનવીના-પશુના પગતળે ચંપાય છે - દબાય છે. તો ય કમાલ એ છે કે દોષ ધૂળનો જ નીકળે, માનવીનો નહિ. પગ ધૂળવાળા થાય એનો અણગમો-અરુચિ માનવી દર્શાવે છે. ધૂળ ક્યાં અણગમો દર્શાવી શકે છે? જાણે કે દોષિત ધૂળ જ છે, માનવી નહિ. આ હદે ધૂળ નગણ્ય - નાચીજ છે... મૂલ્યહીન એ એવી છે કે કોઈ એને વેચતું નથી ને કોઈ એને મફતમાં ય લેતું નથી. અરે! કોઈ મોટી નુકસાની થાય ત્યારે વ્યક્તિ કહેવતરૂપે બોલે છે કે 'કર્યું - કરાવ્યું ધૂળમાં મળી ગયું.' મતલબ કે હવે એનું કોઈ મૂલ્ય નહિ ઊપજે.

પણ... સબૂર! આ રીતે ધૂળ ભલે નગણ્ય ગણાતી હોય. કિંતુ એ જ ધૂળ જો કોઈ પવિત્ર સંતના પાવન પદકમળનો સ્પર્શ પામી જાય તો? સંતચરણને સ્પર્શી જાય તો? તો એ જ ધૂળનો માનમરતબો વધી જાય. મોટો સત્તાધીશ સમ્રાટ પણ સંતચરણની એ રજને ભાવથી મસ્તકે ચડાવે અને ગરીબ-તવંગર નગરજનો ય એ ચરણરજ પામવા પડાપડી કરે. ધૂળ તો મૂલભૂતરૂપે એની એ જ હોય છે. જે દબદબો ધૂળને મળે છે એ ઉત્તમ સંસર્ગનાં કારણે મળે છે. ગુજરાતી કાવ્યપંક્તિ આને લક્ષ્યમાં રાખીને સત્સંગની મહત્તા યથાર્થ પ્રસ્તુત કરે છે કે :-

**ઉત્તમ જનના યોગથી, ઉત્તમતા નિજ અંગ;**
**ધૂલિ પણ મસ્તક ચડે, સંત ચરણને સંગ.**

સત્સંગનો મહિમા દર્શાવવા ઉપરોક્ત ગુજરાતી પંક્તિમાં ધૂળને કેન્દ્રસ્થાન અપાયું છે, તો એક સંસ્કૃત સુભાષિતમાં સત્સંગની મહત્તા દર્શાવવા પાણીને કેન્દ્રસ્થાન અપાયું છે. એ સુભાષિત કહે છે કે શેરીમાંથી

વહેતા પાણીનું લોકનજરમાં કોઈ મહત્ત્વ હોતું નથી. એ પાણી જો વર્ષાનું કે શુદ્ધ હોય તો ય શેરીની ધૂળ-માટીમાંથી વહેવાથી મલિન થઈ ગયું હોય. લોકો એમાં પગ મૂકીને ચાલતા હોય. અને જો એ પાણી નાગરિકોના વપરાશનાં કારણે ખાળ વગેરેમાંથી વહી આવતું હોય તો તો એ ઔર મલિન-જુગુપ્સાભર્યું હોય. પરંતુ ધારો કે એ શેરીની નિકટમાં જ પવિત્ર ગણાતી ગંગા નદીનો પ્રવાહ વહેતો હોય અને એ વિરાટ પ્રવાહમાં શેરીનું પેલું જલ મળી-ભળી જાય તો? તો શેરીનું એ જલ સ્વયં ગંગાસ્વરૂપ બની જાય. પરિણામ? પરિણામ એ આવે કે એક તબક્કે જે જલ પગતળે આવે તો ય જે માનવીઓ દુર્ગંછા અનુભવતા હોય એ જ જલ ગંગાના સંસર્ગ પછી એ જ માનવો ભક્તિથી મસ્તકે લગાવતા થઈ જાય. અરે! માનવો ક્યાં? દેવો પણ એને વંદનીય-આદરણીય ગણે.

એ સંસ્કૃત સુભાષિત આ છે કે :-

महानुभावसम्पर्कः, कस्य नोन्नतिकारकः?
रथ्याम्बु जाह्नवीसङ्गात्, त्रिदशैरपि वन्द्यते ॥

મતલબ કે મહાન વ્યક્તિનો સંસર્ગ હર કોઈની ઉન્નતિ કરી શકે : જેમ શેરીનું જલ ગંગાનદીના સંસર્ગથી દેવોને ય પૂજ્ય-વંદનીય બની જાય છે એમ !!

ગુજરાતી કાવ્યપંક્તિમાં દર્શાવાયેલ ધૂળ કે સંસ્કૃત સુભાષિતમાં દર્શાવાયેલ શેરીનું પાણી સાવ સામાન્ય કે નિમ્ન કક્ષાની વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે એમાં જ દર્શાવાયેલ સંત કે ગંગા નદી વિશિષ્ટ સંસ્કારસંપન્ન ઉચ્ચ સ્તરની વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. બન્ને સૂક્તિઓ એ પ્રતિપાદન કરે છે કે સામાન્ય યા નિમ્ન સ્તરની વ્યક્તિઓ પણ જ્યારે વિશિષ્ટ સંસ્કારસંપન્ન ઉચ્ચસ્તરીય વ્યક્તિઓનું સાન્નિધ્ય પામે છે ત્યારે એ નિમ્નસ્તરીય વ્યક્તિઓનાં જીવનની દશા-દિશા આકાર-પ્રકાર બધું બદલાઈ જાય છે. શિલ્પીના સંગે જેમ સામાન્ય ગણાતો પથ્થર અસામાન્ય બની રહેતી પ્રતિમામાં પરિવર્તિત થઈ જાય છે, સુતારના સંગે બરછટ કાષ્ઠ

પણ **Fashionable Furniture**માં પરિવર્તિત થઇ જાય છે અને ચિત્રકારના સંગે સામાન્ય કાગળ પણ ચિત્તાકર્ષક ચિત્રપટમાં પરિવર્તિત થઇ જાય છે એમ સંસ્કારી જનોના સંગે સંસ્કારશૂન્ય વ્યક્તિ પણ સંસ્કાર મંડિત વ્યક્તિમાં પરિવર્તિત થઇ જાય છે. કઇ પ્રશંસનીય હદે આ પરિવર્તન શક્ય બને એ જાણવું છે ? તો વાંચો તાજેતરમાં જ અમને જાણવા - નિહાળવા મળેલ આ સત્ય ઘટના :

મુંબઇ મહાનગરનું જૈન વસતિથી ભરચક ઉપનગર ઘાટકોપર. ત્યાં **East-West** વિભાગોમાં સ્થળે સ્થળે અનેક ભવ્ય જિનમંદિરો-ઉપાશ્રયો આદિ આરાધનાસ્થાનો એકેકથી ચડિયાતા છે, તો ત્યાં અવનવાં ધર્મકાર્યો કરતાં આરાધકો પણ એકેકથી ચડિયાતા છે. એવા એવા એ આરાધકો-ભાવુકો-ઉદારદિલ પુણ્યાત્માઓ છે કે જેની અનુમોદના કરવા કાજે અમારું -સાધુજનોનું પણ અંતર લાલાચિત થઇ જાય.

એ પૈકીના એક ભાગ્યવાન કીર્તિલાલ મણિલાલ વોરા. એમની છેલ્લા દિવસોની ઉત્તમ પરિણતિની કે ઉદાર ભાવનાની વાત ક્યારેક અન્ય અવસરે આલેખવાનું રાખીને માત્ર એક જ નિર્દેશ કરીએ કે એમણે પોતાના જીવનકાળમાં અલગ અલગ સ્થળે મળીને કુલ ચોવીશ તીર્થંકર ભગવંતોને મૂળનાયક રૂપે પ્રતિષ્ઠિત કર્યા હતા. આના પરથી એમની ધર્મભાવનાનો અને ઉદારતાનો અંદાજ આસાનીથી આવી શકે. એ સિવાય અન્ય ધર્મકાર્યો અને સેવાકાર્યોમાં એમણે દાખવેલ ઉદારતા અલગ.

એમના પરિવારમાં ઘરકામ વગેરે સેવાકાર્યો માટે રાજુ નામે એક યુવાન છે. મદ્રાસ તરફની એ વ્યક્તિ બાર-ચૌદ વર્ષની હતી ત્યારથી આ સંસ્કારી પરિવારમાં સેવક તરીકે જોડાઇ ગઇ હતી. એથી એનામાં આ પરિવારના સંસ્કારો આપોઆપ પાંગરવા માંડ્યા. એ જે જ્ઞાતિમાંથી આવતો હતો એમાં માછલી આરોગવી - માંસાહાર કરવો સાવ સામાન્ય બાબત હતી. એમાં ય અમૂક વિધિ પ્રસંગે તો માંસાહાર અવશ્ય કરાતો. આમ છતાં કમાલ એ સર્જાઇ કે તીર્થયાત્રાઓ-ઘરે પધારતાં પૂ. સાધુ /સાધ્વી ભગવંતોનો સંપર્ક- પરિવાર દ્વારા થતાં જીવદયાકાર્ય-અહિંસક

આહારશૈલી વગેરેનાં કારણે એણે માંસાહારનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો !! એક જન્મથી અજૈન અને માંસાહારી પરિવારનું 'Background' ધરાવતી વ્યક્તિ માંસાહાર સ્વેચ્છાએ ત્યાગે એ ઉત્તમ સંસર્ગનું ઉત્તમ પરિણામ ગણી શકાય.

વાત આટલેથી જ અટકતી નથી. આ અજૈન સેવક રાજુને જૈન વિધિપૂર્વકનું ગુરુવંદન કરતાં આવડે છે, એ ભગવાનની પૂજા પણ કરે છે. આ સરલ મનની વ્યક્તિની ભાવનાઓ જાણે પ્રભુને પહોંચી હોય એમ એક ઘટના એવી બની કે જેમાં એનું પુણ્ય એના આશ્રયદાતા પરિવાર કરતાં ય વધુ ઝળહળતું જણાય. ઘટના એ આમ બની :

વિશ્વશ્રેષ્ઠ જૈન મહાતીર્થ શત્રુંજય ગિરિરાજના અધિનાયક દાદા આદીશ્વરપ્રભુની અંગરચનાના લાભ માટે ભારતભરના જૈન ભાવિકો એવી પડાપડી કરે છે કે એમાં સુગમતા લાવવા વહીવટકર્તા આણંદજી કલ્યાણજી પેઢી ચિટ્ઠી પદ્ધતિ અપનાવે છે. અરજી કરનાર વ્યક્તિઓમાંથી જે તિથિ માટે જે વ્યક્તિનું નામ નીકળે એ વ્યક્તિને એ તિથિની આદીશ્વરદાદાની આંગીનો લાભ અપાય. ચોક્કસ સમય પૂર્વે લાભાર્થી વ્યક્તિને એની જાણ પણ કરી દેવાતી હોવાથી નિયત તિથિએ એ ભક્તજન સપરિવાર ઉપસ્થિત રહી શકે અને ધનની સાથે તન-મનથી પણ લાભ પામી શકે.

દિવંગત કીર્તિભાઈ વોરાના પરિવારે દાદાની આંગીનો લાભ પોતાને મળે તે માટે એક નહિ, ત્રણ ત્રણ અરજી અલગ અલગ નામે કરી : એક અરજી કીર્તિભાઈના ધર્મપત્ની નીલાબહેનના નામની, એક દીકરીના નામની અને એક ઘરસેવક રાજુના નામની. કમાલ એ થઈ કે ચિટ્ઠીઓ ખેંચાઈ એમાં રાજુના નામે આંગીનો લાભ આવ્યો!! જાણે કે આ બાબત પૂરતું રાજુનું પુણ્ય ચડિયાતું પુરવાર થયું. રાજુને આ ખબર પડી ત્યારે એણે ભાવુક હૃદયે નીલાબહેનને કહ્યું : ''આદીશ્વરદાદાને આંગીનો લાભ મારા નામે આવ્યો છે તો એ માટેની રકમનો ખર્ચ પણ હું મારી મૂડીમાંથી કરીશ. ભલે એ માટે મારો એક વર્ષનો પગાર ખર્ચાઈ જાય!!'' જાણે કે શાસ્ત્રના પાને મળતી (સમ્રાટ કુમારપાલના પૂર્વભવીય જીવ) નરવીરની ઘટનાની

આ નાની શી આવૃત્તિ સર્જાઇ !! જો કે, પછી તો નીલાબહેન વગેરેએ રાજુને ખૂબ સમજાવીને એમ ન થવા દીધું, રાજુનાં નામે પોતે સંપત્તિ વાપરી... નીલાબહેને સ્વયં આ ઘટના અમને કહી ત્યારે અમે રાજુને નરવીરની શાસ્ત્રીય કથા કહીને એનો ભાવોલ્લાસ વૃદ્ધિંગત કર્યો અને એની અંતરથી અનુમોદના કરી.

એક કલ્પનામઢી સરસ કાવ્યપંક્તિ ક્યાંક વાંચી હતી કે :-

**"હું રણનાં ઝાંઝવાને, એ છતાં ય દાદ આપું છું ;**
**નથી પાણી છતાં એ, પાણી પોતાનું બતાવે છે..."**

આમ તો રણપ્રદેશ એવો સૂકોભઠ હોય છે કે એમાં પાણીનું એક બુંદ ન મળે. છતાં ય મધ્યાહ્નના સૂર્યકિરણો અને રેતીના સંયોગથી એવી કરામત સર્જાય કે દૂરથી નિહાળનારને રણમાં પાણીનો આભાસ થાય. આ આભાસી પાણીને મૃગજળ કહેવાય છે. તૃષાતુર મૃગલાઓ એની પાછળ દોડીને પ્રાણ ગુમાવતા હોવાથી મૃગજળ ટીકાપાત્ર બનતું હોય છે. તેમ છતાં કવિએ ઉપરોક્ત પંક્તિમાં '**Positive**' દૃષ્ટિબિંદુ દાખવીને ઝાંઝવાની, પાણી ન હોવા છતાં પાણીનો આભાસ સર્જવાની ક્ષમતાને બિરદાવી છે. માત્ર આભાસ સર્જવાથી ઝાંઝવાને બિરદાવી શકાય, તો જન્મજાત સંસ્કારોનું પાણી ન હોવા છતાં સુસંગતથી સંસ્કારોનું વાસ્તવિક પાણી દર્શાવનાર પાણીદાર રાજુને તો અવશ્ય બિરદાવી જ શકાય.

છેલ્લે એક વાત : કેટલીક નદી મૂળભૂતપણે પાણીદાર હોવા છતાં ગરમીના દિવસોમાં સાવ નપાણી-સૂકીભઠ થઇ જતી હોય છે. એમ કેટલીક વ્યક્તિઓ જન્મજાત સંસ્કારી પરિવાર ધરાવવા છતાં કુસંગતથી સાવ અસંસ્કારી બની જતી હોય છે. આપણો નંબર એમાં ન લાગી જાય તેની સતત સાવધાની રાખીએ. એ માટે યાદ રાખીએ આ સૂત્ર કે :- **સજ્જનને દુર્જન બનાવે છે કુસંગ અને દુર્જનને સજ્જન બનાવે છે સત્સંગ...**

# 3 જે બિનજરૂરી પાપોથી વિરમતા નથી એ બિનજરૂરી દુઃખોથી બચી શકતાં નથી !!

શાસ્ત્ર!! પોતપોતાની ધર્મધારાના પ્રવર્તકોનાં કે તેના ઉત્તરવર્તી પ્રજ્ઞાપુરુષોનાં હિતકારી-કલ્યાણકારી વચનો ઝીલનાર પવિત્ર ધર્મગ્રન્થોને વિવિધ ધર્મપરંપરાઓ 'શાસ્ત્ર' શબ્દથી સંબોધતી હોય છે. તે તે પરંપરાને અનુસરનાર ધર્મીજનોનાં દિલ-દિમાગમાં એ શાસ્ત્રો પ્રત્યે ગજબનાક આદર પ્રવર્તતો નિહાળવા મળે છે.

પરંતુ જૈન પરંપરાના પ્રખર પ્રજ્ઞાપુરુષ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે નિરુક્ત શૈલીથી 'શાસ્ત્ર' શબ્દનું મજાનું અર્થઘટન એવું કર્યું છે કે જે શાસ્ત્રો પ્રત્યેના આદરને નવી ઊંચાઇ બક્ષે. એટલું જ નહિ, શાસ્ત્ર ખરેખર કેવા હોવા જોઈએ એનું માર્ગદર્શન પણ આપે. 'જ્ઞાનસાર' ગ્રન્થમાં આવું અર્થઘટન કરતાં તેઓએ 'શાસ્ત્ર' શબ્દના બે અક્ષરો અલગ કરીને જણાવ્યું છે કે જે શાસ્ = શાસન કરે - વ્યક્તિ પર અનુશાસન કરે અને ત્ર = વ્યક્તિનું દોષોથી = દુર્ગતિથી રક્ષણ કરે તેનું નામ છે શાસ્ત્ર. આપણે આના પર થોડો વિચારવિસ્તાર કરીએ :

પ્રાણીજગતમાં, અશ્વ પર લગામ રખાય છે અને હાથી પર અંકુશ રખાય છે. અશ્વ જો સલામત - સાચો માર્ગ છોડીને ગલત માર્ગે-ઉન્માર્ગે જતો હોય તો ત્યારે એનું લગામનાં માધ્યમથી અનુશાસન કરાય છે - એને ઉન્માર્ગે જતો અટકાવી દેવાય છે. એ જ રીતે હાથી બેફામ-બેકાબૂ બનીને જો તોડફોડ મચાવવા માંડે તો ત્યારે એનું અંકુશનાં માધ્યમે અનુશાસન કરાય છે - એને નિયન્ત્રણમાં લઈ લેવાય છે. બસ, આ જ રીતે વ્યક્તિ જ્યારે ઉન્માદથી - આવેગથી - આકર્ષણથી - લોભલાલચથી યા વૈરવિરોધાદિ બાબતોથી ગલત માર્ગે - કુમાર્ગે ખેંચાઇ જવાની અણી પર આવે ત્યારે ધર્મગ્રન્થોનાં વચનો લગામ જેવા - અંકુશ જેવા બનીને વ્યક્તિનું અનુશાસન કરે અને એને ગલત આકર્ષણનો - ઉન્માર્ગનો ભોગ

બનતા અટકાવે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ મજાની પ્રેરક કથા :

નગરનું એક સુખી-સંપન્ન પ્રૌઢ દંપતી. સાંસારિક જવાબદારી-ઓથી એ પરવારી ગયું હતું. એથી પતિ-પત્ની ઉભયને આત્મકલ્યાણના - સાધનાના મનોરથો પ્રગટતા હતા. સંન્યાસની પૂર્વભૂમિકારૂપે એમણે નગર બહાર નદીકિનારાથી થોડે દૂર એકાંત સ્થાનમાં કુટિર બનાવીને વસવાનું નક્કી કર્યું. ઓછામાં ઓછી જરૂરિયાત અને વધુમાં વધુ આરાધના : આ લક્ષ્ય રાખીને એમણે આ એકાંત જીવન આરંભ્યું. પૂર્વના સંપન્ન જીવનનાં કારણે, હવેની સામગ્રીની અલ્પતા ઓછપ ન લાવી દે તે માટે પતિ - પત્ની બન્ને અપરિગ્રહના સિદ્ધાંતની - તેને લગતા ધર્મવચનોની વારંવાર સ્મૃતિ - ધારણા કરતા રહે. જેથી ક્યારેય મન લલચાઈ ન જાય કે આકુળ-વ્યાકુળ થઈ ન જાય. દિવસો અને મહિનાઓ આ રીતે વ્યતીત થઈ ગયા.

એક દિવસની વાત. નિત્યક્રમ મુજબ નદીકિનારે સ્નાન કરીને દંપતી કુટિર તરફ જઈ રહ્યું હતું. પતિ આગળ હતો અને પત્ની પચીશ-ત્રીશ ડગલા પાછળ હતી. ધૂળથી આચ્છાદિત એ માર્ગ પર અચાનક એક ચીજ પતિની નજરમાં આવી અને એ ચમકી ગયો. કારણ કે ત્યાં સુવર્ણનો નકશીદાર મૂલ્યવાન હાર પડ્યો હતો. સૂર્યનાં કિરણોનાં કારણે એ હાર ચમકાર વેરી રહ્યો હતો. સતત અપરિગ્રહના સિદ્ધાંતનું રટણ કરનાર પતિએ કાચી ક્ષણમાં મન પર કાબૂ મેળવીને નક્કી કરી લીધું કે આ સુવર્ણહાર મૂલ્યવાન છે તો ય મને ન ખપે.

બીજી જ ક્ષણે એને વિચાર આવ્યો કે ‘પાછળ પત્ની આવે છે. સ્ત્રીસહજ સ્વભાવનાં કારણે અલંકારનું આકર્ષણ એને સ્વાભાવિક જાગી શકે છે. એમાં ય અત્યારે એક પણ અલંકારહિત સાદગીનું જીવન છે. કદાચ એ આ સુવર્ણહાર લઈ લેવાનું મન બનાવે એના કરતા બહેતર છે કે આ હાર એની નજરમાં જ ન આવે.’ આ ગણતરી કરીને પતિમહાશય ઝડપથી સુવર્ણહાર તરફ પહોંચી ગયા અને એના પર ધૂળ ઢાંકવા માંડ્યા.

આ ઘટનાક્રમ પત્નીની ચકોર નજરની બહાર ન રહ્યો. એ નજીક

આવી જતા બોલી : "શું કરી રહ્યા છો તમે આ?" પતિએ પેલું કારણ દર્શાવતા કહ્યું : " તું આકર્ષાઈ ન જાય એ માટે હું આ સુવર્ણહાર પર ધૂળ નાંખી રહ્યો છું. " પત્ની મધુર મુસકાન વેરતા બોલી : "હું તો એમ માનું છું કે તમે સુવર્ણહાર પર નહિ, બલ્કે ધૂળ પર ધૂળ ઢાંકી રહ્યા છો. કારણ કે આપણે અપરિગ્રહી છીએ. ઉપરાંત આ પરધન છે. "परकीयं क्वचित् सुधी:" શબ્દો દ્વારા શાસ્ત્રો પરધનને સાવ જ અસ્પૃશ્ય ગણે છે અને 'પરધન પથ્થર માનીએ' વગેરે ઉપદેશપંક્તિઓ આ ધનને ધૂળ જેવું-પૈસાને પથ્થર જેવા દર્શાવે છે. તો પછી તમારો આ વ્યાયામ ધૂળ પર ધૂળ ઢાંકવા જેવો જ ગણાય ને?" અલંકારનાં આકર્ષણ સામે ય અડોલ રહેવાની પત્નીની આ વૃત્તિ પર પતિ મુગ્ધ થઈ ગયો.

શાસ્ત્રવચનો જેમ અનુશાસન કરીને આપણને ગલત માર્ગે જતા અટકાવે છે, એમ આપણું દુર્ગતિથી રક્ષણ પણ કરે છે - આપણને દુર્ગતિમાં પડતા બચાવે છે. માટે 'ત્ર' અક્ષરને લક્ષ્યમાં રાખીને વ્યાખ્યા કરાઈ છે કે રક્ષણ કરે તે શાસ્ત્ર. રથનેમિમુનિવર-પ્રસન્નચન્દ્રરાજર્ષિ વગેરે વિવિધ ઉદાહરણો એવા મળે છે જે સંભવિત દુર્ગતિથી બચીને પરમગતિ પામ્યા છે. આ રીતે, જે અનુશાસન અને રક્ષણ કરે તે જ વાસ્તવિક સંદર્ભમાં શાસ્ત્ર કહેવાય. હિંસા વગેરેની પ્રરૂપણા દ્વારા જે આપણને દુર્ગતિ તરફ ધકેલે અને ગલતમાર્ગે જતી આપણી જીવનગાડી માટે 'Brack' રૂપ ન બને એ, 'શાસ્ત્ર' શબ્દથી સંબોધાતા હોય તો પણ વાસ્તવિક દૃષ્ટિએ શાસ્ત્ર નથી એમ 'જ્ઞાનસાર' ગ્રન્થની પેલી વ્યાખ્યા કહે છે.

આ ઉચ્ચતર માપદંડની અપેક્ષાએ સાર્થક પુરવાર થતા જૈન શાસ્ત્રોમાં ઠેર ઠેર એવા વિધાનો મળે છે કે જે આપણું સરસ અનુશાસન અને શ્રેષ્ઠ રક્ષણ કરે. એ પૈકીના 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થમાંનાં એક વિધાન પર આપણે હવેથી ચિંતનયાત્રા કરીશું કે જેમાં પૂર્વોક્ત 'શાસ્ત્ર' વ્યાખ્યાનાં લક્ષણોયુક્ત પાંચ બાબતો દર્શાવવા સાથે એમ કહેવાયું છે કે શત્રુંજયમહાતીર્થે આ પાંચ બાબતો જે આત્મસાત્ કરે એ જલ્દીથી મોક્ષ પ્રાપ્ત કરે!! અલબત્ત, એ પાંચ બાબતો એવી શ્રેષ્ઠ છે કે શ્રી શત્રુંજય-

ગિરિરાજની નિશ્રા સિવાય પણ જીવનમાં આત્મસાત્ કરાય તો ય આત્મકલ્યાણ તરફ પ્રગતિ કરાવે. અનુપ્રાસ ધરાવતી એ પાંચ બાબતો આ છે : (૧) અનર્થદંડથી વિરતિ (૨) પ્રભુ પ્રત્યે ભક્તિ (૩) સદ્ગુરુ પ્રત્યે પ્રીતિ (૪) દાનમાં વૃત્તિ અને (૫) પંચ પરમેષ્ઠીની સ્મૃતિ.

આ પૈકીની પ્રથમ બાબત છે **અનર્થદંડથી વિરતિ.** જૈન પદ્ધતિમાં પાપોના બે વિભાગ દર્શાવાયા છે : (૧) અર્થદંડનાં પાપ અને (૨) અનર્થદંડનાં પાપ. કેટલાક પાપ એવા છે કે જે રોજિંદા જીવનના કેટલાક ચોક્કસ અર્થ = હેતુ સિદ્ધ કરવા કાજે અનિવાર્યપણે - ન છૂટકે કરવા જ પડે. ઉદાહરણરૂપે છે રસોઈ બનાવવાનું પાપ. જૈન દૃષ્ટિએ અગ્નિ - પાણી - વનસ્પતિ વગેરેમાં ય જીવ હોવાથી આ જીવોની જેમાં હિંસા થાય છે તે રસોઈ બનાવવાની પ્રવૃત્તિ પણ પાપસ્વરૂપ છે. પરંતુ તે એવું પાપ છે જે જીવન જીવવાનો અર્થ = હેતુ સાધવા અવશ્યપણે - અનિવાર્યપણે કરવું જ પડે. નહિતર ભોજન વગેરે ન મળી શકતા જીવન અસંભવ બની જાય. આ પાપની પણ ક્ષમતા મુજબ ઓછી - વધતી સજા અર્થાત્ દંડ હોય છે, માટે એ અર્થદંડના પાપ કહેવાય છે. આ અર્થદંડના પાપોથી મુક્ત રહેવું લગભગ મુશ્કેલ હોય છે... રસોઈ બનાવવાનું પાપ, એ ઉદાહરણમાત્ર છે. આવા અર્થ = હેતુની સિદ્ધિ માટેના અનિવાર્ય પાપો જીવનમાં વિવિધ રૂપે ફેલાયેલા હોય છે.

બીજા વિભાગમાં આવે છે અનર્થદંડનાં પાપ. આ પાપો એવા પ્રકારના છે કે જેનાથી જીવનનો એવો કોઈ અર્થ = હેતુ સિદ્ધ ન થતો હોય જે જીવન માટે અનિવાર્ય હોય. મોટે ભાગે એ પાપો મોજમજા-આનંદ પ્રમોદ - બેદરકારી - વ્યસન વગેરેનાં કારણે સર્જાતા હોય છે. આ વ્યસન-મોજમજાદિનાં પાપો જીવન માટે અનિવાર્ય જરૂરી ન હોવાથી એને કહેવાય છે અનર્થનાં પાપો - હેતુ વગરનાં પાપો. આ પાપોની પણ સજા-દંડ થતો જ હોય છે. માટે તેનાં અંગે શબ્દપ્રયોગ થાય છે અનર્થદંડ. આ અનર્થદંડનાં પાપોનાં કેટલાંક ઉદાહરણો આપણે નિહાળીએ :

* કાચા પાણીમાં જીવન માનનાર જૈન દર્શનની દૃષ્ટિએ સ્નાન

કરવામાં પણ જીવહિંસા છે. એથી વિવેકી ગૃહસ્થ વ્યક્તિ અર્ધી યા એક બાલદી જેટલા પરિમિત જલથી સ્નાન કરે. આ જરૂરિયાતની બાબત ગણી શકાય. પરંતુ એ જ વ્યક્તિ સ્નાન માટે નળ યા ફુવારો ખુલ્લો મૂકીને બેસી જાય કે **'Bathtub'** છલોછલ ભરીને એમાં મહાલે તો? તો એ સ્પષ્ટપણે અનર્થદંડનું પાપ છે. કારણ કે એ અનિવાર્યતા માટેનું નહિ, મોજશોખની વૃત્તિનું પાપ છે. **'Bathtub'** - ફુવારા વગેરે દ્વારા થતાં સ્નાનમાં પાણીનો બેફામ વેડફાટ થતો હોવાથી એ સામાજિક દૃષ્ટિનો નૈતિક અપરાધ છે જ, ઉપરાંત હમણા જણાવ્યું તેમ ધર્મદૃષ્ટિએ પણ અનર્થદંડનું પાપ છે. 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થ 'અનર્થદંડથી વિરતિ' શબ્દો દ્વારા એનાથી દૂર રહેવાનો નિર્દેશ કરે છે.

આ જ રીતે સમુદ્ર-નદી-તળાવ વગેરેમાં ઝંપલાવીને કરાતા સ્નાનનો પણ જૈનશાસન નિષેધ કરે છે. કેમ કે એમાં બિનજરૂરી રીતે અપ્કાયની-પાણીના જીવોની વિરાધના થાય છે. અરે! ક્યારેક તો એનાથી શારીરિકાદિ નુકસાનો પણ થાય છે. અમને યાદ આવે છે આ સંદર્ભનો અમારા એક પરિચિતનો કિસ્સો. વર્ષો પૂર્વે એ ફરવા માટે મોરેશિયસ ગયા હતા અને મોજમજા માટે - સમુદ્રસ્નાન માટે ત્યાંના દરિયામાં ઝંપલાવ્યું. ભવિતવ્યતાના યોગે એવું બન્યું કે જ્યાં પહેલો જ કૂદકો લગાવ્યો ત્યાં પાણીમાં કાંટાનું નાનું વૃક્ષ હતું. ભાઈ એવી બૂરી રીતે એમાં પટકાયા કે શરીરમાં ચોતરફ કાંટા ભોંકાઈ ગયા. મોજ-મજા બાજુ પર રહી ગઈ અને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. ભારત આવ્યા પછી પણ પાંચ વર્ષે સુધી નાના-મોટાં ઓપરેશન એમને કરાવવા પડ્યા. પીડા મફતમાં મળી અને પૈસાનું પાણી થયું. ઉપરાંત અનર્થદંડનું પાપ થયું એ અલગ !!

* દીવાળી જેવા દિવસોમાં કે હર્ષોલ્લાસની ક્ષણોમાં ઘણી વ્યક્તિઓ ફટાકડાં ફોડે છે. અગ્નિકાયાદિની હિંસા ઉપરાંત એના ભયાનક ધડાકાઓથી પશુ-પંખીઓ ભયભીત થઈ જાય છે, તો અનેક નાના જીવોનો કચ્ચરઘાણ પણ એનાથી નીકળી જાય છે. આ અનર્થદંડનું જ પાપ છે. કારણ કે એનાથી જીવનસંબંધી કોઈ દેખીતો લાભ નથી અને

પાપબંધ પ્રચુર છે. અરે! પર્યાવરણની દૃષ્ટિએ પણ આ ફટાકડા પ્રદૂષણ ફેલાવનાર અને શ્રવણતંત્રને આંશિક બધિર બનાવનાર છે. ક્યારેક એનાથી ફટાકડા ફોડનાર ખુદને ગંભીર શારીરિક ઈજાઓ થયાના બનાવો પણ પ્રત્યક્ષ બને છે. સમજદાર વ્યક્તિ આ અનર્થદંડના પાપથી ય મુક્ત રહે.

* કેટલીક વ્યક્તિઓ શોખ ખાતર મદ્યપાન - જુગાર ખેલવો - શિકાર કરવો વગેરે અનિષ્ટ પ્રવૃત્તિઓ કરતી હોય છે. વસ્તુતઃ જીવનનિર્વાહના વ્યવસાયો ય એવા કરવાનું વિધાન છે કે જેમાં અલ્પાતિઅલ્પ પાપ-દોષ હોય. જ્યારે આ તો શોખની-આદતની ગલત પ્રવૃત્તિઓ છે અને કોઈ દેખીતા લાભ વિના જ ભયાનક પાપબંધનું કારણ છે. એમાંની ઘણી ય બાબતો કાનૂની દૃષ્ટિએ અપરાધરૂપ ઠરે છે.

* ઘણી વાર વ્યક્તિ 'Boxing' જેવી હિંસક રમતો કે ટી.વી. પર 'Fight' નાં દ્રશ્યો નિહાળતી વેળાએ મારામારીને તલ્લીનભાવે તાળીઓથી વધાવતી હોય છે. અરે! ક્યારેક એમ પણ બોલતી હોય છે કે 'આનાં સ્થાને હું હોઉં તો એકેએકેને વીણી વીણીને ખતમ કરી દઉં.' આ પણ એક પ્રકારનો અનર્થદંડ છે કે જેમાં લાભ કાંઈ નથી, કરવાનું કાંઈ નથી, છતાં કર્મો બાંધવાના છે !! જૈન શાસ્ત્રોમાં તંદુલમત્સ્યનો ઉલ્લેખ આવે છે. માત્ર ચોખાના દાણા જેટલો દેહ અને બે ઘડીનું જ આયુષ્ય ધરાવતો એ મત્સ્ય એક પણ જીવને હણી શકતો નથી. પરંતુ મહાકાય મગરમત્સ્યના મુખનાં પોલાણમાંથી પાણી સાથે બહાર નીકળતાં નાના મત્સ્યોને નિહાળીને એ સતત એમ વિચારે છે કે ''આ મગરમત્સ્યનાં સ્થાને હું હોઉં તો એકે ય મત્સ્યને છટકવા ન દઉં. દરેકને 'સ્વાહા' કરી જઉં.'' માત્ર આ કાતિલ વિચારોનાં કારણે જ એ મૃત્યુ પામીને સાતમી નર્કે ધકેલાઈ જાય છે.!! હિંસક અનર્થદંડ વિચારણા આવા અંજામ લાવે છે...

આવો, આપણે સમજપૂર્વક આ અનર્થદંડના પાપોથી બચીએ. કારણ કે જે બિનજરૂરી પાપોથી વિરમતા નથી એ બિનજરૂરી દુઃખોથી બચી શકતા નથી!!

# ૪ પરોપકાર - પુણ્ય - પ્રશમ - પ્રેરણા અને પવિત્રતાનું સાકાર સ્વરૂપ એટલે પ્રભુ !!

આંખ ખૂલે ત્યારે જે અજવાળું અનુભવાય છે એ બાહ્ય અજવાળું હોય છે અને એ બહુ બહુ તો ભૌતિક દૃષ્ટિએ ઉપયોગી બને છે. પરંતુ દૃષ્ટિ ખૂલે - આંતરચક્ષુ ખૂલે ત્યારે જે અજવાળું અનુભવાય છે એ ભીતરનું અલૌકિક અજવાળું હોય છે અને એ અધ્યાત્મિક દૃષ્ટિએ ઉપયોગી - ઉપકારક બને છે. પ્રબુદ્ધ પ્રજ્ઞાપુરુષોએ ગુંફિત કરેલ શાસ્ત્રવચનો આપણી દૃષ્ટિ એક નિષ્ણાત સર્જન ડૉક્ટરની અદાથી ખોલી શકે છે. માટે આપણે 'શત્રુંજય માહાત્મ્ય' ગ્રન્થનાં ધર્મવચન પર વિચારયાત્રા કરી રહ્યા છીએ. આજે એમાં બીજું સોપાન આવે છે. જેનું નામ છે **પ્રભુ પ્રત્યે ભક્તિ.**

અનેક શાસ્ત્રવચનો એવાં મળે છે કે જેમાં પ્રભુભક્તિને ઉત્કૃષ્ટ પ્રાધાન્ય અપાયું હોય. ''स्वामी त्वमेव भुवनेत्र भवान्तरेपि'' પંક્તિ લખીને શ્રીમાન સિદ્ધસેનદિવાકરસૂરિજીમહારાજ ભવોભવ પ્રભુભક્તિ પ્રાપ્ત થાય એવી ઝંખના દર્શાવે છે, તો ''भक्ति र्भागवती बीजं, परमानन्दसम्पदाम्'' વચન ફરમાવીને મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ભક્તિને મોક્ષનું બીજ ગણાવે છે. અરે! અનેક આધુનિક ભક્તિકૃતિઓ પણ એવી નિહાળવા મળે છે કે જેમાં વર્ષાઋતુમાં દરિયે વાંભ વાંભ ઊછળતાં મોજાંઓની જેમ ભક્તિના ભાવો ઊછળતા અનુભવાય. હમણાં આવું એક આધુનિક ભક્તિગીત અનાયાસે જ રોજ રોજ અમારા કંઠે રમી રહ્યું છે. હૃદયના તારે તાર ઝંકૃત કરી દેતાં એ ગીતની એક મસ્ત-મજેદાર કડી આ છે કે :-

**''હવે પરવડે નહિ રહેવાનું તારાથી દૂર,**
**તારે રહેવાનું હૈયામાં હાજરાહજૂર;**
**તારાં સ્મરણોમાં ખોવાતો જાઉં છું,**
**તારા પ્રેમમાં પ્રભુજી! હું ભીંજાઉં છું...''**

એવી અઢળક વિશેષતાઓ પ્રભુમાં-પરમતત્ત્વમાં વિલસે છે કે જેનાથી ભક્ત આ હદના ભક્તિરંગથી રંગાઈ જાય છે. આપણે આ લેખમાં એ અઢળક વિશેષતાઓ પૈકી પાંચ વિશેષતાઓ પાંચ સરસ વિશેષણો દ્વારા સંક્ષેપમાં નિહાળીશું :

(૧) **પરોપકારમૂર્તિ :-** 'લલિતવિસ્તરા' ગ્રન્થમાં પરમાત્મા શ્રી તીર્થંકરભગવંતના આત્માની બહુ પ્રારંભકાળથી ઝળકતી જે દશ મૌલિક વિશેષતાઓ દર્શાવાઈ છે તેમાંની એક વિશેષતા છે પરોપકારનું વ્યસન. વ્યસનીને જેમ વ્યસન વિના ન ચાલે, એમ એ પુણ્યાત્માને પરોપકાર કર્યા વિના ચાલે નહિ. સતત વિકસ્વર થતી એમની આ પરોપકારવૃત્તિ પૂર્વના ત્રીજા ભવે પરાકાષ્ઠા સર કરે છે અને તેઓ વિશ્વના જીવમાત્રને સુખી કરવાની પ્રબળ-ઉચ્ચતમ ભાવનામાં ઝીલતા ઝીલતા પ્રભુ બનવાની કક્ષાની એટલે કે શ્રી તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે.

આ તીર્થંકરનામકર્મોદયના પ્રતાપે તેઓ સાવ સહજપણે-અસ્તિત્વમાત્રથી જગત પર વિસ્મજયનક ઉપકારો કરે છે. જૈન શાસ્ત્રોમાં મળતા એનાં વર્ણનની કેટલીક ઝલકો નિહાળીએ તો, (A) પ્રભુના ચ્યવન-જન્મ આદિ કલ્યાણકો સમયે પૃથ્વી - પાણીના જીવોથી લઈને સતત ઘોર દુઃખ અનુભવતા સાતમી નરકના જીવોને પણ લગભગ બે ઘડી પર્યંત સુખનો-આહ્‌લાદનો અનુભવ થાય. (B) પ્રભુ જે નગરમાં જન્મ ધારણ કરે એ નગરનાં સર્વ પ્રજાજનોને પ્રભુના પિતા રાજવી તરફથી સતત દશ દિવસ તમામ ચીજ-વસ્તુ વિના મૂલ્યે મળે. (C) પ્રભુ સંયમ સ્વીકારે તે પૂર્વે સતત એક વર્ષ, જાણે સંપત્તિના મેઘ વરસતા હોય તેમ, ધન વરસાવે અને પ્રતિદિન એક ક્રોડ આઠ લાખ સુવર્ણમુદ્રાનું દાન કરીને પ્રજાનું દારિદ્રય દૂર કરે (D) ખરી કમાલ તો એ છે કે દીક્ષાસ્વીકાર બાદ પ્રભુ કોઈ બાહ્ય પરોપકારપ્રવૃત્તિ ખાસ ન કરતા હોવા છતાં કૈવલ્યપ્રાપ્તિ બાદ એ જ્યાં વિચરે ત્યાં એમના પુણ્યપ્રભાવે આસપાસની સવાસો યોજનની ભૂમિમાં રોગો નષ્ટ થઈ જાય, લીલો દુકાળ કે સૂકો દુકાળ ન સર્જાય, વૈર-સંઘર્ષો શમી જાય, મરકી-મહામારી વગેરે ઉપદ્રવો પણ નષ્ટ થઈ જાય. સાંપ્રત

શ્રમણસંઘના ભક્તકવિઓમાં જેમની રચનાઓ અમને શ્રેષ્ઠ લાગી છે તે ગણિવર શ્રી મોક્ષરતિવિજયજી પ્રભુના આ છેલ્લા પરોપકારને આ શબ્દો દ્વારા બહુ જ હૃદયંગમપણે વર્ણવે છે કે :-

**" જે ધન્ય ધરતી પર અહો, પરમેશ ! તારાં ચરણ છે,**
**મરકી અને મહામારીનું, ચારે તરફ ત્યાં મરણ છે ;**
**તુજ ચરણ જાણે હે જિનેશ્વર !, અમૃતકેરાં ઝરણ છે,**
**અરિહંત ! તુજ આર્હન્ત્યનું, ઐશ્વર્ય સર્વોદય કરે..."**

આા તો પ્રભુના માત્ર બાહ્ય ઉપકારોની ઝલક છે. ધર્મદેશનાનાં દાનરૂપ એમના દ્વારા થતાં અભ્યંતર અપ્રતિમ ઉપકારો કે આજે ય મૂર્તિરૂપે થતા ઉપકારો તો વળી અલગ.. માટે પ્રથમ વિશેષતામાં આપણે એમને પરોપકારમૂર્તિરૂપે પિછાણ્યા.

જરા સરખાવીએ એમનાં ઉત્તુંગ જીવન સાથે આપણું જીવન. તો લગભગ એવો અહેસાસ થશે કે એ પરોપકારમૂર્તિ છે, તો આપણે સ્વાર્થમૂર્તિ છીએ. કેમ કે આપણે ડગલે ને પગલે સ્વાર્થકેન્દ્રિત વિચારશૈલી ધરાવીએ છીએ. જાતને લાભ થતો હોય તો યા જાતનું નુકસાન અટકાવવું હોય તો આપણે બધું જ કરી છૂટવા તત્પર થઇ જઇએ છીએ. અને જો અન્યના લાભ યા નુકસાનની બાબત હોય તો એની આપણે દરકાર સુદ્ધા કરવા તૈયાર નથી હોતા. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ મજાની રમૂજકથા :

મમ્મી રસોડામાં કાર્યમગ્ન હતી અને એનો નાનકડો બાળ ચિન્ટુ બાળમિત્રો સાથે બહાર ઓસરીમાં રમતો હતો. સાવ અબુઝ એ બાળકો થોડી વારે હથોડી - ખીલીથી રમવા માંડ્યા. હાથમાં ક્યાંક હથોડી લાગી જશે એ ચિંતાથી મમ્મી રસોડામાંથી ચિલ્લાઇ : "ચિન્ટુ બેટા! હથોડીથી ન રમશો. હાથમાં વાગી જશે." બાળકો બે-ચાર મિનિટ થંભી ગયા. પરંતુ વળી પાછા એ જ રમતમાં લાગી ગયા. બે-ત્રણ વાર આમ બન્યું એટલે આખરે મમ્મી બાળકો પાસે ધસી ગઇ. ત્યાં જ ચિન્ટુ બોલી ઊઠ્યો :

“મમ્મી! તું મારી ચિંતા ન કર. ખીલી મેં બીજાને પકડાવી છે. હું તો ફક્ત હથોડી ફટકારવાનું જ કામ કરું છું. એથી વાગશે તો ય બીજાને, મને નહિ!!” અને ... ખરેખર ચિન્ટુની ચતુરાઈ જોઈને મમ્મી એને અટકાવ્યા વિના રસોડામાં જતી રહી !! આવી સ્વાર્થવૃત્તિ નિહાળીને જ આ વેધક પંક્તિઓ રચાઈ હશે કે :-

**“ખીલીને ફુલ જગતને સુવાસ આપે છે,**
**બળીને દીપ જગતને ઉજાસ આપે છે;**
**ફક્ત એક માનવી જ એવો છે આ દુનિયામાં,**
**કે જે જીવીને બીજાને ત્રાસ આપે છે...”**

(૨) **પુણ્યમૂર્તિ :-** પુણ્ય એટલે એક એવું અદ્‌ભુત પરિબળ કે જે વ્યક્તિને ડગલે ને પગલે સ્વીકાર્યતા - સન્માન - સફળતા પ્રાપ્ત કરાવે. પુણ્યનાં બળે સાવ ‘Zero’ વ્યક્તિ ય ‘Hero’ બની શકે છે, તો એ જ વ્યક્તિ લાખો હૈયાં પર રાજ પણ કરી શકે છે. દરેક તીર્થંકર ભગવંતો એવી પ્રકૃષ્ટ પુણ્યાઈના ધારક હોય છે કે એમની વિદ્યમાનતામાં એ સર્વાધિક પૂજનીય હોય, સન્માનનીય હોય. શું નરેન્દ્રો કે શું દેવેન્દ્રો, શું માનવો કે શું પશુ-પંખીઓ : સહુ એવી રીતે પ્રભુને અનુસરે કે જેમાં તીર્થંકરત્વની સર્વોચ્ચ પુણ્યાઈની અસરો ઝિલાય. એકમાત્ર દેવો દ્વારા થતી રત્ન-સુવર્ણ-રજતની સમવસરણરચના, એક હજાર યોજન ઉત્તુંગ ઈન્દ્રધ્વજનું તેમજ તેજોમય ધર્મચક્રનું નિર્માણ વગેરે અતિશાયી બાબતો પ્રભુના પુણ્યના પ્રબળ પ્રતીક સમી છે. આમાંની જ એક અતિશાયી બાબત મોક્ષરતિવિજયજી આ શબ્દો દ્વારા પ્રસ્તુત કરે છે કે :-

**લક્ષ્મી વસે છે જિનચરણમાં, એવું કૈં સમજાવવા,**
**દેવો રચે તુજ ચરણ નીચે, સ્વર્ણકમળો નવ નવાં;**
**તુજ પુણ્યકેરા છે ચમત્કારો, ખરેખર આગવા,**
**અરિહંત ! તુજ આર્હન્ત્યમંગલ, વિશ્વમાં વિલસી રહો...”**

અરે! આજે પણ પ્રભુમંદિરો - પ્રતિષ્ઠાદિ માટે ભક્તો જે રીતે લાખો

- ક્રોડો રૂ. ની ઉછામણી ઉલ્લસિત ભાવે બોલે છે અને શ્રમ-સમય આદિ ન્યોચ્છાવર કરે છે એ જોતાં અમે તો એમ કહેવા બે-તાબ છીએ કે પ્રભુ ભલે મોક્ષે પધાર્યા, એમનો પુણ્યપ્રભાવ તો આજે ય હાજરાહજૂર છે.

(૩) **પ્રશમમૂર્તિ** :- 'જ્ઞાનસાર' ગ્રન્થમાં સાધના માટે ચાર સ્તર દર્શાવાય છે : ઇચ્છાયોગ - પ્રવૃત્તિયોગ - સ્થિરતાયોગ - સિદ્ધિયોગ. આમાં સિદ્ધિયોગ એ સમજવાનો છે કે વ્યક્તિમાં સિદ્ધ થયેલ તે તે ગુણોની અસર એનાં આભામંડલમાં આવનાર જીવો પર પથરાય. ઉદાહરણરૂપે, એક વ્યક્તિમાં ક્ષમાગુણની સિદ્ધિ થયેલી હોય તો એની સમીપ આવેલ ક્રોધી વ્યક્તિ તે ક્ષણોમાં સાવ શાંત થઇ જાય. પ્રભુ તીર્થંકરદેવોનો પ્રશમભાવ-ઉપશમભાવ શ્રેષ્ઠ સ્તરનો હોય છે. કેમ કે એમણે ક્રોધાદિ કષાયોનો સર્વથા ક્ષય કર્યો હોય છે. પ્રભુના એ પ્રશમભાવની અસરો એવી અજોડ સર્જાય છે કે એમનાં સમવસરણમાં આવેલ નિત્યવૈરી-જાતવૈરી જીવો પણ વેર-ઝેર ભૂલીને સંપ-સૌહાર્દપૂર્વક સાથે બેસે. જેમ કે ઉંદર-બિલાડી સાપ-નોળિયો પરસ્પર અવૈરનો અનુભવ કરતા સાથે બેસે.

અરે! મૂર્તિરૂપે રહેલ પ્રભુમાંથી પણ પ્રશમનાં ઝરણાં વહેતા હોવાનું અનુભવીને આજે ય કોઇ કોઇ વિરલ ભક્તો એમની સમક્ષ કાયમ ક્રોધમુકત થવાનો- ઉપશાંત રહેવાનો સંકલ્પ કરે છે. એટલે જ પ્રભુમૂર્તિ માટે ય આ પંક્તિ લખાઇ છે કે :- "**ઉપશમરસભરી સર્વજન શંકરી.**"

(૪) **પ્રેરણામૂર્તિ** :- પરમાત્મા શ્રી તીર્થંકર દેવોની ધર્મદેશના એટલે માનો કે સમ્યક્ પ્રેરણાઓનો પેસેફીક મહાસાગર. પ્રતિદિન સવાર - સાંજ મળીને છ-છ કલાકની ધર્મદેશના આપતાં પ્રભુ એમાં દર્શન - જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરે, તો સર્વવિરતિ અને દેશવિરતિનું નિરૂપણ કરે ; દાન-શીયલ-તપ અને ભાવરૂપ ચારધર્મનું સ્વરૂપ દર્શાવે,તો વિષય-કષાયોના નાશનું પ્રેરણાદાન કરે.

આ પ્રેરણાઓ ઝીલીને લાખો ભાવુકો વ્યસનમુક્ત-દુરાચાર મુક્ત-પાપમુક્ત બને, તો સંયમધર્મના-તપધર્મના-દાનધર્મના આરાધક

બને. અરે! હજારો આત્માઓ ધર્મદેશનાની પ્રેરણા ઝીલીને જ જીવમાંથી શિવ અને આત્મામાંથી પરમાત્મા બનવાની ગૌરવવંતી કક્ષા સર કરી શક્યા છે. યાદ રહે કે પારસમણિ કરતાં પ્રભુ આ દૃષ્ટિએ જ શ્રેષ્ઠ છે. કેમ કે પારસમણિ લોખંડને માત્ર સુવર્ણ બનાવે છે, પોતાના સમાન નથી બનાવતો. જ્યારે પ્રભુ તો આત્માને પરમાત્મા બનાવી પોતાની સમકક્ષ કરી દે છે!! એમાં નિમિત્ત બને છે પેલું પ્રેરણાદાન.

અરે! આ કાળમાં પણ એવાં ઉદાહરણો પ્રત્યક્ષ છે કે જેમાં વ્યક્તિઓ શત્રુંજય જેવા તીર્થોમાં પ્રભુ સમક્ષ લગ્નજીવનના જૂજ દિવસોમાં આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારે, કઠિન તપ અંગીકાર કરે કે સંયમપ્રાપ્તિ માટે ભીષ્મ અભિગ્રહો ધરે. આ એ પુરવાર કરે છે કે પ્રભુ શ્રેષ્ઠ પ્રેરણામૂર્તિ છે

(૫) **પવિત્રતામૂર્તિ :-** પવિત્રતાનો બાહ્ય સંબંધ સંયમ-વ્રતનિષ્ઠા-સદાચાર સાથે છે અને એનો અભ્યંતર સંબંધ વિષય-કષાયરહિત અવસ્થા સાથે છે. પ્રભુ આ બન્ને સ્તરે 'Everest' ને આંબે એવી અપ્રતિમ ઊંચાઇ પર આરૂઢ હોય છે. સાધનાજગતના પ્રવાસીઓ એ વાત સુપેરે જાણે છે કે આંતરિક પવિત્રતા વિષય-કષાય રહિત અવસ્થા હાંસલ કરવી એ અત્યંત દુષ્કર બાબત છે. પ્રભુ તીર્થંકરદેવોનું પરિચાયક 'વીતરાગ' વિશેષણ જ એ સમજાવવા સક્ષમ છે કે તેઓ વિષયોથી -કષાયોથી કેવા સર્વાંશે મુક્ત છે.

આજે પણ અનેક આત્માઓ પવિત્રતાના પુંજ સમા એ પ્રભુની પાવન પ્રતિમાનાં આલંબને પોતાના વિષય-કષાયોનાં ઉપશમનનો સફળ પ્રયાસ કરે છે એનાથી એ પ્રતીત થાય છે કે આલંબનરૂપે પણ પ્રભુ કેવા અનુપમ પવિત્રતામૂર્તિ છે... આપણે આ પ્રભુ પ્રત્યેની ભક્તિ પૂર્વોક્ત ગીતની જ અન્ય કડી દ્વારા વ્યક્ત કરીએ કે :-

**હવે જોડું હું જગમાં ના નાતો કોઈથી,**
**મને વહાલો તું વહાલો તું વહાલો સહુથી ;**
**તારી નજરોમાં નજરાતો જાઉં છું,**
**તારા પ્રેમમાં પ્રભુજી! હું ભીંજાઉં છું...**

# ૫ ગુરુ નો એક અર્થ છે 'ભારે'. જે કાંતા-કનક અને કીર્તિના વંટોળમાં ય અડીખમ ટકે તે છે ગુરુ !!

કેટલીક બાબતો આ સૃષ્ટિમાં એવી છે કે જે સામાન્યપણે નુકસાનકારક હોવા છતાં વિશિષ્ટ પાત્ર પામીને વિસ્મયજનક હદે લાભદાયી પુરવાર થાય. ઉદાહરણરૂપે છે ઝેર. સામાન્યપણે એ જીવનનાશક ગણાય છે. પરંતુ એ જ ઝેર જો મર્યાદિત માત્રામાં યોગ્ય ઔષધ સાથે નિષ્ણાત વૈદ્ય દ્વારા અપાય તો અસાધારણપણે આરોગ્યપ્રાપ્તિ કરાવે.

પદાર્થની દૃષ્ટિએ જેવી વાત ઝેરની છે, પરિણતિની દૃષ્ટિએ એવી જ વાત પ્રીતિની છે. પ્રીતિ જો વિજાતીય વ્યક્તિ-મનગમતા પદાર્થો-સંપત્તિ આદિ પર થાય તો એ પ્રગાઢ આસક્તિ-મમત્વરૂપ બનીને આત્મિક દૃષ્ટિએ મોટું નુકસાન કરે. માટે એ વર્જ્ય ગણાય છે. કિંતુ એ જ પ્રીતિ જો આત્મિક કલ્યાણમાં સહાયક બનતા દેવ-ગુરુ-ધર્મ આદિ પર થાય તો એ ભક્તિસ્વરૂપ બનીને જબરજસ્ત લાભપ્રાપ્તિ કરાવે. માટે જ 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થ ત્રીજા સોપાનરૂપે આ પ્રીતિને સાંકળી લઇને આત્મકલ્યાણ કાજે ત્રીજો ઉપાય દર્શાવે છે **સદ્ગુરુ પ્રત્યે પ્રીતિ.**

અધ્યાત્મની યાત્રામાં - આત્મકલ્યાણની સાધનામાં અપેક્ષાએ સર્વાધિક મુખ્યતા ગુરુતત્ત્વની છે. કારણ કે સાધનાનું પથપ્રદર્શન - મોક્ષનું માર્ગદર્શન ગુરુ જ કરાવે છે. એથી જ કહેવાયું છે કે 'गुरुं विना को न पथप्रदाता' . આ ગુરુતત્ત્વનાં લક્ષણો કે સદ્ગુરુની યોગ્યતાના માપદંડ શાસ્ત્રોમાં -સુભાષિતોમાં અને ચિંતનોમાં સરસ રીતે દર્શાવાય છે. હમણાં બે સરસ ચિંતન એવા નિહાળ્યા કે જેમાં સદ્ગુરુની યોગ્યતા બહુ નજાકતભરી રીતે રજૂ થઇ હોય. પ્રથમ ચિંતનમાં પ્રવૃત્તિનાં સ્તરની યોગ્યતાની પ્રસ્તુતિ છે, તો બીજામાં પરિણતિનાં સ્તરની યોગ્યતાની પ્રસ્તુતિ છે.

પ્રથમ ચિંતન કહે છે કે સદ્ગુરુમાં ત્રણેય ઋતુઓની લાક્ષણિકતા સમાવિષ્ટ હોય. જિનવાણી શ્રવણ કરાવવાની - ધર્મોપદેશ આપવાની

દૃષ્ટિએ એ વર્ષાઋતુ જેવા હોય. વર્ષાઋતુમાં પાણી જેમ મૂશલ ધારે વરસે, એમ સદ્ગુરુના મુખેથી પ્રભુવાણી અસ્ખલિત વરસે. વર્ષાઋતુ જેમ પાણી ધારાથી ધરતીને ભીંજવે, એમ સદ્ગુરુ ઉપદેશધારાથી શ્રોતાઓનાં હૈયાંને ભીંજવે. ભીંજાયેલી ધરતીમાં પછી જેમ બીજ વિકસ્વર થાય અને પાક લહેરાય, એમ ભીંજાયેલ હૈયાંમાં ધર્મબીજ વિકસ્વર થાય અને આરાધનાનો પાક લહેરાય. આમ સદ્ગુરુમાં વર્ષાઋતુની લાક્ષણિકતા બરાબર ઝળકતી હોય...

શિષ્યોના ઘડતરની અપેક્ષાએ સદ્ગુરુ હોય છે શીતઋતુ જેવા. શિયાળામાં જેમ ઠંડકનું સામ્રાજ્ય છવાયેલું હોય, એમ આશ્રિતો પ્રત્યે હિતબુદ્ધિ-કરુણાબુદ્ધિ ધરાવતા સદ્ગુરુના હૈયે પણ ઠંડકનું-સમતાનું સામ્રાજ્ય છવાયેલું હોય. એ ઠંડી સમતાથી-ધૈર્યથી શિષ્યના દોષોનું - અવગુણોનું નિવારણ કરે. અલબત્ત, શિયાળામાં ય મધ્યાહ્ને તડકો મળે, એમ દુર્વિનીત શિષ્યનાં કલ્યાણ માટે ક્વચિત્ સદ્ગુરુમાં કડકાઇ મળે. પરંતુ એ હિતબુદ્ધિનાં-ભાવકરુણાનાં મૂળની અને ફુળની હોય.

કષ્ટો સહવાની દૃષ્ટિએ સદ્ગુરુ હોય છે ગ્રીષ્મઋતુ જેવા. ઉનાળામાં ગરમીની પ્રધાનતા હોવાથી સામાન્યપણે એ તકલીફની - અસુવિધાની ઋતુ બની રહે છે. એમ ત્યાગ-વૈરાગ્યની ભૂમિકા પર જીવન જીવતા સદ્ગુરુ પણ બાહ્ય કષ્ટો-તકલીફો-અસુવિધાથી ભરપૂર બની રહે છે. જો કે, ફર્ક એ છે કે બાહ્ય કષ્ટોની એ ગરમીને તેઓ સ્વેચ્છાએ અને પ્રસન્નતાપૂર્વક સહન કરતા હોય છે.

હવે વિચારીએ સદ્ગુરુની પરિણતિનાં સ્તરની યોગ્યતા દર્શાવતી પ્રસ્તુતિ. શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ 'ગુરુ' શબ્દના જે ઘણા બધા અર્થો છે તેમાં એક અર્થ છે 'ભારે.' આ ભારે એટલે કે વજનદાર પદાર્થની એક લાક્ષણિકતા છે કે તે હલકા-વજન વિનાના પદાર્થોની જેમ વંટોળિયામાં ઊડી ન જાય. જેમ કે પવન ફુંકાય ત્યારે તણખલું - કાગળનો ટુકડો વગેરે ચીજો તરત હવામાં ઊડી જાય - ફંગોળાઇ જાય, પરંતુ લોખંડનો ટુકડો - પથ્થર -શિલા વગેરે પોતાનાં સ્થાનથી ચસકે પણ નહિ. સદ્ગુરુ ગુણોથી

એવા ગરિષ્ઠ હોય - ભારે હોય કે કાંતા - કનક - કીર્તિનો વાવંટોળ એમને જરા ય સ્થાનભ્રષ્ટ ન કરી શકે, અધ્યાત્મની વૃત્તિથી એમને દૂર ફંગોળી ન શકે!! આમાં સદ્ગુરુની પરિણતિસ્તરની વિશેષતા દર્શાવાઈ કે એ કામવાસનાથી - દામવાસનાથી અને નામવાસનાથી અલિપ્ત હોય...

આવા ગુણસમૃદ્ધ - આચારસમૃદ્ધ સદ્ગુરુ પ્રત્યે પ્રીતિ અર્થાત્ હૃદયનો શુદ્ધ બહુમાનભાવ ધર્માર્થી ભક્તજનમાં કેવો હોય એની પ્રતીતિ કરવી છે ? તો વાંચો જૈન ઈતિહાસની આ સત્ય ઘટના :

સૈકાઓ પૂર્વે જે ગુજરાતનું સમૃદ્ધ બંદર ગણાતું હતું તે ગંધાર શહેર. ચારસો વર્ષ પૂર્વે ત્યાં રામજી શેઠ નામે શાહ સોદાગર શ્રીમંત વસે. અનેક પેઢીઓ - અનેક વખારો અને બહોળો વ્યાપાર ધરાવતા એ શ્રેષ્ઠી તત્કાલીન તપાગચ્છાધિપતિ મહાન જૈનાચાર્ય વિજયહીરસૂરીશ્વરજી મહારાજના પરમ ભક્ત હતા. જૈનાચાર્યનાં ઉચ્ચતર જ્ઞાન અને એથી ય ઉચ્ચતર આચારપાલનથી પ્રભાવિત શ્રેષ્ઠી એમના પ્રત્યે અદ્ભુત પ્રીતિ - ભક્તિ ધરાવતા હતા. કિંતુ મોગલસમ્રાટ અકબર - જહાંગીરના પ્રતિબોધ માટે દીલ્હી વગેરે દૂરના પ્રદેશોમાં વિચરતા ગુરુદેવ ઘણાં વર્ષોથી ગંધારનગરે પધાર્યા ન હતા. રામજી શેઠ ચાતક નજરે ગુરુની પ્રતીક્ષામાં હતા.

આ એ કાળ હતો કે જેમાં સંદેશવ્યવહાર માત્ર કાસદ પર આધારિત હતો. એવામાં એક સવારે રામજીશેઠની પેઢીએ ચારણ આવીને ઊભો રહ્યો. ઈનામની આશાથી હસુ હસુ થતા ચહેરે એ બોલ્યો : ‘‘શેઠજી! આનંદના સમાચાર લાવ્યો છું કે આપના ગુરુદેવ પદયાત્રા કરતાં હવે ગંધાર તરફ પધારી રહ્યા છે.’’ ખુશીથી ઊછળી પડીને શેઠે ચાવીઓનો મોટો ઝૂમખો ચારણ તરફ ફેંકતા કહ્યું : ‘‘મારી તિજોરીઓ અને વખારોની ચાવીઓ આમાં છે. તને ઠીક લાગે એ ચાવી પસંદ કર. એ ચાવીથી જે વખાર કે તિજોરી ખૂલશે એમાંનો તમામ માલ-સામગ્રી તને ભેટ આપી દઈશ!!’’

દરિયામાં ઊછળતાં મોજાંની જેમ હૈયે ઊછળતી ગુરુભક્તિની

પરાકાષ્ઠાનું પ્રતિબિંબ આ 'offer' માં હતું. એ સિવાય આવી offer શક્ય ન બને. કેમ કે એમાં ક્રોડો રૂ. ના આભૂષણો ધરાવતી તિજોરોની ય ચાવી હતી. ચારણનું ભાગ્ય અને બુદ્ધિ જેવા હતા એવું પરિણામ આવ્યું. ‘સૌથી મોટી ચાવીમાં સૌથી મોટો ખજાનો હશે’ એવી સમજથી એણે સૌથી મોટી ચાવી પર પસંદગી ઉતારી. પણ એ તો દોરડાઓ ભરેલ વખારની ચાવી નીકળી!! જો કે એમાં ય એને લાખો રૂ. મળ્યા.

સદ્‌ગુરુ પ્રત્યેની ભક્તોની આવી ઉચ્ચ ભક્તિ સદ્‌ગુરુના ઉચ્ચતમ આચાર-વિચારોનાં કારણે તો હોય છે જ. ઉપરાંત એમના દ્વારા શિષ્યના - સાધકના આંતર જગત પર થતાં ઉપકારોનાં કારણે પણ હોય છે. સદ્‌ગુરુ દ્વારા શિષ્યના આંતર જગત પર થતાં ઉપકારોને આપણે પાંચ પ્રકારે નિહાળીએઃ

(૧) **‘અરે’ભાવ લાવે :–** જ્યારે કોઈ અણગમતી ઘટના સર્જાય, અકસ્માત્‌માં ઈજા વગેરે થાય કે અણધાર્યાં નુકસાન થાય ત્યારે અફસોસની અભિવ્યક્તિરૂપે આપણાં મુખમાંથી ‘અરે !’ શબ્દ સ્વાભાવિક પણે પ્રગટી જતો હોય છે. આ ‘અરે’ શબ્દ આપણાં દુઃખનું - અણગમાનું - નાપસંદગીનું પ્રતીક બની રહે છે. બસ, જેમ અણગમતી બાબતો પ્રત્યે નાપસંદગી ‘અરે’ શબ્દથી રજૂ થાય છે તેમ અધ્યાત્મક્ષેત્રે દોષો પ્રત્યેની - પાપો પ્રત્યેની નારાજગી - અણગમો ‘અરે’ભાવથી વ્યક્ત થાય છે.

‘અરે’ભાવ એટલે દોષો-પાપો પ્રત્યેનો તીવ્ર તિરસ્કાર. અનિવાર્ય સંયોગોમાં કોઈ પાપ સેવવું જ પડે અથવા કોઈ દોષ સચ્ચાઈભર્યા પ્રયાસો પછી ય હઠીલા દર્દની જેમ જીવનમાંથી હટતો ન હોય તો પણ તે પાપ કે દોષ પ્રત્યે આદર - લગાવ ન જ હોવો જોઈએ. બલ્કે એના પ્રત્યે તિરસ્કાર જ હોવો જોઈએ. ઉદાહરણરૂપે, જૈન દૃષ્ટિએ રાત્રિ ભોજન પાપ છે. જૈન વ્યક્તિએ તે ન કરવું જોઈએ. કિંતુ એવા પ્રકારની પરાધીનતાનાં કારણે કોઈને એ પાપ કરવું જ પડતું હોય તો એણે એનો આનંદ ન ધરવો જોઈએ, બલ્કે પશ્ચાત્તાપ - ‘અરે’ભાવ ધરવો જોઈએ. કારણ કે પાપોનો પશ્ચાત્તાપ - ‘અરે’ભાવ પાપની તાકાતને શત-પ્રતિશત હીન કરે છે.

સદ્‌ગુરુ શિષ્યને-આશ્રિતને આ સમ્યક્ સમજ આપીને તેને ‘અરે’ભાવથી વાસિત કરે. પરિણામ ? પરિણામ એ આવે કે શિષ્ય-સાધક પાપો - દોષોમાં મશગૂલ ન થઇ જાય, એનાથી દૂર રહે અને અનિવાર્ય કક્ષાના પાપમાં ય પશ્ચાત્તાપથી વાસિત થવાનાં કારણે એની જાલિમ સજા પામવાથી દૂર રહે...

(૨) **‘અહો’ભાવ લાવે.** જ્યારે કોઇ ઉત્તમ ઘટના સર્જાય ત્યારે આનંદની અભિવ્યક્તિરૂપે આપણાં મુખમાંથી સહજપણે ‘અહો’ શબ્દ પ્રગટતો હોય છે. આ ‘અહો’ શબ્દ જેમ હર્ષનું - આનંદનું પ્રતીક છે, તેમ આત્મકલ્યાણકર આરાધનાઓ પ્રત્યે લગાવનું - આનંદનું પ્રતીક ‘અહો’ ભાવ બને છે. ઉત્તમ આરાધના - ધર્મકરણી કોઇ સંયોગવશ જરા ઓછી થાય એ હજુ કદાચ ચાલે, પરંતુ એના પ્રત્યે ‘અહો’ભાવ ઓછો થાય એ બિલકુલ ન ચાલે. ઉદાહરણરૂપે, તપશ્ચર્યા ઉત્તમ આરાધના છે. શારીરિક સંયોગવશ એ તપશ્ચર્યા કદાચ ઓછી થાય એ હજુ ચાલે, પરંતુ તપશ્ચર્યા પ્રત્યેનો ‘અહો’ ભાવ જરા ય ઓછો ન થવો જોઈએ. કોઈ તપસ્વીની ઉત્તમ તપશ્ચર્યા જોવા-જાણવામાં ત્યારે હૈયું ‘અહો’ ભાવથી અવશ્ય ઝૂકી જવું જોઇએ. સદ્‌ગુરુ શિષ્યમાં આ ‘અહો’ભાવ પ્રસરાવે છે. પરિણામ? પરિણામ એનું એ આવે કે સાધક પોતાની આરાધનાને સપ્રાણ તો બનાવે, ઉપરાંત અન્યોની આરાધનાની અનુમોદના દ્વારા અઢળક કુશલાનુબંધ કરે...

(૩) **‘અનુભૂતિ’ભાવ પ્રગટાવે.** સાકર કેવી રીતે બને ? એની ઉત્પાદનપ્રક્રિયા કેવી હોય? સાકરનો સ્વાદ કેવો હોય? વગેરે મુદ્દે અસ્ખલિત પ્રસ્તુતિ કરવી એને સાકર અંગેનું જ્ઞાન કહેવાય અને સાકરને જીભ પર રાખીને એનો મસ્ત આસ્વાદ માણવો એને સાકરની અનુભૂતિ કહેવાય. વિશ્લેષક વ્યક્તિ સાકર અંગે ચાહે એવું વિશ્લેષણ કરે, પરંતુ અનુભૂતિ સમક્ષ એ વામણું ઠરે. અધ્યાત્મયાત્રાની અનુભૂતિનું પણ આવું જ છે. એનું માત્ર સંવેદન કોઇ વિરલાને હોય, પરંતુ શબ્દો દ્વારા એની રજૂઆત શક્ય નથી હોતી. એના માટે એમ કહી શકાય કે ‘જિણહી પાયા

તિનહી છીપાયા.' સદ્‌ગુરુની કૃપા કક્ષાનુસાર અનુભૂતિનો ય આસ્વાદ કરાવે...

(૪) **'અહં'ભાવ તોડે.** ગતિ આશ્રિત વિચારણામાં જૈન દર્શન કહે છે કે માનવમનને નડતો મુખ્ય કષાય અહંકાર છે. અરે ! સાધના જગતમાં પ્રવેશવા ઉત્સુક વ્યક્તિ પણ અહંકારના પડછાયાથી આસાનીથી દૂર થઇ શકતી નથી. સદ્‌ગુરુ સાધકને આ અહંકારથી મુક્ત કરે. કેવી ખૂબીથી એ સાધકના અહંકાર પર ઘા કરે એ જાણવું છે ? તો વાંચો આ સરસ Zen ઘટના :

અબજોપતિ જાપાની શ્રીમંત Zen ગુરુ પાસે સાધનામાર્ગ શીખવા આવ્યો. બહુ જ અલ્પ બોલતા ગુરુએ કહ્યું કે ''પહેલા ખાલી થઇ જા. પછી આવજે.'' ગુરુ એની તમન્નાની પરીક્ષા કરતા હતા. શ્રીમંત ખરેખર સાધનાનો અર્થી હતો. એથી અબજોની સંપત્તિ એણે છોડી દીધી. પરંતુ એનાં મનમાં આ ત્યાગનો એક અહંકાર જાગ્યો. જે મળે એને એ કહે : ''આટલી સમૃદ્ધિ છોડીને જનાર હું પહેલો જ હોઇશ.'' આ અહંકાર લઇને એ ગુરુ પાસે ગયો. ગુરુએ માર્મિક ટકોર કરી : ''સંપત્તિથી ખાલી થયો, પણ અહંકારથી ખાલી ક્યાં થયો છે? મેં તો ખાલી થઇને આવવાનું કહ્યું હતું.'' શ્રીમંત શરમિંદો બનીને અહંમુક્ત બની ગયો...

(૫) **'અર્હં'ભાવ લાવે.** પ્રસ્તુતમાં 'અર્હં' શબ્દને આપણે પરમાત્મદશાનો વાચક સમજવાનો છે. સદ્‌ગુરુ સ્વયં ભલે પરમાત્મ દશા હજુ સર ન કરી શક્યા હોય. પરંતુ એમની કૃપા સાધકને આ અવસ્થા સર કરાવી શકે છે. ગૌતમસ્વામીજીના શિષ્યોમાં અને ચંડરુદ્રાચાર્યના શિષ્યોમાં આ બાબત નજરે તરી આવે એમ જણાય છે. માટે જ તો લખાયું છે કે ''મોક્ષમૂલં ગુરોઃ કૃપા'' મતલબ કે ગુરુકૃપા તો મોક્ષનું પણ મૂલ છે...

આ ગુરુતત્ત્વ પ્રત્યેની પ્રીતિ આત્મસાત્ કરીને આપણે ગાઇએ આ ભક્તિગીતની પંક્તિ કે :-

**गुरूवर ! तेरे चरणोकी, थोडी धूल जो मिल जाये;**
**सच कहता हूँ मेरी, तकदीर बदल जाये...**

# ૬

## દાનનું શાસ્ત્ર : ‘‘તમે જ્યારે તરત અને ઉત્સાહથી દાન આપો છો ત્યારે જાણે કે ‘બમણું’ દાન આપો છો !!’’

અધ્યાત્મની યાત્રામાં પ્રેરણાનું પાથેય પૂરું પાડતી જે પાંચ મહત્ત્વપૂર્ણ બાબતો ‘શત્રુંજયમાહાત્મ્ય’ ગ્રન્થમાં દર્શાવાઈ છે એના પર આપણો વિચાર-વિહાર છેલ્લા ત્રણ લેખોથી બહુ મજેદાર થઈ રહ્યો છે. અનુપ્રાસસભર એ બાબતોમાં આજે આવે છે ચોથા ક્રમની વાત અને તે છે **‘દાનમાં વૃત્તિ’**.

ખબર છે પેલી સરલ છતાં બોધક ગુજરાતી ઉક્તિ? દાનના સંદર્ભમાં સરસ પ્રેરણા આપતી એ ઉક્તિ આ છે કે ‘આપ્યું તે આવશે અને રાખ્યું તે રાખ થશે’. જરા સમજીએ આ વાત. ભારતથી અમેરિકા જેવા પરદેશમાં જતી વ્યક્તિ એ વાત સારી રીતે સમજે છે કે ભારતના રૂપિયા ત્યાં યથાવત્ કામ આવતા નથી. પરંતુ એ જ રૂપિયાને જો ડોલરમાં રૂપાંતરિત કરવામાં આવે તો એ પરદેશમાં - અમેરિકામાં પણ ઉપયોગી બની શકે. બસ, આવી જ રીતે જે સમૃદ્ધિ આ જન્મમાં છે એ આગામી જન્મમાં યથાવત્ જઈ શકતી નથી. પરંતુ એને જો દાન જેવા માધ્યમે પુણ્યમાં રૂપાંતરિત કરી શકાય તો એ આગામી જન્મમાં વિવિધ સ્વરૂપે ઉપલબ્ધ થઈને ઉપયોગી બની શકે.

એક મહત્ત્વનો ફર્ક એમાં એ સમજવાનો છે કે ડોલરમાં રૂપાંતરિત થતો રૂપિયો એની મૂળ સમૃદ્ધિમાં કોઈ વૃદ્ધિ કરી ન શકે , જ્યારે પુણ્યમાં રૂપાંતરિત થતી આ જન્મની સમૃદ્ધિ આગામી જન્મમાં લાખગણી - ક્રોડગણી યાવત્ ગણનાતીત વૃદ્ધિ પામી શકે. ધન્ના-શાલિભદ્ર વગેરેનાં જીવન આ હકીકતના પ્રબળ પુરાવા સમા છે. અલબત્ત, એ વાત ચોક્કસ છે કે દાતાએ અનેકગણી પ્રાપ્તિ કાજે દાન નથી આપવાનું. બલ્કે પરોપકાર-ભક્તિ આદિ આશયથી દાન આપવાનું છે. આમ છતાં દાનનાં કારણે ભવાંતરમાં અનેકગણી સમૃદ્ધિ સહજ પ્રાપ્ત થઈ જતી હોવાથી પૂર્વોક્ત

ગુજરાતી ઉક્તિમાં યથાર્થ લખાયું છે કે ''આપ્યું તે આવશે...''

એના ઉત્તરાર્ધમાં લખાયું છે કે ''રાખ્યું તે રાખ થશે.'' સંસારનો વિનશ્વર સ્વભાવ વિચારતા એમ ચોક્કસ કહી શકાય કે બંગલા-બગીચા-વાડી-વજીફા વગેરે બધું જ એક દિવસ માટીમાં મળી જશે - રાખતુલ્ય થઇ જશે. જો કદાચ એ દીર્ઘકાળપર્યંત ટકે તો આપણે ટકી શકવાના નથી, આયુષ્ય પૂર્ણ થતાં આપણે સ્વયં રાખમાં મળી જઇશું. વાસ્તવિકતા આ હોવા પછી પણ પ્રબળ આસક્તિવશ આપણે જો એ સમૃદ્ધિના અંશે અંશને મૂર્છાવશ પકડી-જકડી રાખીએ તો એ આપણા માટે રાખથી વિશેષ ન પુરવાર થતું હોવાથી ઉપરોક્ત પંક્તિ સત્ય કહે છે કે ''રાખ્યું તે રાખ થશે...''

સમગ્રતયા આ ગુજરાતી ઉક્તિ વ્યક્તિને દાનધર્મમાં રુચિ-રસ પ્રગટાવવાની પ્રબળ પ્રેરણા આપે તેમ છે. પણ અફસોસ! ઘણી વાર વ્યક્તિઓ એવી કૃપણ-કંજૂસ નિહાળવા મળે છે કે જે ઉપરોક્ત વાસ્તવિકતા જાણવા છતાં ય દાનની વૃત્તિ પ્રગટાવી ન શકે. અરે! દાનની વાત તો દૂર, પોતાના માટે ય સંપત્તિનો ઉપયોગ-ઉપભોગ ન કરી શકે. જૈન પરિભાષામાં કહીએ તો એને દાનાંતરાયકર્મનો અને ભોગાંતરાયકર્મનો ઉદય એવો હોય કે એ ન તો આપી શકે, ન તો વાપરી શકે. સમૃદ્ધિ હોવા છતાં ય સ્થિતિ આ હોય ત્યારે વ્યક્તિ કેવી હાસ્યાસ્પદ-કરુણાપાત્ર ઠરે એ જાણવું છે ? તો વાંચો આ બોધકથા :

નાનકડા ગામમાં કંજૂસ વણિકનું અને ધોબીનું ઘર એકદમ જોડે જોડે હતું. સહિયારી દિવાલની પાછળ શું બની રહ્યું છે તે અવાજ પરથી તરત પરખાય તેમ હતું. વણિક ઉદ્યમી અને નખશિખ કંજૂસ હતો, જ્યારે ધોબી સંતોષી અને નિરાંત જીવનો આદમી હતો. ધોબી આનંદથી જીવાય એટલી કમાણી કરી લેતો હતો. પરંતુ એની પત્નીને એટલાથી સંતોષ ન થતો. એ વારંવાર બાજુવાળા વણિકની તગડી કમાણીની વાતો કરતી. સંતોષી ધોબી પત્નીને વાતો હળવાશથી લઇને ઉડાડી દેતો.

એવામાં એવું બન્યું કે મધ્ય રાત્રિએ બધા જંપી જાય ત્યારે વણિકના ઘરમાંથી ‘ખનીંગ ખનીંગ’ ના અવાજ આવે અને એની સાથે જ ‘એક-બે-ત્રણ...’ જેવો આછા સૂરનો વણિકનો પણ અવાજ આવે. ચકોર ધોબીપત્ની સમજી ગઈ કે વણિક ભૂગર્ભમાં ખાડો બનાવીને એમાં સુવર્ણ-મુદ્રાઓનો સંચય કરે છે. એણે તુર્ત પતિને જગાડીને આવો ધનસંચય કરવા કહ્યું. જેથી આપત્તિમાં ઉપયોગી બને. પછી તો એ સિલસિલો થઇ ગયો કે જયારે જયારે અવાજ આવે ત્યારે ત્યારે પત્ની પેલા ધોબી પર રીતસર વૈચારિક - શાબ્દિક આક્રમણ જ કરે.

અતિશય દબાણથી થાકીને ધોબીએ નૂસખો વિચારી ધનસંચયની હા કહી. એણે ભૂગર્ભમાં ખાડો કર્યો અને પછી રોજ રાત્રે એમાં ‘ખનીંગ’ અવાજ સાથે સંચય શરૂ કર્યો. ઉપરાઉપરી પાંચ-સાત દિવસ આ ચાલવાથી પત્નીને શંકા થઈ કે વ્યવસાય તો એનો એ જ છે અને મહેનત પણ મર્યાદિત કલાકોની છે. તો આ નવી કમાણી આવે છે ક્યાંથી ? તપાસ કરતાં એ સ્તબ્ધ થઇ ગઈ. કેમ કે પતિ એમાં નાનકડા પથ્થરો મૂકતો જઇને નરી બનાવટ કરતો હતો. નારાજગીથી એણે પતિને ઠપકો આપ્યો, તો સંતોષી પતિએ માર્મિક ઉત્તર આપ્યો : “તું ચિંતા ન કર. તારા સંતોષ માટે આ જ બરાબર છે. બાકી એ સુવર્ણમુદ્રાઓ મૂકે અને હું પથ્થર મૂકું એથી કોઈ ફર્ક નહિ પડે. કારણ કે વણિક પણ એનાં નિધાનમાંથી જીવનભર કાંઇ કાઢવાનો નથી અને હું પણ કાંઇ કાઢવાનો નથી..!!”

કંજૂસની મનઃસ્થિતિ કેવી સંગ્રહપરસ્ત હોય - સંપત્તિની ગુલામીભરી હોય તે આ બોધકથામાં હૂ-બ-હૂ પ્રતિબિંબિત થાય છે. આ અવસ્થાથી ઊપર ઊઠવા કાજે જ ચોથા ક્રમમાં પેલો ગુણ દર્શાવાયો છે કે ‘દાનમાં વૃત્તિ’. મતલબ કે ઓછે-વધતે અંશે પણ દાન આપવાની વૃત્તિ બરકરાર રાખો.

એક અપેક્ષાએ વિચારતા, દાનના સંદર્ભે જીવો ચાર પ્રકારના છે : (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) અધમ અને (૪) અધમાધમ. આપણે સંક્ષેપમાં એનું દિગ્દર્શન કરીએ.

પોતે શક્તિની દૃષ્ટિએ પર્યાપ્ત-પહોંચતા હોય અને સામે યોગ્ય - જરૂરિયાતમંદ પાત્ર હોય ત્યારે વિના પ્રાર્થનાએ - વગર યાચનાએ જે દાતા દાન આપે તે છે **ઉત્તમ.** મેઘ પાસે ધરતી કોઈ યાચના - પ્રાર્થના કરતી નથી, છતાં મેઘરાજા અનરાધાર વરસીને તરસી ધરતીને તૃપ્ત કરી દે છે. નદી પાસે પ્રજાજનો વિનંતિ કરવા ગયા નથી હોતા, છતાં નદી અનેક ગામ - નગરોના પાદરથી વહીને પ્રજાને પરિતૃપ્ત કરે છે. સૂર્યને કોઈ પ્રકાશની વિનવણી કરતું નથી, છતાં સૂર્ય સમગ્ર સૃષ્ટિને પ્રકાશિત કરે છે. બસ, એ જ રીતે શક્તિસંપન્ન ઉત્તમ ઔદાર્ય ધરાવતો દાતા પ્રાર્થનાની રાહ જોયા વિના સહુ જરૂરિયાતમંદોને દાન આપવા તત્પર રહે.

આનાં અનુસંધાનમાં યાદ આવે દાનવીર જૈન શ્રેષ્ઠી જગડૂશાહ. સતત ત્રણ ત્રણ વર્ષોના ભીષણ દુષ્કાળને એકલે હાથે મારી હટાવનાર એ દંતકથા સમ દાનવીરે ધનભંડારના અને ધાન્યભંડારના દ્વાર પ્રજા માટે ખુલ્લા મૂકી દીધા હતા. લાખો મણ અનાજ વિના મૂલ્યે અને વગર પ્રાર્થનાએ પ્રજાના ચરણે ધરી દેનાર જગડૂશાહે, ખાનદાન-લજ્જાશીલ પરિવારોને દાનશાળાએ આવતાં શરમ ન અનુભવતી પડે તે માટે 'લજ્જાપિંડ'નું અનોખું આયોજન કર્યું હતું. લજ્જાપિંડરૂપે પછીથી પ્રસિદ્ધ થયેલ એ મોદકની અંદર લાખોની કિંમતનું રત્ન-સુવર્ણમુદ્રાદિ હોય. એનાથી તે તે ખાનદાન પરિવારોની જરૂરિયાત વગર માંગ્યે પૂર્ણ થઈ જતી અને એમની ઈજ્જત સચવાઈ જતી. ઉત્તમ દાતાની કક્ષામાં અગ્રેસર આ જગડૂશાહ માટે એટલે જ આ હૃદયસ્પર્શી પંક્તિ લખાઈ છે કે :-

**જગડૂ ! તું દાતાર, બીજો થાવો નથી ;**
**જનની જણે હજાર, પણ એકે એવો નથી...**

જેઓ શક્તિની દૃષ્ટિએ પર્યાપ્ત હોય અને સામે પાત્ર પણ જરૂરિયાતમંદ હોય, છતાં યાચના થાય - માંગણી થાય ત્યારે જ આપે એ દાતાને કહેવાય **મધ્યમ.** કેટલાક દાતાઓની એવી ખાસિયત હોય છે કે સામી વ્યક્તિ બે-ચાર વાર ધક્કા ખાય, અરજી લખી લાવે, આજીજી કરે - કરગરે ત્યારે જાણે એના પર મોટો ઉપકાર કરતા હોય એ રીતે દાન કરે.

વસ્તુતઃ આવું દાન સ્વરૂપની દ્દષ્ટિએ ભલે દાન ગણાય, પરંતુ હાર્દની દ્દષ્ટિએ ગંભીર ખામીભરેલું ગણાય. કારણ કે દાન સામી વ્યક્તિ પર ઉપકાર માટે નહિ, બલ્કે જાત પર ઉપકાર કરવા - સ્વયંની સંપત્તિ-મૂર્છા ઘટાડવા માટે આપવાનું છે. આવા દાતાઓએ એક મર્મસભર મજાનું વાક્ય યાદ રાખવા જેવું છે કે 'તમે જ્યારે દાન તરત આપો છો ને ઉત્સાહથી આપો છો ત્યારે બમણું દાન આપો છો.'

રહસ્યાર્થ આ વાક્યનો એ છે કે તરત દાન આપવાથી સામી વ્યક્તિની જરૂરિયાત તાત્કાલિક પૂર્ણ થાય, એથી મર્યાદામાં જ કાર્યસિદ્ધિ થઇ જાય. અને જો લંબાવીને - ધક્કા ખવડાવીને આપો તો માંદગી વગેરેમાં એની જરૂરિયાત ઓર વધી જવાથી તેટલામાં કાર્યસિદ્ધિ ન થાય. હવે એની જરૂરિયાત 'Dauble' પણ થઇ જાય. બીજી વાત એ કે ઉત્સાહથી આપતા ભાવવૃદ્ધિ જબરજસ્ત થાય. એથી દાનનું ફળ દ્વિગુણ થઇ જવાની પૂરી સંભાવના રહે. આ રહસ્ય જો આત્મસાત્ થઇ જાય તો ધક્કા ખવડાવવાની લંબાણ નીતિ દૂર થઇ જાય.

શક્તિ પર્યાપ્ત હોય અને પાત્ર જરૂરિયાતમંદ હોય, તો પણ એની માંગણીને જે ઠુકરાવે - યેન કેન પ્રકારેણ ટાળે તે જીવો છે **અધમ.** એ જીવો કેવા હોય એ જાણવું છે? તો વાંચો આ રમૂજ કથા :

ઈસ્ત્રીટાઇટ વસ્ત્રો પરિધાન કરીને શેઠ બંગલાની બહાર આવ્યા, ત્યાં જ એક ભિક્ષુકે અદબથી હાથ લંબાવ્યો : "શેઠ! બે દિવસથી ક્ષુધાતુર છું. અંદરથી કાંઇ જમવાનું અપાવો ને." શેઠે તરત ઇન્કાર કરી દીધોઃ " અમારે ત્યાં તો ભોજન પછી તરત જ રસોડું સાફ થઇ જાય છે." ભિક્ષુક કરગર્યો : "શેઠ ! કોઇ કોરી ખાદ્યચીજ તો હશે ને. એમાંથી કાંઇક અપાવો. તો ય પેટ ભરાઇ જશે." શેઠે નારાજગીથી કહ્યુંઃ " એક વાર ના ન કહી કે અમારે ત્યાં કશું ન મળે? ચાલતો થા." ભિક્ષુકે તો ય આગ્રહ જારી રાખ્યો : "તો પછી ખીસામાંથી વીશ રૂ. આપો. ભગવાન તમારું ભલું કરશે" શેઠ ત્યારે પણ નામક્કર જતા બોલ્યાઃ "અરે! આ ઈસ્ત્રીટાઇટ વસ્ત્રો તરત પરિધાન કર્યા છે, એટલે ખીસામાં ય કાંઇ નથી. બધું ખાલી છે."

ભિક્ષુકે એક ક્ષણ વિચારીને તરત નવી જ રૂખ લીધી. એણે કહ્યું : ‘‘શેઠ! કાંઈ નહિ તો તમે મને આ જમીન પરની ચપટી ધૂળ આપો. એ પહેલા હું તમને જવા નહિ દઉં.’’ એ બલાને ટાળવા આખરે શેઠે ચપટી ધૂળ પેલાને આપી અને ઠપકો આપ્યો : ‘‘ધૂળ તું તારી જાતે ય લઈ શકતો હતો. મારા હાથે જ એ કેમ અપાવી ?’’ ભિક્ષુકે જનોઈવઢ ઘા કરતા કહ્યું : ‘‘ માફ કરજો શેઠ! આ મેં મારા ખાતર નહિ, તમારા ખાતર આગ્રહ રાખ્યો હતો. કારણ કે મને એમ થયું શેઠ દરેક બાબતે ના જ કહે છે એ સામગ્રીની દરિદ્રતાનાં કારણે નહિ, પરંતુ ભાવનાની દરિદ્રતાનાં કારણે કહે છે. એમને આપવાના સંસ્કાર જ નથી, માટે આ બન્યું છે. તો હવે હું ચપટી ધૂળનાં માધ્યમથી એમનામાં દાનના સંસ્કાર પ્રગટાવું. આજે એ ચપટી ધૂળ આપતા થશે, તો કાલે સંપત્તિ ય આપતા થશે. બસ, આ કારણે મેં તમારા હાથે જ ચપટી ધૂળ લેવાનો આગ્રહ રાખ્યો!!’’ શેઠની હાલત ‘કાપો તો લોહી ન નીકળે’ એવી થઇ ગઇ.

હવે વિચારીએ ચોથો અને અંતિમ પ્રકાર. પોતાની પાસે પર્યાપ્ત ક્ષમતા હોય, સામી વ્યક્તિ જરૂરિયાતમંદ અને પ્રાર્થના કરતી હોય; આમ છતાં આપવાની વાત તો દૂર રહી, પરંતુ એને કટુ વચનો-તિરસ્કાર-અપશબ્દો દ્વારા જે અપમાનિત કરે તે છે **અધમાધમ.** આ પ્રકારની વ્યક્તિની કક્ષા હોય છે થોર જેવી. થોર પાસે કોઇ પ્રાપ્તિની આશાથી જાય તો એને કાંઈ મળે તો નહિ, ઉપરથી તીક્ષ્ણ કાંટાની વેદના મળે. અધમાધમ વ્યક્તિનું પણ બિલકુલ આવું જ હોય છે. દયા - કરુણા - હમદર્દીનાં ઝરણાં અંતરની ભૂમિ પરથી અદશ્ય થયા હોય ત્યારે વ્યક્તિમાં ત્રીજો પ્રકાર પ્રગટે. પરંતુ આ ચોથો કનિષ્ઠ પ્રકાર તો એ જ વ્યક્તિમાં પ્રગટે કે જેની અંતરની ભૂમિ પર કઠોરતાનાં કાંટા - તિરસ્કારની તીક્ષ્ણ શૂળો ઠેર ઠેર ઊગી નીકળી હોય. સાવધાન! આપણે અંતિમ ત્રણ પ્રકારોથી દૂર રહીએ.

છેલ્લે કંજૂસ માટે એક સુભાષિતમાં કરાયેલ માર્મિક કટાક્ષ ટાંકીએ : કંજૂસ વ્યક્તિ નીચે = જમીનમાં ધન નથી દાટતી, પરંતુ નીચે = દુર્ગતિમાં જવાનો માર્ગ ‘Clear’ કરે છે !!

# ૭ ઈચ્છાપૂર્તિનાં મન્ત્રો ભલે ને હો હજાર... ઈચ્છાસમાપ્તિનો મન્ત્ર છે એક જ શ્રી નવકાર !!

તીર્થાધિરાજ શત્રુંજયગિરિરાજની યાત્રાએ જતા દરેક જૈન ભક્તજનને એ ખ્યાલ હોય છે કે એ મહાતીર્થની સાથે કદંબગિરિ - હસ્તગિરિ આદિ પાંચ તીર્થો પણ નિકટ સંલગ્ન છે અને બને તો તે પંચતીર્થીની પણ યાત્રા કરવી જોઈએ. શત્રુંજયમહાતીર્થ સાથે આ રીતે જો 'પંચતીર્થી' જોડાયેલી છે, તો તીર્થનું મહિમાગાન કરતા 'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થમાં આત્મકલ્યાણની 'પંચસૂત્રી' જોડાયેલી છે. જીવનની આધ્યાત્મિક આગેકૂચ કરાવતાં એ પાંચ સૂત્રોમાં - સોપાનોમાં આજે આપણે વિચારીશું અંતિમ સૂત્ર. એ છે **પંચપરમેષ્ઠીની સ્મૃતિ**.

જૈન પરિભાષા પ્રમાણે 'પરમેષ્ઠી' શબ્દનો અર્થ છે ગુણોની દૃષ્ટિએ સર્વોચ્ચ સ્થાને વિરાજમાન મંગલમય વિભૂતિઓ. સૌથી શ્રેષ્ઠ વિશેષતા અહીં એ છે કે પરમેષ્ઠીના વાચક પદો વ્યક્તિકેન્દ્રિત નથી, પરંતુ ગુણકેન્દ્રિત છે. એટલે કે 'મહાવીરપ્રભુ પ્રથમ પરમેષ્ઠી છે' આવો વ્યક્તિ કેન્દ્રિત નિર્દેશ પરમેષ્ઠીવાચક પદમાં નથી હોતો, બલ્કે 'રાગ-દ્વેષરૂપ શત્રુનો સર્વથા ક્ષય કરીને અરિહંત બનેલ વિભૂતિ પ્રથમ પરમેષ્ઠી છે' આવો ગુણકેન્દ્રિત નિર્દેશ પરમેષ્ઠીવાચક પદોમાં હોય છે. આવા પરમેષ્ઠી પદો પાંચ હોવાથી એ પંચપરમેષ્ઠીરૂપે પિછાણાય છે.

જૈન ધર્મમાં જે સર્વોચ્ચ-સર્વશ્રેષ્ઠ મન્ત્ર ગણાય છે તે નમસ્કાર મહામન્ત્રમાં આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર અને તેના પ્રભાવનો જ નિર્દેશ છે. જગતમાં બહુ જૂજ ધર્મપરંપરા એવી હશે કે જેનો સર્વોચ્ચ મુખ્ય મન્ત્ર વ્યક્તિકેન્દ્રી નહિ, ગુણકેન્દ્રી હોય. આ નમસ્કાર મહામન્ત્રનું ભાવપૂર્વક સ્મરણ એ જ છે 'પંચપરમેષ્ઠીની સ્મૃતિ'. શત્રુંજયમાહાત્મ્ય ગ્રન્થ પંચપરમેષ્ઠીની સ્મૃતિ જેવા અનુપ્રાસભર્યા શબ્દ દ્વારા વસ્તુતઃ નમસ્કારમન્ત્ર સ્મરણનો જ નિર્દેશ કરે છે. જૈનમાત્રમાં આ નમસ્કાર

મહામન્ત્રનું સ્મરણ-જાપ બહુ વ્યાપકપણે પ્રચલિત છે. નિહાળવી છે એની ઝલક? તો વાંચો બહુશ્રુત પંડિતવર્ય ચંદુલાલ શિનોરવાળા રચિત ‘નવકારમહિમા છંદ’ની આ હૃદયસ્પર્શી પંક્તિ કે :-

**સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત;**
**જીવતા સમરો મરતા સમરો, સમરો સહુ સંઘાત....**

આજે પણ જૈન સંઘમાં એવા અનેકાનેક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે કે જેઓ લાખોની સંખ્યામાં નવકારજાપ-પંચપરમેષ્ઠીસ્મરણ કરે છે. નવકારજાપમહિમા માટે એક પંક્તિ પ્રસિદ્ધ છે કે “નવલાખ જપંતા નરક નિવારે”. મતલબ કે નવ લાખ નવકારજાપ કરનાર પુણ્યાત્મા નર્કગતિનાં દ્વાર બીડી દે છે. આથી નવ લાખ નવકારજાપ અનેક પુણ્યાત્માઓ કરે છે. અમારી નજર સમક્ષનું - આજની અત્યારની ક્ષણનું ઉદાહરણ ટાંકીએ તો, અમારા પિતાજી મહારાજ મુનિવર દિવ્યરત્નવિજયજીમહારાજ યાદ આવે. ૮૫ વર્ષની જૈફ વયે પ્રતિદિન બે કલાક સ્વાધ્યાય - વિવિધ જાપ - આવશ્યક આરાધના ઉપરાંત બાર લાખ નવકારમન્ત્રનો જાપ તેમણે છેલ્લા સવા ચાર વર્ષમાં કર્યો છે અને હજુ નિયમિત નવકારજાપ જારી રાખ્યો છે !!

“એનો અર્થ અનંત અપાર” જેવાં યથાર્થ વચનો જેના માટે લખાયા છે એ નવકારમન્ત્રનો અને એના હાર્દરૂપ પંચપરમેષ્ઠી ભગવંતોનો મહિમા આ એક લેખમાં યથાર્થ સમાવિષ્ટ કરવો અશક્ય છે. કેમ કે એનો મહિમા તો અનેક દૃષ્ટિબિંદુથી અગાધપણે વર્ણવવા જેવો છે. આપણે એ પૈકી એક દૃષ્ટિબિંદુથી ઝલકરૂપે એને અહીં જાણીશું - માણીશું :

**(૧) અરિહંતભગવંતો પરોપકારપીઠ છે :-** પરમેષ્ઠીના પ્રથમ પદે છે અરિહંત ભગવંતો. જેઓ ઘાતીકર્મોરૂપી અરિને - શત્રુને સર્વથા હણીને તીર્થંકરત્વ પામે તેમને કહેવાય છે અરિહંત. એમનામાં વીતરાગતા - સર્વજ્ઞતા - યથાર્થવાદિતા વગેરે અઢળક વિરલ ગુણો ઝળહળતા હોય છે. પરંતુ ‘પરોપકારપીઠ’ શબ્દપ્રયોગ દ્વારા આપણે નિર્દેશ કર્યો માત્ર એમના

પરોપકારગુણનો. આ જ લેખશ્રેણિના 'પ્રભુ પ્રત્યે ભક્તિ' અંગેના લેખમાં એ અરિહંતપ્રભુના વિસ્મયજનક બાહ્ય ઉપકારોની ઝલકો નિહાળી હતી. એથી અહીં નિહાળીશું અભ્યંતર-આધ્યાત્મિક ઉપકારની વાત. એ ઉપકારમાં માધ્યમ બને છે એમનો હૃદયવેધક ઉપદેશ. એમની વાણી માટે કવિઓ લખે છે કે ''પથ્થરને પણ કરતી પાણી... એવી પ્રભુની વાણી.'' એ વાણી શ્રોતાને માત્ર પ્રભાવિત જ કરતી નથી, બલ્કે ભાવિત પણ કરે. ભાવિત થવું એટલે ભીતરથી ભીંજાવું - રોમે રોમમાં એની અસરોની અનુભૂતિ કરવી. આના પરિણામે વ્યક્તિમાં વિરલ આત્મિક ગુણોનો પ્રાદુર્ભાવ થાય.

જૈન શાસ્ત્રોમાં અરિહંતપ્રભુની ધર્મદિશનાની સફળતાના ત્રણ માપદંડ દર્શાવાયા છે : (A) પ્રભુવાણીશ્રવણથી કોઈ ને કોઈ વ્યક્તિ ભવનિર્વેદ પામીને સર્વવિરતિધર્મ અંગીકાર કરે - સંસારસાગર તરી જવાનો ઉપક્રમ આદરે. (B) એમ ન બને તો કોઈ ને કોઈ વ્યક્તિ પાપભીરુ બનીને શ્રાવકધર્મ સ્વીકારે -જીવનને વ્રતમંડિત કરે. (C) એ ય ન બને તો છેવટે કોઈ ને કોઈ જીવ મિથ્યાત્વમુક્ત બનીને સમ્યક્ત્વની પ્રાપ્તિ તો અવશ્ય કરે જ. આ ત્રણમાંથી એક પરિણામ પ્રભુની પ્રત્યેક ધર્મદિશનામાં અવશ્ય આવે જ. આ રીતે પ્રભુ જીવો માટે મોક્ષદાયક - ધર્મદાયક નીવડે છે એ એમનો મહત્ત્વનો અભ્યંતર-આધ્યાત્મિક ઉપકાર છે.

આવા ઉપકારમાં તેઓનું આદેયનામકર્મ-ઉત્કૃષ્ટ પુણ્ય પણ સહયોગી કારણ છે. પુણ્ય ન હોય તો આવો તો ઠીક, સામાન્ય ઉપકાર પણ શક્ય ન બને. કરવી છે એની પ્રતીતિ ? તો વાંચો આ રમૂજ કથા :

ગામના એક ધોબીએ કૂતરો અને ગધેડો, બે પ્રાણી પાળ્યા હતા. એ ગધેડા પાસે દિવસે ગદ્ધાવૈતરું કરાવે અને કૂતરા પાસે રાત્રે ચોકી કરાવે. પરંતુ ધોબી સ્વભાવનો કૃપણ હોવાથી બે ય પશુને પૂરતો ખોરાક પણ ન આપતો. બન્ને પશુઓએ પરસ્પર વિચારવિનિમય કરીને માલિક સામે બળવો પોકારવાનો નિર્ણય કર્યો. 'ચોરો આવે તો પણ ભસીને માલિકને ચેતવવો નહિ' આ કૂતરાનો નિર્ણય થયો અને 'માંદા હોવાનો દેખાવ કરીને

બોજ ન ઉઠાવવો' આ ગધેડાનો નિર્ણય થયો.

પહેલી જ રાત. ઘરની બહાર ખુલ્લામાં માલિક ખાટલો ઢાળીને સૂતો હતો. એની એક તરફ કૂતરો હતો ને બીજી તરફ ગધેડો હતો. બરાબર બે વાગ્યા અને ચોરો ચૂપકીદીથી આવ્યા. હડતાળ પર ઊતરી ગયેલ કૂતરાએ ચોરોને નિહાળવા છતાં કાંઈ જ ન કર્યું. ગધેડાને માલિકની દયા આવી જતાં એણે કૂતરાને કહ્યું : ‘‘ચોરી મોટી થશે તો નુકસાન મોટું થશે. માટે એક વાર માફ કરી દઈને ભસવા દ્વારા માલિકને જગાડ.’’ પરંતુ કૂતરો ધરાર ન જ માણ્યો. એ માલિકને પાઠ ભણાવવા માંગતો હતો.

આખર દયાળુ ગધેડાએ કૂતરાની જવાબદારી પોતે અદા કરવાનું નક્કી કર્યું અને માલિકને જગાડવા એણે જોર જોરથી ભૂંકવા માંડ્યું. ગધેડાના અવાજનું કારણ ન સમજવાથી, ભરઊંઘમાંથી ઝબકીને માલિક ગધેડાને બે-ચાર ડફણાં ફટકારતાં બબડીને સૂઈ ગયો કે ‘‘બેવકૂફ! તું દિવસે જપવા નથી દેતો અને અત્યારે રાત્રે ય જપવા નથી દેતો !!’’

પુણ્ય ન હોય તો પરિસ્થિતિ આવી વિલક્ષણ થાય. પરમાત્મા અરિહંત ભગવંતો અલૌકિક પુણ્યપ્રભાવસંપન્ન હોવાથી પૂર્વોક્ત તેમજ અનેક ઉપકારો સહજતાથી કરે છે...

**(૨) સિદ્ધભગવંતો વિશુદ્ધિપીઠ છે :-** પ્રતિદિન એક વાર નખશિખ સ્નાન કરીને વ્યક્તિ ભલે દેહશુદ્ધિ કરે, બબ્બે દિવસે વસ્ત્રપ્રક્ષાલન કરીને ભલે એ વસ્ત્રશુદ્ધિ કરે કે પ્રતિદિન પ્રભાતે સંજવારી કાઢીને એ ભલે ગૃહશુદ્ધિ કરે. કિંતુ એ શુદ્ધિ માત્ર બાહ્ય શુદ્ધિ છે. વળી એ શુદ્ધિ એવી તકલાદી છે કે થોડા જ સમયમાં એ દેહ-વસ્ત્ર કે ગૃહ પુનઃ મલમલિન થઈ જાય છે. વસ્તુતઃ સાચી વિશુદ્ધિ તે જ છે કે જે અભ્યંતર - આધ્યાત્મિક હોય અને શાશ્વતી - કાયમી હોય.

પરમેષ્ઠીના દ્વિતીય પદે પ્રતિષ્ઠિત સિદ્ધભગવંતો સંપૂર્ણ અને શાશ્વતી આત્મવિશુદ્ધિના સ્વામી હોય છે. આઠ પ્રકારના અત્યંત જાલિમ

કર્મોરૂપ મલિનતા એ પૂર્ણપણે અને શાશ્વતસ્વરૂપે નષ્ટ કરી દે છે. એટલે જ પરમપાવન શ્રી ભગવતીસૂત્રની ટીકામાં 'સિદ્ધ' શબ્દનો નિરુકતાર્થ આમ કરાયો છે કે ''ध्मातं सितं येन पुराण-कर्म'' મતલબ કે સિ=બાંધેલ કર્મોને દ્ધ=બાળી નાંખે તે છે સિદ્ધ. આ રીતે, સિદ્ધભગવંતો કર્મજન્ય અશુદ્ધિઓથી સર્વથા મુક્ત હોવાથી તેઓ કહેવાય છે વિશુદ્ધિપીઠ...

**(૩) આચાર્યભગવંતો આચારપીઠ છે :-** પંચપરમેષ્ઠીના તૃતીયપદે વિરાજમાન આચાર્યભગવંતો સદાચારના નિધાન છે. એમના માટે ગુરુસ્થાપના સૂત્રમાં એક પંક્તિ છે કે ''पंचविहायारपालणसमत्थो'' મતલબ કે તેઓ જ્ઞાનાચાર - દર્શાનાચાર - ચારિત્રાચાર - તપાચાર - વીર્યાચારરૂપ પાંચ ઉત્તમ આચારોમાં પાલનમાં સક્ષમ - પ્રવીણ હોય છે. એમનાં ઉત્તમ આચરણથી એ સ્વયં જ પાવન બને છે એમ નથી, એમના સંપર્કમાં આવતા અનેક યોગ્ય આત્માઓ એ આચરણથી પ્રભાવિત થઈને યથાશક્તિ પાવનતાનો સ્પર્શ પામે છે.

આ સંદર્ભમાં આપણે યાદ કરીએ મહાન જૈનાચાર્ય જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજીમહારાજને. આચાર ધર્મના પુરસ્કર્તા એ સૂરિપુંગવે શહેનશાહ અકબર સાથેની મુલાકાત સમયે પોતાની આચારમર્યાદા ચુસ્તપણે જાળવીને હજારો કીડીઓની રક્ષા કરી. અકબર આ ઘટનાથી એવો પ્રભાવિત થઈ ગયો કે એને પણ અહિંસાધર્મ પ્રત્યે લગાવ થયો. પરિણામ? પરિણામ એ આવ્યું કે અકબર જેવા મુસ્લિમ બાદશાહનાં શાસનમાં પ્રતિવર્ષ છ માસ અને છ દિવસ સમગ્ર ભારતમાં અહિંસા પ્રવર્તન થયું. નિકટમાં જ આવી રહેલ પર્યુષણાપર્વમાં પ્રત્યેક જૈન સંઘોમાં ચારસો વર્ષ પૂર્વેના આ શકવર્તી અહિંસાપ્રવર્તનની યશોગાથા અમૂક ગવાશે. પરંતુ ધ્યાનથી વિચારતા સમજાશે કે એનાં મૂળમાં તો આચાર્ય ભગવંતની આચારપાલનની દ્રઢતા જ હતી. એથી જ આચાર્યભગવંતોને આચારપીઠ કહેવાય છે...

**(૪) ઉપાધ્યાય ભગવંતો શ્રુતજ્ઞાનપીઠ છે :-** પંચપરમેષ્ઠીના ચતુર્થ પદે વિરાજમાન ઉપાધ્યાયભગવંતો શ્રુતજ્ઞાનના પરમોચ્ચ અભ્યાસી

હોય છે. ઉપાધ્યાયપદપૂજાની પંક્તિઓમાં એમના માટે જણાવાયું છે કે "દ્વાદશ અંગનો ધ્યાતા રે." અર્થાત્ તેઓ બાર અંગરૂપ સર્વોચ્ચ જૈન શાસ્ત્રોના ધ્યાતા હોય છે. પ્રશ્ન અહીં એ થાય કે 'ત્યાં ધ્યાતાના બદલે જ્ઞાતા શબ્દ ન હોવો જોઈએ? કેમ કે ધ્યાતા એટલે ધ્યાન ધરનાર અને જ્ઞાતા - એટલે જાણકાર. શાસ્ત્રોનું તો જ્ઞાન હોય, ધ્યાન ક્યાંથી હોય ?' પ્રથમ દૃષ્ટિએ ઉદ્ભવતા આ સંશયમાં જ સરસ સૂચિતાર્થ સમાયેલો છે. પૂજાના રચયિતા મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર ત્યાં એ અંગુલિનિર્દેશ કરવા ચાહે છે કે જ્ઞાનમાં માત્ર જાણકારી હોય, જ્યારે ધ્યાનમાં તો તન્મય ચિંતન અને ઓતપ્રોતતા હોય. ઉપાધ્યાય ભગવંતો અંગ શાસ્ત્રોના માત્ર ઉપલક જાણકાર ન હોય, બલ્કે એમાં ઓતપ્રોત-તલ્લીન - તન્મય હોય. રાત-દિવસ એ શાસ્ત્રોનાં ચિંતનમાં રમમાણ હોય. આવો અદ્ભુત જ્ઞાન-રસ ધરાવનાર ઉપાધ્યાય ભગવંતોને યથાર્થપણે જ શ્રુતજ્ઞાનપીઠ કહેવાય છે...

**(૫) સાધુભગવંતો સાધનાપીઠ છે :-** ભગવતી સૂત્ર ટીકામાં 'સાધુ' શબ્દની વ્યાખ્યા જ આ કરી છે કે "निव्वाणसाहए जोए, जम्हा साहेंति साहुणो" અર્થાત્ મોક્ષસાધક યોગોની સાધના કરે તેનું નામ છે સાધુ. વર્તમાન વિશ્વના શ્રમણજગત પર નજર કરીએ તો ય તેમની વંદનીય દુષ્કર તપશ્ચર્યાઓ, કષ્ટથી ભરપૂર લોચ-વિહાર-ભિક્ષાચર્યાદિ આચરણાઓ અને એમાં ય એમની છલોછલ પ્રસન્નતા, ઉપદેશ-દાન દ્વારા અનેકાનેક વ્યસનીઓ - વ્યભિચારીઓ - નાસ્તિકોનાં જીવનમાં પ્રેરક પરિવર્તન, પોતાનાં વ્રતો- નિયમો- આરાધનાનું ચુસ્તતાથી પાલન આદિ અનેક સ્વ-પર કલ્યાણકારી સાધનાઓથી એમનું જીવન છલોછલ સમૃદ્ધ હોય છે. માટે તેઓને સાધનાપીઠ કહેવાય છે.

નમસ્કારમહામન્ત્રના કેન્દ્રસ્થાનીય અધિષ્ઠાતા પંચપરમેષ્ઠી-ભગવંતોની મહત્તાનું આ ઝલકરૂપ વિવરણ સમાપ્ત કરતાં આપણે નમસ્કારમન્ત્રની પણ એક વિરલ વિશેષતા યાદ રાખીએ કેઃ- "ઇચ્છાપૂર્તિનાં મન્ત્રો ભલે હો હજાર... પરંતુ ઇચ્છાસમાપ્તિનો મન્ત્ર તો એક જ છે શ્રી નવકાર..."

# ૮ બગલા જેવા દંભી થશો તે સર્વત્ર અપમાનિત થશો... હંસ જેવા વિવેકી થશો તો સર્વત્ર સન્માનિત થશો....

જૈન દર્શનની વિરાસત ગણાય તેવા પવિત્ર પીસ્તાળીશ આગમો પૈકી અંગવિભાગનું એક આગમ છે સ્થાનાંગ સૂત્ર. અન્ય આગમો કરતાં એની પ્રરૂપણા શૈલી અલગ સ્વરૂપની અને સરલ છે. જાણે કે એમાં જ્ઞાન સાથે ગમ્મતનો પણ અનુભવ થાય. તેમાં એકથી આરંભીને દશ સુધીના અંકોના આધારે નિરૂપણ છે. પ્રચુર વૈવિધ્ય અને વ્યાપ ધરાવતાં એકેક સંખ્યાના પદાર્થોનું નિરૂપણ - બબ્બે સંખ્યાના પદાર્થોનું નિરૂપણ યાવત્ દશ દશ સંખ્યાના પદાર્થોનું નિરૂપણ એમાં છે. એ નિરૂપણ જ્ઞાનવૃદ્ધિ કરે તેવું છે, સમજણવૃદ્ધિ કરે તેવું છે, સંસ્કારવૃદ્ધિ કરે તેવું છે અને સંવેગવૃદ્ધિ પણ કરે તેવું છે.

ઉદાહરણરૂપે, ''चत्तारि पक्खी पन्नत्ता'' કહીને ત્યાં ચાર પ્રકારના પંખી દર્શાવાયા છે. પંખીની સૌંદર્યસમૃદ્ધિ અને સ્વરસમૃદ્ધિના આધારે ત્યાં ચતુર્ભંગી રચાઇ છે. એને અનુરૂપ ચાર પ્રકારના માનવી પણ  એ સૂત્રમાં દર્શાવાયા છે. સૌંદર્યને જો આપણે બાહ્ય વિશેષતા ગણીએ, તો એની અપેક્ષાએ સ્વરને આપણે અભ્યંતર વિશેષતા ગણી શકીએ. સૂત્રોનો નિર્દેશ બાહ્ય-અભ્યંતર વિશેષતાની દૃષ્ટિએ ચતુર્ભંગી રચવાનો છે.

આપણે એ નિર્દેશનું હાર્દ ખ્યાલમાં રાખીને આ લેખમાં એક નવી જ ચતર્ભંગી નિહાળીશું કે જેમાં પણ ચાર પ્રકારના પંખીના આધારે જ ચાર પ્રકારના માનવોની વિશેષતા-વિષમતાનાં દર્શન હોયઃ

પ્રથમ પ્રકારનું પંખી છે **હંસ.** એની પાસે બાહ્ય વિશેષતારૂપે રૂપવૈભવ પણ છે, તો અભ્યંતર વિશેષતારૂપે ગુણવૈભવ પણ છે. રૂપ એનું એવું સરસ હોય છે કે માનસરોવરથી એ નહિ, એના થકી માનસરોવર દીપે. કવિઓ એને ત્યાં સુધી મહત્ત્વ આપી દે છે કે જો માનસરોવરમાંથી હંસો અન્યત્ર ઊડી જાય તો એ સરોવરની શોભા નંદવાઇ જાય, હંસોની નહિ. એ

તો જયાં જશે ત્યાં શોભા અને માન-પાન જ પામવાના... ગુણવૈભવ એની પાસે એ છે કે એને વિવેક વર્યો છે. એની સમક્ષ જલમિશ્રિત દૂધ ધરાય તો એ નીર-ક્ષીર જુદા કરી દઈને માત્ર દૂધ આરોગી જશે. ચારો પણ એ મોતીનો ચરશે, અશુચિનો નહિ. આ છે એનો ગુણવૈભવ.

કેટલીક વ્યક્તિઓ હોય છે આ હંસ જેવી. બાહ્ય સમૃદ્ધિનું સ્વામીત્વ એને વિશિષ્ટ વર્યું હોય. ભલે પછી એ બાહ્ય સમૃદ્ધિ સંપત્તિ-સૌંદર્ય-વિચક્ષણતા-યશ કે લોકપ્રિયતારૂપે હોય. અભ્યંતર સમૃદ્ધિનું સ્વામીત્વ એને એથી ય વિશિષ્ટ વર્યું હોય છે. સંસ્કાર-સદાચાર-શાલીનતા -સિદ્ધાંતનિષ્ઠા-ઔદાર્ય વગેરે રૂપે એ અભ્યંતર સમૃદ્ધિ એનામાં ઝળહળતી હોય. આવો બાહ્ય-અભ્યંતર સરસ વિશેષતાસંગમ નિહાળવો છે? તો વાંચો નજીકના ભૂતકાળમાં થયેલ એક ખ્યાતનામ હસ્તીનો આ મસ્ત જીવનપ્રસંગ :

તે કાળના વિખ્યાત ફિલ્મી સિતારા રાજકપૂરે વિવિધ ક્ષેત્રના ખ્યાતનામ મિત્રો માટે એક વાર ‘Party’ રાખી હતી. એમાં એક એવી જ સુપ્રસિદ્ધ ‘Celebrity’ પણ હાજર હતી. ‘Party’ જામી ત્યારે રાજકપૂરે સ્વયં પોતાના હાથે દરેકને ઊંચા દરજ્જાનો વિદેશી દારુ પીરસવો શરૂ કર્યો. લગભગ કોઈને ય દારુ પ્રત્યે છોછ તો હતો જ નહિ. એમાં વળી રાજકપૂર સ્વયં મહેમાનગતિ કરી રહ્યા હતા. એથી સહુ હોંશે હોંશે વિદેશી ‘Wine’ સ્વીકારી રહ્યા. આગળ વધતાં વધતાં રાજકપૂર પેલી વિખ્યાત ‘Celebrity’ પાસે આવ્યા.

આ એવી ‘Celebrity’ હતી કે જેની પાસે યશ-કીર્તિની બાહ્ય સમૃદ્ધિની સાથે સંસ્કારિતાની- સિદ્ધાંતનિષ્ઠાની અભ્યંતર સમૃદ્ધિ પણ ભરપૂર હતી. એણે તરત નમ્રતાથી દારુનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. રાજકપૂરના ‘અહં’ને જરા ઠેસ લાગી. એમણે આગ્રહ કર્યો કે ‘‘આજે મારા માન ખાતર પણ તમારે થોડો દારુ તો લેવો જ પડશે.’’ પેલી ખ્યાતનામ હસ્તીએ તો ય નમ્રતાથી મક્કમ ઈન્કાર કર્યો. આખરે છેલ્લા દાવરૂપે

રાજકૂપરે કહ્યું : ‘‘મારા સોગંદ છે, તમારે દારુ પીવો જ જોઇશે.’’ પેલી ‘Celebrity’ એ હસતા હસતા ત્વરિત ઉત્તર દીધો : ‘‘મિત્ર મારા, તમે દારુ પીવાના સોગંદ અત્યારે આપો છો. પરંતુ દારુ નહિ પીવાના સોગંદ (પ્રતિજ્ઞા) મેં બહુ બાળપણથી અને આજીવન લીધા છે એનું શું?’’ આ ઉત્તરથી રાજકપૂરને આગ્રહ છોડી દેવો પડ્યો.

‘પાર્ટીમહેફિલ’ની સામા પૂર જેવી સ્થિતિમાં ય પોતાના સંસ્કાર-સદાચાર-સિદ્ધાંતનિષ્ઠા અકબંધ રાખનાર એ ‘Celebrity’ એટલે વિશ્વવિખ્યાત જૈન જાદુગર કે. લાલ...

બીજા પ્રકારનું પંખી છે **કાગડો.** પંખી જગતમાં કદાચ એના જેવું કુરૂપ પંખી જલ્દી શોધ્યું નહિ જડે. એટલે હંસની જેમ સૌંદર્યનો બાહ્ય વૈભવ એની પાસે ચોક્કસ જ નથી... અરે ! અભ્યંતર વૈભવની દૃષ્ટિએ ય ઘણાને મન એનું જમા પાસું શૂન્ય છે. કેમ કે એનામાં ધૂર્તતા વગેરે અનિષ્ટો છે. પરંતુ ચોક્કસ દૃષ્ટિબિંદુથી વિચારીએ તો એને અભ્યંતર સમૃદ્ધિનો સ્વામી ખુશીથી ગણી શકાય. પંખીની વિશેષતા-લાક્ષણિકતાના જાણકારો એમ કહે છે કે કાગડામાં જાતિબંધુ પ્રત્યેનો પ્રેમ જબરજસ્ત હોય છે. એને કોઇ ખાદ્યસામગ્રી મળશે તો એ અવાજ કરીને અન્ય કાગડાઓને આમન્ત્રિત કરશે અને સહભોજન કરશે. આ વિશેષતા લક્ષ્યમાં રાખીને આપણે એને બીજા ક્રમે સ્થાન આપ્યું છે.

કેટલીક વ્યક્તિઓ હોય છે આ કાક જેવી. બાહ્ય વિશેષતા એને જરાય ન વરી હોય. અરે ! ક્યારેય અવસ્થા તો એવી હોય કે જોતાં વેંત મુખ ફેરવી લેવાનું મન થઇ જાય : બરાબર પેલા કાકની જેમ. આમ છતાં કોઇક-એકાદ વિરલ વિશેષતા એનામાં એવી હોય કે જે અનુભવવામાં આવે ત્યારે ખરેખર પ્રભાવિત થઇ જવાય. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ સાવ સામાન્ય માનવીની અસામાન્ય વિશેષતા :

ટ્રેનના ડબ્બામાં દશ-બાર જુવાનિયાઓ જ હતા અને વયને અનુરૂપ ઠઠ્ઠા-મશ્કરી-પત્તાં રમવાની મોસમ જામી હતી. એવામાં એક

સ્ટેશનેથી એ ડબ્બામાં ચૌદ-પંદર વર્ષનો સાવ ગરીબ તરુણ પ્રવેશ્યો. એનાં વસ્ત્રો ફાટ્યાં-તૂટ્યાં હતાં, તો એનો દેખાવ પણ મેલો-ઘેલો હતો. કિંતુ એના કંઠમાં ગજબનું માધુર્ય હતું. હાથમાં રાવણહથ્થો બજાવતાં એને મીરાંનું ભક્તિપદ એવી બુલંદીથી અને લયથી ઉપાડ્યું કે ક્ષણભર તમામ જુવાનિયાઓ મુગ્ધતાથી તાકી રહ્યા. પણ આખર એ રંગીલા અને તરવરિયા તોખારો હતા. એમાંના એકે હાક મારી : ‘‘એય! આ ભજનમંડળી નથી. ગાવું હોય તો એકાદ સરસ ફિલ્મી ગીત ગા. અમે ય દિલદાર અને કદરદાન છીએ.’’

જરૂરિયાતવશ પેલા તરુણે ફિલ્મી ગીત લલકાર્યું. કંઠ અને લય તો આલા દરજ્જાનો હતો જ. એથી જુવાનિયાઓ એકેક કડી પર તાળીઓ બજાવતા રહ્યા. ગીત પૂરું થતાં જ એક જુવાને ખોબો ભરીને રૂપિયા એની સામે ધર્યા. પેલા તરુણે એમાંથી માત્ર દશ રૂ.ની એક જ નોટ લીધી. જુવાનિયાએ એને ટકોર્યો : ‘‘અરે! ઉઠાવ, આ બધા રૂપિયા તારા માટે જ છે.’’ ગરીબ તરુણે દિલની અમીરી પ્રગટ કરતો માર્મિક ઉત્તર આપ્યો : ‘‘સાહેબ ! હું ભિખારી છું, પણ લૂંટારું નથી. મારી મહેનત દશ રૂ. જેટલી હોવાથી મેં દશ રૂ. જ લીધા છે. અણહકના આ બધા રુપિયા લઈ લઉં તો હું લૂંટારું જ ગણાઉં !!’’

શું કહીશું આ તરુણને આપણે ? ગરીબ ? ના, તો તો એના દિલની અમીરીનું એ અપમાન કહેવાશે...

ત્રીજા પ્રકારનું પંખી છે **બગલો.** બગલાની બાહ્ય સૌંદર્યસમૃદ્ધિ પ્રભાવિત કરી દે તેવી હોય છે. એ એટલો શ્વેત-સફેદ હોય છે કે અતિશય શ્વેત વસ્ત્રને ‘બગલાની પાંખ જેવા સફેદ’ આ ઉપમા અપાય છે. સરોવરમાં એ અત્યંત ધીમા પગલે ગતિ કરતો હોય ત્યારે જાણે એ દયાનો અવતાર જણાય અને એક પગે એ સ્થિર રહે ત્યારે જાણે એ યોગીજન જેવો લાગે.... આમ છતાં આંતરિક ગુણસમૃદ્ધિની દૃષ્ટિએ તે સાવ ખાલીખમ છે. એનામાં દંભનો અવગુણ અત્યંત પ્રચંડ હોય છે. એ સરોવરમાં ધીમા પગલે ચાલે એ ય માછલીઓના શિકાર માટે, અને ધ્યાનસ્થ યોગીની જેમ એક પગે સ્થિર

રહે તે પણ માછલીઓને છેતરવા કાજે જ. બગલાની આ કનિષ્ઠ આંતરિકતા પર ઘા કરતાં એક પંક્તિમાં એટલે જ લખાયું છે કે :-

मन मेला तन उजळां, बगला कपटी रंग;
एथी तो कागा भला, तन–मन एक ज रंग...

કેટલીક વ્યક્તિઓ હોય છે આ બગલા જેવી. બાહ્ય વિશેષતા એનામાં અઢળક હોય. બગલાની પાંખ જેવાં શ્વેત વસ્ત્રો, પ્રભાવશાળી દેખાવ, આંજી દે એવી વાક્છટા, સેવાની બડી બડી ગુલબાંગો, ગરીબોના ઉદ્ધારની ધૂમધડાકાભરી જાહેરાતોઃ આ બધું એનામાં બાહ્ય સમૃદ્ધિરૂપે હોય. પરંતુ એમની આંતરિક સમૃદ્ધિ સાવ શૂન્ય જ હોય. વાતો સેવાની અને લઇ લેવાના મેવા, વાતો ગરીબોના ઉદ્ધારની અને કરવાનો પોતાનો ઉદ્ધાર : આવી દંભી એમની વૃત્તિ-પ્રવૃત્તિ હોય. પરિણામ? પરિણામ એ આવે કે આવી વ્યક્તિઓ આખરે સમાજની નજરે પેલા બગલાની જેમ જ હડધૂત-તિરસ્કૃત થઇ જાય. કરવી છે આની ખાતરી? તો વાંચો આ રમૂજ કથા :

એક 'Mega City'ના હાર્દ સમા વિસ્તારમાં વિરાટ સરોવર. ઘણા ય લોકો બોટમાં બેસીને સરોવરની સહેલગાહનો આનંદ માનતા. એક વાર ત્યાં દેશના તમામ ટોચના નેતાઓની આ રીતની સહેલગાહનો કાર્યક્રમ યોજાયો. ચિક્કાર મેદની સરોવરના કિનારે એકત્ર થઇ હતી. યથાસમયે નેતાઓની સહેલગાહનો કાર્યક્રમ આરંભાયો. બોટ સડસડાટ આગળ વધતી વધતી સરોવરની બરાબર મધ્યમાં પહોંચી ગઇ. ત્યાં અચાનક જ બોટમાં મોટું ગાબડું પડ્યું. પાણી ભરાવા લાગ્યું અને બોટ ડૂબવા માંડી. એક પણ નેતાને તરતાં આવડતું ન હોવાથી એમના જીવ તાળવે ચોંટી ગયા.

આ તરફ કિનારા પર એકત્રિત મેદનીમાં પણ ભય ફેલાઇ ગયો. સરોવરનો મધ્યવિસ્તાર એટલો દૂર હતો કે તાત્કાલિક કાંઈ થઇ શકે એમ ન હતું. લોકોમાં અવાજ ઊઠતો હતો કે 'શું થશે?' ત્યાં જ એક બટકબોલા યુવાને ધારદાર કટાક્ષ કર્યો કે ''સારું જ થશે. આ નેતાઓ ડૂબી જશે, તો દેશ

ચોક્કસ તરી થઇ જશે!!''

શું હતા આ ધારદાર શબ્દો? ઊજળું બાહ્ય વ્યક્તિત્વ અને મલિન અભ્યંતર વ્યક્તિત્વ ધરાવતાં બગધર્મીઓની લોકમાનસમાં જડાઇ જતી નકારાત્મક છબીનું સચોટ શબ્દચિત્ર...

ચોથા અને અંતિમ પ્રકારનું પંખી છે **કોયલ.** સૌંદર્યની દૃષ્ટિએ એ શ્યામ હોવાથી બાહ્ય સમૃદ્ધિથી વંચિત ગણાય છે, પરંતુ અભ્યંતર ગુણ સમૃદ્ધિથી પણ એ વંચિત ગણાય છે. અલબત્ત, એની પાસે સ્વરસમૃદ્ધિ કાબિલેદાદ જરૂર છે. આમ છતાં એને આ ચોથું - કનિષ્ઠ સ્થાન એ અપેક્ષાએ અપાયું છે કે તે પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ રહે છે. દરેક કોયલ પોતાના ઇંડા સેવવાનું કાર્ય પોતે કરવાના બદલે છળ-કપટથી એ ઇંડા કાગડીના માળામાં મૂકી આવતી હોય છે. સંતાન પ્રત્યેની જવાબદારીમાં ય આવી અક્ષમ્ય કર્તવ્યભ્રષ્ટતા દાખવનાર કોયલ અભ્યંતર ગુણસમૃદ્ધિની દૃષ્ટિએ શૂન્ય જ ગણાય ને?

કેટલાક જીવો હોય છે આ કોયલ જેવા. ગલત કાર્યો - ચોરી - હિંસા - મારધાડ કરવાનાં કારણે એ યશ - કીર્તિ વગેરે બાહ્ય સમૃદ્ધિથી વંચિત હોય છે, તો દગા-પ્રપંચ-સ્વાર્થની વૃત્તિમાં જ રમમાણ હોવાથી એ અભ્યંતર ગુણસમૃદ્ધિથી પણ વંચિત હોય છે. ટપોરીઓ-ત્રાસવાદીઓ-અસામાજિક તત્ત્વો વગેરેમાં આ કક્ષા જોવા મળી શકે છે. વાતે વાતે ગાળ-ગલોચ, કોઇ પણ ક્ષણે બંદૂકમાંથી ગોળીઓ વરસાવવી વગેરે કારણે એ 'વિખ્યાત' નહિ, 'કુખ્યાત' હોય છે. માટે બાહ્ય દૃષ્ટિએ તે શૂન્ય હોય છે અને કોઇ સારપ-ભલાઇ-પરોપકાર ન હોવાથી તે અભ્યંતર દૃષ્ટિએ શૂન્ય હોય છે...

છેલ્લે એક મહત્ત્વની વાત : બગલા જેવા દંભી થશો તો સર્વત્ર હડધૂત થશો અને હંસ જેવા વિવેકી થશો તો સર્વત્ર સન્માનિત થશો...

# ૯ ઉદારતા વિનાની સંપત્તિ ખતરનાક છે.... વિવેક વિનાની શક્તિ નુકસાનકારક છે....

તલવાર!! જેટલી એ તીક્ષ્ણ હોય-ધારદાર હોય એટલો શત્રુઓનો સામનો સક્ષમ થવાની શક્યતા વધુ રહે. પરંતુ જો એનો ઉપયોગ કરવામાં સાવધાની ન રખાય તો એ જ ધારદાર તલવાર વ્યક્તિના ખુદના અંગચ્છેદનું કારણ બની જાય અને મોતનું પણ કારણ બની જાય.

બંદૂક !! એ જો સ્વયંસંચાલિત 'Gun' હોય કે એ. કે. ૪૭ જેવા ઘાતક શસ્ત્રરૂપે હોય, ત્યારે શત્રુઓનો મુકાબલો પૂરી તાકાતથી થઈ શકે. પરંતુ એ જ ઘાતક શસ્ત્ર જો ભૂલમાં પણ ખુદની તરફ વળ્યું હોય તો નિશ્ચિતપણે એ જાનથી હાથ ધોવાનું કારણ બની જાય.

એટલે જ અનુભવી જનો એમ કહે છે કે વસ્તુ જેટલી સામર્થ્યસભર, એટલી જ વધુ સાવધાની એના માટે રખાવી જોઈએ. નહિ તો એ જાત માટે જોખમી બન્યા વિના ન રહે.

પણ... સબૂર ! બંદૂક કે તલવારને ક્યાંય ટક્કર મારે એવી ત્રણ તાકતવર બાબતો માનવીમાં જીવનમાં એવી છે કે એના અંગે જો ત્રણ ચોક્કસ વિશેષતારૂપ સાવધાની ન રખાય તો એ, જીવનમાં જોરદાર તબાહી સર્જી શકે છે. એટલે જ એક સુવાક્યમાં એનો નિર્દેશ કરતાં જણાવાયું છે કે **''ઉદારતા વિનાની સંપત્તિ જોખમી છે, અન્યોના વિચાર વિનાની બુદ્ધિ જોખમી છે અને વિવેક વિનાની શક્તિ જોખમી છે.''**

પ્રથમ વિચારીએ સંપત્તિની વાત. આમ તો સંપત્તિ દરેક સંસારી વ્યક્તિ કાજે અનિવાર્ય ઉપયોગિતા ધરાવે છે. સંપત્તિના સહારે એ પોતાનો જીવનનિર્વાહ સુખરૂપ કરી શકે છે, તો સંપત્તિનાં કારણે એ સર્વ સુવિધાઓ કે શોખ સંપ્રાપ્ત કરી શકે છે; રોગ કે અકસ્માત્‌ની પરિસ્થિતિમાં એ ઉચ્ચતમ સારવાર સંપત્તિનાં કારણે પામી શકે છે, તો સંપત્તિના ઉદાર સદ્‌વ્યય દ્વારા

એ પોતાનાં નામ-કામ પણ ચિરંજીવ કરી શકે છે.

પણ... સબૂર! આ જ સંપત્તિ જ્યારે ઉદારતાવિહોણી બની જાય ત્યારે એ નુકસાન નોંતરે છે. ખબર છે એક વાત? જે તળાવનું જલ બંધિયાર બની જાય - વપરાશવિહોણું બની જાય એ જલ આખરે ગંધાઈ ઊઠે છે, જે કૂવાનું પાણી લોકને ઉપયોગી ન બને અને યથાવત્ રહે એ કૂવાનું પાણી પણ મલિન થઈ જાય છે; શરીરમાં સતત ફરતું-વહેતું લોહી જો ક્યાંક અટકી જાય તો એ 'Heart-Attack' પણ લાવી શકે અને 'Brain Strok' પણ સર્જી શકે. બરાબર આ બધી બાબતોની જેમ જ સંપત્તિ જ્યારે દાનાદિરૂપે પ્રવાહિત ન થાય ત્યારે એ પણ બાહ્ય-અભ્યંતર દૃષ્ટિએ મોટી તકલીફ સર્જી શકે છે. સંપત્તિને મમ્મણશ્રેષ્ઠીની જેમ વળગી રહેનારને બાહ્ય દૃષ્ટિએ 'કંજૂસ'નો શિરપાવ મળે, સામાજિક પ્રતિષ્ઠાના નામે શૂન્ય મળે. તો અભ્યંતર દૃષ્ટિએ કાતિલ આસક્તિનાં કારણે સાતમી નરક જેવી દુર્ગતિ પણ મળી શકે છે.

ઉદારતાવિહોણી વ્યક્તિની માનસિક સ્થિતિ અને અન્યો પર તેની નિમ્નસ્તરીય છાપ કેવી હોય એ જાણવું છે ? તો વાંચો આ મજાની રમૂજ કથા :

એક મોટા 'Businessman' શ્રેષ્ઠી. જેવા એ શ્રીમંત હતા, એવા જ એ કંજૂસ હતા. એમને ત્યાં નોકરી કરતા તમામ કર્મચારીઓ એમને નખશિખ કંજૂસ તરીકે જ પિછાણે. એક વાર શેઠ Businessman શ્રેષ્ઠીઓની મીટીંગમાં ગયા. દરેક શ્રીમંતોની સાથે એમના એકેક ખાસ માણસો પણ હતા. સહુ શ્રીમંતોની 'Conference' એક હોલમાં શરૂ થઈ અને એમના માણસો એ હોલની બાજુના જ ખંડમાં વાતે વળગ્યા. દરેક શ્રીમંતના માણસોએ પોતાના શેઠનો પ્રભાવ દર્શાવવા એમના તરફથી એકેક ઇનામ કર્મચારીઓ માટે જાહેર કરવા માંડ્યા. સહુની જાહેરાતો થઈ, પરંતુ પેલા કંજૂસ શેઠના માણસે કાંઈ જાહેરાત ન કરી.

આખરે સહુએ એને સામેથી પૂછ્યું: ''કેમ? તારા શેઠ અમને

બધાને કાંઈ નહિ આપે?'' પેલાએ ટીખળમાં ઉત્તર આપ્યો : ''આપશે, આપશે. મારા શેઠ પણ જરૂર આપશે. પરંતુ એ આ ભવમાં નહિ, આવતા ભવમાં આપશે !!'' સહુ ખડખડાટ હસી પડ્યા. આ સંવાદ એટલા મોટા સ્વરે થયો હતો કે 'Conference Hall'માં રહેલ પેલા શેઠે બરાબર સાંભળ્યો. સહુ વિખૂટા પડ્યા બાદ ગાડીમાં બેસેલ શેઠે એમના માણસને બરાબર તતડાવ્યો. ''તને આવું દોઢ ડહાપણ કરવાનું કોણે કહ્યું હતું? આવતા ભવે આપવા માટે હું કાંઈ બંધાયેલો નથી !!'' માણસ તો સ્તબ્ધ જ થઈ ગયો...

હવે વિચારીએ બીજા ક્રમની વાત. એ કહે છે કે અન્યોના વિચાર વિનાની બુદ્ધિ જોખમી છે. મહદંશે માનવી બુધ્ધિનાં ક્ષેત્રે 'Sharpness'ને-તીક્ષ્ણતાને અને તીવ્રતાને મહત્ત્વ આપે છે. તીક્ષ્ણ બુદ્ધિ દરેક બાબતનાં ઊંડાણ સુધી જઈને તે તે બાબતનું હાર્દ પકડી શકે છે. જ્યારે તીવ્ર બુદ્ધિ બહુ ઝડપથી તે તે બાબતનો નિર્ણય કરી શકે છે. આ વાત મંજૂર રાખીને પણ એ તો માનવું જ પડે કે એ બુદ્ધિ જો પરોપકારના ઓપ વિનાની હશે તો એની તીક્ષ્ણતા-ધારદારતા અન્યો પર ઘા કરશે અને એની તીવ્રતા માત્ર ને માત્ર સ્વાર્થમાં રાચ્યા કરશે. એટલે જ 'મરીઝ'ની પેલી પંક્તિઓ અન્યોનો વિચાર કરે તેવી સમજને પ્રાધાન્ય આપતા મજાની વાત કરે છે કે :-

**બસ, એટલી સમજ મને, પરવરદિગાર ! દે;**
**સુખ જ્યારે જ્યાં મળે, બીજાનો વિચાર દે....**

વ્યક્તિ જો બીજાનો વિચાર-પરહિતનો ખ્યાલ પણ હૈયે ધરતી હશે તો, સંચા દ્વારા નિચોવી લઈ પછી ફગાવી દેવાતા શેરડીના સાંઠાની જેમ, અન્યોનો ઉપયોગ કરી લઈને - અન્યોને શોષીને એને ફગાવી દેવાનું સ્વાર્થી વલણ નહિ રાખે. બલ્કે સહઅસ્તિત્વની ભાવનાથી સ્વ-પર બન્નેને લાભ થાય તેવી રીતે પ્રવર્તશે. English ઉક્તિ મુજબ કહીએ તો બીજાનો વિચાર કરનાર વ્યક્તિ અન્યો સાથે 'Use & Throw' નો વ્યવહાર નહિ કરે, બલ્કે 'Win Win Situation' રાખવાની કોશિશ કરશે.

એક મહત્ત્વની વાત. જેઓ આર્ષ ચિંતકો છે તે શાસ્ત્રકારો શાસ્ત્રગ્રન્થોમાં મહત્વનું દૃષ્ટિબિંદુ એ પ્રસ્તુત કરે છે કે પરહિત હૈયે ધરીને પ્રવર્તનાર વસ્તુતઃ તો શ્રેષ્ઠ સ્વહિત કરે છે. જેમ કે પરહિત હૈયે રાખીને દાન કરનાર દાતા ધનસમર્પણ દ્વારા સામી વ્યક્તિનું જેટલું હિત કરે છે, એનાથી અનેકગણું શ્રેષ્ઠ હિત આત્મિક દૃષ્ટિએ એ પોતાનું કરે છે. વર્તમાનકાલીન ઘટનાઓમાં પણ આપણે એવું નિહાળીએ છીએ કે જેમાં પરહિતનું-અન્યોના વિચારનું દૃષ્ટિબિંદુ ધરનાર વ્યક્તિ સહજતાથી પોતાનું સ્તર શ્રેષ્ઠ પુરવાર કરીને લાભ પ્રાપ્ત કરી શકે છે. ખબર છે સ્વામી વિવેકાનંદનો આ જીવનપ્રસંગ ?

કહેવાય છે કે એમને જ્યારે પરદેશ જવાનું હતું ત્યારે, એમની માતાને કેટલોક સમય દ્વિધા રહી હતી. માતા આ માટે જલ્દી સંમતિ આપતી ન હતી. એ સંમતિ આપતા પહેલા પરીક્ષા કરવા ચાહતી હતી. એક વાર માતા-પુત્ર સાથે હતા ત્યારે, કોઈ કાર્યવશ માતાએ વિવેકાનંદ પાસે છરી આપી. વિવેકાનંદે છરી આપવાની ક્ષણે ધારવાળો ભાગ પોતાની તરફ રાખીને હાથાવાળો ભાગ માતા તરફ ધર્યો. માતા પુલકિત થઈને છરી હાથમાં લેતા બોલી : ''બસ, હવે તું પરદેશ જઈ શકે છે.'' વિવેકાનંદ બોલ્યા : ''પણ મા, તું તો મારી પરીક્ષા લેવાની હતી ને ?'' ''હમણાં જ થઈ ગઈ પરીક્ષા. મેં આ છરી તારી પરીક્ષા માટે જ માંગી હતી. તેં ધાર તારા હાથમાં રાખી અને હાથો મારા તરફ ધર્યો. એનાથી મને ખાતરી થઈ ગઈ કે તારાં હૈયે સામી વ્યક્તિનું હિત-સામી વ્યક્તિનો વિચાર પણ રમે છે. તું નિતાંત સ્વાર્થી નથી બની રહેવાનો. માટે તું ત્યાં જઈશ તો ય સફળ થઈશ...''

પેલા સુવાક્યમાં ત્રીજી વાત એ જણાવાઈ છે કે વિવેક વિનાની શક્તિ જોખમી છે. વિવેક એટલે નિયન્ત્રણ કરનાર અગત્યનું પરિબળ. કઈ પરિસ્થિતિમાં શું કરવું કે શું ન કરવું એ વિવેક દ્વારા નક્કી થઈ શકે. ધારો કે વ્યક્તિ પાસે ખૂબ બધું બોલવાની શક્તિ છે. પરંતુ ક્યારે શું બોલવું અને શું ન બોલવું એનો વિવેક ન હોય તો એની એ ખૂબ બધું બોલવાની શક્તિ જોખમી બની જઈને વ્યક્તિને તકલીફમાં મૂકી દઈ શકે. એ જ રીતે ધારો કે

એક વ્યક્તિ પાસે ઘણું બધું કરવાની તાકાત હોય, પરંતુ ક્યારે શું કરવું અને શું ન કરવું એનો વિવેક જો તેની પાસે ન હોય તો એ ક્યારેક ન કરવા જેવું કરી બેસીને સ્વયંને નુકસાન કરી બેસે.

એક વાત ખબર છે ? દરેક ગાડીને 'Break' એટલા માટે હોય છે કે કટોકટીની ક્ષણોમાં એ, ગાડીની ગતિ પર નિયન્ત્રણ કરી દે અને અકસ્માત્ થતો અટકાવી દે. વિરાટ જલરાશિ ધરાવતી નદી પર બંધ એટલે બંધાય છે કે એની જલસંપત્તિ વેડફાઇ ન જતાં સુનિયોજિત રહીને અનેકોને ઉપયોગી બને. બસ, આ જ મુજબ વ્યક્તિમાં વિવેક એટલા માટે હોવો જોઇએ કે તે એની શક્તિને સુનિયોજિત રાખીને વેડફાઇ જતી પણ અટકાવે અને એને અકસ્માત્-દુર્ઘટના જેવી નુકસાનીમાંથી પણ બચાવે. આ વિવેક ન હોય તો શક્તિશાળી વ્યક્તિ પણ કેવી હાસ્યાસ્પદ બની જઇને 'Image'ની નુકસાની નોંતરે એ જાણવું છે ? તો વાંચો આ રમૂજકથા :

મધ્યમ ગામના એક ખૂબ શ્રીમંત પટેલ. શરીર એમનું કસાયેલું - પડછંદ હતું. પરંતુ એ પ્રમાણમાં બુદ્ધિ ઓછી કસાયેલી હતી. એવામાં એમના પત્ની મૃત્યુ પામતાં એમને ઘરભંગ થયો. પટેલને પરિવારમાં કોઇ સંતાન હતું નહિ. એટલે ગામનાં પંચાતવિશારદોએ થોડા દિવસ બાદ બીજા લગ્ન માટે પટેલને સમજાવવા માંડ્યા. શરીર તંદુરસ્ત હતું અને સંપત્તિ વિપુલ હતી. એથી કન્યા આસાનીથી મળી રહે એમ હતી. પાછલી વયની અનુકૂળતાઓ ધ્યાનમાં રાખીને પટેલે પુનર્લગ્નની હા કહી દીધી. પેલા પંચાતવિશારદો સંપત્તિના જોરે બાજુના ગામની કન્યાનું સગપણ પણ કરી લાવ્યા.

નિયત સમયે જાન લઇને પટેલ લગ્ન માટે સામે ગામ પહોંચી ગયા. કન્યાની સખીઓને આછી આછી માહિતી મળી હતી કે વરની વય થોડી મોટી છે. એથી એ ખાસ વરને નિહાળવા આવી હતી. પટેલને જોઇને એ પરસ્પર કહેવા માંડી કે ''બીજું બધું તો ઠીક, પણ વર ઘરડો છે.'' બે-ત્રણ વાર આ વાક્ય સાંભળીને પટેલને હાડોહાડ લાગી આવ્યું. એણે મનોમન ગાંઠ વાળી કે 'આ ટબૂડી જેવી કન્યાઓ મારી મજાક કરે છે. પરંતુ તક

મળેતો મારે બતાવી દેવું છે કે હું ઘરડો છું કે તાકાતવાળો છું.'

લગ્નવિધિ રંગે-ચંગે પૂર્ણ થઈ ગઈ અને વિદાયની ક્ષણ આવી ગઈ. ત્યાં સુધી પટેલને તાકાત બતાવી દેવાની તક ન મળી. હવે તો જાન પણ ગાડામાં બેસી ગઈ હતી અને કન્યાપક્ષના સ્વજનો-પેલી સખીઓ 'આવજો' ના નાદ કરતી હતી. ગાડા સાથે બળદ જોડાય એટલી જ વાર હતી. ઘાંઘા થઈ ગયેલા પટેલને પોતાની તાકાત બતાવી દેવાનું શૂર ચડી ગયું અને એ ગાડામાંથી ઠેકડો મારીને બળદનાં સ્થાને પહોંચી ગયા. એકલે હાથે, જાનૈયાથી ભરચક ગાડાને એમણે દોડાવ્યું અને એક-બે નહિ, સાત સાત વાર ગાડાને મેદાનમાં ગોળ ગોળ ઘુમાવ્યું. સહુ દંગ રહી ગયા.

પછી પટેલે હાંફતા હાંફતા પેલી કન્યાઓ તરફ ફરીને કહ્યું : ''જોઈ લીધી ને મારી તાકાત? હવે તમને લાગે છે કે વર ઘરડો છે?'' આ તમાશાનું રહસ્ય સમજાઈ જતાં કન્યાઓએ બરાબર જનોઈવઢ ઘા કરતાં કહ્યું : ''વર ઘરડો છે એ તો જોયો ત્યારે જ ખબર પડી ગઈ હતી. પણ વર ગાંડો છે એ અત્યારે ખબર પડી !!'' આ જોરદાર ઉત્તરથી સહુ ખડખડાટ હસી પડ્યા અને ફજેતી થવાથી પટેલની હાલત 'કાપો તો ય લોહી ન નીકળે' એવી થઈ ગઈ....

વિવેક કેટલી મહત્ત્વપૂર્ણ બાબત છે એ આ રમૂજકથામાં પ્રતિબિંબિત થાય છે. અમે તો એમ જણાવવા ચાહીએ છીએ કે શક્તિ જેટલી વધુ જોરદાર મળે, વિવેક એટલો જ તીવ્ર જોઈએ. કારણ કે વિવેકશૂન્ય અલ્પ શક્તિ અલ્પ નુકસાની નોંતરશે, જ્યારે વિવેકશૂન્ય પ્રચંડ શક્તિ પ્રચંડ નુકસાન નોંતરશે. આનું પ્રતીતિજનક ઉદાહરણ દુર્યોધન છે. એ વિવેકશૂન્ય પ્રચંડ સામર્થ્ય ધરાવતો હતો, તો અંતિમ અંજામ 'મહાભારત' યુદ્ધમાં કૌરવ કુળના ક્ષયરૂપે આવ્યો....

અંતે એક પ્રાર્થના : ''હે પ્રભુ! મને સંપત્તિથી ય અધિક ઔદાર્યની, બુદ્ધિની ય વિશેષ પરોપકારવૃત્તિની અને શક્તિથી ય વિશેષ વિવેકની પ્રાપ્તિ થજો....''

# ૧૦ જિંદગી ઐસી બના, જિંદા રહે દિલ સાદ તું....
# જબ ન હો દુનિયામેં, દુનિયા કો યાદ આયે તું....

જીવન માત્ર શ્વાસોની શૃંખલા નહિ, બલ્કે સાર્થકતાની સરગમ સમું બની રહે એની પરોક્ષ પ્રેરણા બહુ કલાત્મક રીતે આપતા એક કાવ્યકંડિકામાં જણાવાયું છે કે :-

**જિંદગી તમને મળી, જાણો છો એ છે કેવડી ;**
**'આવી' અને 'ચાલી ગઈ', એ બે ક્રિયાપદ જેવડી...**

એનો મજેદાર નિર્દેશ એ છે કે જીવન ક્ષણભંગુર છે. એ ક્યાં ક્યારે કઇ પળે અનંતમાં વિલીન થઇ જશે એ નિશ્ચિત નથી હોતું. અને એથી ય અધિક મહત્ત્વની વાત એ કે કેટલીક વાર વ્યક્તિ જીવનની સાર્થકતા સમજવા જેટલાં સ્તરે પહોંચે ત્યાં સુધીમાં તો એ, જાણે વીજળીવેગે આવીને ચાલી જતી તકની જેમ, હાથમાંથી સરકી જતી હોય છે. આ ભાવને ઘૂંટીને ઘટ્ટ કરવા કાજે જ એ પંક્તિના ઉત્તરાર્ધમાં એની ક્ષણભંગુરતા દર્શાવાઇ છે કે 'આવી અને ચાલી ગઇ, એ બે ક્રિયાપદ જેવડી...'

પણ... સબૂર! કેટલી ય વિરલ વ્યક્તિઓ આ સૃષ્ટિમાં એવી છે કે જે, તક ઝડપીને તકદીર બનાવનાર વિરલાઓની જેમ, જીવનને એ રીતે સજાવે - સાર્થક કરે છે જેનાથી એમની યશોગાથા - કીર્તિકથા આપોઆપ રચાય. જીવન ભલે ને બે ક્રિયાપદ જેવડું હોય, પરંતુ એ બે ક્રિયાપદ વચ્ચેનું એમનું જીવન જાણે કે સ્વતન્ત્ર સુવર્ણાક્ષરીય ગ્રન્થ બની જાય!! જેને જીવન આવું ઉત્તમ બનાવવું હોય - ઉત્તુંગ બનાવવું હોય એને જીવનના ચાર વિભાગો - ચાર ખંડને સમૃદ્ધ બનાવવા જોઈએ. આવો, આજના લેખમાં આપણે નિહાળીએ એ ચારે ય ખંડ.

એમાં સર્વપ્રથમ ક્રમે છે ગર્ભખંડ. ગર્ભમાં રહેલ વિકાસશીલ અવસ્થાનું શિશુ પણ અત્યંત અસરકારક વિચારશક્તિ ધરાવી શકે છે,

બાહ્ય વિશ્વના તરંગો - સંકેતો પકડી શકે છે, એવી વાત જૈન શાસ્ત્રોમાં પરાપૂર્વથી નિહાળવા મળે છે. ઉદાહરણરૂપે જોઈએ તો, તીર્થંકર ભગવંતો માટે જૈન ગ્રન્થોમાં વિધાન છે કે તેઓ ગર્ભાવસ્થાથી જ મતિ-શ્રુત-અવધિ નામે ત્રણ ત્રણ ઉત્તમ જ્ઞાનના ધારક હોય છે. 'કલ્પસૂત્ર' ગ્રન્થ કહે છે કે ગર્ભસ્થ શિશુંરૂપે રહેલ ભગવાન મહાવીરપ્રભુએ એ અવસ્થામાં જ માતાની સુખાકારીરૂપે મંગલ પ્રયાસ પણ કર્યો હતો અને માતા-પિતાની ભક્તિ અંગે પ્રેરક પ્રતિજ્ઞા પણ કરી હતી. શું દર્શાવે છે આ ? એ જ કે ગર્ભસ્થ અવસ્થામાં પણ શિશુનો સક્ષમ માનસિક વિકાસ સંભવિત છે.

આજનું વિજ્ઞાન આ વાતને સચોટ સમર્થન આપે છે. ભ્રૂણહત્યા રોકવા કાજે તૈયાર કરાયેલ '**Silent Cry**' નામની ફિલ્મમાં એ પ્રત્યક્ષ દર્શાવાયું છે કે પોતાની હત્યા માટે આવી રહેલ તીક્ષ્ણ શસ્ત્રથી બચવા ગર્ભસ્થ શિશુ કોશિશ કરે છે અને એનાં મુખમાંથી હળવી ચીસ પણ નીકળે છે. એનો સાર એ છે કે ગર્ભસ્થ શિશુ પણ સંકેતો - તરંગો ઝીલવામાં સમર્થ હોય છે.

આ વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને આપણી સંસ્કૃતિ-પરંપરા વ્યક્તિની જીવનસાર્થકતા કાજે પ્રથમ પસંદગી આ ગર્ભખંડની કરે છે. અલબત્ત, ફર્ક આમાં એટલો છે કે અન્ય ત્રણ ખંડમાં વ્યક્તિએ સ્વયં પ્રધાનપણે જીવનસાર્થકતાનો પુરુષાર્થ કરવાનો હોય છે. જ્યારે આ પ્રથમ ખંડમાં પુરુષાર્થની પ્રધાનતા વ્યક્તિની અર્થાત્ તે ગર્ભસ્થ શિશુની નહિ, બલ્કે મુખ્યત્વે એની માતા વગેરેની હોય છે. બાળકના જીવનના આ પ્રથમ ખંડને - ગર્ભખંડને સંસ્કારવાસિત કરવા માતા એ સમય દરમિયાન ખૂબ સંયમી - સંસ્કારી - સદાચારી બનીને પ્રવર્તે. એની આવી પ્રવૃત્તિના પ્રતિબિંબ બાળકમાં કેવા ઝિલાય એની ઝલક નિહાળવી છે ? તો વાંચો ઈતિહાસની આ એક-બે સંક્ષિપ્ત ઘટનાઓ :

* છત્રપતિ શિવાજી !! કહેવાય છે કે એ જ્યારે ગર્ભમાં હતા ત્યારે એમના માતા જીજાબાઈ નિયમિતપણે 'મહાભારત' ગ્રન્થનું પઠન કરતા. એમાં આવતી દુર્યોધન જેવા આતતાયીનો સામનો કરવાની વાતોથી

ગર્ભસ્થ શિશુ એવું પ્રભાવિત થયું કે પછી બાળપણમાં જ એ માતાને કહેવા લાગ્યું કે ''અત્યારે આ ભારતમાં એવો કોણ આતતાયી છે ? મારે એની સામે યુદ્ધ કરીને એનો નાશ કરવો છે.''

* અર્જુનપુત્ર વીર અભિમન્યુ !! કહેવાય છે કે શ્રીકૃષ્ણના મુખેથી કોઠાયુદ્ધ જીતવાની સમગ્ર વિદ્યા એણે ગર્ભાવસ્થામાં સાંભળી હતી અને એવા આધારે એ, 'મહાભારત'ના યુદ્ધમાં છ-છ કોઠા પસાર કરીને સાતમા કોઠા સુધી પ્રવેશી શક્યો હતો.

અરે ! આ વર્તમાન કાળમાં પણ મુંબઈનાં 'પોશ' વિસ્તારોના જૈન પરિવારોમાં અમે એવા સુખદ દૃશ્યો નિહાળ્યા છે કે જેમાં સંતાનના ગર્ભખંડને સંસ્કારવાસિત કરવા કાજે માતા નિયમિત ભક્તિસ્તોત્રોનો મંગલ સ્વાધ્યાય - પાઠ કરે. જીવનને સાર્થકતા બક્ષવા ગર્ભખંડ આ રીતે સંસ્કારવાસિત થવો જોઈએ...

બીજો છે વર્ગખંડ. જન્મ બાદ થોડું મોટું થયેલ બાળક શાળાનાં માધ્યમે વર્ગમાં પ્રવેશે છે અને નિશ્ચિત વર્ષો સુધી વર્ગમાં રહીને એ અભ્યાસ કરે છે - જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ દૃષ્ટિએ આપણે વર્ગખંડને શૈશવથી યૌવનપ્રારંભ સુધીનો કાળ ગણીશું અને એમાં મુખ્યત્વે જ્ઞાન-અભ્યાસને અગ્રતાક્રમ આપીશું. જીવનના આ તબક્કામાં જ વ્યક્તિત્વવિકાસની સૌથી વધુ શક્યતા હોય છે. એક વ્યક્તિ આ વર્ષોમાં તનતોડ મહેનત કરીને અભ્યાસ કરે તો એ સાવ સામાન્ય કક્ષામાંથી ય અસામાન્ય કારકીર્દિનું નિર્માણ કરી શકે. એથી વિપરીત, બધી જ અનુકૂળતા છતાં વ્યક્તિ આ વર્ષોમાં અભ્યાસમાં બેદરકાર - આળસુ રહે તો એ પ્રતિષ્ઠિત પાર્શ્વભૂમિકા ધરાવતી હોય તો પણ સામાન્ય સ્તરે સ્થગિત થઇ જાય. એ અપેક્ષાએ આ સમયખંડ પણ અતિ અગત્યનો છે.

જીવનને સાર્થકતા ખરા અર્થમાં બક્ષવી હોય તો આ વર્ગખંડના વર્ષો સમ્યક્ સમજથી વાસિત થવા જોઈએ. સમ્યક્ સમજ વિનાનો માત્ર કોરો અભ્યાસ કદાચ કારકીર્દિ બનાવી આપશે, પરંતુ આંતરિક વ્યક્તિત્વ

વિકાસ-સંવેદના કે હમદર્દી નહિ વિકસાવી શકે. એટલે જ હજુ એક-બે પેઢી પૂર્વેના પાઠ્યપુસ્તકોમાં એવા સમ્યક્ સમજપંડિત પાઠ પ્રસ્તુત થતા કે જે વાસ્તવિક વર્ગખંડમાં રહેલ અભ્યાસકોમાં સંવેદના-હમદર્દી વિકસાવી શકે. અમને યાદ આવે છે અહીં તથાગત બુદ્ધનાં પૂર્વજીવનનો એક પ્રસંગ કે જે અમે વાસ્તવિક વર્ગખંડમાં જ પાઠરૂપે અભ્યસ્ત કર્યો હતો :

રાજકુમાર સિદ્ધાર્થ બગીચામાં લટાર મારતો હતો. ત્યાં એણે અચાનક આકાશમાંથી ઢગલો થઈને પડી જતો હંસ નિહાળ્યો. એ હંસ પર કોઈ ક્રૂર શિકારીએ તીર ચલાવ્યું હોવાથી તે આમ ભૂમિ પર પટકાયો હતો. કરુણાર્દ્ર સિદ્ધાર્થે તરત એ ઘાયલ હંસની સેવા-શુશ્રૂષા આદરી. આસ્તેથી હંસને લાગેલ બાણ એણે દૂર કર્યું, હંસનો ઘા સ્વચ્છ કરીને ઔષધિ આદિ દ્વારા એની પાટાપીંડી કરી. એ હંસને આ રીતે સમસંવેદનાવશ ઉગારી રહ્યો હતો ત્યાં જ એનો પિતરાઈ ભાઈ દોડતો આવીને બોલ્યો : ‘‘આ હંસને ઘાયલ કરીને નીચે પટકનાર હું છું. માટે આ હંસ મારો છે. તું મને એ આપી દે.’’

રાજકુમાર સિદ્ધાર્થે ત્યારે બહુ જ સમજભર્યો-સંવેદનભર્યો અભિગમ અપનાવ્યો કે ‘હંસ મારનારનો ન હોય, જિવાડનારનો જ હોય. માટે હંસ મારી પાસે જ રહેશે.’ આખર એ રકઝક રાજા સુધી ગઈ અને ત્યાં સિદ્ધાર્થના અભિગમને સ્વીકૃતિ અપાવા સાથે હંસની જવાબદારી સિદ્ધાર્થને સુપરત કરાઈ... પાઠ્યપુસ્તકમાં ત્યારે અપાયેલ આ ઘટના એ સંદેશ આપી જાય છે કે વર્ગખંડ સમ્યક્ સમજથી વાસિત જ જોઈએ. એમાં જ એની સાર્થકતા છે.

વર્ગખંડની વાતનું સમાપન કરતાં પૂર્વે એક મહત્ત્વનો નિર્દેશ કે સતત નવું શીખવું એ જો વર્ગખંડની લાક્ષણિકતા છે, તો એક દૃષ્ટિબિંદુથી વિચારતા સમગ્ર જીવન પણ વર્ગખંડ જ છે. કેમ કે એમાં સતત ક્યાંક ને ક્યાંક નવું શીખવાનું જ હોય છે. આ સંદર્ભનો સમગ્ર વર્ગખંડ સમ્યક્ સમજથી વાસિત રહે તો એ જીવનની શ્રેષ્ઠ સાર્થકતા છે...

ત્રીજો છે કર્મખંડ. કર્મ એટલે ક્રિયા- પ્રવૃત્તિ યાવત્ સમ્યક્ પુરુષાર્થ. યુવાવસ્થા એવો સમયખંડ છે કે જેમાં વ્યક્તિની 'Creativity' તેમજ પ્રવૃત્તિઓનું વૈવિધ્ય પરાકાષ્ઠાએ વિકસતું હોય છે. બાલ્યાવસ્થા જો સ્વપ્ન નિહાળવાનો સમય છે, વૃદ્ધાવસ્થા જો સાકાર સ્વપ્નનાં સ્મરણનો સમય છે, તો યુવાવસ્થા નિહાળેલ સ્વપ્નને સાકાર કરવાનો સમય છે. સૌથી વધુ પુરુષાર્થ - સૌથી વધુ સક્રિયતા જીવનના આ તબક્કામાં છે. એટલે જ એને મહત્ત્વ બક્ષતા એક પંક્તિમાં આમ જણાવાયું છે કે :-

**જો એનો લાભ લેતા આવડે તો, એ શ્રેષ્ઠ મોકો છે;**
**યુવાની જિંદગીનો, શ્રેષ્ઠ તબક્કો છે...**

યુવાનીના આ શ્રેષ્ઠ સમયખંડમાં વ્યક્તિએ એવા શુભ કર્મ-એવાં સત્કાર્યો કરવા જોઈએ કે જેનાથી એની યશ-કીર્તિમાં અભિવૃદ્ધિ થાય, જગતના સુવર્ણાક્ષરીય ઈતિહાસમાં એનું યોગદાન અંકિત થાય, જગતને એમાંથી પ્રેરણાનાં પીયુષપાન પ્રાપ્ત થાય અને એ રીતે એનું જીવન સાર્થક થાય. નજર કરીશું પૂર્વકાલીન ઈતિહાસ પર, તો એવી અનેક વિભૂતિઓ મળી રહેશે કે જેમને પોતાનો આ કર્મખંડ સુકૃતવાસિત કર્યો હોય અને યૌવન અવસ્થામાં જ એવાં સત્કાર્યો કર્યા હોય કે જે એમને ચિરંજીવ નામના બક્ષે :

* રાણકપુરના વિશ્વવિખ્યાત ૧૪૪૪ સ્તંભમય તીર્થના સર્જક મન્ત્રી ધરણશાહ!! આયુષ્યની પહેલી ત્રીશીમાં એમણે એ બેનમૂન તીર્થસર્જનનો પ્રારંભ કર્યો હતો અને સતત બાસઠ વર્ષના પુરુષાર્થના અંતે એમણે ધરતી પરના સ્વર્ગ સમું એ સ્વપ્ન સાકાર કર્યું હતું. આ સુકૃતનાં કારણે એમનું નામ એવું ચિરંજીવ બની ગયું કે આજે ય એમના માટે આ પંક્તિ ઊલટભેર ગવાય છે કે :-

'काम ऐसा कीजिये, जैसा धरणाशाने कीया;
राणकपुर बनवा के जगमें, नाम कर दीया....'

* મહામાનવ મોતીશાહ!! જીવનના પાંત્રીશથી પચાસ વર્ષ વચ્ચેના સમયખંડમાં એમણે મુંબઈમાં પાંચ-છ ભવ્ય જિનમંદિરોનાં સર્જન કર્યા, સમસ્ત મુંબઈના તમામ અબોલ પશુ-પંખીઓની સારસંભાળ કરે તેવી વિશાલ ફલકની પાંજરાપોળની સ્થાપનામાં ચાવીરૂપ યોગદાન આપ્યું અને એ સર્વથી શ્રેષ્ઠ શત્રુંજયગિરિરાજ ઉપર અભૂતપૂર્વ કહી શકાય તેવી બેનમૂન વિરાટ મોતીશાટૂંકનું સર્જન કર્યું !! એનાથી તેઓ એવી નામના વર્યા કે આજે ય તેઓ હજારો લોકોના કંઠે ગીતરૂપે ગવાય છે.

કર્મખંડ કેવો શુભમઢ્યો હોવો જોઈએ એનો નિર્દેશ આપણને આ ઝલકરૂપ ઉદાહરણો દ્વારા મળી રહે છે. આ જ સંદર્ભમાં આપણે ટાંકીશું થોમસ કાર્લાઈલનું આ મજાનું વિધાન કે :- **''આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાનો છું ત્યારે, કશુંક સત્કાર્ય કરી શકું કે કોઈ પ્રત્યે અનુકંપા દર્શાવી શકું તો ચાલ અત્યારે જ કરી લઉં. કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી...''**

ચોથો અને અંતિમ છે ધર્મખંડ. સામાન્યતઃ વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ અન્ય પ્રવૃત્તિથી નિવત્ત થઈ જઈને ધર્મ તરફ વળતી હોય છે. એ અપેક્ષાએ આપણે જીવનની અંતિમ અવસ્થાને ધર્મખંડ કહીશું. પરંતુ એમાં બે બાબત બરાબર સમજવી જરૂરી છે. એક એ કે આ સરેરાશ વ્યક્તિને અનુલક્ષી વિધાન છે. બાકી ધર્મખંડ વૃદ્ધાવસ્થામાં જ ન હોઈ શકે. એ તો જીવનના પ્રારંભકાળથી પણ હોઈ શકે. ઘણી ય યોગ્ય વ્યક્તિઓ જીવનને બાલ્યકાળથી ધર્મખંડ બનાવે છે. બીજી મહત્ત્વની બાબત એ કે આ વૃદ્ધાવસ્થાનો ધર્મખંડ પ્રવૃત્તિથી ય અધિક પરિણતિના સ્તરનો બનવો જોઈએ. ઉદાહરણરૂપે, એ અવસ્થામાં ધર્મક્રિયાદિ કરવા એ પ્રવૃત્તિના સ્તરનો ધર્મ છે અને એની સાથોસાથ પરિપક્વ વિચારણાના પ્રભાવે શરીર-સ્વજન-સંપત્તિ આદિ પર અનાસક્તભાવ વિકસાવવા તે પરિણતિના સ્તરનો ધર્મ છે. હમણા જ પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈની આત્મકથામાં અમે રમણ મહર્ષિ વિશે વાંચ્યું કે તેઓએ ભક્તોના અતિશય આગ્રહથી ખભા પાસે કેન્સરનું ઓપરેશન કરાવ્યું ત્યારે એનેસ્થેસીયા

લીધા વિના જીવંત વેદના સહીને હસતા મુખે કરાવ્યું. આને આપણે શરીરસંબંધી અનાસક્તિ કહી શકીએ... આવો, આપણે ચારે ય ખંડને સજાવવા દ્વારા જીવન પેલી શાયરીને અનુરૂપ બનાવીએ છે કે :-

**जिंदगी ऐसी बना, जिंदा रहे दिल साद तुं,**
**जब न हो दुनिया में, दुनिया को याद आये तुं....**

# ૧૧ સજ્જનોની સંગત ક્ષણે ક્ષણ સમાધિ સર્જે....
# દુર્જનોની સંગત આઠે પહોર ઉપાધિ સર્જે....

સત્સંગનો મહિમા પ્રબળપણે-સબળપણે પ્રસ્તુત કરતી સંત તુલસીદાસની પેલી પંક્તિ ખૂબ પ્રસિદ્ધ છે કે :-

एक घडी आधी घडी, आधीमें पुन आध;
तुलसी संगत संतकी, कटे कोटी अपराध....

સામાન્યપણે એકાદ કલાક યા એકાક ઘડીનું ખાસ કોઇ મૂલ્ય માનવી આંકતો નથી. કેમ કે એની પાસે એક દિવસ-રાત્રિમાં ચોવીશ ચોવીશ કલાક યા સાઠ સાઠ ઘડીની મૂડી છે અને એવા દિવસ-રાત્રિ પાંચ-પચીશ નહિ, હજારોની સંખ્યામાં ઉપલબ્ધ છે. આમ છતાં એક વાત ચોક્કસ છે કે અવસરે એકાદ કલાક તો ઠીક, એકાદ ક્ષણ પણ મહામૂલ્યવાન પુરવાર થતી હોય છે.

ઉદાહરણરૂપે, એક મિનિટ કે એક સેકન્ડના અંતરે જીવલેણ અકસ્માત્‌માંથી બાલ બાલ બચી જનાર નસીબદાર વ્યક્તિને પૂછીએ તો, એ ત્યારે તરત કહેશે કે ‘આ એક મિનિટ-એક સેકન્ડ તો મારા માટે લાખોથી ય લેખી-જોખી ન શકાય એવી મોંઘેરી બની ગઇ છે.’ બસ, એ જ રીતે તુલસીદાસજી કહે છે કે જીવનમાં પ્રેરક પરિવર્તન લાવી દેતા સત્સંગની એક ઘડી (૨૪ મિનિટ) તો ઠીક, અર્ધી કે પા ઘડી પણ મહામૂલ્યવાન પુરવાર થઇ શકે છે. કારણ કે એ આપણાં જીવનના કોટિ કોટિ અપરાધોને-ભયાનક પાપોને પણ આસાનીથી ખત્મ કરી શકે છે.

પાપના પ્રણાશથી લઇને વિશુદ્ધિના વિકાસ સુધીના જે જે પ્રેરક પરિવર્તનો સત્સંગ દ્વારા સર્જાય છે તેમાં મુખ્યતઃ ચાર સ્તર છે અને એ ચારે ય સ્તર ‘સ્’ અક્ષરથી શરૂ થાય છે !! એ છે સદ્‌વિચાર-સદાચાર-શુભમાં સ્થૈર્ય અને સદ્‌ગતિ. આપણે સંક્ષેપમાં એનું દિગ્દર્શન કરીએ :

પ્રથમ ક્રમે છે સદ્‌વિચાર. જાણકારો કહે છે કે પારસમણિનો સ્પર્શ જયારે લોખંડને થાય છે ત્યારે લોખંડની સમૂળગી કાયાપલટ થઈ જાય છે. એ મામૂલી લોખંડ મટીને મહામૂલ્યવાન સુવર્ણ બની જાય છે. આ પ્રક્રિયા ચમત્કારિક જરૂર છે, પરંતુ એમાં કાયાપલટ માત્ર બાહ્ય સ્વરૂપની છે. જયારે સત્સંગ દ્વારા વ્યક્તિની જે વૈચારિક કાયાપલટ થાય છે એ અભ્યંતર સ્વરૂપની છે. ખરેખર તો એ ચમત્કાર કરતા ય ચાર ચાસણી ચડી જાય તેવી છે. વૈચારિક સ્તરની એ કાયાપલટમાં સત્સંગના યોગે વ્યક્તિ નાસ્તિક હોય તો આસ્તિક બની શકે છે, ક્રોધી હોય તો ક્ષમાવંત બની શકે છે, કામી હોય તો સંયમી-અનાસક્ત બની શકે છે અને સ્વાર્થી હોય તો ય પરાર્થી બની શકે છે. આવું કે આના જેવું જે પરિવર્તન સર્જાય તે સદ્‌વિચારનાં સ્તરનું પરિવર્તન કહેવાય.

બીજા ક્રમે છે સદાચાર. સદ્‌વિચાર જ્યાં સુધી સદાચારરૂપે પરિણમન પામતો નથી ત્યાં સુધી એ ઝાઝું મૂલ્ય પામતો નથી. એટલે જ કહેવાય છે કે ‘‘દશ કોરા સંકલ્પ કરતા એક શુભ સંકલ્પનો અમલ કરવો વધુ હિતકારી છે.’’ સદ્‌વિચાર જો જબરજસ્ત મૂલ્ય પામવાની ક્ષમતા ધરાવનાર કાચો માલ છે. - ‘**Raw Material**’ છે, તો સદાચાર એમાંથી તૈયાર થયેલ ઉચ્ચતમ મૂલ્યવત્તા ધરાવનાર ઉત્પાદન છે - ‘**Production**’ છે. સત્સંગનાં માધ્યમથી વ્યક્તિ જયારે આ સ્તર સર કરે ત્યારે એનાં જીવનમાં આવેલ પ્રેરક પરિવર્તન નજરે તરી આવે તેવું બની જાય છે.

ત્રીજા ક્રમે છે શુભમાં સ્થિરતા. કેટલીક વાર એવું બને કે ઉપદેશશ્રવણાદિનાં કારણે વ્યક્તિને શુભ વિચારો ગમે, એને આચરણરૂપે અમલમાં ય લાવે, પરંતુ જયારે કસોટીની સોટી વિંઝાય ત્યારે એ નાસીપાસ થઈ જઈને શુભ બાબતોને પડતી મૂકી દે. એ કસોટી પ્રલોભનની-આકર્ષણોની ય હોય, તો એ કસોટી પ્રતિકૂળતાઓની - આફતોની પણ હોય. આવી સ્થિતિમાં ય, સત્સંગની અસરો જો પ્રગાઢ - ઊંડી હોય અને વ્યક્તિ સત્ત્વશાલી હોય તો ઘણી વાર આકર્ષણો-પ્રલોભનો વચ્ચે ય અને પ્રતિકૂળતા - આફતો વચ્ચે ય શુભ બાબતો પરત્વે અફર-અચલ-અડોલ

રહે. બસ, એ જ છે આ ત્રીજા ક્રમનું શુભમાં સ્થિરતારૂપ સ્તર.

ચોથા ક્રમે છે સદ્ગતિ. સત્સંગનાં માધ્યમે સર્જાતા પ્રેરક પરિવર્તનનું આ શ્રેષ્ઠ પરિણામ છે. જે વ્યક્તિના વિચારો અને આચારો શુભ છે, જે વ્યક્તિ કટોકટીની ક્ષણોમાં ય એને બરકરાર જાળવી રાખે છે, એ વ્યક્તિની સદ્ગિત નિશ્ચિત જ સમજવી. કારણ કે સદ્ગતિ શુભને બંધાયેલી છે અને હમણાં વિચાર્યું તેમ આ વ્યક્તિનાં જીવનમાં શુભની તો સરિતા વહેતી હોય છે. ધ્યાનમાં રહે કે એ શુભની સરિતાનો મૂળ ઉદ્ગમસ્રોત તો પેલો સત્સંગ જ છે.

સત્સંગના માધ્યમે સર્જાતા આ ચારે ય સ્તરનાં પ્રેરક પરિવર્તન કોઇ એક જ વ્યક્તિનાં જીવનમાં નિહાળવા છે? તો વાંચો રાજપ્રશ્નીય ઉપાંગ નામે જૈન આગમમાં આવતી આ રોમાંચક છતાં નમસ્કરણીય મહાન ઘટનાઃ

પ્રભુમહાવીરદેવના સમયની વાત. એ કાળે શ્વેતાંબીનગરીમાં પ્રદેશી નામે રાજા હતો. સાત હજાર ગામો - અઢળક ઐશ્વર્ય અને સૂર્યકાંતા નામે રાણી ધરાવતો એ રાજા પરમ નાસ્તિક હતો. આત્મા - કર્મ - પરલોક - મોક્ષ - પુણ્ય - પાપ વગેરે માં એને અંશ પણ શ્રદ્ધા ન હતી. ‘આ લોક મીઠા તો પરલોક કોણે દીઠા...’ આ એની માન્યતા હતી. એટલી હદે એ નાસ્તિકશિરોમણિ હતો કે એના રાજ્યમાં જૈન શ્રમણો કે અન્ય ભિક્ષુઓને વિચરવાનો - ધર્મોપદેશનો નિષેધ હતો !!

એ રાજાને ચિત્ર નામે મન્ત્રી હતો. એ પરમ ધાર્મિક હોવાથી એને રાજાની ઝનૂની નાસ્તિકતા ખૂંચતી હતી. પરંતુ એ ખૂબ સ્થિતપ્રજ્ઞ હોવાથી ઉતાવળાં પગલાંથી દૂર રહેતો. એણે યોજનાપૂર્વક રાજાના હૃદયપરિવર્તનનો નકશો બનાવ્યો. એવામાં એણે એક વાર પાર્શ્વપ્રભુની પરંપરાના કેશીગણધર ભગવંતનું ધર્મપ્રવચન સાંભળ્યું. મન્ત્રીને પ્રતીતિ થઇ ગઇ કે આ જૈનાચાર્યની વાણીમાં રાજાનું દિલ-દિમાગ બદલી નાંખવાની ભરપૂર ક્ષમતા છે. મન્ત્રીએ આ પ્રવચન શ્રાવસ્તીરાજ્યમાં

સાંભળ્યું હતું. એણે ગણધરપ્રભુને શ્વેતાંબીરાજયની પરિસ્થિતિનું બયાન કરીને એ રાજયની સરહદની સાવ નજીક સ્થિરતાની વિનંતિ કરી. ભાવિ લાભની સંભાવનાથી કેશીસ્વામીએ એ વિનંતિ સ્વીકારી લીધી.

આ તરફ મન્ત્રીએ રાજા સાથે વનવિહાર યોજયો. માત્ર રાજા અને મન્ત્રી, બે જ અશ્વારોહી બનીને આગળ વધતા હતા. ચતુર મન્ત્રી રાજાને એ સરહદ સુધી લઇ આવ્યો કે જયાંથી થોડે જ દૂર કેશીપ્રભુની ધર્મદેશના ચાલતી હતી. રાજા એ હદે નાસ્તિક હતો કે વહેલી પ્રભાતે મંજુલ ધ્વનિથી અપાતી પ્રવચનધારા માટે એણે આ શબ્દો ઉચ્ચાર્યા કે ‘‘ત્યાં પેલો સાધુ શું બરાડા પાડે છે?’’ બાહોશ મન્ત્રીએ વાતનો તંતુ પકડી લેતાં કહ્યું : ‘‘ત્યાં જઇએ એટલે ખબર પડી શકે કે એ શું બોલે છે? આપ એમને પ્રશ્નો પૂછીને જવાબ પણ માંગી શકશો.’’ માત્ર ઠેકડી ઉડાવવાની બુદ્ધિથી રાજા મન્ત્રી સાથે એ ધર્મસભામાં પ્રવેશ્યો.

કેશીગણધરની દેશનાપદ્ધતિથી એ પ્રભાવિત તો થયો. પરંતુ એનાં અંતરમાં જોર કરતી બળુકી નાસ્તિકતાનાં કારણે એણે સભા વચ્ચે કેશીસ્વામીને પડકારતા કહી દીધું કે ‘‘આત્મા-પરલોક-પુણ્ય-પાપ જેવું કાંઇ છે જ નહિ.’’ પોતાની માન્યતાનાં સમર્થનમાં એણે એક-બે નહિ, બલ્કે દશ દશ જબરજસ્ત તર્કસભર દલીલો કરી. સામે જૈનાચાર્ય પ્રૌઢ જ્ઞાની હતા. એથી એમણે પણ સવાચી તાર્કિક દલીલોથી આત્મા વગેરે બાબતોનું પ્રતિપાદન કર્યું. બન્ને વચ્ચેની એ દલીલો-પ્રતિદલીલો કેવી મજબૂત હતી તેની બે-ત્રણ ઝલકો આપણે નિહાળીએ :

પ્રદેશીરાજે કેશીસ્વામીને કહ્યું : ‘‘આત્માને શરીરની અંદર રહેલ કહેવાય છે. એને જોવા માટે મેં એક મૃત્યુદંડ પામેલ ચોરના દેહના નાના નાના ટુકડા કરાવ્યા. એના એક પણ ટુકડામાં મને જીવ જેવી કોઇ પણ ચીજ જોવા ન મળી. માટે નક્કી થાય છે કે જીવનું અસ્તિત્વ જ નથી.’’ કેશીસ્વામીએ તર્કના ટંકારથી આનો સવાયો ઉત્તર આપ્યો કે :- ‘‘અરણિકાષ્ઠાનાં ઘર્ષણથી અગ્નિ પ્રગટે છે એ સર્વવિદિત હકીકત છે. આમ છતાં એ અરણિકાષ્ઠના ટુકડે ટુકડા કરી અંદરથી તમે અગ્નિ શોધશો તો શું

એ મળશે ? હરગિજ નહિ. વસ્તુતઃ તમારી આ ચેષ્ટા જ બાલિશ છે. આત્મા ચક્ષુગમ્ય છે જ નહિ. એ તો સર્વજ્ઞ ભગવંતોને સ્પષ્ટપણે જ્ઞાનગમ્ય છે.''

પ્રદેશીરાજે નવો તર્ક કર્યો :- ''ઘડો પ્રત્યક્ષ દેખાય છે માટે અમે એને માનીએ. જીવ પ્રત્યક્ષ દેખાતો નથી, તો અમે એને કેમ માનીએ ?'' કેશીસ્વામીએ પ્રતિતર્કથી એનો મજાનો ઉત્તર આપ્યોઃ ''પવન પ્રત્યક્ષ દેખાતો નથી. છતાં પાંદડા વગેરે હલવાથી એનું અસ્તિત્વ જેમ સ્વીકારાય છે, તેમ જીવ પ્રત્યક્ષ દેખાતો ન હોવા છતાં જીવપ્રદેશોના યોગે શરીર હલવાથી એનું અસ્તિત્વ પણ સ્વીકારવું જ જોઈએ.''

પ્રદેશીરાજે એક તર્ક એ કર્યો કે ''આત્માને માનનારાઓ કીડીના દેહમાં ય એક આત્મા અને કુંજરના શરીરમાં ય એક આત્મા કહે છે. તે કેમ બને ? કીડી સાવ નાનો દેહ ધરાવે છે અને કુંજર વિરાટ દેહ ધરાવે છે.'' કેશીપ્રભુએ એનો પ્રતીતિજનક પ્રતિતર્કમઢ્યો ઉત્તર દીધો : ''દીવો મોટા ખંડ વચ્ચે હોય તો સમગ્ર ખંડમાં એનો પ્રકાશ ફેલાય અને તે જ દીવો જો નાની હાંડીમાં હોય તો એનો પ્રકાશ નાનકડી હાંડીમાં સમાઈ રહે. એ જ રીતે જીવ પણ નાના કે મોટા દેહમાં વ્યાપી જઈને રહે છે.''

તમામ તર્કોના આવા શ્રેષ્ઠ પ્રત્યુત્તરો મળવાથી પ્રદેશીરાજનું વિચારપરિવર્તન થયું. એ હવે આસ્તિક બનતો ગયો. એણે કેશીસ્વામીને પોતાના નગરમાં પધારવાનું આમન્ત્રણ આપ્યું. આ સદ્‌વિચારનાં સ્તરનું પરિવર્તન હતું.... કેશીપ્રભુ બીજે દિવસે શ્વેતાંબીપુરીમાં પધાર્યા ત્યારે પ્રદેશી રાજાએ હૃદયના ભાવથી એમને વંદન કર્યું અને વિધિપૂર્વક શ્રાવકના બાર વ્રતો એણે ગ્રહણ કર્યાં. એટલું જ નહિ, તે જ દિવસથી છટ્ઠ (સળંગ બે ઉપવાસ) ના પારણે છટ્ઠનું આકરું તપ પણ આદર્યું. આ સદાચારનાં સ્તરનું પરિવર્તન હતું.

રાજા પ્રદેશી હવે વધુ સમય ધર્મસાધનામાં વ્યતીત કરવા માંડ્યો. એથી એની વિલાસી -રંગીલી રાણી સૂર્યકાંતાએ રાજાને આ ધતીંગ છોડી દેવા સમજાવ્યો. એ માટે અનુકૂળ-આકર્ષક ઉપસર્ગો ય એણે કર્યા. કિંતુ

રાજા પોતાની સાધનામાં જ દઢ રહ્યો. આનાથી છંછોડાયેલી સૂર્યકાંતાએ ક્રૂરતાની હદ વટાવીને પતિને ભોજનમાં ઝેર આપી દીધું!! ઝેરની તીવ્ર અસરો શરીરમાં ફેલાતાં જ રાજાની અંતિમ ઘડીઓ ગણાવા માંડી. વિચક્ષણ રાજા સમજી ગયો કે આ કારસો વિષયાંધ રાણીનો છે. છતાં એ પોતાની શુભ ધારા ટકાવી રાખીને પ્રભુમાં લીન થઇ ગયો. આયુષ્યની અંતિમ ક્ષણોમાં રાજા ક્યાંક પોતાને કાવતરાખોરરૂપે જાહેર ન કરી દે એ માટે સૂર્યકાંતાએ ખતરનાક સ્ત્રીચરિત્ર આદર્યું. પતિ પ્રત્યેનો અતિશય પ્રેમ દર્શાવવારૂપે રડતાં રડતાં એણે પ્રદેશીરાજની છાતી પર પડતું મૂક્યું, પોતાના વિખરાયેલ કેશપાશ દ્વારા રાજાનો ચહેરો ઢાંકી દીધો અને ત્યાં જ રાજાના ગળે ઝડપભેર જોરથી અંગૂઠો દબાવી રાખીને એનો શ્વાસ રુંધી નાંખ્યો. પત્નીની આ કુટિલતાને સ્વયં અનુભવવા છતાં રાજા શુભ વિચારધારામાં જ લીન રહ્યો. આ શુભમાં સ્થિરતારૂપ ત્રીજા સ્તરનું પરિવર્તન હતું.

પરિણામ ? જૈન શાસ્ત્રો કહે છે કે પરિણામરૂપે પ્રદેશીરાજા તત્કાળ મૃત્યુ બાદ સૂર્યાભ નામે મહાન સમૃદ્ધિશાલી દેવ બન્યો!! આ સદ્ગતિરૂપ ચોથા સ્તરનું પરિવર્તન હતું... સત્સંગ ચાર સ્તર પર કેવું ગજબ પરિવર્તન કરી શકે છે એનું જવલંત ઉદાહરણ આ પ્રદેશી રાજા છે.

કેશીસ્વામીના સત્સંગ બાદ પ્રદેશીરાજા માત્ર ઓગણચાલીશ દિવસ જીવ્યા. તે દરમ્યાન તેમણે તેર છટ્ઠતપ કર્યા હોવાથી આજે પણ જૈન સંઘમાં પ્રદેશીરાજના તેર છટ્ઠનો તપ પ્રચલિત છે. સૂર્યાભદેવના ભવની એમની એક સરસ જીવનઘટનાનું દર્શન આગામી લેખમાં કરવાનું રાખીને સમાપન કરતાં આપણે સત્સંગનો મહિમા વર્ણવતી આ મજેદાર પંક્તિ ટાંકીશું કે :-

**સંગત ભલી સજ્જનતણી, જ્યાં ક્ષણે ક્ષણ છે સમાધિ;**
**સંગત બૂરી દુર્જનતણી, જ્યાં આઠે પહોર ઉપાધિ...**

# ૧૨ સંતોની સંગત એટલે શ્રેયનો પાવન પંથ... દુષ્ટોની સંગત એટલે પાપનો દારુણ પંથ...

વર્ષાજલ !! આકાશમાંથી એ જ્યારે વરસે છે ત્યારે સાવ સ્વચ્છ-નિર્મલ હોય છે. ઉપરાંત ત્યારે એ સાધારણ જલબિંદુ જેવું જ હોય છે. ન એમાં કોઈ જલતત્ત્વની દૃષ્ટિએ ન્યૂનતા હોય છે, ન એમાં કોઈ અન્ય મૂલ્યવાન તત્ત્વની વિશેષતા હોય છે. આમ છતાં ધરતી પર આવ્યા પછી એ વર્ષાબિંદુ એવું ને એવું એકસમાન નથી રહેતું. એ કનિષ્ઠ પણ બની શકે છે અને શ્રેષ્ઠ પણ બની શકે છે. કેવાં સ્થાનનો સંયોગ એ વર્ષાબિંદુને થાય છે એના આધારે એ કનિષ્ઠ યા શ્રેષ્ઠ બની શકે છે. સ્થાનના આધારે સર્જાતા વર્ષાબિંદુનાં ચાર સ્તર આપણે વિચારીએ :

ધારો કે આકાશમાંથી વરસતું છે વર્ષાબિંદુ ધરતી પર જે સ્થાને આવી રહ્યું છે ત્યાં ખુલ્લી ગટર વહે છે, તો એમાં ભળતું વર્ષાબિંદુ ચોક્કસપણે કનિષ્ઠ કક્ષામાં જ રૂપાંતરિત થશે. પહેલા એ સ્વચ્છ હતું, હવે મલિન ગટરના સંસર્ગથી એ અસ્વચ્છ-મલિન બની જશે. પહેલા એ દુર્ગંધરહિત હતું, હવે એ દુર્ગંધી બની જશે. પહેલા એ પીવાયોગ્ય હતું, હવે એ નજર કરવા યોગ્ય પણ નહિ રહે. આમ વર્ષાબિંદુ બધી દૃષ્ટિએ કનિષ્ઠ બની જશે. આ છે પ્રથમ સ્તર.

ધારો કે એ વર્ષાબિંદુ જ્યાં વરસે છે ત્યાં શુભ્રસલિલા નદી વહી રહી છે, તો એમાં ભળતું વર્ષાબિંદુ યથાવત્ અવસ્થામાં જ રહેશે. કારણ કે એ જેમ સ્વચ્છ છે એમ નદી જલ પણ સ્વચ્છ છે. એ જેમ દુર્ગંધરહિત છે તેમ નદીજલ પણ દુર્ગંધરહિત છે. એ જેમ પીવાયોગ્ય છે એમ નદીજલ પણ પીવાયોગ્ય છે. આથી એ સર્વ દૃષ્ટિબિંદુથી યથાવત્ રહેશે. આ છે બીજું સ્તર.

હવે ધારો કે એ વર્ષાબિંદુ જ્યાં વરસે છે ત્યાં વૈદિક ધર્મની દૃષ્ટિએ પતિતપાવન ગણાતી ગંગાનદી વહે છે, તો એમાં ભળતું વર્ષાબિંદુ અવશ્ય

વધુ સરસ અવસ્થા પ્રાપ્ત કરશે. પહેલા એ માત્ર સામાન્ય જલ હતું, હવે એ વિશિષ્ટ જલ બની જશે. પહેલા એ વંદનીય ન હતું, હવે એ વંદનીય બની જશે. પહેલા એ આસ્થાનું કેન્દ્ર ન હતું, હવે એ આસ્થાનું કેન્દ્ર બની જશે. આ રીતે એ વધુ સરસ કક્ષા પ્રાપ્ત કરે છે. આ થયું ત્રીજું સ્તર.

અને ધારો કે આકાશમાંથી વરસતું એ વર્ષાબિંદુ સ્વાતિનક્ષત્રના યોગમાં છીપનાં મુખમાં પ્રવેશે, ત્યારે એ જલ મટીને મૂલ્યવાન મોતીની કક્ષા સર કરે છે. જે એની શ્રેષ્ઠ અવસ્થા છે. કેમ કે જલ સાવ 'પાણીની કિંમતેં મળે, જ્યારે મોતી લાખોની કિંમતે મળે. જલબિંદુ ક્યાંય જડાય નહિ, જ્યારે મોતી હાર-અલંકાર-મુકુટ વગેરેમાં જડાય. પાણીમાંથી પાણીદાર મોતી બની જવાની આ અવસ્થા શ્રેષ્ઠ છે અને એ છે ચોથું સ્તર.'

ધ્યાનથી આ ચારેય સ્તર વિચારીશું તો અવશ્ય એ પ્રતીતિ થશે કે વર્ષાબિંદુની કનિષ્ઠ યા શ્રેષ્ઠ અવસ્થા સંસર્ગનાં કારણે સર્જાઇ શકે છે. એટલે જ આપણે ગત લેખમાં સત્સંગનો મહિમા વિચાર્યો હતો. આજના લેખમાં પણ આપણે એનો જ વિચારતંતુ વિસ્તારી રહ્યા છીએ.

એક સંસ્કૃત સુભાષિતમાં ઝલકરૂપે, સત્સંગના છ લાભ દર્શાવીને પછી આ પ્રશ્ન કરાયો છે કે ''सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम्?'' મતલબ કે ''સત્સંગ જીવનમાં ક્યાં ક્યાં લાભો નથી કરાવી શકતો તે કહો.'' કહેવાનો આશય ત્યાં એ છે કે સત્સંગ તમામ લાભો જીવનમાં સર્જી શકે છે. એ ખૂનીને મુનિ બનાવી શકે છે, તો નાસ્તિકને આસ્તિક બનાવી શકે છે; એ અધર્મીને ધર્મી બનાવી શકે છે, તો દુર્જનને સજ્જન-સજ્જનને સંત અને સંતને સિદ્ધ પણ બનાવી શકે છે; એ પાપાત્માને પાવનાત્મા બનાવી શકે છે, તો પાવનાત્માને પરમાત્મા પણ બનાવી શકે છે. ગત લેખમાં વિચારેલ પ્રદેશીરાજાનું જીવન એનું શ્રેષ્ઠ સાક્ષીસ્વરૂપ છે. સમાધિમરણના અંતે સદ્ગતિ-દેવગતિ સંપ્રાપ્ત કરનાર પુણ્યાત્માનાં જીવનમાં સત્સંગની અસર દેવલોકમાં ય કેવી બરકરાર રહી એ આપણે વિચારીએઃ

અંતિમ દિવસોની શ્રેષ્ઠ ધર્મસાધનાના પ્રભાવે પ્રદેશીરાજ

વૈમાનિક નિકાયમાં સૂર્યાભ નામે દેવ થયા. દેવોની ભૌતિક શક્તિ-બાહ્ય ઐશ્વર્ય - વિપુલ વૈભવ વિસ્મયસ્તબ્ધ બની જવાય એ હદનો ઉત્કૃષ્ટ હોય છે. સામાન્યતઃ નિયમ એવો જોવાય છે કે વ્યક્તિ અતિ દુઃખમાં હોય યા અતિશય સુખમાં હોય ત્યારે બહુ આસાનીથી ભગવાનને - ધર્મને વીસરી જતી હોય છે. કારણ કે અતિ દુઃખ એને સતત ચિંતાગ્રસ્ત-તનાવગ્રસ્ત રાખે છે. એથી વિપરીત અતિશય સુખ હોય ત્યારે વ્યક્તિ એમાં જ ગળાડૂબ ડૂબી રહે છે. અતિ દુઃખ અને અતિશય સુખઃ આ બે વિકલ્પમાં, ધર્મ વીસરી જવાના સંદર્ભે અતિશય સુખનો વિકલ્પ અત્યંત ખતરનાક છે. કેમ કે અતિ દુઃખમાં અન્ય વિકલ્પના અભાવે વ્યક્તિ નિરુપાયે પણ ધર્મ યાદ કરી શકે છે. જ્યારે અતિશય સુખમાં બધું જ યથેચ્છ પ્રાપ્ત થઈ શકતું હોવાથી વ્યક્તિ ધર્મને એ રીતે પણ યાદ કરતી નથી.

સૂર્યાભદેવ અતિશય સુખના માહોલમાં હતા. કિંતુ ગત જન્મના કેશીસ્વામીના સત્સંગની પ્રગાઢ અસરરૂપે તેઓ સીમાતીત સુખ વચ્ચે ય આસક્ત ન થયા. એ સમયે પૃથ્વીતલ પર સદેહે વિચરતા પરમાત્મા મહાવીરદેવની ઉત્કૃષ્ટ ભક્તિના મનોરથો એ દેવને પ્રગટ્યા. દૈવી અચિંત્ય શક્તિના પ્રભાવે એ તુરત ભગવાન મહાવીરપ્રભુ સમક્ષ ઉપસ્થિત થયા. પ્રભુ ત્યારે આમલકલ્પ નામે ઉદ્યાનમાં વિરાજમાન હતા. પોતાના વિશાલસંખ્યક સેવક-આભિયોગિક દેવો સાથે એમણે પ્રભુને ભાવવિભોર વંદના કરી. પછી પૂર્ણ જિજ્ઞાસુભાવે એ સૂર્યાભદેવે પોતાના આત્માની આધ્યાત્મિક હિતચિંતાના પરિપાકરૂપે પ્રભુમહાવીરદેવને છ પ્રશ્ન કર્યા.

ખાસ ધ્યાનમાં રહે કે આ એ જીવ હતો કે જે ગત જન્મમાં છેલ્લા ઓગણચાલીશ દિવસ સિવાયનું સંપૂર્ણ જીવન કટ્ટર નાસ્તિક વિચારોમાં જીવ્યો હતો. પરંતુ કેશીગણધરના સત્સંગથી એમનું જીવનવહેણ એ હદે બદલાયું કે એથી દિવ્ય દેવભવમાં ય એમને આધ્યાત્મિક હિંતચિંતારૂપ છ પ્રશ્નો જાગ્યા. દરેક ધર્મી આત્માએ આત્મહિતચિંતારૂપે આ છ પ્રશ્ન જાતને કરવા જેવા હોવાથી આપણે એનો અહીં અવકાશ મુજબ વિચારવિસ્તાર કરીશું.

સૂર્યાભદેવે મહાવીર પ્રભુને પ્રથમ પ્રશ્ન એ કર્યો કે ''હું ભવ્ય છું કે અભવ્ય?'' જૈન શાસ્ત્રો અનુસાર, જીવોની મૌલિક લાક્ષણિકતાનાં અનુસંધાનમાં તેઓના બે પ્રકાર ગણાય છેઃ ભવ્ય અને અભવ્ય જે જીવો મોક્ષ પ્રાપ્ત કરવાની મૂલભૂત યોગ્યતા ધરાવે છે અને તેવા પ્રકારનાં નિમિત્તો-સાધનો પામીને એક કાળે મોક્ષે જશે તે જીવોને કહેવાય છે ભવ્ય. જે જીવોમાં મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા બિલકુલ નથી અને તેવા પ્રકારનાં સાધનો મળે તો ય કોઈ કાળે મોક્ષે જશે નહિ તે જીવોને કહેવાય છે અભવ્ય.

સ્થૂલ ઉદાહરણથી આ બન્ને પ્રકારને આપણે આ રીતે સમજી શકીએ. મૂર્તિનિર્માણ સંદર્ભમાં મકરાણાના આરસપાષાણને કહી શકાય ભવ્ય. કારણકે શિલ્પી - ટાંકણું વગેરે સાધનો પ્રાપ્ત થતાંવેંત એ આરસમાંથી મૂર્તિ અવશ્ય રચાઈ જશે. મૂર્તિનિર્માણના સંદર્ભમાં ચોપાટીની રેતી ગણાય અભવ્ય. કારણ કે શિલ્પી-ટાંકણું આદિ મળી જાય તો ય એ રેતીમાંથી સ્થાયી આરસમૂર્તિનિર્માણ શક્ય નથી.

સૂર્યાભદેવને પોતાના માટે એ બે વિકલ્પમાંથી જ કોઈ એક વિકલ્પ શક્ય લાગતા એમણે પૂર્વોક્ત પ્રશ્ન કર્યો હતો....

એ દેવનો બીજો પ્રશ્નો હતો કે ''હું સમ્યક્ત્વી છું કે મિથ્યાત્વી?'' જૈન કર્મશાસ્ત્રની દૃષ્ટિએ મિથ્યાત્વ એવો ભયંકર દોષ છે કે જે અનંતકાળપર્યંત દરેક જીવને સંસારમાં પરિભ્રમણ કરાવે છે. એનો પ્રતિપક્ષી સમ્યક્ત્વ નામે ગુણ એવો મહાન-ઉત્તમ છે કે એની ઉપસ્થિતિમાં જો આયુષ્ય બંધ થાય તો વૈમાનિક નિકાયના દેવતારૂપે જ આયુષ્ય બંધાય. એમાં ય જો ક્ષાયિક નામે સર્વોત્તમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય અને આયુષ્ય બંધ ન થયો હોય તો તો એ જીવ તે જ ભવના અંતે મોક્ષપ્રાપ્તિ કરે!! આવા અદ્‌ભુત સમ્યક્ત્વગુણનો મહિમા દર્શાવતી એક મજાની ગાથા જૈન શાસ્ત્રોમાં આ મળે છે કે :-

लब्भई सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो।
एगं नवरि न लब्भइ दुल्लहरयणं व सम्मत्तं ।।

ભાવાર્થ એનો આ છે કે દેવલોકના ઈન્દ્ર બનવું હજુ સુલભ છે, માનવલોકના રાજા બનવું ય સુલભ છે; પરંતુ દુર્લભ રત્ન જેવું સમ્યક્ત્વ મળવું મહામુશ્કેલ છે. સૂર્યાભ દેવે એથી જ બીજો પ્રશ્ન આ અંગે કર્યો.

એ પુણ્યવંતા દેવનો ત્રીજો પ્રશ્ન એ હતો કે ''હું ચરમશરીરી છું કે અચરમ શરીરી ?'' ચરમ શરીરી તેને કહેવાય કે જે તે જ જન્મના અંતે મોક્ષ પ્રાપ્ત કરે. જે એક-બે યાવત્ ઘણા ઘણા ભવપર્યંત સંસારભ્રમણ કરે તેને કહેવાય અચરમશરીરી. દેવભવના અંતે મોક્ષ હોય નહિ. એથી એ પછીના તરતના ભવે મોક્ષ થશે યા નહિ એ જાણવાની તીવ્ર તાલાવેલી આ દેવને હતી એવી આ 'ચરમશરીરી' અંગેના પ્રશ્નથી અભિવ્યક્તિ થતી હતી....

સૂર્યાભદેવનો ચોથો પ્રશ્ન હતો કે ''હું સુલભબોધિ છું યા દુર્લભબોધિ છું?'' સરલતાથી ધર્મપ્રાપ્તિ થઈ જાય તેવી આત્મિક યોગ્યતા જે જીવમાં પાંગરે તેને કહેવાય સુલભબોધિ જીવ. એથી વિપરીત બહુ મુશ્કેલીથી - મહામહેનતે ધર્મપ્રાપ્તિ થાય તેવી વિલક્ષણ યોગ્યતા જે જીવની હોય તેને કહેવાય દુર્લભબોધિ જીવ. ઉદાહરણરૂપે, એક વ્યક્તિ એવો સરલ આત્મપરિણામ ધરાવતી હોય કે સામાન્ય સમજાવટ માત્રથી જિનપૂજન-ગુરુવંદન વગેરેમાં એને સહજ રસ-રુચિ પ્રગટી જાય. એથી વિપરીત કેટલીક વ્યક્તિ એવી કઠોર આત્મપરિણતિ ધરાવતી હોય કે લાખ સમજાવટ પછી ય એને જિનપૂજનાદિમાં રુચિ-રસ ન પ્રગટે. ભલે ને ઘરની સામે જ મંદિર યા ઉપાશ્રય હોય અને ભલે ને પોતાનો સમગ્ર પરિવાર એમાં દિલચશ્પી ધરાવતો હોય, તો ય એને કાંઈ અસર ન થાય. પાછલી વયે કોઈ મોટી આસમાની - સુલતાની અનુભવ્યા બાદ માંડ એને ધર્મમાં રસ પ્રગટે. એને કહેવાય દુર્લભબોધિ જીવ. અરે! ક્યારેક તો જન્મોજન્મ પર્યંત વ્યક્તિને બોધિ - ધર્મ દુર્લભ બની રહેતો હોય છે. એટલે એ દેવે આ પ્રશ્ન પૂછ્યો હતો....

એ દેવે પાંચમો પ્રશ્ન પૂછ્યો કે ''હું આરાધક છું યા વિરાધક ?'' જે જીવની વૃત્તિ-પ્રવૃત્તિ અહિંસાદિ વ્રતોમાં અને ક્ષમાદિ શુભ ભાવોમાં રમતી હોય તેને કહેવાય આરાધક. એથી વિરુદ્ધ જેની વૃત્તિ-પ્રવૃત્તિ હિંસાદિ

પાપોમાં અને વિષય-કષાયાદિ દુષ્ટ ભાવોમાં રમતી હોય તેને કહેવાય વિરાધક. પોતાની જાતનું સાચું મૂલ્યાંકન કરવા દેવે આ પ્રશ્ન પ્રભુને પૂછયો હતો.

છેલ્લો પ્રશ્ન એ દેવે તે પૂછયો કે ''હું પરિત્તસંસારી છું કે અપરિત્ત સંસારી ? '' પરિત્તસંસારી એટલે દીર્ઘકાળ ભવભ્રમણ કરનાર જીવ અને અપરિત્ત સંસારી એટલે અલ્પકાલ ભવભ્રમણ કરનાર જીવ.

પ્રભુએ એ દેવને ભવ્ય-સમ્યક્ત્વી - તે પછીના મનુષ્ય ભવે ચરમશરીરી - સુલભબોધિ-આરાધક અને અપરિત્ત સંસારી કહ્યો... એક સમયના સાવ નાસ્તિક જીવને આવા આત્મલક્ષી મહાન પ્રશ્નો સ્ફુર્યા એ નિઃશંક સત્સંગનો જ પ્રભાવ હતો. આપણે આ સત્સંગનો મહિમા ગાતી પંક્તિ સાથે સમાપન કરીએ કે :-

**પવન સાથે મિત્રતાથી ધૂળ પણ ઊંચે ચડે,**
**પાણી સાથે મિત્રતાથી એ જ કાદવ થઈ પડે;**
**સંગત કરી સંતોતણી જન શ્રેયના પંથે ચડે,**
**પાપીતણી સંગત થકી જન પાપના પંથે પડે....**

# ૧૩ ક્રોધ વગેરે પાશવી વૃત્તિ જીવનને કનિષ્ઠતા બક્ષે.... પ્રશમ વગેરે દિવ્ય વૃત્તિ જીવનને શ્રેષ્ઠતા બક્ષે....

ધરતી!! આમ તો એ વ્યક્તિથી લઈને સમષ્ટિ સુધી હર કોઈના આધારરૂપ છે, એથી એનો ઉપકાર સર્વવ્યાપી છે જ. તે છતાં ય અલગ અલગ વ્યક્તિઓ અલગ અલગ દૃષ્ટિબિંદુથી એને વિવિધ રૂપે પિછાણે છે -સન્માન આપે છે. ખેડૂતને આ ધરતી મૂઠીભર બિયારણના બદલામાં મણભર - મબલખ ધાન્ય આપે છે. એની આજીવિકા - એનાં સુખચેનનું કારણ આ ધરતી જ બને છે. માટે ખેડૂતને મન ધરતી માતાસ્વરૂપ છે.

કંકુ છાંટણાથી ધરતીની પૂજા કરો કે કોદાળીથી એના પર ઘા કરો, પાણીથી એને ભીંજવી દો કે પુષ્પોથી એને સજાવી દો; તો પણ ધરતી કદી અસહિષ્ણુતા દર્શાવતી નથી. માટે ચિંતકોની દૃષ્ટિએ એ સહનશીલતાનું સાકાર સ્વરૂપ છે. એથી જ તો સંસ્કૃત સાહિત્યકારોએ એનું એક નામ સર્વંસહા (=બધું જ સહન કરનાર) આપ્યું છે.

વૈદિક ઋષિ-મુનિઓ એના ઉપકારોને દૃષ્ટિ સમક્ષ રાખીને એને માનનીયતા - પૂજનીયતા બક્ષે છે. એથી મન્ત્રોમાં 'પૃથ્વી દેવતા' જેવા શબ્દો આપીને એને દેવતાનું સ્થાન-માન આપે છે.

જૈન પરંપરા બહુ વાસ્તવિકપણે એને એકેન્દ્રિય જીવસ્વરૂપે ગણીને 'પૃથ્વીકાય' કહે છે અને અનિવાર્ય જરૂરિયાત સિવાય ખોદકામ આદિ દ્વારા એની હિંસા ન કરવાનું ફરમાવે છે.

આપણે આજે ગુણધર્મોને લક્ષ્યમાં રાખીને પૃથ્વીના ત્રણ પ્રકાર દર્શાવીશું અને એના જ આધારે માનવીના પણ ત્રણ પ્રકાર દર્શાવીશું. પૃથ્વીના એ ત્રણ પ્રકાર જેમ ક્રમશઃ કનિષ્ઠ-મધ્યમ અને શ્રેષ્ઠ છે, તેમ માનવીના પણ એ ત્રણ પ્રકાર ક્રમશઃ કનિષ્ઠ-મધ્યમ અને શ્રેષ્ઠ છે.

પ્રથમ પ્રકારની પૃથ્વી એ છે કે જેની ભીતરમાં લાવારસ ખળભળતો હોય, જ્વાળામુખી ધરબાયેલો હોય. વિલક્ષણતા ખરી ત્યાં એ છે કે કેટલીક વાર એની ઉપર હરિયાળી-લીલોતરી પણ છવાઈ જાય. માનવી એને સરેરાશ ભૂમિ સમજીને એ તરફ પ્રવાસ કરવા જાય અને એકાએક લાવારસ-જ્વાળામુખી એવો ભભૂકી ઊઠે કે પેલી વ્યક્તિ 'સ્વાહા' થઈ જાય. અરે ! વ્યક્તિની ક્યાં વાત ? લાવારસ જ્યારે ઊછળી આવે ત્યારે ઉપર આચ્છાદિત હરિયાળી પણ તત્ક્ષણ ખાખ-રાખ થઈ જાય, તો જ્વાળામુખી જ્યારે ભભૂકી ઊઠે ત્યારે ઊડતા પંખી પણ ભસ્મસાત્ થઈ જાય. આ લાવારસ કે જ્વાળામુખી માનવસર્જિત નથી હોતા. કેટલીક ભૂમિના પેટાળમાં એ કુદરતી રીતે જ પેદા થતા હોય છે. ગુણવત્તાની દૃષ્ટિએ આવી ધરતીને આપણે કહીશું કનિષ્ઠ.

જેવી કનિષ્ઠ આ પ્રથમ પ્રકારની ધરતી છે, એવા જ કનિષ્ઠ પ્રથમ પ્રકારના માનવો છે. એમની ભીતરમાં ક્રોધનો-કષાયનો લાવરસ ખળભળતો હોય છે, બેફામ ઈર્ષ્યાદિનો જ્વાળામુખી ધરબાયેલો હોય છે. વિલક્ષણતા ખરી ત્યાં છે કે એમની બાહ્ય વર્તણૂંકમાં કેટલીક વાર શાંતિની - સરલતાની હરિયાળી એવી છવાયેલી લાગે કે અચ્છા અચ્છા અનુભવીઓ ય ભુલભુલામણીમાં આવી જાય. તેઓ પેલી ક્રોધગ્રસ્ત-કષાયગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં - પરિચયમાં આવે અને જરાક નિમિત્ત મળતાં એનો કષાયનો-આવેશનો લાવારસ ઊછળી ઊઠે ત્યારે સ્વ અને પર બન્નેને ભયંકર નુકસાન થતું હોય છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ સાવ સામાન્ય બાબતમાંથી સર્જાયેલ કરુણ ઘટના :

ચપ્પુ-છરી જેવા રોજિંદા વપરાશનાં સાધનોની ધાર કાઢી આપવાનો વ્યવસાય કરતો નિમ્ન મધ્યવર્ગીય માનવી એનાં સાધનો સાથે નાના ગામ વચ્ચેથી પસાર થઈ રહ્યો હતો. વ્યવસાયના પ્રચાર માટે - કામ મળી રહે તે માટે એ જોરશોરથી બોલતો જતો હતો કે ''જૂના થઈ ગયેલા - કટાઈ ગયેલા ચપ્પુની-છરીની ધાર કઢાવવી હોય તો આવી જજો... આવી જજો... આવી જજો. વ્યાજબી દામ અને ટનાટન કામ. એક વાર જોઈ જુઓ

અને કાયમ માટે અમને યાદ કરો.'' એ આ રીતે બોલતાં બોલતાં જઈ રહ્યો હતો એ જ માર્ગે થોડે દૂર ચૌદ-પંદર વર્ષના તરુણો કોઈ રમત રમી રહ્યા હતા. એમાંનો એક તરુણ મશ્કરો અને ગુસ્સેબાજ હતો. એણે મશ્કરીના ઈરાદે જોરથી કહ્યું :

''એય! ચપ્પુ-છરીની ધાર તો બીજા ય કાઢી આપે છે. પણ તું અક્કલની ધાર કાઢી આપે ખરો? અક્કલની ધાર કાઢી આપે તો તું ખરો કહેવાય.'' આમાં સ્પષ્ટતઃ ધારવાળાની મશ્કરી હતી.

પેલા ધારવાળાએ 'જેવા સાથે તેવા' ની નીતિ અપનાવીને જડબાતોડ ઉત્તર આપ્યો કે ''હા, હા. હું અક્કલની ધાર જરૂર કાઢી આપું. પરંતુ શરત એટલી કે તારામાં અક્કલ હોવી જોઈએ.'' બધા જ તરુણો આ ખીલ્લી ઉડાડતા ઉત્તરથી ખડખડાટ હસી પડ્યા.

પોતાનું અપમાન થતું જોઈને ક્રોધે ભરાયેલ પેલો તરુણ મોટો વજનદાર પથ્થર ઉપાડીને ધારવાળાને મારવા દોડ્યો. ભયભીત થઈ ગયેલ ધારવાળાએ ગભરાટમાં સ્વબચાવ માટે પોતાની પાસેનાં તીક્ષ્ણ હથિયારનો તરુણ પર જોરથી ઘા કર્યો. તરુણના મસ્તક પર મર્મસ્થાને એ હથિયાર જોરથી લાગ્યું. એના ત્યાં ને ત્યાં રામ રમી ગયા, તો ધારવાળાને હત્યાના કેસમાં આજીવન કારાવાસની સખત સજા થઈ !!

ભીતરમાં ઊછળતા ક્રોધના લાવારસની આ કરુણાંતિકા હતી. આ તો વર્તમાન જન્મનો પ્રત્યક્ષ દેખાતો કરુણ અંત હતો. અંતિમ ક્ષણોનું આર્તધ્યાન - તીવ્ર ક્રોધ વગેરેનાં કારણે થનાર આગામી દુર્ગતિ વગેરે નુકસાનો તો અલગ. એટલે જ આ કનિષ્ઠ કક્ષામાંથી પ્રયાસપૂર્વક ઊગરવા કાજે ચિંતકો વાસ્તવિક સંદેશ આપે છે કે ''કષાયમાં જે ફસાય... એના ગુણો ઘસાય... અને અંતે એ દુર્ગતિમાં ઘસડાય.'' ક્રોધાદિનાં કારણે સર્જાતી કષાયદુષ્ટતા હોય, કે કામાદિનાં કારણે સર્જાતી વિષયદુષ્ટતા હોય : આપણે તમામ પાશવી વૃત્તિને આ કનિષ્ઠ કક્ષામાં સ્થાન આપીશું....

બીજા પ્રકારની ધરતી એ છે કે જેની ભીતરમાં જલપ્રવાહ વહેતો હોય. નદીના કિનારાનો કેટલોક વિસ્તાર-તટપ્રદેશ એવો હોય છે કે એ પૃથ્વીમાં માત્ર અર્ધો ફુટ-ફુટ જેટલું જતાંવેંત નિર્મલ જલનો પ્રવાહ મળે. ગ્રીષ્મની ભીષ્મ ગરમીમાં એ જલ શાતા આપે - શીતલતા આપે - સ્વચ્છતા આપે અને તૃષા પણ છિપાવે. ગામ-નગરોમાં પણ કેટલીક ધરતી આવી હોય છે કે જેમાં થોડું ઊંડાણ કરતાં જ નિર્મલ-મધુર જલ ઉપલબ્ધ થાય. મકાનનો-મંદિરનો પાયો ચણનાર કારીગરો પાણી જોઇને ખુશી થઈ જાય અને વધુ ઊંડે જવાનું થંભાવી દે. ગુણવત્તાની દૃષ્ટિએ આવી ભૂમિને આપણે કહીશું મધ્યમ.

જેવી મધ્યમ કક્ષા આ બીજા પ્રકારની ધરતીની છે, એવી જ મધ્યમ કક્ષા બીજા પ્રકારના માનવોની છે. એમની ભીતરમાં વહેતું હોય છે દયાનું-કરુણાનું-માનવતાનું ઝરણ. એ ઝરણનાં કારણે અશાંતિ-અશાતા-સંતપ્તતા અનુભવતી અનેક વ્યક્તિઓને શાંતિ - શાતા-સંતૃપ્તિનો સુખદ અનુભવ થાય : જેમ જલઝરણનાં કારણે તૃષાતુર વ્યક્તિને શાતા-શાંતિનો અનુભવ થાય એમ. કેવો એ શાતાનો-સંતૃપ્તિનો અનુભવ હોય એ જાણવું છે ? તો વાંચો આ સામાન્ય છતાં પ્રેરક ઘટના :

પરદેશનું એક શહેર. શિયાળાની અત્યંત કાતિલ ઠંડીની એક રાત્રિએ એક શ્રીમંત પરિવારની માતાએ એની વહાલસોયી દશવર્ષીય દીકરીને બધી જ સુવિધા સાથે પોઢાડી હતી. એના ખંડમાં હીટર હતું, ઓઢવા માટે મખમલી રજાઈ હતી, હાથ-પગમાં મોજાં હતા અને ખંડની પ્રત્યેક બારી બંધ હતી. માતા બધી વ્યવસ્થા કરીને પોતાના ખંડમાં નિદ્રાધીન થઈ. થોડી વારે બાલિકાના ખંડની એક બારી ખૂલી ગઈ. આટલા ખાતર માતાને તકલીફ ન આપવા બાલિકા ખુદ બારી બંધ કરવા ગઈ.

ત્યાં એના કાન પર કોઈ બાલિકાનો અત્યંત આર્દ્ર સ્વર સંભળાયો. એણે બારીમાંથી બહાર જોયું તો રાજમાર્ગની એક તરફ ફુટપાથ પર એના જેટલી જ નાની એકલી-અટુલી બાલિકા દેખાઇ. ઠંડીથી બચવા એની પાસે કાંઈ જ સાધન ન હતું.  એ થરથરતી બાલિકા ચીસો પાડતી હતી

કે ‘‘મને કોઈ ઓઢવાનું આપો. નહિ તો હુ પણ મારી ‘મા’ની જેમ આ ઠંડીમાં મરી જઈશ.’’ શ્રીમંત બાલિકાએ દયાર્દ્ર બનીને પેલી બાલિકાને ઘરના મુખ્ય દરવાજે આવવા કહ્યું.

ઘરમાં તો સહુ નિદ્રાધીન હતા. એથી બાલિકાએ કોઈને ય ‘Distrub’ કર્યા વિના ઘરમાંથી જૂની રજાઈ-સ્વેટર વગેરે કાઢીને પેલી ગરીબ બાલિકાને આપી દીધા. એની રાત્રિ ફુટપાથ પર શાંતિથી પસાર થઈ. સવારે નાસ્તાના સમયે શ્રીમંત બાલિકાએ માતાને રાત્રિની ઘટના કહી. માતાએ રાજી રાજી થઈને દીકરીની પીઠ થાબડી. બરાબર એ જ સમયે પેલી ગરીબ બાલિકા રજાઈ-સ્વેટર વગેરે ગડી વાળીને પરત આપવા આવી. એ બોલી : ‘‘તમે મને આ ઓઢવા આપ્યું હતું. ભેટ આપ્યાનું ન હતું કહ્યું. માટે મારી ફરજ છે કે મારે એ પરત કરવું જોઈએ.’’

માતા બે ય બાલિકાની વાતને કાંઈ જ બોલ્યા વિના ધ્યાનથી સાંભળતી હતી. એના આશ્ચર્ય વચ્ચે દીકરીએ રજાઈ વગેરે પરત સ્વીકારી લીધા!! પેલી ગરીબ બાલિકાની આંખનાં ખૂણે બે અશ્રુબિંદુ ઝગઝગી ઊઠ્યા. કેમ કે એને મનોમન આશા હતી કે જૂની રજાઈ આદિ એને ભેટ મળશે. શ્રીમંતો એ આપી દે તો ય એમને કાંઈ ફર્ક પડવાનો ન હતો. એકાએક પેલી શ્રીમંત બાલિકા ઘરની અંદર ગઈ અને થોડી ક્ષણોમાં નવી સરસ રજાઈ-સ્વેટર-મોજાં લઈને આવી. ગરીબ બાલિકા સામે આ બધું ભેટ ધરતા એ બોલી : ‘‘જૂની રજાઈ વગેરેથી તું આખો શિયાળો ઝીંક નહિ ઝીલી શકે. એટલે એ લઈને મારે તને આ આપવું છે !!’’

પેલી ગરીબ બાલિકાની આંખમાંથી અશ્રુ વહ્યા. કહેવાની જરૂર નથી કે એ આંસુ દુઃખનાં નહિ, હર્ષના હતા. જતાં જતાં એ એટલું જ બોલી : ‘‘ભગવાન તમને સો વર્ષના કરે...’’ દયાની-કરુણાની-દીન દુઃખીને સહાયક થવાની આ ભાવના માનવીય વૃત્તિ છે અને એને આપણે મધ્યમ કક્ષામાં સ્થાન આપીશું....

ત્રીજા પ્રકારની ધરતી એ છે કે જેની ભીતરમાં સુવર્ણ અને રત્નો

ધરબાયેલા હોય. ગ્રન્થોમાં બે દ્વીપના એવા ઉલ્લેખો મળે છે કે જેની ધરતીમાં ક્રમશઃ સુવર્ણ અને રત્નો ભર્યા હોય. એનાં નામ છે સુવર્ણદ્વીપ અને રત્નદ્વીપ. જૈન શાસ્ત્રોમાં શાશ્વત મેરુપર્વતનું વર્ણન એવું મળે છે કે જેનો લગભગ તમામ ભાગ રત્નમય અને જાંબુનદ નામે શ્વેત સુવર્ણમય છે. આ ઉપરાંત સુવર્ણ અને હીરાની ખાણો પણ વિશ્વમાં છે કે જેમાંથી સુવર્ણ અને હીરાની ઉપલબ્ધિ થાય. ગુણવત્તાની દૃષ્ટિએ આ પૃથ્વીને આપણે ગણીશું શ્રેષ્ઠ. કેમ કે સુવર્ણ અને રત્નો દ્વારા વ્યક્તિ બાહ્ય વિશ્વમાં શ્રેષ્ઠ સ્થાન-સુવિધા સર કરી શકે છે.

જેવી શ્રેષ્ઠ કક્ષા આ ત્રીજા પ્રકારની ધરતીની છે, એવી જ શ્રેષ્ઠ કક્ષા ત્રીજા પ્રકારના માનવોની છે. આ કક્ષાના માનવોની ભીતરમાં વૈરાગ્ય - પ્રશમ - સહનશીલતા - ચારિત્રનિષ્ઠા - મૈત્રી - પ્રમોદ - કરુણા - માધ્યસ્થ્ય - ઔદાર્ય - ગાંભીર્ય - ત્યાગ વગેરે એકેકથી ચડિયાતા સદ્‌ગુણો વિલસતા હોય છે. આ સદ્‌ગુણો પેલા રત્નો - સુવર્ણથી ય નિઃશંક ચડિયાતા છે. કેમ કે રત્નો આદિ ભૌતિક દૃષ્ટિએ અગત્યના છે, જ્યારે આ વિરલ ગુણો આત્મિક દૃષ્ટિએ મહત્ત્વના છે. આ સદ્‌ગુણો દ્વારા વ્યક્તિ અધ્યાત્મવિશ્વમાં-સાધનાજગતમાં શ્રેષ્ઠ સ્થાન સર કરી શકે છે. એની આછેરી ઝલકો પણ આપણે નિહાળીએ :

* શીયલવ્રતનિષ્ઠ સુદર્શનશ્રેષ્ઠી!! મન - વચન - કાયાથી પરસ્ત્રીના ત્યાગી આ જૈન શ્રેષ્ઠીને વિચલિત કરવા ખુદ રાજરાણી અભયાએ નિર્લજ્જ પ્રયત્ન કર્યા હતા. છતાં શ્રેષ્ઠી વ્રતનિષ્ઠ-વૈરાગ્યનિષ્ઠ રહ્યા. છંછેડાયેલી રાણીએ કલંક આપ્યું તો એમાંથી ય એ શીયલવ્રતપ્રભાવે સાંગોપાંગ નિર્દોષ બહાર આવ્યા અને તે ભવના અંતે સર્વકર્મક્ષય સાથે મોક્ષપદે પ્રતિષ્ઠિત થયા...

* પરમ પ્રશમમૂર્તિ મેતાર્યમુનિ !! પ્રાણાંત પરિષહ પ્રશમભાવે સહન કર્યો, તો તેઓ અંતકૃત્ (તત્કાલ) કેવલી થઇ સંસારમુક્તિ-મોક્ષ પામ્યા... વૈરાગ્ય-પ્રશમ-મૈત્રી આદિ મહાન ગુણો દિવ્ય વૃત્તિ છે. એથી આપણે એને ત્રીજી શ્રેષ્ઠ કક્ષામાં સ્થાન આપીશું.

છેલ્લે એક મહત્ત્વની વાત : 'ઉપદેશસપ્તતિકા' ગ્રન્થની છટ્ઠી ગાથા કહે છે કેઃ-

**विरत्तचित्तस्स अईव सुक्खं, रायाणुरत्तस्स अईव दुक्खं।**
**एअं मुणित्ता परमं हि तत्तं, न रागमग्गम्मि धरेह चित्तं।।**

અર્થાત્ વિરાગીને હંમેશા સુખ હોય છે અને અનુરાગીને હંમેશા દુઃખ હોય છે. આ પરમ તત્ત્વ જાણીને વિવેકી વ્યક્તિએ રાગ-દશામાં ચિત્તને જવા દેવું ન જોઈએ. આપણે સાંભળીશું કાન ધરીને આ ઉપદેશનો સંદેશ??

## ૧૪ શ્રેષ્ઠ જીવન પરમગતિનાં દ્વાર ખોલી શકે છે....
## કનિષ્ઠ જીવન દુર્ગતિનાં દ્વાર ખોલી શકે છે....

દુર્લભ માનવજીવન પ્રાપ્ત થયા પછી એને કઈ રીતે સજાવવું એનો ગર્ભિત નિર્દેશ કરતાં એક હીંદી શાયરી મજાની પ્રસ્તુતિ કરે છે કે :-

**जिंदगी न केवल जीने का बहाना, जिंदगी न केवल सासों का खजाना;**
**जिंदगी है सिंदूर पूरब दिशा का, जिसका काम है सूरज उगाना....**

કેટલીક વ્યક્તિ જીવન એવું ઝમકદાર જીવે છે કે જેથી એ જીવન ઉપવન જેવું સોહામણું અને ખુશબૂદાર લાગે. કેટલીક વ્યકિત જીવન એવું જીવે કે એ અડાબીડ વન જેવું જટિલ લાગે. અને કેટલીક વ્યક્તિ જીવન એવું વિલક્ષણ જીવે કે જેથી એ ઉપવન નહિ, વન પણ નહિ, બલ્કે વેરાન રણ જેવું શુષ્ક અને ત્રસ્ત લાગે.

વ્યક્તિએ વ્યક્તિએ જીવન અલગ અલગ આયામો ધરાવતું હોવાથી જ પૂર્વોકત શાયરી સરસ નિર્દેશ કરે છે કે જીવન તો પૂર્વ દિશાની પ્રભાતની લાલિમા છે કે જેનું કાર્ય ઝળહળતો સૂર્ય ઉગાડવાનું છે. એવો ઝળહળતો સૂર્ય કે જેનાં કારણે અનેકોનાં જીવનમાં સમ્યક્ સમજનો ઉજાસ ફેલાય, પાવન પ્રેરણાઓનો પ્રકાશ રેલાય અને ત્યાગ-તિતિક્ષાનાં તેજ રેલાય. આનાં અનુસંધાનમાં આજે આપણે અહીં વિચારીશું ચાર પ્રકારનું જીવન. એમાંથી એ માર્ગદર્શન ઝીલવાનું કે આપણું જીવન કેવું હોવું જોઈએ. આવો, વિચારીએ એ ચાર પ્રકાર.

પ્રથમ પ્રકાર છે આરંભથી અંત સુધીનું શ્રેષ્ઠ જીવન. નિહાળ્યું છે કદી કો ' સિદ્ધહસ્ત ચિત્રકારનું ચિત્ર ? એનો અનુભવી હાથ એવા કસબથી - કાબેલિયતથી ચિત્ર સર્જે કે એમાં આરંભથી અંત સુધી બધું સપ્રમાણ - સરસ જ હોય. દર્શકને ન એમાં કોઈ ખામી લાગે, કે ન કોઈ એમાં અધૂરપ લાગે.... સાંભળ્યું છે કોઈ નીવડેલ વક્તાનું પ્રવચન ? પ્રારંભથી અંત સુધી

એની જમાવટ એવી જોરદાર હોય કે શ્રોતા એકચિત્તે એને સાંભળ્યા જ કરે. ન એને એમાં કાંઈ નીરસતા લાગે, કે ન એને એમાં કોઈ બેધ્યાન વૃત્તિ આવે. આરંભથી અંત સુધીની સરસતાનું આ પરિણામ છે.

બસ, આ જ રીતે કેટલીક વિરલ-મહાન વ્યક્તિઓનું જીવન પણ આવું આરંભથી અંત સુધી શ્રેષ્ઠ-સરસ હોય છે. અણસમજ-આકર્ષણાદિ કારણે આરંભે ગલત જીવન અને બાદમાં ઠોકર ખાધા પછી ઉત્તમ જીવન : આવું એમાં નથી હોતું. બલ્કે પૂર્વજન્મની કોઈ વિશિષ્ટ સાધનાના પ્રભાવે આરંભથી જ એમનું જીવન સદ્ગુણખચિત-સરસ હોય અને ક્રમશઃ ઉત્તરોત્તર એ વધુ સરસ-શ્રેષ્ઠ બન્યું રહે. આ પ્રકારને આપણે કહીશું ઉત્તમ જીવન.

આ કક્ષામાં આવે તારક શ્રી તીર્થંકર ભગવંતોનું જીવન. મુનિ-મહર્ષિઓનાં જીવનમાં હજુ એવું બની શકે કે એમનું આરંભિક જીવન દોષપ્રચુર-ગલત હોય અને પછીનું જીવન ગુણમંડિત - શ્રેષ્ઠ હોય. પરંતુ શ્રી તીર્થંકર ભગવંતોનાં જીવનમાં આવી કોઈ સંભાવના લેશમાત્ર પણ હોતી નથી. પૂર્વ જન્મની સાધનાના પ્રતાપે તેઓ જન્મથી જ નહિ, ગર્ભથી ત્રણ વિશિષ્ટ જ્ઞાનયુક્ત અને વંદનીય વૈરાગ્ય-મંડિત હોય છે. આથી આરંભથી જ તેઓનું જીવન પ્રેરણાપ્રદ-અનાસક્ત અને એક પણ ગલત પ્રવૃત્તિથી રહિત હોય છે.

તેઓ બાલ્યાવસ્થામાં હોય તો ય કૌતુકરહિત-કુતૂહલરહિત હોય. માત્ર વ્યવહારથી બાળમિત્રો સાથે અનાસક્તપણે વયયોગ્ય પ્રવૃત્તિ કરે. એ યૌવનની વસંતમાં પ્રવેશે તો ય એમનાં અંતરનાં આંબાવાડિયામાં કામવાસનાની કોયલના ટહુકા ન હોય. જો એમના ભોગાવલિકર્મ નિકાચિત ન હોય તો એ લગ્ન વિના જ દીક્ષા અંગીકાર કરે. એન જો એમના તે કર્મ નિકાચિત હોય તો તેઓ લગ્નજીવનમાં પણ અનાસક્તભાવે પ્રવૃત્ત થઈને કર્મ બાંધવાના બદલે કર્મ ખપાવે. એમની આ આશ્ચર્યચકિત કરી દે તેવી અનાસક્તિના સંદર્ભમાં 'અરિહંતવંદનાવલિ'માં યથાર્થ સ્તુતિ આ કરાઈ છે કે :-

**મૈથુનપરિષહથી રહિત જે નંદતા નિજ ભાવમાં,**
**ને ભોગકર્મ નિવારવા વિવાહકંકણ ધારતા;**
**ને બ્રહ્મચર્યતણો જગાવ્યો નાદ જેને વિશ્વમાં,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું....**

અરે! રાજ્યસંચાલનમાં ય તેઓ ફક્ત જવાબદારી વહન કરીને ભીતરમાં શુદ્ધ અધ્યવસાયોથી અલંકૃત રહે છે. સંયમ સ્વીકાર બાદ તો એ ઉત્તરોત્તર શ્રેય સાધીને વિરાગીમાંથી વીતરાગી બને છે અને વિશ્વને વૈરાગ્યનો પરમ આદર્શ આપે છે. આમ, એ તારક તીર્થંકરભગવંતોનું જીવન એક પણ અપવાદ વિના આરંભથી અંત સુધી સરસ - શ્રેષ્ઠ બની રહે છે...

બીજો પ્રકાર છે આરંભે ગલત અને અંતે શ્રેષ્ઠ જીવન. ક્રિકેટ વિશ્વમાં કેટલાક રમતવીરોનાં નામ આજે ય એવાં મળે છે કે જેમણે ટેસ્ટકારકીર્દિના પ્રથમ દાવમાં શૂન્ય રને આઉટ થઈ જવાનું બહુમાન (!) મેળવ્યું હોય, પછીના કેટલાક દાવમાં ય એ સસ્તામાં ઊડી ગયા હોય ; આમ છતાં પાછળથી એ એવી જમાવટ કરી દે કે એ રમતવીર તરીકે મોટું નામ-માન પામે... આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકની કારકીર્દિમાં એવું બન્યું છે કે સ્કૂલમાં સાવ ઠોઠ નિશાળીયારૂપે પંકાયા (!) હતા અને પછી અંતે તે વિશ્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિકરૂપે નામના વર્યા.

આ જ રીતે, કેટલીક વ્યક્તિઓનાં જીવન એવા હોય છે કે જે પ્રારંભના તબક્કે ગલત સંસ્કારો - ગલત બાબતોથી ઘેરાયેલા હોય અને પછીથી સદ્‌નિમિત્તો - સદ્‌આલંબનો મળતાં એમનાં જીવન ઉત્તુંગ - ઉન્નત બન્યા હોય. ‘જેનો અંત સારો એનું બધું જ સારું’ આ ગુજરાતી ઉક્તિ મુજબ, આવી વ્યક્તિનાં જીવન પણ એકંદર પ્રશસ્ય ગણાય. આમ છતાં પ્રથમ પ્રકારનાં શ્રેષ્ઠ જીવનની અપેક્ષાએ આવું જીવન કેટલેક અંશે ન્યૂન હોવાથી આપણે એને કહીશું મધ્યમ જીવન. જો કે, તો ય એક વાત ચોક્કસ છે કે આ વ્યક્તિઓ પણ પૂર્વ જીવનના પશ્ચાત્તાપ અને વર્તમાન જીવનની સક્ષમ સાધનાનાં કારણે જીવનનો જંગ જીતી જતી હોય છે. આપણે એનાં

એક-બે ઉદાહરણો નિહાળીએ :

* રૌહિણેય ચોર !! પ્રભુ મહાવીરદેવના સમકાલીન આ આતતાયી ડાકુએ રાજગૃહી નગરીના આસપાસના વિસ્તારમાં કાળો કેર પ્રવર્તાવ્યો હતો. લોકો પ્રભુ મહાવીરદેવની આત્મકલ્યાણકારિણી વાણીનાં શ્રવણનો નિયમ લેતા હતા, ત્યારે આ ખુંખાર ડાકુએ અવળી પ્રતિજ્ઞા કરી હતી કે મહાવીરપ્રભુની વાણીનો એક પણ અક્ષર કદી સાંભળવો નહિ !! વર્ષો બાદ ભવિતવ્યતાના યોગે એનાથી પ્રભુવાણીના બે-ત્રણ વાક્યો સંભળાઈ ગયા. પરાણે સંભળાયેલ એ વચનોનાં કારણે રૌહિણેય પ્રાણાંત સજામાંથી આબાદ બચી ગયો. આ ઘટનાથી એનું હૃદયપરિવર્તન થયું અને એ ખૂની મટીને મુનિ થયા; શયતાન મટીને સાધુ થયા. સાધનાના પ્રભાવે જીવનજંગ જીતીને એ નવા જન્મમાં દેવ બન્યા...

* ડાકુ દૃઢપ્રહારી!! અનેક હત્યાઓ-લૂંટ-ધાડ જેવી ખતરનાક કારકીર્દિ ધરાવનાર એ ડાકુએ એક વાર ખીર વાપરવા જેવી સામાન્ય બાબત માટે ગાય-બ્રાહ્મણ-સ્ત્રી અને ગર્ભ હત્યાનું ઘોર પાપ આચર્યું હતું. આ ચાર હત્યાનું પાપ એને એટલું તીવ્રતાથી ડંખ્યું - એને એવો ઘોર પશ્ચાત્તાપ જાગ્યો કે એણે જીવનવહેણ બદલી નાંખ્યું. એ શ્રમણ બન્યો અને 'કમ્મે શૂરા સો ધમ્મે શૂરા' ઉક્તિ મુજબ એમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી આ પાપની સ્મૃતિ પણ થશે ત્યાં સુધી અન્ન-જળ ત્યાગ સાથે અખંડ ઉપવાસ કરીશ. જે ગામમાં હત્યાઓ કરી હતી તે ગામના દ્વારે એમણે અખંડ ઉપવાસપૂર્વક અનેક અપમાનો - માર સહવા સાથે સાધના કરી. છ માસના અંતે એ કેવલજ્ઞાની બન્યા અને તે ભવના અંતે મુક્તિ વર્યા !!

જાણે કે 'સંતને ગલત ભૂતકાળ હોઈ શકે છે અને શયતાનને ય ઉજ્જવલ ભવિષ્ય હોઈ શકે છે' આ સિદ્ધાંત અહીં ચરિતાર્થ થયો....

ત્રીજો પ્રકાર છે આરંભે સરસ અને અંતે ગલત જીવન. ક્રિકેટની દુનિયામાં કેટલાક બેટ્સમેનોનાં નામ એવા ય મળે છે કે જેમણે ટેસ્ટકારકીર્દિના પ્રથમ દાવમાં જ સેન્ચૂરી ફટકારીને ધમાકેદાર શરુઆત કરી

હોય અને સહુની ચાહના મેળવી હોય. પરંતુ પછીથી એમણે એવો ખરાબ-નિરાશાનજક દેખાવ કર્યો હોય કે એ ટીમમાંથી પડતા મુકાયા હોય અને એવા ગુમનામ થઈ ગયા હોય કે એમને કોઈ યાદ પણ કરતું ન હોય... અભિનયક્ષેત્રે ય ઘણી વાર આવું બનતું હોય છે કે કલાકારે પ્રારંભ બહુ આશાસ્પદ કર્યો હોય, પરંતુ સતત નિષ્ફળ જઈને એ ગુમનામીની ગર્તામાં ધકેલાઈ ગયા હોય.

આ જ રીતે, કેટલીક વ્યક્તિઓએ પ્રારંભિક તબક્કે જીવન એવું સજાવ્યું હોય કે એમાં સંસ્કારિતા - સંયમ - સદાચાર - ત્યાગ વગેરે વિલસતા હોય. પરંતુ પછી કુનિમિત્તો - કુસંગ - આસક્તિ આદિનાં કારણે એ જ વ્યક્તિનું જીવન મલિનતાથી ખદબદી ઊઠે. આવાં જીવનને આપણે કહીશું અધમ જીવન. કારણ કે પરીક્ષાનું પરિણામ જેમ અંતે આવે છે, તેમ જીવનનું પરિણામ પણ સામાન્યતઃ અંતભાગે આવે છે. જેઓ એ તબક્કો દૂષિત કરે છે એ કેવા પટકાય એ જાણવું છે? તો વાંચો જૈન શાસ્ત્રમાંની પુંડરીક - કંડરીક કથાનું આ સંક્ષિપ્ત નિદર્શનઃ

એ બન્ને રાજકુમારો સગા બંધુઓ અને ખૂબ સંસ્કારી હતા. ગુરુવાણીથી ભરયૌવનમાં એમનાં મનમાં એ પદાર્થ સ્થિર થઇ ગયો હતો કે રાજયસુખ-ભોગસુખ અધોગતિનું કારણ છે. એથી બન્ને ય યૌવનવયે સંયમી બનવા સજ્જ થઇ ગયા. બેમાંથી એકે ય ને રાજયમાં રસ ન હતો. પરંતુ એ જવાબદારી અદા કરવી પણ આવશ્યક હતી. આખરે નાના ભાઈના આગ્રહ સામે મોટા ભાઈએ નમતું જોખ્યું. પુંડરીકે અનાસક્ત ભાવે રાજયપદ સંભાળ્યું અને કંડરીકે સંસારત્યાગ સાથે સંયમ સ્વીકાર્યો.

તે કાળના દીર્ઘ આયુષ્ય મુજબ, કંડરીક મુનિએ એક હજાર વર્ષ સંયમપાલન કર્યું અને એટલો જ સમય પુંડરીક રાજાએ અનાસક્તભાવે રાજયપાલન કર્યું. એ પછી વિહાર દરમ્યાન કંડરીક મુનિ જન્મભૂમિમાં પધાર્યા. એમની અત્યંત કૃશ અને રોગગ્રસ્ત કાયા જોઈને રાજાએ આગ્રહપૂર્વક નગરમાં સ્થિરતા કરાવી અને ઉપચાર ઉપરાંત પૌષ્ટિક આહારની રોજિંદી ભક્તિ કરી. એનાથી અલ્પ સમયમાં દેહ તો નિરોગી થઇ

ગયો. કિંતુ આ નિમિત્તે મુનિનું મન પલટાઇ ગયું. સ્વાદિષ્ટ ભોજન અને રાજવી સુવિધામાં એ અટવાઇ ગયા અને એક ગોઝારી ક્ષણે દીક્ષા ત્યજવા તૈયાર થઇ ગયા.

સમજાવટ પછી પણ તેઓ ન માન્યા ત્યારે, અનાસક્ત રાજા પુંડરીકે એમનો સંયમવેષ સ્વયં સ્વીકાર્યો અને કંડરીકે રાજપદ સ્વીકાર્યું. પુંડરીકમુનિ ઉલ્લસિત ભાવે સાધનામગ્ન બન્યા અને કંડરીક અતૃપ્તની જેમ ભોગસક્ત બની ગયા. માત્ર સાત જ દિવસનું આયુષ્ય બન્નેએ આ નવા જીવનમાં વ્યતીત કર્યું. પણ પરિણામ? પરિણામ એ આવ્યું કે કંડરીક નર્કે ગયા અને પુંડરીકમુનિ સ્વર્ગે ગયા...

ચોથો અને અંતિમ પ્રકાર છે આરંભથી અંત સુધી ગલત જીવન. શૈશવથી જ ચોરીના રવાડે ચડી ગયેલ બાળક જોયો છે? એ મોટો થશે તો મોટા ફલક પર ચોરી વિકસાવશે. બાળપણથી દારુ-જુગાર જેવા વ્યસનમાં ખૂંપી ગયેલ બાળક આગળ જતાં કુખ્યાત જુગારી અને એક નંબરનો નશાબાજ બને તેવી જ શક્યતા વધુ રહેવાની. કેમ કે એને કોઇ સંસ્કાર - સમજણ આપનાર ન હોય અને કદાચ હોય તો એની ઝીલવાની તત્પરતા ન હોય. આ પ્રકારનું જીવન સર્વાંશે ગલત હોવાથી આપણે એને કહીશું અધામધમ જીવન.

ભગવાન મહાવીરપ્રભુના સમયના કાલસૌકરિક નામે કસાઇનો ઉલ્લેખ જૈન ગ્રન્થોમાં મળે છે. એ આજીવન રોજના પાંચસો પાડાની હત્યા - કતલ કરતો હતો. એક દિવસ માટે પાપથી દૂર રહેવા સમ્રાટ શ્રેણિકે સમજાવ્યો, તો ય એ ધરાર ન માન્યો. અરે! એને પ્રયોગાત્મક રીતે અટકાવવા કૂવામાં ઊંધા મસ્તકે લટકાવાયો તો ત્યાં ય એણે પાણીમાં પાડાના આકાર કલ્પીને ક્રમશઃ પાંચસો પાડાની માનસિક હત્યા કરી !! આવા જીવોને અવશ્ય અધમાધમ પ્રકારના જીવનનું પ્રતિનિધિત્વ કરનાર ગણાય...

છેલ્લે એક અનુરૂપ શાયરી દ્વારા આપણે સમાપન કરીશું કે :-

अपने जीवन को चाहे वो बना सकते हो,
नर्क भी स्वर्ग भी तुम्ही यहाँ बना सकते हो ।
नहि बाहर तुम्हारा है कोई दोस्त या दुश्मन,
तुम्ही अपने दोस्त हो और तुम्ही अपने दुश्मन हो ।।

## ૧૫ જે સહુને માત્ર આંજી દે છે એ સાચા સંત નથી... જે જાતને માંજી દે છે એ જ સાચા સંત છે....

માનવમાંથી મહાવીરપ્રભુ બનવા કાજે, જીવમાંથી શિવ બનવા કાજે અને આત્મામાંથી પરમાત્મા બનવા કાજે મજાનો દિશાનિર્દેશ કરતાં એક કાવ્યકંડિકા કહે છે કે :-

**સાધનાની સફર જે ખેડે છે એ સંત થાય છે,**
**મુક્તિના માર્ગે જે ડગ ભરે છે એ મહંત થાય છે;**
**દુનિયાને જીતનારા ય અંતે તો હારી જાય છે,**
**અંતરના અરિને જે જીતે છે એ જ અંતે અરિહંત થાય છે....**

આ દિશાનિર્દેશ સાધન પર નહિ, સાધના પર ભાર આપે છે. બાહ્ય બંધનોથી નહિ, કર્મનાં બંધનોથી મુક્તિને મહત્તા આપે છે અને બાહ્ય શત્રુઓના વિજયનો નહિ, બલ્કે કામ-ક્રોધાદિ શત્રુઓના વિજયનો મહિમા કરે છે. સાચી સાધના આ છે, તો માનવજીવનની સાચી સફળતા ય આ જ છે. આવો, આપણે સાધનાની અને માનવજીવનની સાચી સફળતા કાજે આજે વિચારવિહાર કરીએ.

એક ચિંતન એમ કહે છે કે ઉંદરો ચાર પ્રકારના છે. એની સરખામણી કરતાં અમે એમ કહીએ છીએ કે ઉંદરની જેમ માનવો ય ચાર પ્રકારના છે. સાધનાની અપેક્ષાએ એ ચારે ય પ્રકારના માનવોને આપણે ક્રમશઃ શ્રેષ્ઠ-પ્રશસ્ય-અપ્રશસ્ય અને કનિષ્ઠ કહી શકીએ. સરખામણી એ કાંઈક આવી છે :

પહેલા પ્રકારના ઉંદર એવા છે કે જે રહેવાનું દર પોતે બનાવે ય ખરા અને પછી પોતે તેમાં રહે ય ખરા. એ અનુભવી અને ચતુર હોવાથી સુરક્ષા માટે કેવા પ્રકારનું દર જોઈએ એનો ખ્યાલ ધરાવતા હોય છે. ઉપરાંત પુરુષાર્થી પણ એવા હોય છે કે તેવું યોગ્ય-સક્ષમ દર બનાવી શકે. એ જ

દરમાં પછી સ્વયં રહે અને સુરક્ષાનો - સલામતીનો બરાબર અનુભવ કરે.

આ પ્રથમ પ્રકારના ઉંદર જેવા છે પ્રથમ પ્રકારના માનવો. તેઓ પ્રજ્ઞાશીલ, શ્રદ્ધાશીલ અને સમ્યક્ પુરુષાર્થશીલ હોય છે. પ્રજ્ઞાનાં કારણે તેઓ સમ્યક્ પ્રરૂપણા કરતાં શાસ્ત્રોને - ધર્મગ્રન્થોને બરાબર સમજી શકે છે, શ્રદ્ધાનાં કારણે એ ધર્મગ્રન્થો પ્રત્યે હાર્દિક બહુમાન ધરાવતા હોય છે અને પ્રજ્ઞા સાથે પુરુષાર્થનો સુમેળ ધરાવતા હોવાથી શાસ્ત્રોના આધારે નવા ધર્મગ્રન્થો - ઉપદેશગ્રન્થો સર્જી પણ શકે છે. પણ... સબૂર ! દર બનાવવા સક્ષમ પેલા પ્રથમ પ્રકારના ઉંદર જેમ પોતાના દરમાં રહે છે, તેમ આ મહાનુભાવો પણ પોતાના ઉપદેશવચનો-ગ્રન્થો અનુસાર પ્રવર્તતા રહે છે. ‘કહેવું કાંઇ અને કરવું કાંઇ’ આવી દંભી-મલિન વૃત્તિ એમની નથી હોતી. પરંતુ ‘સત્ વદે સત્ આચરે’ આવી નમસ્કરણીય વૃત્તિ-પ્રવૃત્તિ એમની હોય છે. માટે આપણે એમને શ્રેષ્ઠરૂપે સ્થાન-માન આપ્યું છે. કેવું આદર્શરૂપ હોય એમનું જીવન-કવન? એ જાણવું હોય તો વાંચો આ નિકટના ભૂતકાળની સત્ય ઘટના :

અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ દિવંગત યુગદિવાકર જૈનાચાર્ય ધર્મસૂરીશ્વરજી મહારાજ. એ પ્રજ્ઞાશીલ-શ્રદ્ધાશીલ અને પુરુષાર્થશીલ પુણ્યાત્મા હોવાથી એમણે અનેક શાસ્ત્રોનું અધ્યયન પણ કર્યું હતું, તો છ હજાર શ્લોક પ્રમાણ સંસ્કૃત નવતત્ત્વ-સુમંગલાટીકા જેવા ધર્મગ્રન્થોનું નવસર્જન પણ કર્યું છે. એ ગ્રન્થમાં એમણે એક સ્થળે જૈન શ્રમણની ભાષાસમિતિનું નિરૂપણ કરતાં એ ભાવની વાત લખી છે કે ‘કોઇ આક્રોશ-નિંદાભર્યા વચનો કહે તો પણ ભાષાસમિતિ ધરાવતા શ્રમણ આક્રોશવચનો ન ઉચ્ચારે. બલ્કે શાંત રહીને મર્યાદાપૂર્ણ વચન કહે.’ તેઓએ આ વચન ધર્મગ્રન્થમાં લખ્યા જ હતા એમ નહિ, બલ્કે જીવનમાં અમલી પણ બનાવ્યા હતા. એનો ખ્યાલ એમના અંતેવાસી શિષ્યો અને ભક્તજનોને એક વાર બરાબર આવ્યો.

બન્યું હતું એવું કે સંઘ-શાસનનાં અનેક મહાન કાર્યોની જવાબદારીવશ એમણે મુંબઇમાં કેટલાક વર્ષો સળંગ ચાતુર્માસ કર્યા હતા.

અલબત્ત, એ ચાતુર્માસો એક જ સંઘમાં નહિ, અલગ અલગ સંઘોમાં થયા હતા અને ચાતુર્માસ સિવાયના શેષ કાળમાં તેઓ મહારાષ્ટ્ર અને ગુજરાતના દૂર-સુદૂરના ગામોમાં જૈન સંઘોમાં વિચરતા ય હતા. આમ છતાં દીર્ઘ સ્થિરતાનો મુદ્દો ઉઠાવીને એક જૈન ભાઈએ જાહેર વર્તમાનપત્રમાં તેઓની બિનજરૂરી ટીકા કરી. આજના મુંબઈના મહદંશ મોટા જિનાલયો-ઉપાશ્રયો જેમના ભગીરથ પુરુષાર્થનું સુફળ છે એ પૂજ્યશ્રીની શાસનલક્ષી કારકીર્દિથી માહિતગાર મોટો ભક્તવર્ગ એ ટીકાનો જડબાતોડ જવાબ તૈયાર કરીને વર્તમાનપત્રમાં આપવા માટે તેઓશ્રીની મંજૂરી લેવા આવ્યો.

ધર્મસૂરિદાદાએ હસતા હસતા એક સંસ્કૃત શ્લોક ટાંકીને એનો ભાવ કહ્યો કે ‘‘તીક્ષ્ણ વચનશસ્ત્રોથી કોઈ આપણને વીંધતું હોય તો વ્યાકુળતા-ઉશ્કેરાટ અનુભવ્યા વિના બે જ વિચારણા કરવી. એક એ કે એમાં જો તથ્યાંશ હોય તો એટલે અંશે આપણે સુધારણા કરવી. અને બીજું એ કે એમાં જો કોઈ તથ્યાંશ ન હોય તો એને ઉન્મત્તભાષણ સમજીને વજૂદ ન આપવું. આ સિવાય કાંઈ કરવા જેવું નથી. સમાજ અમારાં કાર્યોનું બરાબર મૂલ્યાંકન કરી શકે છે.’’ ભક્તો તો આ શાંતિથી - વિવેકી વાણીથી તાજુબ થઈ ગયા. પરંતુ કાંઈ જ જવાબ ન આપવાની એમની આ સમજાવટથી ટીકા કરનાર પેલા જૈન બંધુ પણ ખૂબ પ્રભાવિત થઈ ગયા. થોડા દિવસો બાદ એ સામે પગલે આવીને પૂજ્યશ્રીની ક્ષમાયાચના કરી ગયા....

બીજા પ્રકારના ઉંદરો એવા હોય છે કે જે સુરક્ષિત-સુવિધાભર્યું દર બનાવવાની ક્ષમતા ન ધરાવતા હોય, પરંતુ તેવા તૈયાર દર શોધીને-પરખીને એમાં રહેવાની તત્પરતા ધરાવતા હોય. એમની પાસે પુરુષાર્થબળની અલ્પતા હોવાથી તેવું દર ભલે એ બનાવી ન શકે, પરંતુ સુરક્ષા-સુવિધાની સરસ સમજ હોવાથી એમાં રહેવાનું એ તરત પસંદ કરી લેતા હોય છે.

આ બીજા પ્રકારના ઉંદર જેવા છે બીજા પ્રકારના માનવો. પ્રજ્ઞાબળ અને પુરુષાર્થબળ એમનું સીમિત હોવાથી એ નવાં ગ્રન્થો-

શાસ્ત્રોનું સર્જન કરવાની ક્ષમતા ભલે ન ધરાવતા હોય, પરંતુ શ્રદ્ધાબળ મજબૂત હોવાનાં કારણે સમ્યક્ પ્રરૂપણા કરતાં પૂર્વસૂરિકૃત શાસ્ત્રો - ધર્મગ્રન્થો પર હાર્દિક આદર-બહુમાન જરૂર ધરાવતાં હોય. એટલે જ એને અનુસરતી વૃત્તિ-પ્રવૃત્તિ ધરાવતા હોય. એ 'महाजनो येन गतः स पन्थाः' પંક્તિને અનુસરીને શુભ આચાર-વિચારમાં રહેતા હોય. એમની પાસે શબ્દોની ઝાકઝમાળ ખાસ ન હોય, પણ શ્રદ્ધાની ઝાકઝમાળ ભરપૂર હોય. વકતૃત્વનો વૈભવ ભલે ન હોય, પણ કર્તૃત્વનો વૈભવ સરસ હોય. માટે આપણે એમને પ્રશસ્યરૂપે ગણીને બીજા સ્તરનું સ્થાન-માન આપીશું.

અમને યાદ આવે છે આ સંદભમાં અમારા સાંસારિક નાનીમા મણિબેન. તેઓ ધર્મશાસ્ત્રોના મોટા અભ્યાસી ન હતા. પરંતુ આચારપાલનમાં જબરદસ્ત ચુસ્ત-સન્નિષ્ઠ હતા. પચાસ-સાઠ વર્ષ પૂર્વે ગામમાં નળની સુવિધા ન હોવાથી કૂવામાંથી પાણી લવાતું. જલકાયના જીવોની હિંસાનું પાપ વધુ ન લાગે તે માટે તેઓ જરૂર પૂરતું પાણી લેવાઈ ગયા પછી એ દિવસ માટે તે કૂવાનું પાણી ન લેવાનું પચ્ચક્ખાણ લેતા. ધારો કે તે પછી પાણીની જરૂર પડે તો ય તેઓ પાણી લેવા ન જાય. આ ચુસ્તતામાં - નિષ્ઠામાં વકતૃત્વનો નહિ, કર્તૃત્વનો વૈભવ છલકાતો દેખાય છે....

ત્રીજા પ્રકારનાં ઉંદરો એવા હોય છે જેની પાસે સુરક્ષિત-સરસ દર બનાવવાની ક્ષમતા હોય, પરંતુ એમાં રહેવાની કોઈ પ્રતિબદ્ધતા-તત્પરતા એમનામાં ન હોય. એમની પાસે હોંશિયારી અને પુરુષાર્થબળ હોવાનાં કારણે સુંદર દર ભલે બનાવી શકે. પણ મનમોજી વૃત્તિ-વિચિત્ર આદતનાં કારણે એ સુરક્ષિત દરમાં રહે નહિ, બલ્કે અસુરક્ષિત અવસ્થામાં જ્યાં-ત્યાં ભટક્યાં કરે.

આ ત્રીજા પ્રકારના ઉંદર જેવા છે ત્રીજા પ્રકારના માનવો. પ્રજ્ઞાબળ-પુરુષાર્થબળનાં કારણે એ સ્વયં નવા ગ્રન્થો રચવાની ક્ષમતા ધરાવતા હોય, તો અન્યોને પ્રભાવિત કરી દે એવી વકતૃત્વછટા પણ ધરાવી શકતા હોય. પરંતુ શ્રદ્ધાબળની શૂન્યતાનાં કારણે તેઓ પોતાની જ સમ્યક્

પ્રરૂપણાનો અમલ કરવાથી દૂર ભાગતા હોય છે. મનસ્વિતા - સ્વચ્છંદતા- મનમોજીપણું - અનાચારનો આદર વગેરે વિચિત્રતાનાં કારણે આવા માનવોની સ્થિતિ 'ચાવવાના જુદા અને બતાવવાના જુદા' ઉક્તિને અનુરૂપ હોય છે. આવી દંભી- કપટી વૃત્તિ - પ્રવૃત્તિ તેઓની હોવાનાં કારણે આપણે એમને ત્રીજા કક્ષા આપીને કહીશું અપ્રશસ્ય. આ અપ્રશસ્ય સ્તરની વ્યક્તિઓ ધર્મની-નીતિમત્તાની - સંસ્કારની સરસ સરસ વાતો કરે તો પણ એ જગતને આંજી દેવા માટે જ કરે, જાતને માંજી દેવા - સ્વચ્છ કરવા માટે નહિ. આવી વ્યક્તિઓની ઉપલક ઝાકઝમાળ નીચેની આચારશૂન્યતાની પોલ ખુલ્લી પડી જાય ત્યારે એમની હાલત સોનાનું પાણી ઊતરી ગયા પછીના પિત્તળના અલંકાર જેવી થઇ જતી હોય છે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ થોડા દાયકાઓ પૂર્વેની સત્ય ઘટના :

વડોદરારાજયના સંસ્કારપ્રેમી રાજા સયાજીરાવ ગાયકવાડ. અહિંસાની ભારતીય સંસ્કૃતિના એ પ્રેમી હોવાનાં કારણે અવારનવાર તેઓ એમના રાજમહેલ 'Laxmivilas Palace' માં વિદ્વાન વક્તાઓને આમન્ત્રિત કરીને પરિસંવાદો - પ્રવચનો યોજતા હતા. એક વાર એમણે આ જ રીતે એક ધુરંધર પ્રવક્તાનું 'અહિંસા' વિશે વક્તવ્ય યોજ્યું.

સામે મહારાજા સહિત શહેરના ટોચના અગ્રણીઓ શ્રોતારૂપે ઉપસ્થિત હોવાથી જોશમાં આવી ગયેલ વક્તાએ હૈયાંસોંસરવી ઊતરી જાય તેવી આગઝરતી જબાનમાં અહિંસાની ધારદાર પ્રસ્તુતિ કરી. એની ધૂંઆધાર દલીલોનાં કારણે સમગ્ર સભા પર એની મોહિની છવાઇ ગઇ હતી. વક્તવ્ય અંતિમ ચરણમાં હતું. પ્રસ્વેદથી રેબઝેબ વક્તાએ પસીનો લૂંછવા ખીસામાંથી રૂમાલ બહાર કાઢ્યો. પણ... આ શું ? ઉતાવળે રૂમાલ ખેંચવા જતા એની સાથે જ ખીસામાંથી એક ડબ્બી બહાર પડી ગઇ. એમાં બે ઇંડા હતા!! સહુની સામે અચાનક પોલ ખૂલી જતાં વક્તાની હાલત 'કાપો તો લોહી ન નીકળે' એવી થઇ ગઇ. જેમ તેમ કરીને એણે બે વાક્યમાં શેષ વક્તવ્ય પૂર્ણ કર્યું. સભામાં એક સન્નાટો છવાઇ ગયો.

ઉપસંહાર માટે મંચ પર આવેલ સયાજીરાવે ગંભીરભાવે માત્ર

એટલું જ કહ્યું : ''હિંદુસ્તાનની સંસ્કૃતિને નાસ્તિકોએ કે વિધર્મીઓએ જેટલં નુકસાન નથી કર્યું એટલું નુકસાન આવા દંભી પ્રચારકોએ કર્યું છે. આવી વ્યક્તિઓ સભ્ય સમાજનું કલંક છે...''

ચોથા પ્રકારના ઉંદરો એવા હોય છે કે જેમની પાસે સુરક્ષિત દર બનાવવાનું કૌવત પણ નથી અને સુરક્ષિત દરમાં રહેવાની તત્પરતા ય નથી. પુરુષાર્થબળના અભાવે તેઓ સુરક્ષિત-સુવિધાસભર દર સર્જી શકતા નથી, તો ચંચળતા - સ્વચ્છંદી મનમોજી વૃત્તિનાં કારણે સુરક્ષિત દરમાં રહેવાના બદલે અહીં-તહીં ભટકતા રહે છે.

આ ચોથા પ્રકારના ઉંદર જેવા હોય છે ચોથા પ્રકારના માનવો. તેવા પ્રકારનાં પ્રજ્ઞાબળ - પુરુષાર્થબળના અભાવે ન તો તેઓ ગ્રન્થો રચી શકે છે, કે ન તો તેવી પ્રભાવક વકતૃત્વશક્તિ ધરાવતા હોય છે. ઉપરાંત શ્રદ્ધાબળની શૂન્યતાનાં કારણે સમ્યક્ સંસ્કારોને-સારી બાબતોને આચરવાની તેમની કોઇ તૈયાર નથી હોતી : જેમ ચોથા પ્રકારના ઉંદરોની સુરક્ષિત દરમાં ય રહેવાની તૈયારી નથી હોતી એમ. આ પ્રકારની વ્યક્તિઓને એટલે જ આપણે ચોથી કક્ષા આપીને કહીશું કનિષ્ઠ. આવી વ્યકિતઓની માનસિકતા કેવી હોય એ જાણવું છે? તો વાંચો આ કાલ્પનિક રમૂજ કથા :

દારુના વ્યસની એક મુલ્લાજી ધાર્મિક દેખાવા કાજે કુરાન વાંચવાનું નાટક કરતા હતા. એમને નખશિખ ઓળખતી એક જાણતલ વ્યક્તિએ એક વાર મુલ્લાજીને ઠપકો આપ્યો : ''તમે એક તરફ કુરાન વાંચો છો અને બીજી તરફ દારુ પીઓ છો. આ કેમ ચાલે?'' મુલ્લાજીએ બેધડક નફફટ ઉત્તર દીધો : ''અરે! કુરાનમાં જ લખ્યું છે કે દારુ પીવો.'' સ્તબ્ધ થઇ ગયેલ પેલી વ્યક્તિએ કુરાનમાંથી એ પાઠ બતાવવા મુલ્લાજીને કહ્યું. મુલ્લાજી એ એક પેજ કાઢી બતાવ્યું. પેલી વ્યક્તિએ મુલ્લાજીને ખંખેર્યા : ''બરાબર વાંચો. આમાં તો સ્પષ્ટ લખ્યું છે કે દારુ પીવો એ બુરાઇ છે.'' મુલ્લાજીએ ઠંડે કલેજે ઉત્તર દીધો : ''અરે ભાઇ! હું તો હજુ 'દારુ પીવો' આટલા શબ્દો સુધી જ પહોંચ્યો છું. આગળ પહોચું ત્યારની વાત ત્યારે...''

છેલ્લે એક મહત્ત્વની વાત : જે સહુને માત્ર આંજી દે છે એ સાચા સંત નથી... જે જાતને માંજી દે છે, ચકચકિત કરે છે તે જ સાચા સંત છે..

# ૧૯ અન્યોને શીશામાં ઉતારતી કુબુદ્ધિ કદી ન મળજો... અન્યોનું કલ્યાણ કરતી ધર્મબુદ્ધિ સદા ય મળજો...

"एक नूर आदमी, हजार नूर कपडां" આ ઉક્તિ એમ જણાવે છે કે વસ્ત્રો માનવીનું નૂર-માનવીનું વ્યક્તિત્વ નિખારવામાં અગત્યનો ભાગ ભજવે છે. વય-દેખાવ-પ્રસંગ વગેરેને અનુરૂપ રહીને વસ્ત્રો પસંદ કરાય તો અનુભવીઓ કહે છે કે માનવી જાણે હજારગણો દીપી ઊઠે. એથી ય અધિક, ધારો કે આનંદ-ઉમંદનો પ્રસંગે હોય અને એ મજેદાર વસ્ત્રો પર મૂલ્યવાન નકશીભર્યા અલંકારો ધારણ કરાયા હોય તો? તો માનવી જાણે સાક્ષાત્ દેવ હોય એમ દેદીપ્યમાન બની જાય.

પરંતુ યાદ રહે કે વસ્ત્રો અને અલંકારો દ્વારા નિખરતું વ્યક્તિત્વ ખરેખર તો ભાડૂતી છે. સુંદર વસ્ત્રો કે મૂલ્યવાન અલંકારો જ્યારે નહિ હોય ત્યારે વ્યક્તિની દીપ્તિ આપોઆપ ઝાંખી થઇ જશે. એથી આપણે એને કહીશું ભાડૂતી વ્યક્તિત્વ. જે કાયમી ટકે એ પોતીકું વ્યક્તિત્વ છે અને જે કામચલાઉ રહે એ ભાડૂતી વ્યક્તિત્વ છે... બીજી અગત્યની વાસ્તવિકતા એ છે કે વસ્ત્રાલંકારો દ્વારા દીપતું વ્યક્તિત્વ બાહ્ય છે, અભ્યંતર નહિ. એને સુંદર 'Packing' જેવું ગણી શકાય. Packing સરસ હોય એ સારી બાબત છે, પરંતુ એથી ય વધુ સારી બાબત અંદરનો માલ મૂલ્યવાન હોય એ છે.

વસ્ત્ર-અલંકારોની અપેક્ષાએ બુદ્ધિ-શક્તિ-ચાતુરી-હોંશિયારી દ્વારા નિખરતું વ્યક્તિત્વ ટકાઉ હોય છે. કારણ કે વસ્ત્રાલંકારો આજે હોય અને કાલે ન હોય એમ બની શકે. જ્યારે બુદ્ધિ - ચાતુરીમાં આવું હોઇ શકતું નથી... બીજી મહત્ત્વની બાબત એ છે કે વસ્ત્રાલંકારોની અપેક્ષાએ બુદ્ધિ-ચાતુરી Packing નથી, પણ અંદરનો મૂલ્યવાન માલ છે. એટલે જ બાહ્ય દૃષ્ટિએ વ્યક્તિની વિશેષતા ન્યૂન હોય તો ય બુદ્ધિનાં કારણે એ પોતાની સર્વોપરિતા આસાનીથી સ્થાપી શકે છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો બુદ્ધિના બાદશાહ ગણાતા બિરબલનો રમૂજી પ્રસંગઃ

કહેવાય છે બાદશાહ અકબર સહિત એમના તમામ રત્નો સૌંદર્યથી મંડિત અને શ્વેતવર્ણા હતા, પરંતુ એક માત્ર બિરબલ થોડો કદરૂપ અને શ્યામ હોવાથી એમાં અપવાદ હતો. બાદશાહે આ મુદ્દે એક વાર ભરસભામાં બિરબલની ઠેકડી ઉડાડવાના આશયથી કહ્યું : ''બિરબલ! અમે સહુ સુંદર અને તું જ માત્ર કદરૂપો : આનું શું કારણ?'' સમગ્ર સભા આમાં રહેલ વ્યંગ સાંભળીને હસી ઊઠી. બિરબલે તરત જ ઉત્તર આપ્યો : ''હજૂર! ગુસ્તાખી લાગે તો માફ. બાકી આનું એક કારણ છે. આપણને સહુને પૃથ્વી પર મોકલતા પૂર્વે ખુદાએ ઉપર બે બજાર ભર્યા હતા. એક રૂપનો બજાર અને બીજો બુદ્ધિનો બજાર હતો. દરેકને કોઈ પણ એક બજારમાંથી ખરીદીની છૂટ હતી. તમે સહુ રૂપના બજારમાં ગયા હતા. માટે તમને સહુને સૌંદર્ય મળ્યું. અને એક માત્ર હું બુદ્ધિના બજારમાં ગયો હતો. તેથી મને એકલાને બુદ્ધિ મળી છે !!'' બિરબલના આ જનોઈવઢ ઘાથી સમગ્ર સભા આક્ષીન થઈ ગઈ. બાદશાહની હાલત 'કાપો તો લોહી ન નીકળે' એવી થઈ ગઈ.

બુદ્ધિ આવી સર્વોપરિતા બહુ આસાનીથી સર્જી શકે છે...

પણ... સબૂર ! એક વાત બહુ સ્પષ્ટ સમજી લેવા જેવી છે કે બુદ્ધિ માત્ર ને માત્ર પ્રશસ્ય જ હોય-ઉપાદેય જ હોય એવું માની લેવાની જરા ય જરૂર નથી. બુદ્ધિ પણ અલગ અલગ પ્રકારની હોય છે. એમાંથી કેટલીક નુકસાનકારી હોય છે, તો કેટલીક લાભદાયી પણ હોય છે. આપણે અહીં ક્રમશઃ ચાર પ્રકારની બુદ્ધિ વિચારીશું કે જે ક્રમશઃ હીન-વિમધ્યમ- મધ્યમ અને ઉત્તમ સ્તરની હોય.

પ્રથમ ક્રમે એમાં આવે છે કુબુદ્ધિ. આ પ્રકારની બુદ્ધિ જેમની પાસે હોય એમની પાસે ચતુરાઈ-આવડત તો ઘણી બધી હોય. એ વાતચીતના શરુઆતના શબ્દો પરથી સામી વ્યક્તિનું પાણી માપી શકે, તો દરેક ગતિવિધિના પ્રારંભથી જ એનો અંજામ શો આવશે તેનો અંદાજ આસાનીથી લઈ શકે. પરંતુ આ બધી જ આવડતનો-હોંશિયારીનો ઉપયોગ એ પોતાના સ્વાર્થ માટે કરે. પરિણામ એ આવે કે તે દરેક બાબતે સામી

વ્યક્તિને શીશામાં ઉતારવાની કોશિશમાં રાચે. એવી સીફતથી એ સામી વ્યક્તિની સાથે વર્તે કે સામી વ્યક્તિને એ સહાયક-ઉપકારી જ લાગે. જ્યારે પર્દાફાશ થાય-રહસ્ય ખુલ્લું થઈ જાય ત્યારે જ ખ્યાલ આવે કે ઉપકારના મહોરા પાછળ કેવો ભયાનક-ખતરનાક અપકાર છુપાયેલો હતો. અમને યાદ આવે છે આ સંદર્ભમાં એક મજાની રમૂજ કથા :

મધ્યમ કક્ષાના શહેરના રાજમાર્ગ પરથી એક પ્રૌઢ ભાઈ સવાર સવારમાં ઝડપથી જઈ રહ્યા હતા. સમયસર 'Service' પર પહોંચવાની એમને ઉતાવળ હતી. એથી એ લગભગ દોડતા હોય એવી ઝડપ કરતા હતા. એકાએક એમનો પગ કેળાની છાલ પર આવી ગયો અને એ જોરથી પટકાયા. એવી તીવ્રતાથી એ પટકાયા કે પગમાં 'Fracture' થઈ ગયું હોય એવું લાગ્યું. એકલપંડે ઊભા થવાની ય હામ એમનામાં ન રહી. એ મનોમન ચિંતાતુર થઈ ગયા કે 'Service' તો દૂર રહી ગઈ ને આ ઉપાધિ મફતમાં માથે પડી. હવે અહીંથી મને ઊભો કોણ કરશે ?'

ત્યાં જ બે-ચાર નવલોહિયા યુવાનો દોડતા આવ્યા. ભાઈને એમણે પ્રેમથી ઊંચકી લીધા અને સામે આવેલ હાડવૈદના દવાખાને ય લઈ ગયા. અર્ધા કલાકમાં બધી સારવાર મળી, હાડકું બેસાડીને પાટો બંધાઈ ગયો. ત્યાં સુધીમાં યુવાનોએ ફોન કરીને ભાઈના સ્વજનોને ય બોલાવી લીધા. દવાખાનાની કાર્યવાહી બાદ ભાઈ સ્વજનો સાથે ટેક્સીમાં ઘરે જઈ રહ્યા હતા. ત્યાં એમણે પેલા યુવાનોને ૫૦/૫૦ રૂ. ની બક્ષિસ આપતા કહ્યું : ''તમે વગર બોલાવ્યે મને સહાય ન કરી હોત તો મારી હાલત કફોડી થઈ જાત. તમે બહુ સરસ સેવાનું કામ કર્યું. એટલે મારી શક્તિ પ્રમાણે હું આ ભેટ આપું છું. આમ તમારું કામકાજ શું છે ?''

''બસ, એ જ કે પાછલી રાત્રે રાજમાર્ગ પર કેળાની છાલો નાંખી જવી અને દિવસે તમારા જેવા કોઈ પડી જાય - 'Fracture' થઈ જાય તો એમને ઉઠાવીને આ દવાખાને લઈ આવવા. હાડવૈદ તરફથી અમને ઘરાક દીઠ મહેનતાણું મળે છે અને તમારા જેવા તરફથી બક્ષિસ મળે છે. બસ, આ

જ અમારું કામકાજ!!'' પેલ પ્રૌઢ ભાઈ તો સ્તબ્ધ થઈ ગયા આ પર્દાફાશથી.

કુબુદ્ધિ શી ચીજ છે એનો આ નાદર નમૂનો છે. યાદ રહે કે સીફતપૂર્વક બીજાને નડીને -કનડીને પોતાનો સ્વાર્થ સાધવાની આ વૃત્તિ અંતે તો 'Boomerang' નીવડીને ખુદને જ નડતી હોય છે. 'ખાડો ખોદે તે પડે' આ ગુજરાતી કહેવત આ વાત બરાબર સમજાવે છે. આપણે એને આપીશું હીન સ્તર...

બીજા ક્રમે આવે છે અલ્પબુદ્ધિ. એક વ્યક્તિ માત્ર ઈશારામાં સમગ્ર વાત સમજી જાય અને બીજી વ્યક્તિ ચાર વાર સ્પષ્ટ સૂચના છતાં કેટલું ય ન સમજે. એક વ્યક્તિ માત્ર એક વાર જોવાથી તે કાર્ય 'Perfect' કરે અને બીજી વ્યક્તિ સાત વાર જોવા છતાં કાર્યમાં ભૂલોની ભરમાર સર્જે. કયું કારણ હશે આમાં? કહેવું જ જોઈશે કે અલ્પબુદ્ધિ. અલ્પબુદ્ધિનાં કારણે વ્યક્તિ કોઈ પણ વસ્તુને બરાબર સમજી ન શકે, પકડી ન શકે.

જે વ્યક્તિ અલ્પબુદ્ધિ ધરાવતી હોય - જલ્દી કાંઈ સમજતી ન હોય એને આપણે ઘણી વાર આક્રોશમાં એમ કહીએ છીએ કે ''તું તો સાવ 'ઢ' જેવો છે.'' આવા શબ્દપ્રયોગમાં અન્ય કોઈ અક્ષરને નહિ અને માત્ર 'ઢ' ને જ યાદ કરાય છે એનું એક રમૂજી રહસ્ય છે. જૈન માન્યતા મુજબ, પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વરપ્રભુએ આ કાળમાં સર્વપ્રથમ અક્ષરલેખનકળા બ્રાહ્મીને આપી હતી. એથી એ લિપિને બ્રાહ્મીલિપિ કહેવાઈ. આ બ્રાહ્મીલિપિનું આલેખન સર્વપ્રથમ જે રીતે થયું એ જ રીતે આજે એ લિપિના અર્થાત્ બારાખડીના બધા અક્ષરો લખાય છે એમ નથી. બલ્કે લગભગ તમામ અક્ષરોમાં પરિવર્તન આવી ગયું છે. પ્રારંભે ક-ખ વગેરે જે રીતે લખાતા હતા તેવા આજે નથી લખાતા. પરંતુ એક બહાદુર (!) અક્ષર એવો છે કે જે પૂર્વ કાળથી આજ પર્યંત એવો ને એવો જ રહ્યો છે. એમાં કોઈ જ પરિવર્તન નથી આવ્યું. એ અક્ષર છે 'ઢ'. નહિ બદલાવાની લાક્ષણિકતા જેની હોય તેને કહેવાય છે કે ''તું તો સાવ 'ઢ' જેવો છે.'' આવી વ્યક્તિ હોય છે અલ્પ બુદ્ધિવાળી.

અલબત્ત, આ અલ્પબુદ્ધિ જ્ઞાનાવરણીયકર્મોદયજન્ય હોય છે. એ મુશ્કેલીજનક જરૂર છે, કિંતુ એ કુબુદ્ધિની જેમ લજ્જાસ્પદ-શરમજનક નથી. એથી આપણે એને આપીશું વિમધ્યમ સ્તર...

ત્રીજા ક્રમે આવે છે સદ્‌બુદ્ધિ. સત્‌નો અર્થ છે સારું. જે બુદ્ધિ વ્યક્તિને સારપમાં-શુભમાં પ્રવર્તાવે તેને કહેવાય સદ્‌બુદ્ધિ. થોડી શી અપ્રામાણિકતા - જરાક આડુંઅવળું કરતાં મહેનત વગર મોટો લાભ અંકે થઇ જતો હોય, એમ કરવા જતાં ક્યાંય સપડાયા વિના બહાર નીકળી જવાનો ઉપાય પણ સામે ઉપલબ્ધ હોય ; આમ છતાં જે બુદ્ધિ વ્યક્તિને પ્રામાણિકતાથી દૂર ન થવા દે એને કહેવાય સદ્‌બુદ્ધિ. વ્યાપાર હો કે વ્યવહાર, સંબંધ હો કે મૈત્રીઃ સર્વત્ર જે નૈતિકતાનું - સંસ્કારિતાનું ઉચ્ચ સ્તર જાળવી આપે એને કહેવાય સદ્‌બુદ્ધિ. કેવી હોય એ સદ્‌બુદ્ધિ ? એ જાણવા વાંચો પિતા-પુત્રનો આ મસ્ત સંવાદ :

બીજા ધોરણમાં ભણતો નાનકડો બાળક ખૂબ કુતૂહલવૃત્તિનો અને જિજ્ઞાસુ હતો. આમ પણ બાળકો જિજ્ઞાસુ-કુતૂહલપ્રિય હોય છે. એથી જ એ ઘણી વાર અસંબદ્ધ લાગે તેવા જાતજાતના પ્રશ્નો પૂછતા હોય છે. એક વાર આ બાળકે એના પિતાને પૂછ્યુંઃ ‘‘પપ્પા! અમારી ‘Madam’ અમને ગણિતમાં એવું શીખવાડે છે કે બે વત્તા બે બરાબર ચાર. પણ મારે તમને પૂછવું છે કે બે વત્તા બે બરાબર ત્રણ કે પાંચ કેમ નહિ? ચાર જ કેમ?’’ પપ્પાએ બાળકમાં સદ્‌બુદ્ધિ વિકસ્વર બને તેવો મસ્ત ઉત્તર આપ્યો :- ‘‘તું મોટો થઇને દુકાને બેસે અને તારે ઘરાકને રૂપિયા આપવાના હોય ત્યારે તું બે વત્તા બે બરાબર ત્રણ ન ગણી લે એટલે તારા મેડમ તને બે વત્તા બે બરાબર ચાર શીખવે છે. અને ઘરાક પાસેથી રૂપિયા તારે લેવાના હોય ત્યારે તું બે વત્તા બે બરાબર પાંચનો હિસાબ ન કરે માટે પણ તારા ‘Madam’ તને બે વત્તા બે બરાબર ચાર શીખવે છે !!’’

આવી સદ્‌બુદ્ધિ વ્યવહારને સજાવતી હોવાથી આપણે એને આપીશું ત્રીજું અર્થાત્‌ મધ્યમ સ્તર...

ચોથા અને અંતિમ ક્રમે આવે છે ધર્મબુદ્ધિ. બુદ્ધિ તીવ્ર હોય તો ય ચાલે અને સામાન્ય હોય તો ય ચાલે, બુદ્ધિ તર્કથી ભરપૂર હોય તો ય ચાલે અને પદાર્થસંગ્રહથી ભરપૂર હોય તો ય ચાલે. પરંતુ શરત એટલે કે એ જીવનમાં ધર્મતત્ત્વની મંગલ પ્રતિષ્ઠા કરનાર હોવી જોઈએ. આ ભૂમિકાને અનુસરતી બુદ્ધિ જો તીવ્ર હશે તો એ શાસ્ત્રોને સમ્યક્ સ્વરૂપે સમજી શકશે અને જો એ સામાન્ય હશે તો તે શાસ્ત્રોને શ્રદ્ધાથી સ્વીકારી શકશે, બુદ્ધિ જો તર્કભરપૂર હશે તો એ ધર્મસ્વરૂપને વધુ સ્પષ્ટ કરશે અને જો એ પદાર્થ સંગ્રહ ભરપૂર હશે તો એ ધર્મની ઉપાદેયતાને મજબૂત કરશે. બુદ્ધિ જો ઉપરોક્ત રીતે ધર્મમંડિત હોય તો, સામાન્યતઃ શંકાઓ ખડી કરનાર તર્ક પણ કેવી શ્રદ્ધા ખડી કરનાર બને એ જાણવું છે? તો વાંચો આ સત્ય ઘટનાઃ

પ્રજ્ઞાચક્ષુ દિવંગત જૈન પંડિત સુખલાલજી. મૂળ એ સ્થાનકમાર્ગી જૈન હતા. એ પરંપરા મૂર્તિને જડ ગણીને એનો નિષધ કરતી હોવાથી બાલ્યવયથી સુખલાલજી પણ મૂર્તિથી વિમુખ હતા. પ્રભુની મૂર્તિનાં દર્શન કે પૂજા તરફ એમને કાંઈ જ અભિરુચિ ન હતી. ક્રમશઃ એ મોટા થયા અને જૈન શાસ્ત્રોના અભ્યાસમાં ઊંડે સુધી ગયા. એ દરમ્યાન બે ઘટનાઓ એવી બની કે જેનાથી એમની મૂર્તિ પ્રત્યેની વિમુખતા સાવ ઓગળી ગઈ. તેઓ પોતાની આત્મકથામાં લખે છે કે એમાંની એક ઘટના શ્રદ્ધામૂલક હતી અને બીજી ઘટના તર્કમૂલક હતી. આપણે એમાંથી આ લેખના વિષયને અનુરૂપ તર્કમૂલક ઘટના જોઈએ.

પંડિત સુખલાલજી એ ભાવની વાત જણાવે છે કે 'એક વાર મેં મહાન તાર્કિક ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરના 'પ્રતિમાશતક' ગ્રન્થનો અભ્યાસ શરૂ કર્યો. એમાં યશોવિજયજી એ મૂર્તિપૂજાનાં સમર્થનમાં દિમાગ બદલી નાંખે એવી જબરજસ્ત દલીલ કરી છે કે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવઃ આ ચાર નિક્ષેપમાંથી સ્થાપનાને-મૂર્તિને જો તે જડ-પૌદ્ગલિક હોવાથી નકારતા હો તો નામ પણ જડ-પૌદ્ગલિક હોવાથી એનો પણ ઈન્કાર કરવો જોઈએ.

અને જો નામને (જપને) સ્વીકારતા હો તો એ જ રીતે સ્થાપનાને (મૂર્તિને) ય સ્વીકારવી જોઈએ.' આ સચોટ તર્ક ધર્મમંડિત બુદ્ધિમાંથી ઉદ્ભવ્યો હતો. એથી સુખલાલજી પર એની જોરદાર અસર થઈ અને મૂર્તિ માટે એમની શ્રદ્ધા જાગૃત થઈ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની ધર્મબુદ્ધિએ સર્જેલ તર્કનો આ ચમત્કાર હતો...

છેલ્લે આપણે કરીએ એક મજાની પ્રભુપ્રાર્થના કે ''હે પ્રભુ ! અન્યોને શીશામાં ઉતારે એવી કુબુદ્ધિ મને કદી ન મળજો... અન્યોને કલ્યાણમાર્ગ બતાવે એવી ધર્મબુદ્ધિ મને સદાય મળજો...''

# ૧૭ પુષ્પગુચ્છ તો આપણી આસપાસ જ છે. આપણે કેવા છીએ ? તેના પર એની ઉપયોગિતા અવલંબે છે !!

મુખ!! શરીરરચનામાં એને સૌથી ઉપરનું - ટોચનું સ્થાન પ્રાપ્ત થયેલ છે, તો શરીરનાં તમામ અંગોમાં સૌથી વધુ અસરકારક અંગ પણ એ જ છે. મહદંશે વ્યક્તિ મુખાકૃતિનાં કારણે જ પ્રભાવશાળી યા નિસ્તેજ પુરવાર થતી હોય છે. સંસ્કૃત સુભાષિતકારો આ તથ્યને-સત્યને નજર સમક્ષ રાખીને યથાર્થપણે જ લખે છે કે **''मुखमर्धं शरीरस्य.''** મતલબ કે મુખ તો સમગ્ર શરીરની અડધોઅડધ શોભારૂપ મહત્ત્વનું અંગ છે. એનાથી જ બાહ્ય વ્યક્તિત્વની સારી યા નરસી છાપ ઊપસે છે.

પણ... સબૂર! આ 'મુખ' શબ્દને પાંચ અવનવા શબ્દો સાથે જોડીને આપણે અહીં એવી મસ્ત-મજેદાર પ્રેરણાની પુષ્પમાળા ગૂંથીશું કે જે આંતરિક વ્યક્તિત્વને અડધોઅડધ નહિ, બલ્કે સંપૂર્ણ શોભા બક્ષે. આ દરેક શબ્દો એવા છે કે જે જીવન જીવવાની સરસ શૈલી અને દિવ્ય દૃષ્ટિ આપે છે. આપણે ક્રમશઃ એના પર વિચાર-વિહાર કરીએ :

**(૧) ઊર્ધ્વમુખ બનીએ :** મુખ ઊંચે રાખીને દૃષ્ટિને ઉપર ઉપર યાવત્ આકાશ સુધી પ્રસારવી તે છે ઊર્ધ્વમુખ અવસ્થા. આ અવસ્થામાં વ્યક્તિને પોતાનાથી ઉપરની - ટોચની બાબતો દેખાતી હોય છે. ઉદાહરણરૂપે, નીચે-રાજમાર્ગ પર રહેલ વ્યક્તિ ઊર્ધ્વમુખ બનશે તો એને પહેલે-બીજે - ત્રીજે મજલેથી વાત કરતો પોતાનો સ્વજન દેખાશે, બિલ્ડીંગની ટોચ દેખાશે, યાવત્ આકાશનો સૂર્ય પણ દેખાશે.

બસ, આ જ રીતે ગુણોની અપેક્ષાએ આપણાથી ઉચ્ચતર-પવિત્રતર જીવન જીવનાર તરફ દૃષ્ટિ ઠેરવવી એને કહેવાય છે જીવનશૈલીની દૃષ્ટિએ ઊર્ધ્વમુખ અવસ્થા. આવી ઊર્ધ્વમુખતાનાં કારણે આપણા કરતા અનેકગણી ઉદારતા ધરાવનાર વ્યક્તિનો વિશિષ્ટ ઔદાર્યગુણ આપણને દેખાશે, તો આપણા કરતા કૈંકગણું પવિત્ર-સુશીલ

ચારિત્ર ધરાવનાર વ્યક્તિની વિશિષ્ટ સુશીલતા નજર સમક્ષ આવશે ; આપણા કરતા અનેકગણું શ્રેષ્ઠ સૌજન્ય ધરાવતી વ્યક્તિનું વિશિષ્ટ સૌજન્ય નજરે તરી આવશે, તો આપણા કરતા અનેકગણું સમર્પણ ધરાવતી વ્યક્તિનું વિશિષ્ટ સમર્પણ-આત્મભોગ સામે આવશે.

અને... એક મહત્ત્વની વાત. પર્વતની તળેટીમાં રહેલ પ્રવાસી જ્યારે એની ટોચ તરફ દૃષ્ટિ કરે છે ત્યારે એનું એક પરિણામ લગભગ એ આવે છે કે એની ગતિ અને પ્રગતિ ટોચ તરફ થવા માંડે છે. એ જ મુજબ, આપણે જ્યારે ઊર્ધ્વમુખ બનીને ઉચ્ચતર ગુણવાન વ્યક્તિ તરફ અહોભાવભરી દૃષ્ટિ ઠેરવીએ છીએ ત્યારે એનું એક પરિણામ લગભગ એ આવે છે કે યથાશક્તિ આપણી ગતિ અને પ્રગતિ એ ઉચ્ચતર ગુણમય અવસ્થાની પ્રાપ્તિ તરફ થાય. ભલે કદાચ આપણે એ ઉચ્ચતર અવસ્થાનું લક્ષ્ય સંપૂર્ણ સર ન કરી શકીએ, પરંતુ એ દિશાનો સન્નિષ્ઠ પુરુષાર્થ થાય એ પણ ઘણી જ મહાન બાબત છે.

જીવનશૈલી ઊર્ધ્વમુખ બની હોય - ઉચ્ચ ગુણપરસ્ત બની હોય ત્યારે એ કક્ષા સર કરવા કાજે વ્યક્તિ કેવો નમસ્કરણીય સન્નિષ્ઠ પુરુષાર્થ કરે એ જાણવું છે ? તો વાંચો આ વિરલ સત્ય ઘટના :

અમારી સાંસારિક જન્મભૂમિ દર્ભાવતીતીર્થ. એ જેમ તીર્થભૂમિ છે, એમ દીક્ષાભૂમિ પણ છે. છેલ્લા સૈકામાં ત્યાંના ત્રણ સો જૈન પરિવારોમાંથી એકસો એકતાલીસ પુણ્યાત્માઓએ સંસારના સર્વ ભૌતિક સુખો ત્યાગીને પવિત્રતમ જૈન શ્રમણજીવન અંગીકાર કર્યું છે. ભોગનો ત્યાગ અને ત્યાગનો રાગ, અનુકૂળતાનો ઇન્કાર અને પ્રતિકૂળતાનો સ્વીકાર, લોકથી વિમુખતા અને શ્લોકમાં અભિમુખતાઃ આવી તો અઢળક વિશિષ્ટતા ધરાવતા આ શ્રમણજીવન પર દર્ભાવતીતીર્થના એક ઊર્ધ્વમુખ જીવનશૈલી ધરાવતા મુમુક્ષુ બહેનને જબરદસ્ત લગાવ પ્રગટ્યો. તેઓ એ કક્ષા સુધી પહોંચવા દૃઢપણે કટિબદ્ધ થયા.

પણ.... અફસોસ! પરિવારજનો તરફથી દીક્ષા માટે સખત મનાઇ

થઇ. સન્નિષ્ઠ પુરુષાર્થી આ મુમુક્ષુએ આપણે કલ્પી ન શકીએ તેવો અત્યંત કઠિન નિયમ સ્વીકાર્યો કે જ્યાં સુધી દીક્ષા ન લેવાય ત્યાં સુધી મીઠાનો-લવણનો મૂળથી ત્યાગ !! જરા કલ્પના કરો કે મીઠું બિલકુલ જ ન હોય તેવા દાળ-શાક-ફરસાણ વગેરે ભોજન કઇ રીતે ભાવે? આમણે સંયમના અહોભાવના પ્રભાવે આવો ઘોર નિયમ સ્વેચ્છાએ સહર્ષ સ્વીકાર્યો. અને... માનશો ? વિરલ પરિસ્થિતિવશ એ મુમુક્ષુ આજીવન દીક્ષા ન લઇ શક્યા ને એમણે સંપૂર્ણ જીવનપર્યંત મીઠા વિનાનું જ ભોજન આરોગ્યું !! ચોક્કસ કહી શકીએ આપણે કે જેનામાં ખુદમાં 'મીઠું' હોય એ જ આવો આકરો નિયમ આજીવન આત્મસાત્ કરી શકે.

આ સન્નિષ્ઠ પુરુષાર્થ ઊર્દ્વમુખ જીવનશૈલીની નીપજ હતી....

**(૨) અધોમુખ બનીએ :**- મુખ નીચું રાખીને દૃષ્ટિ આસપાસ-ચોપાસ ક્યાંય ન જવા દેતાં નીચે - અધોમુખ ઢાળવી એ છે અધોમુખ અવસ્થા. કેટલીક પરિસ્થિતિમાં આ અધોમુખ અવસ્થા ચોક્કસપણે પ્રશંસનીય - લાભદાયી બની રહે છે. ઉદાહરણરૂપે, કંટકછાયા માર્ગે ખુલ્લા પગે જતા હોઇએ ત્યારે આ અધોમુખ અવસ્થા જ પ્રશસ્ય ગણાય. બસ, આ જ રીતે કેટલાક ખાસ સંદર્ભમાં જીવનશૈલીની દૃષ્ટિએ ય અધોમુખ અવસ્થા શ્રેષ્ઠ ગણાય છે. જેમ કે, વિજાતીય વ્યક્તિનો સંપર્ક થાય ત્યારે ટીકી ટીકીને જોવું એ સભ્યતાનું - સંસ્કારનું લક્ષણ ન ગણાય. બલ્કે અધોમુખ રહેવું - નજર નીચી ઢાળવી તે સંસ્કારિતા ગણાય છે. આનાથી વ્યક્તિના શીલ-સદાચારની સુરક્ષા સુલભ બની રહે છે.

એ જ રીતે જતા - આવતા હોઇએ એટલે કે ચાલતા હોઇએ ત્યારે અધોમુખ અવસ્થા હોવી - દૃષ્ટિ નીચે હોવી એ જીવદયા-જીવરક્ષાની દૃષ્ટિએ શ્રેષ્ઠ બાબત ગણાય. હજુ એક ઓર વાત. અભ્યાસ કરતાં હોઇએ - ગંભીર ગ્રન્થોનું વાંચન કરતા હોઇએ ત્યારે અધોમુખ અવસ્થા - નીચી દૃષ્ટિ શ્રેષ્ઠ ગણાય. અભ્યાસસમયે જેટલું આમ-તેમ જોવાય એટલી માનસિક વિક્ષિપ્તતા થાય અને જેટલું નીચે - પુસ્તકમાં જોવાય એટલી એકાગ્રતા - તન્મયતા જામતી જાય.

અભ્યાસના આ સંદર્ભમાં અમને યાદ આવે છે અમારા શૈશવનો એક રમૂજી પ્રસંગ. દીક્ષાના બે વર્ષ પૂર્વે દીક્ષાર્થીરૂપે પાલિતાણા-સાહિત્યમંદિરમાં અમારો અભ્યાસ ચાલતો હતો. તે દિવસોમાં ત્યાં વિશાલ શ્રમણસમૂહની સ્થિરતા હોવાથી ભાવિકોનું આગમન પણ ખૂબ હતું. પરંતુ પ્રભુકૃપાથી બાળવયે ય આદત એ હતી કે ક્યાંય જોયા વિના-કોઈની દરકાર વિના નીચી નજરે સતત ભણ્યા જ કરવું. એક વાર પરીક્ષા ખાતર અમારા દિવંગત પરમગુરુદેવ ધર્મસૂરીશ્વરજી મહારાજે, સ્વયં પાછળ આવી જઇને અમારી આંખે હાથ રાખી દીધા ત્યાં સુધી ખબર પણ ન પડી કે કોઈ બાજુમાં આવ્યું છે !! તેઓશ્રી પ્રસન્ન થઇ ગયા આ અભ્યાસએકાગ્રતાથી.

વિશિષ્ટ બાબતોમાં અધોમુખતા આ એકાગ્રતા લાવી શકે છે....

**(૩) અભિમુખ બનીએ :-** અભિમુખ થવું એટલે સામે જવું. વ્યક્તિ કે વસ્તુ પરવે આકર્ષણ - લગાવ કે ઔચિત્ય આદિ કારણે સામે પગલે રસ દાખવવો તે છે અભિમુખ અવસ્થા. આ અવસ્થા તે તે બાબત પ્રત્યે વ્યક્તિમાં અસાધારણ રસ સર્જવા સુધીની કમાલ કરી શકે છે. ઉદાહરણરૂપે , વ્યક્તિ કારકીર્દિ પ્રત્યે અભિમુખ થાય ત્યારે ઘણી વાર એમાં એવો અસાધારણ રસ-રુચિ ધરાવે કે એના મુકાબલે અન્ય તમામ બાબતોને ગૌણ-નગણ્ય કરી દે.

બસ, આ જ રીતે જીવનશૈલીની દૃષ્ટિએ કેટલીક બાબતોમાં અભિમુખતા ઉત્તમ ગણાય છે. જેમ કે દેવ-ગુરુ અને ધર્મ. વ્યક્તિ જો આત્મકલ્યાણનો માર્ગ દર્શાવનાર ભગવાન પ્રત્યે અભિમુખ રહે, ભગવાનની સત્ય ઓળખ કરાવનાર ગુરુ પ્રત્યે અભિમુખ રહે અને એમણે પ્રરૂપેલ નિષ્પાપ ધર્મ તરફ અભિમુખ રહે તો, આ અભિમુખતા એ સર્વ પ્રત્યે એવો અસાધારણ રસ-રુચિ પ્રગટાવે કે એનાથી પગલે પગલે પરમપદનો પંથ ખૂલે. જિનભક્ત મયણા હો કૃષ્ણભક્ત મીરા હો, એ બધા આ અસાધારણ રસ-રુચિ - ભક્તિનાં પ્રબળ પ્રતીક છે.

ઉત્તમ ગુણવાન પાત્રો પ્રત્યેની અભિમુખતા મયણા ને મીરાંનું

સ્તર પ્રાપ્ત કરાવી શકે છે...

**(૪) પરાઙ્મુખ બનીએ :** - પરાઙ્મુખ થવું એટલે મુખ ફેરવી લેવું - દૃષ્ટિ ફેરવી લેવી, તે તે બાબતથી વિમુખ થઈ જવું. ઉદાહરણરૂપે, કોઈ વ્યક્તિ સાથે આપણને અણબનાવ થઈ ગયો હોય - જોરદાર ઝઘડો થઈ ગયો હોય. હવે ધારો કે એ વ્યક્તિ અચાનક કોઈ સમારોહમાં આપણને મળી જાય તો? તો આપણે એના તરફના સખત અણગમાનાં કારણે તરત જ મુખ ફેરવી લેવાના, નજર ત્યાંથી તત્ક્ષણ હટાવી દેવાના. આને કહેવાય પરાઙ્મુખતા.

બસ, આ જ રીતે જીવનશૈલીની દૃષ્ટિએ કેટલીક બાબતોમાં પરાઙ્મુખતા પ્રશસ્ય ગણાય છે. જેમ કે કોઈના દોષો જોવા-નબળી બાજુની નિંદા કરવી - સમાજમાં તેના વિશે અપપ્રચાર કરવોઃ આવી બધી બાબતોથી પરાઙ્મુખ-વિમુખ બનવું. ગાંધીજીના ત્રણ વાંદરાની પરિભાષામાં કહીએ તો ગલત જોવામાં આંખ બંધ રાખવી, ગલત સાંભળવામાં કાન બંધ રખવા અને ગલત બોલવામાં જીભ બંધ રાખવી. આમ કરવાનું સરસ પરિણામ એ આવે છે કે તે તે ગલત બાબતો આપણાં જીવનમાં પ્રવેશતી અટકી જાય. એટલે જ આત્મસાધનાની અમૂક ભૂમિકા પર પરપ્રવૃત્તિથી-અન્યોના ગુણ-દોષની ચિંતાથી સર્વથા દૂર રહેવાનું જણાવાયું છે.

અન્યોની ગલત બાબતોથી પરાઙ્મુખ રહેવાની ચીવટ કેવી હોવી જોઈએ એ જાણવું છે? તો વાંચો શેખ સાદીના બાળપણની આ પ્રેરક ઘટનાઃ

એ નાના હતા ત્યારે પિતાની સાથે પહેલી વાર મસ્જિદમાં નમાજ પઢવા ગયા. તમામ વ્યક્તિઓ ત્યાં એક સાથે જમીન પર ઝૂકીને નમાજ પઢતી હતી. કુતૂહલથી આ દૃશ્ય જોઈ રહેલ બાળક સાદીએ જોયું કે એમાં એક વ્યક્તિ નમાજ પઢવાના બદલે આમ-તેમ જોતી હતી. બહાર નીકળ્યા બાદ એણે પિતાને એ વ્યક્તિ વિશે કહ્યું. તરત જ પિતાએ સાદીને ધધડાવી

નાખતા કહ્યું : ‘‘તું નમાજમાં આવવાના બદલે ઘરે રહ્યો હોત તો સારું થાત. કમ સે કમ તું બીજાની નિંદા કરવાથી તો બચી જાત.’’ શેખ સાદી નોંધે છે કે આ ઘટના પછી મેં કદી કોઇની નબળી બાજુ ન જોવાનો-ન કહેવાનો સંકલ્પ કર્યો !! આને કહેવાય જીવનશૈલીની દૃષ્ટિની પરાઙ્મુખતા.

(૫) **શ્રેયમુખ બનીએ :-** શ્રેયનો અર્થ છે હિત-કલ્યાણ. હિતની - કલ્યાણની બાબતોમાં વિશેષ રુચિ-રસ પ્રગટે તેને કહેવાય શ્રેયમુખ અવસ્થા. આપણી આસપાસ કેટલી ય ઘટનાઓ એવી સર્જાતી હોય છે કે જે સ્વ-પર અનેકોનાં હિતમાં - કલ્યાણમાં નિમિત્ત બની શકે. પરંતુ આપણે એને ગ્રહણ કરવાની વૃત્તિ કે દૃષ્ટિ ધરાવતા નથી હોતા. એટલે આસપાસની એ ઘટનાઓની પ્રેરણા ઝિલવાથી વંચિત રહી જઈએ છીએ. એટલે જ જીવનશૈલી-ઘડતરની દૃષ્ટિએ આપણે અહીં શ્રેયમુખ બનવાની વાતનો નિર્દેશ કરી રહ્યા છીએ.

જીવનશૈલી જો આ રીતે કેળવાઇ હોય તો વ્યક્તિ આસપાસની પ્રેરક બાબતોમાંથી શુભનો -સારનો સ્વીકાર કરે.એટલું જ નહિ, એનો યથાશક્ય અન્ય હિતાર્થે પ્રસાર પણ કરે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ જ ‘અમૃતની અંજલિ’ વિભાગ સાથે સંલગ્ન એક - બે ઘટનાઓ :

* ‘ગુજરાત સમાચાર’ ની અમેરિકાની સાપ્તાહિક આવૃત્તિમાં પ્રગટ થતા ‘અમૃતની અંજલિ’ના લેખો વાંચીને ત્યાંના કોઈ સદ્‌ગૃહસ્થને એને પુસ્તકરૂપ આપવાનો વિચાર સ્ફૂર્યો. એમણે પોતાના તરફથી પુસ્તક તૈયાર કર્યું. એમાં અઢાર લેખ ‘અમૃતની અંજલિ’ ના અને અન્યોના થોડા લેખ લઇને એ પુસ્તક સાત્ત્વિક પ્રેરણાના પ્રચાર માટે નિઃશૂલ્ક પ્રસારિત કર્યું. અમને તો, એક પ્રત અમારી પાસે આવી ત્યારે એનો ખ્યાલ આવ્યો...

* હમણાં થોડા સમય પૂર્વે કરજણથી હીંદી ભાષાના પ્રો. રજનીકાંત શાહનો પત્ર આવ્યો. સાથે ‘અમૃતની અંજલિ’ના બત્રીશ લેખોનું હીંદી ભાષાંતર હતું. યુગવીર આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. ની પરંપરાના ઉપાધ્યાય યોગેન્દ્રવિજયજીની પ્રેરણાથી તેઓ એમાંથી હીંદી

પુસ્તક હીંદીભાષી પ્રજા માટે તૈયાર કરી રહ્યા છે. સાવ અપરિચિત વ્યક્તિઓ આ વિભાગના લેખોનો પ્રસાર આ રીતે કરે એ બીજું કાંઈ નહિ, માત્ર શ્રેયમુખ અવસ્થાનું દ્યોતક છે.

છેલ્લે આ જ સંદર્ભમાં એક વાતઃ પુષ્પગુચ્છ આપણી આસપાસ પણ હોય જ છે. આપણે નીરસ છીએ કે સરસ? એના પર એની ઉપયોગિતા અવલંબે છે...

# ૧૮ દોષો તરફની આપણી દોટ હરણફાળ જેવી છે. ગુણો તરફની આપણી દોટ કાચબા જેવી ય છે ખરી ??

પશુઓની સૃષ્ટિના મુકાબલે માનવની મહત્તા સર્વત્ર નિર્વિવાદ છે. શું ધર્મગ્રન્થોનાં વચનો કે શું ચિંતકોની વિચારસરણી, શું વ્યવહાર જગતની વાસ્તવિકતા કે શું અધ્યાત્મજગતનો ઉન્નતિક્રમ : હરેક ક્ષેત્રે બોલબાલા માનવની છે. કારણ કે માનવ પાસે વિચારશક્તિ છે, વાણી શક્તિ છે, વ્યવસ્થાશક્તિ છે અને એ સર્વથી ચડિયાતી વિવેકશક્તિ છે. અરે! પશુઓની ખાસિયતનો વાચક 'પાશવી વૃત્તિ' શબ્દ સાંભળતા આપણને સૂગની અનુભૂતિ થતી હોય છે, જ્યારે માનવીની ખાસિયતનો વાચક 'માનવીય વૃત્તિ' શબ્દ સાંભળતા એક પ્રકારની સુવાસની અનુભૂતિ થાય છે.

પણ... સબૂર ! વાસ્તવિકતા ઉપરોક્ત હોવા છતાં કેટલીક વિશેષતાઓ પશુસૃષ્ટિમાં ય એવી અજાયબ હોય છે જે તાજુબ કરી દે. ભલે ને એ વિશેષતા બાહ્ય સ્તરની હોય, તો ય એની અજાયબતા અસરકારક તો ખરી જ. ઉદાહરણરૂપે જોઈએ તો, સુગરીનો માળો યા કરોળિયાની જાળ યાદ કરી શકાય. બેમાંથી એકે ય ને નથી કોઈ હાથ કે નથી કોઈ અભ્યાસની - એન્જીનીયરીંગની ડીગ્રી. છતાં ગણતરીના સમયમાં એકલપંડે એ જે સર્જન કરે છે એ કાબિલેદાદ હોય છે.

આપણે પશુસૃષ્ટિમાંની ત્રણેક બાહ્ય વિશેષતા આજના લેખમાં લઈને એની સાથે ગુણવત્તાની ધારા એવી જોડીએ કે જે આપણાં જીવનને બાહ્ય - અભ્યંતર ઉભય રીતે સજાવે - શણગારે.

પહેલી વાત કે **સિંહ જેવું હૈયું જોઈએ.** 'કલ્પસૂત્ર' નામે જૈન ગ્રન્થમાં તારક તીર્થંકર શ્રી મહાવીરપ્રભુને સાધનાની પરાકાષ્ઠાની ક્ષણોમાં જે અદ્‌ભુત અને અર્થપૂર્ણ શબ્દપુષ્પોથી વધાવાયા છે એમાં એક શબ્દપુષ્પ આ છે કે "**सिंहे इव दुद्धरिस**" મતલબ કે પ્રભુ સિંહ જેવા દુર્ધર્ષ-

પડકારી ન શકાય એવા હતા. એ વિશેષણનો આધ્યાત્મિક અર્થસંદર્ભ અલગ છે. પરંતુ આપણને અહીં નિસબત છે સિંહની ઉપમાની. સિંહ દુર્ધર્ષ-પડકારી ન શકાય તેવો હોવાનો એ સૂત્રનિર્દેશ છે. શું સિંહ એટલો બળવાન હશે -સર્વાધિક શક્તિમાન હશે કે એને કોઇ સફળતાથી પડકારી ન શકે?

ઉત્તર એ છે કે સિંહ સર્વાધિક શક્તિમાન-બળવાન નથી. બળ તો એના કરતાં હાથીમાં વધુ હોય છે. છતાં હકીકત એ છે કે હાથી ક્યારેય સિંહની સામે ફાવી ન શકે - જીતી ન શકે. સિંહ જ જીતે. એનું કારણ છે સિંહનું સત્ત્વ-પરાક્રમ-નિર્ભયતા. સામે ગંજાવર બળ ધરાવતા હાથી હોય તો ય સિંહ બિલકુલ નિર્ભયપણે એના પર આક્રમણ કરે ને એને મેદાન છોડવાની-ભાગી જવાની ફરજ પાડે. આ સત્ત્વશીલ-પરાક્રમી - નિર્ભય હૈયું સિંહની મુખ્ય વિશેષતા છે.

આ સિંહ જેવું નિર્ભય-સત્ત્વશીલ હૈયું મળી જાય તો વ્યક્તિ પણ દુર્ધર્ષ-દુષ્પ્રતીકાર્ય બની જાય. આફત-વિઘ્નો બાહ્ય સ્તરના હોય કે અભ્યંતર સ્તરના, સત્ત્વશીલ વ્યક્તિ નિર્ભીક બનીને એની સામે ટકી રહે. ન એ ડરે, ન એ ડગે. સિંહસત્ત્વને આધ્યાત્મિક અર્થસંદર્ભમાં વિચારીએ તો પૂર્વોક્ત પ્રભુમહાવીર દેવ દૃષ્ટિપથમાં અવતરે કે જેઓ ઘોર ભયંકર ઉપસર્ગો સામે યા દિવ્ય કામસુખોનાં આકર્ષણો સામે અડગ રહ્યા. ન એ ડર્યા કે ન એ ડગ્યા. સિંહસત્ત્વને ભૌતિક અર્થસંદર્ભમાં વિચારીએ તો દૃષ્ટિપથમાં અવતરે સમ્રાટ કુમારપાળ. એમની જીવનઘટના કાંઇક આવી છે :

સમ્રાટ કુમાલપાલનાં બે રૂપ હતા. એ પરમ આર્હત હોવાથી - સાચા જૈન હોવાથી જીવદયાના-ધર્મના પાલનહાર પણ હતા, તો ક્ષત્રિયશિરોમણિ હોવાથી જુંજાર યોદ્ધા પણ હતા. એક વાર કુરુજાંગલ દેશના રાજા અર્ણોરાજ સાથે એમને ધર્મયુદ્ધનો પ્રસંગ આવ્યો. વારંવારની ના કહેવા છતાં જૈન શ્રમણો વિશે અપમાનજનક ટિપ્પણી અર્ણોરાજે ચાલુ રાખી હોવાથી સમ્રાટ કુમારપાલે એને સબક શીખવવા આક્રમણ કર્યું.

સામે પક્ષે અર્ણોરાજ પણ કાચો ખેલાડી ન હતો. એણે દામનીતિ અપનાવીને કુમાલપાલના સૈન્યના ઉચ્ચ લશ્કરી અધિકારીઓને એ રીતે ફોડી નાખ્યા હતા કે યુદ્ધ મેદાનમાં અણીના સમયે એકે ય સૈનિક ડગ ન માંડે-લડે નહિ. કુમારપાલ જીવતા પકડાઈ જાય અને એમના સામ્રાજયનો કાયમી અસ્ત થઈ જાય એવો આ દગાભર્યો પ્રપંચ હતો. આ પ્રપંચથી સાવ અજાણ કુમારપાલે યુદ્ધમેદાનમાં ય પોતાની નિયત ધર્મસાધના કરીને યુદ્ધનો શંખનાદ કર્યો. પણ... આશ્ચર્ય ! એમની સેના એક ડગલું આગળ ન વધી. સામે પક્ષે કૂચ ચાલુ થઈ ગઈ.

વિચક્ષણ કુમારપાલ પળમાં પરિસ્થિતિ પામી ગયા. પરંતુ એમનું હૈયું સિંહનું હતું. જરા ય નાસીપાસ થયા વિના એ જ મિજાજથી એમણે મહાવતને પૂછ્યું : ‘‘તું અને આ હાથી મને વફાદાર છો કે નહિ?’’ મહાવતે કહ્યું : ‘‘અમે બે તમારા માટે જાન પણ કુરબાન કરીશું. બાકી એકે ય સૈનિક સાથે નથી.’’ અર્ણોરાજની સેના નજીક આવી. હજુ ખરાખરીનો જંગ શરૂ થાય તે પહેલા જ કુમાલપાલે પોતાનો હાથી વીજળીવેગે અર્ણોરાજના હાથી તરફ હંકારાવ્યો. હાથીને લગોલગ લઈને એ ચીલઝડપે અર્ણોરાજની અંબાડીમાં કુધા, એના મહાવતને નીચે પાડી દીધો અને અર્ણોરાજને પછાડીને એની છાતી પર ભાલો ધરી દીધો. કુમારપાલ જાણે સાક્ષાત્ કાળભૈરવ બની ગયા. અર્ણોરાજે ગરીબ ગાય બનીને જાનની ભીખ માંગી. યુદ્ધ શરૂ થાય એ પહેલા કુમારપાલે એકલે હાથે યુદ્ધ જીતી લીધું !!

કહેવું જ જોઈશે કે આ વિજય કુમારપાલના સિંહસત્ત્વને આભારી હતો...

હવે વિચારીએ બીજી વાત કે **ગરુડ જેવી આંખ જોઈએ.** પશુની દુનિયામાં જેમ સિંહ રાજા ગણાય છે, એમ પંખીની દુનિયામાં ગરુડ રાજા ગણાય છે. એ શક્તિશાળી હોય છે. આકાશમાં એ ખૂબ ઊંચે ઊંચે ઊડી શકે છે અને એની આંખ-દૃષ્ટિ એવી તીક્ષ્ણ હોય છે કે વિરાટ અંતરે રહેલ નાનામાં નાની ચીજને-પદાર્થને બરાબર નિહાળી શકે. એ આકાશમાં ઊડતું હોય તો ય ભૂમિ પરના નાનકડા પદાર્થને જોઈ શકે અને વૃક્ષ કે ભૂમિ પર

હોય તો ઉપર ઊંચે ઊંચે તીક્ષ્ણપણે જોઈ શકે.

નાનામાં નાના પદાર્થને નજર બહાર ન જવા દેતી ગરુડની આ દૃષ્ટિ વ્યક્તિમાં પણ વિકસવી જોઈએ અને એનું ક્ષેત્ર હોવું જોઈએ પોતાના નાના નાના દોષો - નાનકડી ભૂલો - ખામીઓ. મોટે ભાગે માનવીની તકલીફ એ છે કે તે દોષો નિહાળી શકે છે ખરો, પરંતુ અન્યોના. પોતાના નહિ!! અરે! ઘણી વાર અન્યોની બાબતમાં તો એ દોષો ન હોય ત્યાં ય દોષો જોઈ શકવાની કમાલ કરામત ધરાવે છે. વસ્તુતઃ આવી વૃત્તિ સ્વયં 'દોષદૃષ્ટિ' નામે ભયંકર ખતરનાક દોષ છે. એનાથી વિપરીત, સ્વયમેવ જાતના દોષો નિહાળવા એ આત્મનિંદા-આત્મસુધારણા નામે ઉચ્ચ ગુણ છે. આ ગુણનાં અનુસંધાનમાં વ્યક્તિ જો ગરુડ સમી તીક્ષ્ણ દૃષ્ટિ કેળવે તો એનાથી જીવનમાં અશક્ય જણાતા પરિવર્તન આવી શકે છે અને અનિવાર્ય લાગતાં દૂષણો-ખામીઓથી ય મુક્તિ શક્ય બને છે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ સત્ય ઘટના :

રંગીલા મુંબઈ મહાનગરમાં વસતો એક જૈન પરિવાર. પરિવારમાં કુલક્રમાગત જૈન ધર્મના સંસ્કારોનો વારસો સારા પ્રમાણમાં હતો ખરો. પરંતુ મહદંશ પરિવારોમાં બને છે તેમ નવી પેઢીના યુવાન સભ્યો રાત્રિભોજન ત્યાગી શકતા ન હતા. થોડો પ્રમાદ, થોડી ઉપેક્ષા, મુંબઈનું વ્યસ્ત જીવન વગેરે કારણો એમાં ભાગ ભજવતા હતા. ખાસ તો પરિવારનો આધાર યુવાન પુત્ર રાત્રિભોજન કરતો. એની સંસ્કારી માતાને આ પસંદ ન હતું. એ જેટલી વાર યુવાન પુત્ર રાત્રિભોજન કરતો જુએ એટલી વાર ટકોર કરે કે "આ તું ગલત કરે છે. આપણો ધર્મ રાત્રિભોજનનો કડક નિષેધ કરે છે. રાત્રિભોજનને શાસ્ત્રો અનેક અનર્થોની ખાણરૂપે અને નરકના 'National Highway' રૂપે ફરમાવે છે. તું એ છોડી દે."

પણ એવી તીવ્ર ભાવનાના અભાવે યુવાન એ ટકોરને નજરઅંદાજ કરતો. અધૂરામાં પૂરું એનો વ્યવસાય સંગીતનો હતો. રાત્રે મોડે સુધી કાર્યક્રમો કરવા પડે અને રાત્રે લાંબી મુસાફરીઓ ય કરવી પડે. આથી યુવાનને અંતઃકરણપૂર્વક લાગતું હતું કે રાત્રિભોજનત્યાગ તો

ગજાબહારની વાત છે. કેટલી ય વાર એવું બનતું કે માતા પ્રતિક્રમણ (વિશિષ્ટ ધર્મઅનુષ્ઠાન) કરીને ઘરે આવે ત્યારે એ યુવાન પુત્રની 'પેટપૂજા' ચાલતી હોય. માતા ટકોર કરે ત્યારે એ કહે ખરો કે ''તારી વાત સાચી છે.પરંતુ મારા માટે એ શક્ય નથી.''

આ રીતે કેટલો ય સમય વીત્યો અને એક દિવસ માતા પરલોક સિધાવી. એની અંતિમયાત્રામાં યુવાન સહિત અનેક સ્વજનો-પરિજનો સામેલ હતા. માહોલ શોકનો-ગમગીનીનો હતો. સ્મશાનમાં અગ્નિદાહવિધિ પણ શરૂ થઇ. પેલા શોકમગ્ન યુવાનને ત્યાં એવી અંતઃસ્ફુરણા થઇ કે માતાના આત્માને શાતા મળે અને એની આજીવન સ્મૃતિ રહે એવો કોઇ નિયમ સ્વીકારું. એને તીક્ષ્ણ દૃષ્ટિથી માતાના અને પોતાના જીવનપ્રસંગો નિહાળવા માંડ્યા અને તરત યાદ આવી રાત્રિભોજનત્યાગની વાત. એની તીક્ષ્ણ દૃષ્ટિએ એને મહેસૂસ કરાવ્યું કે આ દોષનો ત્યાગ જ માતાને શ્રેષ્ઠ અંજલિ બની રહે. ભાવુકતા ત્યારે એવી થઇ કે જાણે ચિતામાંથી મા ખુદ એને આ નિયમ લેવાનું જણાવી રહી હોય એવો એને સંકેત જણાર્યો. તે જ ક્ષણે એણે રાત્રિભોજનના આજીવન ત્યાગનો નિયમ સ્વીકાર્યો. આજે એ ઘટનાને આઠ વર્ષ થઇ ગયા. એનો નિયમ અખંડિત ચાલે છે અને એને એમાં ક્યાંય  અશક્યતા - કઠિનતા નથી લાગતી. એ યુવાન એટલે વિખ્યાત જૈન સંગીતકાર અનિલકુમાર ગેમાવત....

અને... ત્રીજી બાબત એ કે **હરણ જેવા ચરણ જોઈએ.** વન્ય પશુઓની સૃષ્ટિમાં હરણ પાસે જે ગતિ હોય છે, શાયદ એટલી ઝડપી ગતિ અન્ય કોઈની નથી હોતી. હરણ ગાફેલ હોય અને વનરાજ સિંહ એનો શિકાર કરી લે તો ભલે, બાકી પા ફુટના અંતરે ય જો હરણ સાવધ થઇને દોડવા માંડે તો સિંહની પણ મજાલ નથી કે એ હરણને સકંજામાં લઈ શકે. એ પવનવેગે દોડતું પ્રાણી છે. એ ફાળ પણ એવી જંગી ભરે કે નિમેષમાત્રમાં ક્યાંથી ક્યાં પહોંચી જાય. એટલે જ વ્યવહારમાં ય, કોઇએ ઝડપી પ્રગતિ કરી હોય ત્યારે 'હરણફાળ ભરી' જેવો શબ્દપ્રયોગ થાય છે.

ઝડપી પ્રગતિ કરવાની - અફાટ દોટ મૂકવાની હરણની આ

વિશેષતા માનવીમાં ય વિકસ્વર બનવી જોઈએ અને એનું ક્ષેત્ર હોવું જોઈએ આત્મકલ્યાણનો-આરાધનાનો માર્ગ. કલ્યાણમિત્ર સદ્‌ગુરુ ભગવંતનો યોગ થાય, આત્મકલ્યાણ માટેના આરાધનાયોગો આત્મસાત્ કરવાનો ભાવ પ્રગટે, ત્યારે આપણી ગતિ કાચબાની હરગિજ ન થવી જોઈએ. કાચબાની ગતિ એવી નહિવત્ હોય છે કે ચાલ્યો યા ન ચાલ્યો એ જ ખબર ન પડે. એમ ઘણી વાર સમજદાર વ્યક્તિની ય ધર્મસાધના એવી મંદ ગતિની હોય કે એ આરાધના કરે છે યા નહિ એ જ ખબર ન પડે.

આ ભૂમિકાથી ઉપર ઊઠીને ઝડપી પ્રગતિ આત્મકલ્યાણનાં ક્ષેત્રે કરીએ એ આ હરણના ચરણની વિચારણાનું હાર્દ છે. નહિવત્ શક્તિ છતાં વિવિધ ઉપાયોનાં માધ્યમે તપસાધનામાં પ્રચંડ પ્રગતિ કરનાર પુણ્યાત્માની ‘હરણફાળ’ નિહાળવી છે? તો વાંચો આ બીજી સત્ય ઘટના :

ગુજરાતનું વીરમગામનગર. ત્યાં રતિલાલ ખોડીદાસ નામે જૈન શ્રાવક રહે. સાધુ-સંતોના સુયોગથી તપશ્ચર્યાનાં ક્ષેત્રે આગળ વધવાના મનોરથ અંતઃકરણથી સેવે. કિંતુ અંતરાયકર્મ એવું પ્રબળ કે એકાસણાથી આગળ એક પણ તપ ન કરી શકે. એ પુણ્યાત્માને પોતાની આ મર્યાદાનો ખૂબ વસવસો હતો. એવામાં એમણે ગુરુવાણી સાંભળી કે “જે તપસ્વીની - જ્ઞાનીની ભક્તિ કરે એને ક્રમશઃ તપનાં-જ્ઞાનનાં અંતરાય તૂટે.” આ ભાઈએ એ ઉપાય પરાકાષ્ઠાએ આત્મસાત્ કરી લીધો. ગામમાં જે તપસ્વી મુનિ પધારે કે જે તપસ્વી શ્રાવક હોય એની બબ્બે-ત્રણ ત્રણ કલાક અવનવી ભક્તિ કરે. આયંબિલશાળામાં સેવાવૃત્તિથી પીરસવાની ભક્તિ કરે.

પરિણામ? પરિણામ એ અદ્‌ભુત આવ્યું કે જીવનના ૫૭ મા વર્ષે તપઅંતરાય તૂટ્યો. એમણે પ્રથમવાર આયંબિલ કર્યું અને પછી એવી ‘હરણફાળ’ ભરી કે કુલ ૧૧૪ વર્ધમાનતપઓળી કરીને વૃદ્ધવયે પાંચ હજારથી વધુ આયંબિલતપ કર્યાં!! તપનાં ક્ષેત્રે જાણે કે એમણે નવો સુવર્ણઈતિહાસ રચ્યો...

છેલ્લે જાતને પૂછવા જેવો એક પ્રશ્નઃ દોષો તરફની આપણી દોટ 'હરણફાળ' જેવી છે, ગુણો તરફની આપણી દોટ કાચબા જેવી ય છે ખરી ?

# ૧૯ અભાવનાં દુઃખ સાધનથી દૂર થઈ શકે... સ્વભાવના દુઃખ તો માત્ર સમજથી જ દૂર થઈ શકે...

સંસ્કૃત સાહિત્યમાં 'સ્વભાવ'ની સર્વોપરિતા દર્શાવતો અને વાસ્તવિક ભૂમિકાએ સ્પર્શતો એક મજેદાર શ્લોક આમ મળે છે કે :

परीक्षणीयो यत्नेन, स्वभावो नेतरे गुणाः।
अतीत्य हि गुणान् सर्वान्, स्वभावो मूर्ध्नि वर्तते।।

એનો નિર્દેશ એ છે કે કોઈની પણ સાથે સંબંધ બાંધીએ - મૈત્રી સ્થાપીએ યા સંપર્ક રાખીએ ત્યારે સામી વ્યક્તિની બીજી બધી લાયકાતો - વિશેષતાઓ ક્ષણભર બાજુમાં રાખવી અને એનો સ્વભાવ કેવો છે એ બાબતને સર્વોપરિ અગ્રતા આપવી. કારણ કે અવસરે તમામ ગુણો બાજુ પર રહી જતા હોય છે અને સ્વભાવ સહુથી વધુ છવાઈ જતો હોય છે !! સ્વભાવ જો સરસ હશે તો એ વ્યક્તિ આપણાં જીવનમાં સુખનાં સ્વસ્તિકો-રંગતની રંગોળી રચી દે અને જો સ્વભાવ બેકાર હશે તો એ વ્યક્તિ દુઃખના દાવાનલ સર્જી દે !!

વ્યક્તિ ભલે ને બુદ્ધિસમૃદ્ધિ-સૌંદર્યસમૃદ્ધિ કે સંપત્તિસમૃદ્ધિ ધરાવતી હોય, પરંતુ સ્વભાવની દૃષ્ટિએ તે જો પીત્તળ હશે તો પેલી ત્રણ ત્રણ સમૃદ્ધિઓ પણ એનાં જીવનમાં સુખનાં સ્વર્ગ અવતારી નહિ શકે. અરે! સ્વભાવની વિચિત્રતાનાં કારણે એવું વિપરીત બને કે બુદ્ધિસમૃદ્ધિનાં કારણે વ્યક્તિ વાતે વાતે દલીલોના ડખા કરીને દુઃખના દાવાનલ સર્જે. સૌંદર્યસમૃદ્ધિનાં કારણે અન્યોને તુચ્છ-ઊતરતાં ગણીને પીડાનો પાક લહેરાવે, તો સંપત્તિસમૃદ્ધિનાં કારણે ગર્વિષ્ઠ બની જઈને કારણ વિનાના કકળાટ સર્જે. માટે વ્યક્તિએ અન્યોની પસંદગીના સંદર્ભમાં સર્વાધિક મહત્ત્વ સારા સ્વભાવને આપવું જોઈએ અને પોતાના સંદર્ભમાં સર્વાધિક મહત્ત્વ સ્વભાવની સારી કેળવણીને આપવું જોઈએ.

સ્વભાવની કેળવણી ન કરાઇ હોય તો વ્યક્તિ સુખ-સમૃદ્ધિનાં સાધનો વચ્ચે ય કેવી દુઃખી થઇ જાય એ જાણવું છે? તો વાંચો આ રમૂજી પ્રસંગ :

અબજોપતિ શ્રીમંત શ્રેષ્ઠીની એકની એક લાડલી દીકરી. એકનું એક સંતાન હોવાનાં કારણે ખૂબ વધુ પડતા લાડ લડાવીને એની માતાએ એને તુંડમિજાજી બનાવી દીધી હતી. શ્રેષ્ઠીને આ પસંદ ન હતું. એથી એ વારંવાર પત્નીને ટકોર કરતા. પણ પત્ની કાંઇ ગણકારતી નહિ. યુવાનવયે દીકરીના લગ્ન થયા અને શ્રેષ્ઠીની ધારણા હતી એવો જ પહેલો પ્રત્યાઘાત આવ્યો.

શ્વશુરપક્ષ સંપત્તિની દૃષ્ટિએ પિતૃપક્ષ કરતા થોડો ઊતરતો હતો. એથી અભિમાની અને ઉદ્ધત દીકરી નાની નાની બાબતોમાં મોંફાટ બોલીને પોતાના પરિવાર કરતાં આ પરિવારને ઊતરતો-હલકો ઠેરવતી હતી. સાસુ-સસરાની સામે બોલવામાં ય એને કોઇ કચવાટ થતો ન હતો. બે-ચાર વાર વારવા છતાં એની આ સ્વભાવજન્ય હરકતો ચાલુ રહેતા એના પતિએ દાબ બેસાડવા ગુસ્સે થઇને એક જોરદાર તમાચો ફટકારી દીધો.

આ ઘટનાને મુદ્દો બનાવી દીકરી પિતા પાસે ગઇ. બધી વાત બઢાવી-ચડાવીને રજૂ કરવાના અંતે એ બોલી : ‘‘પેલો બે બદામનો માણસ તમારા જેવા અબજોપતિની દીકરીને લાફો મારે એમાં તો તમારું જ અપમાન છે. તમે એનો બદલો લો.’’ દીર્ઘદષ્ટા શ્રેષ્ઠી સમજી ગયા કે આમાં વાંક દીકરીનો જ છે. બહુ તુંડમિજાજી બનવા દીધી એનું આ પરિણામ છે. આજે જો એની સાન ઠેકાણે નહિ લવાય તો આગળ જતાં મોટા અનર્થો સર્જાશે. ક્ષણાર્ધમાં નિર્ણય લઇને શ્રેષ્ઠીએ દીકરીને બે તમાચા ફટકારી દેતાં કહ્યું: ‘‘એ મારી દીકરીને એક તમાચો મારી જાય એ કેમ ચાલે? એટલે મેં એની પત્નીને બે તમાચા મારી દઈને આ બદલો લઈ લીધો. હિસાબ પૂરો!!’’ દીકરી અવાક્ થઇ ગઇ પિતાના આ પ્રતિભાવથી.

પિતાએ પછી શાંતિથી એને સમજાવી કે ‘‘તું મારી દીકરી કરતાં

એની પત્ની છે એ રીતે વિચારતા શીખ અને આ નહિ, એ પરિવાર તારો છે એમ માનતા શીખ. અહીંની સરખામણી ત્યાં કરીશ કે અહીંના જેવું ઉદ્ધત વર્તન ત્યાં કરીશ તો દિવસોદિવસ ઝઘડાનો જ્વાળામુખી વધતો જ જશે. તારો સ્વભાવ સુધાર. બાકી તારી ખોટી તરફેણ હું કદી નહિ કરું.'' તરંગી આભમાં ઊડતી દીકરી વાસ્તવિકતાની જમીન પર આવી ગઇ...

સ્વભાવ કેટલી અગત્યની બાબત છે એ આ ઘટનામાં સુપેરે સમજાય છે. એટલે જ તો કહેવાય છે કે **'સ્વભાવ સરસ તો જીવન સરસ.'** સ્વભાવને સરસ - 'Royal' બનાવવા કાજે ઘણા ઘણા પાસાઓ વિચારી શકાય. જેમ કે ઈર્ષ્યા ન કરવી, કોઈને પછાડવાની ખટપટ-કાવાદાવા ન કરવા, સૌને સમાવવાની વિશાલ વૃત્તિ રાખવી વગેરે વગેરે. પરંતુ આપણે અહીં સ્થાનની મર્યાદાનુસાર ત્રણ વાત જ લઈશું. એ પણ એવી બાબતો કે જે જીવન પર ઘણી મોટી સીધી અસરો સર્જે.

પહેલી બાબત છે આવેશમાં કદી આવવું નહિ. આવેશનું શારીરિક નુકસાન એ છે કે એનાં કારણે વ્યક્તિ હાઈપર ટેન્શન-બ્લડપ્રેશર - હૃદયરોગ - હેમરેજ વગેરે રોગોનો ભોગ બને છે. જે વ્યક્તિ શાંત સ્વભાવની હોય એની અપેક્ષાએ આવેશમય-ગુસ્સાબાજ વ્યક્તિમાં આ બધા રોગોની સંભાવના વધુ રહે. ગુસ્સાનું માનસિક નુકસાન એ છે કે આવેશના સમયમાં અને તે પછી દીર્ઘ કાળ સુધી વ્યક્તિ મનથી-અશાંત-ઉદ્વિગ્ન રહે છે. એટલે જ કહેવાયું છે કે 'જે ગુસ્સાની એક ક્ષણ પર કાબૂ રાખી શકે છે એ અશાંતિનો આખો દિવસ નિવારી શકે છે.' અરે ! ત્યાં સુધી જાણકારો તો કહે છે કે એક વ્યક્તિનો વધુ પડતો ગુસ્સો આસપાસની સોળ વ્યક્તિઓને અશાંત બનાવી શકે છે.

આવેશમય સ્વભાવનું પારિવારિક-સામાજિક નુકસાન એ છે કે એનાથી વ્યક્તિ પ્રીતિ -સદ્ભાવના ગુમાવે છે. એટલે જ દશવૈકાલિક આગમગ્રન્થમાં જણાવાયું છે કે ''कोहो पीइं पणासेइ'' અર્થાત્ ક્રોધ પ્રીતિનો-સદ્ભાવનો નાશ કરે છે. આ સિવાય કર્મબંધ-દુર્ગતિગમન જેવા

ધર્મદષ્ટિનાં નુકસાનો અલગ. અરે! બાહ્ય દષ્ટિએ પણ આવેશમય સ્વભાવ ધરાવતી વ્યક્તિ મોટે ભાગે પાછી પડતી હોય છે. પ્રતીતિ કરવી હોય તો વાંચો આ રમૂજસભર કથા :

બે સગા ભાઈ વચ્ચે સ્વભાવનું આસમાન-જમીનનું અંતર. મોટો ભાઈ શાંત છતાં મક્કમ અને ગણતરી માંડીને પ્રવર્તનાર હતો. જ્યારે નાનો ભાઈ ગુસ્સાબાજ અને વિચાર્યા વિના પ્રવર્તનાર હતો. બે ય ને ભાગ પાડવાની કોઈ બાબતે મોટું અંતર પડી ગયું. ગુસ્સાખોર નાનાએ લાંબું વિચાર્યા વિના મોટા ભાઈ સામે કોર્ટકેસ માંડી દીધો. મોટા ભાઈનો પક્ષ મજબૂત અને ગણતરીભર્યો હતો. એથી નાના ભાઈને એ કેસમાં હારનો સ્વાદ ચાખવો પડ્યો.

ધૂંધવાઈ ગયેલા નાના ભાઈએ કોર્ટની બહાર આવતાંવેંત મોટાને પડકાર્યો : ‘‘તું એમ ન માની બેસતો કે હું ચૂપ રહીશ. હું તને હવે હાઈકોર્ટમાં ખેંચી જઈશ.’’ મોટા ભાઈએ ઠંડે કલેજે ઉત્તર આપ્યો કે :- ‘‘વાંધો નહિ. ત્યાં ય હું તને આ જ રીતે હારનો સ્વાદ ચખાડીશ.’’ નાનો ઓર ચિલ્લાયો : ‘‘તો હું ત્યાંથી તને સુપ્રીમકોર્ટમાં લઈ જઈશ.’’ મોટાએ કહ્યુ : ‘‘ ત્યાં ય હું તો તને આમ જ હરાવીશ.’’ હવે બેકાબૂ બની ગયેલ નાનો ભાઈ બરાડી ઊઠ્યો : ‘‘અરે! યાદ રાખ કે હું તને નરકમાં ય નહિ છોડું.’’ મોટા ભાઈએ ઠંડકથી ઉત્તર દીધો: ‘‘નરકમાં તારી સામે હું નહિ આવું. કેમ કે મારે તો સ્વર્ગે જવું છે!! તારે નરકે જવું હોય તો તું જાણે !! ’’ આસપાસ એકત્ર તમામ લોકો હસી પડ્યા મોટા ભાઈના આ ‘‘Master Strok’’ થી.

આવેશમય સ્વભાવનું આ ગલત પરિણામ છે. માટે આપણે એનાથી દૂર રહેવાનું વિચાર્યું....

બીજી બાબત છે અધીરા કદી બનવું નહિ. ધીરતાના મુખ્ય બે અર્થ છે. એક એ કે નાની - મોટી બાબતોમાં ઉતાવળથી - અધીરાઈથી ન પ્રવર્તતા ઠરેલપણે-પરિપક્વતાથી પ્રવર્તવું. અને બીજો અર્થ એ કે નાની-મોટી કોઈ પણ આફતોમાં ડગી ન જતા મેરુગિરિની જેમ અડગ રહેવું. જૈન

દૃષ્ટિએ જેઓ આ સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ પુરુષોત્તમ ગણાય છે તે શ્રી તીર્થંકર ભગવંતો માટે વર્ધમાન શક્રસ્તવ ગ્રન્થમાં બહુ અર્થપૂર્ણ વિશેષણ રજૂ કરાયું છે 'ધીરોદાત્ત'. એમનામાં પરાકાષ્ઠાનું ધૈર્ય વણાઈ ગયું હોય છે અને એ ધૈર્ય જ એમના સ્વભાવને ઉદાત્તતા બક્ષે છે. એ ભગવંતોને મેરુગિરિની ઉપમા પણ આ ધૈર્યગુણના સંદર્ભમાં જ અપાઈ છે. તીર્થંકરપ્રભુ સમી શ્રેષ્ઠ વિભૂતિઓનાં જીવનમાં ય ધીરતાનો આ મહિમા હોય તો એ એમ જ નિર્દેશ કરે છે કે આપણા સ્વભાવમાં ધીરતા કેટલી જરૂરી-ઉપયોગી છે.

વ્યક્તિનો સ્વભાવ જો અધીર હોય - ઉતાવળો હોય તો એને પછીથી કેવો પસ્તાવાનો સમય આવે એ જાણવું છે ? તો વાંચો આ પ્રાચીન વણઝારાની ઘટના :

સેંકડો પોઠો સાથે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વ્યાપાર માટે ફરતો એક વણઝારો. ખૂબ માલ અને સમૃદ્ધિ એની પાસે હતી. પોઠોની રખેવાળી માટે ચોકીદારો ઉપરાંત સરસ કેળવાયેલ કૂતરાઓ પણ એ રાખતો. એમાંનો એક કૂતરો અત્યંત તાલીમબદ્ધ હોવાથી એને ખૂબ પ્રિય હતો. કૂતરો પણ વણઝારાને ખૂબ ચાહતો હતો.

એક વાર કોઈ રાજાએ પોતાના રાજ્યમાં વણઝારાને આપેલ વિશેષ વ્યાપરસુવિધાથી રાજી રાજી થઈ ગયેલ વણઝારાએ વિદાય વેળાએ પેલો તાલીમબદ્ધ કૂતરો રાજાને ભેટ આપ્યો. કૂતરાને માલિકથી જરા ય વિખૂટા પડવું ન હતું. પરંતુ માલિકના નિર્ણય સામે એ લાચાર હતો. રડતી આંખે એ વિખૂટો પડ્યો.

પણ... આ શું? ચાર દિવસ બાદ કૂતરો આપમેળે વણઝારાની પોઠ સુધી આવી ગયો. માલિકને દૂરથી જોઈને એ ઊલટભેર એના તરફ દોડ્યો. કૂતરો પોતાનાથી ઉપરવટ ગયો અને ગદ્દારી કરીને રાજાને ત્યાંથી ભાગી આવ્યો એ વિચારે વણઝારો ભયંકર ગુસ્સે થઈ ગયો. એમાં ને એમાં બાજુમાંની મોટી શિલા એણે કૂતરા પર એવી રીતે ફટકારી કે કૂતરાના રામ રમી ગયા !! ગુસ્સો થોડો શાંત થતા વણઝારાએ જોયું તો કૂતરાના ગળામાં

નાની ચિઠ્ઠી હતી. એ વાંચતા જ વણઝારાના મોતીયા મરી ગયા. એમાં લખ્યું હતું રાજાએ કે ''ગઈ કાલે રાત્રે તમારા આ કાબેલ કૂતરાએ રાજમહેલ પર ત્રાટકેલ ધાડપાડુઓને પકડાવી દીધા હતા. એની ખુશાલીમાં અમે એને કાયમ તમારી પાસે રહેવા મોકલીએ છીએ !!''

વણઝારાને પોતાના અવિચારી-અધીરાઈભર્યા કૃત્ય પર ધિક્કાર વછૂટ્યો કે થોડી ધીરતા-શાંતિ રાખીને કારણ તપાસ્યું હોત તો એ વફાદાર પ્રાણીનું આ રીતનું નિકંદન નીકળી ગયું ન હોત. આ સંદર્ભમાં યાદ રાખીએ આ પ્રેરક સૂત્ર કે 'અધીરાઈથી-ઉતાવળથી કામ કરીને નિરાંતે પસ્તાવા કરતા ધીરતાથી-શાંતિથી કામ કરવું સારું છે...'

ત્રીજી બાબત છે અપેક્ષા કદી રાખવી નહિ. 'પંચસૂત્ર' નામે જૈન ગ્રન્થમાં એક નાનકડું છતાં ખૂબ માર્મિક સૂત્ર મળે છે કે ''अविक्खा अणाणंदे''. એનો અર્થ એ છે કે અપેક્ષાઓ દુઃખનું મૂળ છે. અનુભવની એરણ પર આ વિધાન એકદમ સત્ય પુરવાર થતું નિહાળવા મળે છે. આપણે એનાં એક-બે ઉદાહરણો વિચારીએ : ધારો કે આર્થિક મુશ્કેલીમાં ફસાયેલી એક વ્યક્તિ એવી અપેક્ષા રાખે કે એના સ્વજનોએ એને અમૂક લાખ રૂપિયાની સહાય કરવી જ જોઈએ. હવે કોઈ કારણસર સ્વજનો એ સહાય ન કરે તો અપેક્ષાભંગ થવાથી પેલી વ્યક્તિ દુઃખી થઇ જવાની. એ બધે કહેશે પણ ખરી કે ''લાખો રૂપિયા છતાં કોઈ સ્વજને મને સહાય પણ ન કરી. શું કામના આવા સગા?'' પત્ની પતિ પાસે ઝાઝી બધી અપેક્ષાઓ રાખીને એ પૂર્ણ ન થતા વાતે વાતે દુઃખી થાય, તો મિત્ર મિત્ર પાસે વધુ પડતી અપેક્ષાઓ રાખીને દુઃખી થાય.

અલબત્ત, સંસાર છે એટલે વ્યક્તિને એક-બીજાની સહાય જરૂરી રહે. એમાં ના નથી. પણ જ્યારે એ આશા હકની હદમાં પ્રવેશીને આગ્રહભરી અપેક્ષા બની જાય ત્યારે એ અચૂક દુઃખી થવાનો રાજમાર્ગ બની જાય. આવો અપેક્ષાભર્યો સ્વભાવ પછી દરેક બાબતે સાચા-ખોટાં ગણિત માંડતો થઇ જાય કે 'મેં એના માટે આટલું બધું કર્યું, છતાં એણે મારું કાંઇ ન કર્યું. એની જરૂર સમયે હું ઘસાઇ છૂટ્યો અને મારામાં એ સાવ વિમુખ જ થઇ

ગયો.' આવો સ્વભાવ ન બની જાય માટે એક નાનકડી પંક્તિ સરસ વાત કરે છે કે :- ''ન રાખ આશ, કદી કોઇ પાસ; પછી તને કોણ, કરશે નિરાશ....''

છેલ્લે સ્વભાવના સંદર્ભનું અદ્‌ભુત સૂત્રઃ અભાવનાં દુઃખ સાધનથી દૂર થઇ શકે છે, પણ સ્વભાવનાં દુઃખ તો સમજથી જ દૂર થઇ શકે છે....

# ૨૦ એવી બુદ્ધિ કદી ન મળજો જે સ્વાર્થી બનાવે... એવી બુદ્ધિ સદા મળજો જે પરાર્થી બનાવે...

અદ્યતન યુગના નિવાસસ્થાનોની અનેકવિધ વિશેષતાઓ પૈકી એક વિશેષતા એ છે કે એના ખંડોમાં પ્રકાશ પાથરવા કાજે પૂર્વ કાળની દીપમાલા જેવી યા ફાનસ વગેરે જેવી રોજની જહેમતભરી વ્યવસ્થા નથી હોતી. બલ્કે અવનવી આકર્ષક 'Light System' હોય છે. 'Switch Board' માં એક સાથે અનેક 'Switch' હોય, જ્યારે જે 'Light' પ્રગટાવવાની ચાહના થાય ત્યારે 'Switch On' કરવા માત્રથી તે લાઇટ તરત કાર્યરત થઇ જાય. ન કોઇ દીવામાં તેલ પૂરવાની જહેમત, ન કોઇ દીવેટ બનાવવાની મહેનત.

અમને લાગે છે કે કેટલાક સુભાષિતો - સૂક્તો પણ 'Switch Board' જેવા હોય છે. એમાં એક સાથે એવી અનેક 'Switch' હોય છે કે જે દિલના દીવાનખાનામાં વૈવિધ્યસભર પ્રકાશ પાથરે. એવો પ્રકાશ કે જે પરમનો પંથ દર્શાવે. ઝલકરૂપે જોઇએ તો, એક સુભાષિત એવું છે જેમાં મહાપુરુષોની લાક્ષણિકતા દર્શાવતા આ પ્રસ્તુતિ કરાઇ છે કે :-

**वदनं प्रसादसदनं, सदयं हृदयं सुधामुचो वाचः।**
**करणं परोपकरणं, येषां केषां न ते वन्द्याः ?**

એમાં મહાન વ્યક્તિઓની ચાર વિશેષતાઓ આમ દર્શાવી છે : (૧) નિર્મલ પ્રસન્નતાથી છલકતો ચહેરો (૨) દયાછલકતું હૃદય (૩) અમૃત શા માધુર્યથી છલકતી વાણી અને (૪) પરોપકારછલકતો કાર્યકલાપ. આ પ્રત્યેક ગુણો એવા છે જેને આપણે દિલના દીવાનખાનામાં અલગ-અજાયબ પ્રકાશ પાથરતી અલગ અલગ 'Switch' સાથે સરખાવી શકીએ. આપણે આ લેખમાં એ દરેક વિશેષતાઓનું વિશ્લેષણ તો નહિ કરી શકીએ. એથી એક માત્ર છેલ્લી 'પરોપકાર' નામની વિશેષતાનું

વિશ્લેષણ કરીએ.

પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનો ન હોવા છતાં ય અથવા તો પોતાના સ્વાર્થનો ભોગ આપીને ય અન્યોને સહાયક થવાની વૃત્તિને કહેવાય છે પરોપકાર. આ એવો પ્રશસ્ય ગુણ છે કે જે ધર્મની પ્રારંભિક ભૂમિકાએ પણ મહત્ત્વ ધરાવે છે અને ઉચ્ચતમ ભૂમિકાએ પણ મહત્ત્વ ધરાવે છે, જીવની વિકાસયાત્રાના પ્રારંભના તબક્કાઓમાં ય એની હાજરી જોવા મળી શકે છે, તો વિકાસના આગળના-ઉપરના તબક્કાઓમાં પણ એની હાજરી જોવા મળી શકે છે. જરા સમજીએ આ વાત.

જૈન ધર્મની દૃષ્ટિએ વિચારતા, માર્ગાનુસારી નામની અવસ્થા વાસ્તવિક ધર્મપ્રાપ્તિ તરફ દોરી જતી એકદમ પ્રારંભિક ભૂમિકા છે. આ અવસ્થાના પાંત્રીશ ગુણોમાં એક ગુણરૂપે પરોપકારને સ્પષ્ટ સ્થાન અપાયું છે. ધર્મની ઉચ્ચતમ ભૂમિકા છે તીર્થંકરત્વની પ્રાપ્તિ. ત્યાં તો પરોપકાર પ્રવૃત્તિ ડગલે ને પગલે બહુ આસાનીથી નિહાળી શકાય છે. હવે વિચારીએ વિકાસયાત્રામાં એનું સ્થાન. જીવના ઉત્પત્તિસંબંધી વિકાસમાં પૃથ્વી-પાણી-વૃક્ષ આદિ પ્રારંભિક તબક્કાનાં સ્થાન ગણાય છે. ત્યાં ય પરોપકારનું તત્ત્વ જ્વલંત નિહાળવા મળે છે. એક વૃક્ષનું ઉદાહરણ જ કહે છે કે તડકો એ સ્વયં વેઠીને આશ્રિતને શીળી છાયા આપશે, પથ્થરના ઘા સ્વયં સહીને અન્યોને ફળો આપશે અને કુહાડીના ઘા સહીને અન્યોને એ ઘર બનાવવામાં ઉપયોગી થશે. ઉત્પત્તિ સંબંધી વિકાસયાત્રામાં માનવજન્મ વગેરે આગળના-ઉત્તમ તબક્કા ગણાય છે. પરોપકારપરસ્ત-ઉમદા માનવોમાં એનું સ્થાન એવું પ્રબળ છે કે એક શાયરીમાં આવી મનઃકામના વ્યક્ત કરાઈ છે કે :-

चाह नहि इतिहासोकी स्याही में नामनिशान रहे,<br>
चाह नहि जगकें गीतोमें मेरा गौरवगान रहे ।<br>
चाह यही है मेरे मुखमें प्रभुका मंगल नाम रहे,<br>
परोपकार के पावन पथ में बस जीवनविश्राम रहे ।।

એટલે ઉપરોક્ત રીતે વિચારતાં એ પુરવાર થાય છે કે ધર્મની પ્રારંભિકથી લઈને ઉચ્ચતમ સુધીની ભૂમિકામાં ય પરોપકાર ઝળહળે છે, તો વિકાસના પ્રારંભિકથી લઈને આગળના તબક્કાઓમાં પણ પરોપકાર મહત્ત્વનું સ્થાન ધરાવતો હોઈ શકે છે. એક સંસ્કૃત સૂક્તમાં તો એ મહત્ત્વ આ રીતે દર્શાવાયું છે કે ''परोपकाराय सतां विभूतयः''. ભાવાર્થ કે સત્પુરુષોની સર્વ શક્તિ-સંપત્તિ પરોપકાર માટે જ પ્રયોજાતી હોય છે.

પરોપકાર આમ તો ઘણા વ્યાપક સ્તરનો અને ઘણા વ્યાપક હેતુઓ ધરાવતો હોઈ શકે છે. પરંતુ કેટલાક દૃષ્ટિબિંદુથી વિચારતા એના સામાન્યતઃ ત્રણ હેતુ સંભવે છે અને એ ત્રણેય હેતુ 'ક' અક્ષરથી શરૂ થાય છે. એ ત્રણ 'ક' છે કર્તવ્ય-કૃતજ્ઞતા અને કરુણા.

સામાન્યપણે પરોપકાર જ્યારે કુટુંબસંબંધી હોય ત્યારે ત્યાં હેતુરૂપે-કારણરૂપે કર્તવ્ય હોય. પછી ભલે એમાં સ્નેહ-ભક્તિ-વાત્સલ્ય વગેરે ભાવોના રંગો ય ઘુંટાય. કિંતુ મુખ્ય અપેક્ષાએ એમાં કર્તવ્ય કારણરૂપ ગણી શકાય. એક પતિ પત્ની માટે હજારો રૂ. ના વસ્ત્ર કે અલંકાર અર્પણ કરવાનો ઉપકાર કરે એ સ્નેહમૂલક કર્તવ્યનું પરિણામ છે, એક સુપુત્ર માતા-પિતાની રાત-દિવસ સેવા-ચાકરી કરવા તત્પર રહે એ ભક્તિમૂલક કર્તવ્યનું પરિણામ છે, તો એક માતા પોતાના બાળકનું તમામ પ્રકારનું યોગ-ક્ષેમ કરવારૂપ ઉપકાર કરે એ વાત્સલ્યમૂલક કર્તવ્યનું પરિણામ છે. એથી આપણે કુટુંબસંબંધી પરોપકારમાં સામાન્યતઃ કર્તવ્યને કારણરૂપ વિચાર્યું. એ જ્યારે વાત્સલ્યમૂલક હોય ત્યારે સંતાન પર કઈ હદે પરોપકાર કરાવી શકે એ જાણવું છે? તો વાંચો થોડા સમય પૂર્વેની જાપાનની આ સત્ય ઘટના :

જ્યાં અવારનવાર ભૂકંપ જેવી આફતો ત્રાટકે છે એ જાપાનના એક ગામમાં એક સવારે ભૂકંપની જાણે સુનામી આવી. કેટલાય ઘરો સાવ ધ્વસ્ત થઈ ગયા, તો કેટલીય જીવંત જિંદગી ધબકતી બંધ થઈ ગઈ. બચાવ ટુકડીના કુશલ જવાનો બચાવકાર્ય માટે તરત ત્યાં ધસી ગયા. એકેક ઘર અને એકેક કાટમાળ નીચે, કોઈ જિંદગી ધીમું ધીમું ધબકતી હોય તો એને

બચાવવા અને મૃતદેહો મળે તો એને અદબથી દફનાવવા, તેઓ આ જહેમત કરી રહ્યા હતા. એવામાં એમની નજર એક ઘરના કાટમાળની નીચે ગઇ અને એ થોડા વિસ્મયચકિત થઇ ગયા.

સામાન્યપણે આવી આફતમાં વ્યક્તિ ભાગવાની કોશિશ કરતા મરી હોય કે બેઠા બેઠા એકાએક મરી હોય એવાં દશ્યો એમની નજરે આવતા હતા. જ્યારે અહીં એક યુવાન સ્ત્રી ઘુંટણ ટેકવી મસ્તક જમીન તરફ ઢાળીને મૃત્યુશય્યામાં પોઢી દેખાતી હતી. 'શું એ પ્રાર્થના કરતા મૃત્યુ પામી હશે? એણે ભાગવાની કોશિશ કરી કેમ નહિ હોય ?' આવા તર્ક-વિતર્કો કરતાં યુવાનોએ જ્યારે એનો મૃતદેહ ઊંચક્યો ત્યારે એમની આંખો આશ્ચર્યથી આભી થઇ ગઇ. ક્ષણભર કલ્પી ન શકાય એવી એ ઘટના હતી. યુવતીની પલાંઠીમાં-ખોળામાં ત્રણ માસનું નાનકડું બાળક જીવતું - જાગતું હતું. એને બચાવવા ખાતર જ અણીના સમયે માતા એના પર કવચની જેમ છવાઇ ગઇ હતી. એની બાજુમાં મોબાઇલ હતો. એમાં યુવતીએ છેલ્લો 'મેસેજ' મૂક્યો હતો કે ''મારા લાલ, આ ભૂકંપમાં જો તું બચી જાય તો મોટો થઇને એટલું યાદ રાખજે કે તારી માને તારા પર કેવી લાગણી હતી !!'' બચાવ ટુકડીના યુવાનોની આંખમાં આંસુ બરફની જેમ થીજી ગયા....

પરોપકાર જ્યારે ઉપકારી વ્યક્તિ સંબંધી હોય ત્યારે એમાં કૃતજ્ઞતા કારણરૂપ બનતી હોય છે. કૃતજ્ઞતા એટલે સામી વ્યક્તિએ આપણા પર કરેલ નાના યા મોટા ઉપકારને સતત સ્મૃતિપટમાં તાજો રાખવાની સમજદારી. ધારો કે અણજાણ ભૂમિ પર - વેરાન જંગલ જેવા સ્થાનમાં આપણે અટવાઇ ગયા હોઇએ, ન માર્ગ મળતો હોય, ન ક્ષુધા મિટાવવા અનાજનો કણ મળતો હોય કે ન તૃષા છિપાવવા પાણીનું બુંદ મળતું હોય; એવા સંયોગોમાં કોઇ વ્યક્તિ આપણી ભોજન-પાણીની પૂર્ણ વ્યવસ્થા કરી દેવા ઉપરાંત આપણને સલામત સ્થળે પહોંચાડી દે તો એ થયો એનો શારીરિક સ્તરનો ઉપકાર... ધારો કે બારે ય વહાણ ડૂબી જાય એવી ભયાનક આર્થિક ભીંસમાં આપણે આવી ગયા હોઇએ, ન કહેવાય ન સહેવાય જેવી સ્થિતિ થઇ ગઇ હોય અને એમાંથી ઊગરવાનો કોઇ માર્ગ ન

મળતો હોય; એ પરિસ્થિતિમાં કોઇ આપણો હાથ પકડીને એ ભીંસમાંથી આબાદ ઉગારી લે તો એ થયો એનો આર્થિક ઉપકાર... ધારો કે કોઈ એવી સામાજિક સમસ્યા આપણાં જીવનમાં ઉદ્ભવી હોય કે એનો પ્રતીકાર કરવા જતાં 'ચોળીને ચીકણું' થાય ને મૌન રહેવા જતાં શંકાની સોય વધુ તીક્ષ્ણ તકાય, શું કરવું એ ન સમજાતું હોય; એ પરિસ્થિતિમાંથી કોઇ શાણપણ દ્વારા સહી સલામત આપણને બહાર લઈ આવે એ થયો એનો માનસિક સ્તરનો ઉપકાર.

આવા આવા ઉપકારો જ્યારે હૃદયસ્થ થઈ જાય ત્યારે આપણે તે તે ઉપકારી પ્રત્યે આભારની યાવત્ અહોભાવની લાગણીથી મંડિત થઇ જઇએ છીએ. પરિણામ એનું એ આવે કે તક મળતાં જ એ ઉપકારી પ્રત્યે પ્રત્યુપકાર - પરોપકાર કરવા આપણું મન સહજ તૈયાર થઇ જાય. આને કહેવાય કૃતજ્ઞતામૂલક ઉપકાર. હૈયે જો કૃતજ્ઞતા ઘટ્ટ થયેલી-ઘુંટાયેલી હોય તો નાનો શો ઉપકાર કરનાર પ્રત્યે ય કેવો સરસ પ્રત્યુપકાર-પરોપકાર થઇ શકે એ જાણવું છે? તો વાંચો દોઢ - બે સૈકા પૂર્વેની ઘટના. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર'માં આલેખેલ એ ઘટનાને આપણે સંક્ષેપમાં નિહાળીશું :

ભાવનગરના તે સમયના મહારાજા વજેસિંહજી. પ્રજાનાં સુખ-દુઃખ જાણવા એક વાર એ એકાકી ઘોડેસવાર થઇને નીકળ્યા હતા અને ભરબપોરે ભૂખ્યા-તરસ્યા લોથપોથ થઇને એક વાડી-ખેતર પાસે આવી ઊભા. ખેતરનો માલિક બોલકો જણ હતો. એણે હાક મારીઃ ''ક્યાં રે 'વા?'' ''ભાવનગર''. ખેડૂત આગળ બોલ્યો : ''કપડાં પરથી લાગો છો કે રાજના અધિકારી હશો.'' મહારાજાએ મરમમાં હસતા હા કહીને પૂછ્યુંઃ ''પાણી પાઇશ?'' ખેડૂતે ઘોડો અંદર લાવવા કહ્યું. મહારાજાને વૃક્ષ નીચે બેસાડ્યા, ઠંડું પાણી આપ્યું અને છોગામાં 'બોળો' પાયો. દહીંમાંથી બનતો 'બોળો' વાપરીને રાજા તૃપ્ત થઇ ગયા. પરંતુ એમણે પોતાની ઓળખ છતી ન કરી. પેલો ખેડૂત આગતા-સ્વાગતા કરતો જાય અને રાજા વિરુદ્ધ મોંફાટ ફરિયાદો ય કરતો જાય.

જવાના સમયે રાજાએ ખેડૂતનું નામ લખવા માટે પૂછ્યું. ખેડૂત કહેઃ ''મારું નામ સોંડો. પણ ભાવનગર જઈ મારાં વેણ વિશે રાજાને ફરિયાદ ન કરતા. નહિ તો હું ગરીબ માર્યો જઈશ.'' મીઠું હસતા રાજા વિદાય થયા અને બીજે જ દિવસે રાજના માણસો સોંડાને ભાવનગર લઈ જવા આવ્યા. સોંડો ગભરાયો કે 'નક્કી પેલા અધિકારીએ રાજાને મારી ફરિયાદ કરી લાગે છે. તે વિના આમ તેડું ન આવે.' ડરતા ડરતા એ કચેરીએ પહોંચ્યો ને રાજાને જોતાં જ એના મોતિયા મરી ગયા કે 'આ તો કાલે હતો તે જ છે. નક્કી હવે એ જેલમાં ધકેલશે.' પણ... એ માફી માંગે એ પહેલા જ, રાજાએ એને ગળે લગાવ્યો. સભા વચ્ચે એની પ્રશંસા કરી. ગઈ કાલે એણે કેવી ભૂખ - તરસ ઠારી હતી એનું વર્ણન કર્યું અને પછી એને રાજ તરફથી બક્ષિસરૂપે, એની ચાર પેઢીને ખાતા ન ખૂટે એવું ઇનામ તાંબાના પતરે લખી આપ્યું. સાથે નોંધ કરી કે ''બાપુ એને ત્યાં બોળો જમ્યા હતા એ માટે સોંડાને આ ઈનામ અપાયું છે !! '' આ છે કૃતજ્ઞતામંડિત પરોપકાર....

પરોપકાર જ્યારે અપરાધી-આપણા પ્રત્યે ગુનેગાર વ્યક્તિ પર થાય છે ત્યારે એમાં કરુણા કારણરૂપે હોય છે. ધારો કે એક વિરોધી વ્યક્તિ જાણી-બુઝીને આપણને કલ્પનાતીત નુકસાન કરે યા એક અજાણી વ્યક્તિ બેદરકારીથી ભયંકર નુકસાન કરે ત્યારે, આપણી પહેલી સ્વાભાવિક પ્રતિક્રિયા ગુસ્સાની અને એને શિક્ષા - સજા કરવાની હોય છે. કારણ કે, આપણું હૈયું કરુણાથી એટલું મંડિત નથી હોતું. પરંતુ જો કરુણાથી હૈયું અલંકૃત હોય તો વ્યક્તિ ભયંકર નુકસાની વચ્ચે ય અપરાધી પર ઉપકાર કરી શકતી હોય છે. પ્રતીતિ કરવી હોય તો વાંચો લગભગ ચાર દાયકા પૂર્વેની, આ જલ્દી માની ન શકાય એવી સત્ય ઘટના :

જૈનાચાર્ય શ્રી ત્રિલોચનસૂરિજી મહારાજ. વિહારમાં ટ્રક ડ્રાયવરે અજાણતાં ટક્કર મારતા એ લોહીલુહાણ હાલતમાં માર્ગ પર ઢળી ગયા. સંતને ઈજા પહોંચાડવાની ભૂલથી ડ્રાયવરનો આત્મા ડંખ્યો. એ ટ્રક ઊભી રાખીને જૈનાચાર્ય પાસે ક્ષમા માંગવા આવ્યો. જીવન-મરણમાં ઝોલા ખાતા આચાર્યશ્રીએ એને એટલું જ કહ્યું : ''મારું તો આયુષ્ય અહીં જ પૂરું થઈ જશે

કદાચ. પણ તું અહીં એક ક્ષણ પણ ઊભો રહ્યા વિના ભાગી જા. તારી ટ્રકનો નંબર પણ જો પોલીસ નોંધી લેશે તો તું હેરાન થઈ જઈશ. તું જા !!'' ડ્રાયવરની આંખમાં આંસુનાં તોરણો રચાયાં. આને કહેવાય કરુણામંડિત પરોપકાર.

છેલ્લે એક પ્રભુપ્રાર્થનાઃ એવી કુબુદ્ધિ કદી ન મળજો જે માત્ર સ્વાર્થી બનાવે, એવી સદ્‌બુદ્ધિ સદા મળજો જે મને પરાર્થી બનાવે.

# ૨૧ જેના જીવનમાં પરોપકારનો છે વિસ્તાર તે ભવ્યાત્માનો ભવથી છે ત્વરિત નિસ્તાર

જૈન ધર્મના સર્વશ્રેષ્ઠ મહાપર્વ પર્યુષણાનો માહોલ અત્ર-તત્ર-સર્વત્ર છવાયેલો છે. જિન-મંદિરો અને ઉપાશ્રયો ભાવિક ભક્તજનોથી અને ભાવનાઓથી ઉભરાઇ રહ્યા છે. પર્યુષણાના આ પરમ પ્રભાવની અસરો આપણી આ 'અમૃતની અંજલિ' પર પણ થઇ રહી છે. એથી જ ગત ચાર વર્ષથી, પર્યુષણાસમયે આ વિભાગમાં આપણે 'પર્યુષણાષ્ટાહ્નિકા' ગ્રન્થના એક શ્લોકમાં નિર્દિષ્ટ 'પ' અક્ષરથી શરૂ થતાં પાંચ કર્તવ્યનું ક્રમશઃ વિશ્લેષણ કરી રહ્યા છીએ. પૌષધ-પ્રતિક્રમણ - પચ્ચક્ખાણ-પૂજા પછી આજે અંતિમ કર્તવ્યરૂપે પ્રસ્તુત થાય છે પરોપકાર. આવો, આજે આપણે એના પર ચિંતનની ચાંદની રેલાવીએ.

બેશક, પૌષધ આદિ ધર્માનુષ્ઠાનો આત્મિક કલ્યાણ કરનાર હોવાથી બાહ્ય ભૂમિકાના પરોપકાર સાથે એની સરખામણી ન થઇ શકે. પરંતુ વ્યાપકતાના સંદર્ભના વિચારીએ તો, પરોપકાર અગ્રિમ સ્થાને છે. એ જૈનથી લઇને જૈનેતર સુધી પણ નિહાળવા મળી શકે છે, તો માનવથી ય આગળ વધીને પશુ-પંખી સુધી વિસ્તરતો નિહાળવા મળી શકે છે. વળી આ લેખમાં જે પરોપકારનો નિર્દેશ કરાશે તે બાહ્ય-અભ્યંતર ઉભય સ્તરનો છે. એથી પણ પરોપકારને આગવું સ્થાન-માન આપી શકાશે. આપણે શાસ્ત્રનાં માધ્યમે પરોપકારની મહત્તા નિહાળવા કાજે 'સૂક્તમુક્તાવલી' ગ્રન્થનો આ મજેદાર શ્લોક ટાંકીએ કે :-

परोपकारः सुकृतैकमूलं, परोपकारः कमलादुकुलम्;
परोपकारः प्रभुताविधाता, परोपकारः शिवसौख्यदाता ।।(-३३/२१)

મતલબ કે પરોપકાર સર્વ સુકૃતોનું મૂલ છે, પરોપકાર બાહ્ય-અભ્યંતર સંપદારૂપ લક્ષ્મીદેવીનું મનોહર વસ્ત્ર છે, પરોપકાર પ્રભુતાનો-ઐશ્વયનો સર્જક છે, અરે ! પરોપકાર તો મોક્ષસુખનો પણ દાતાર છે.

બાહ્ય-અભ્યંતર સર્વ પરોપકારને આવરી લેતા આ શ્લોકમાં પરોપકારનાં માહાત્મ્યની હૃદયંગમ પ્રસ્તુતિ છે. પરંતુ એ વાત હંમેશા હૃદયસ્થ કરી રાખવી કે પરોપકાર કોઈ પણ પ્રકારનો હો, કિંતુ એમાં બે ઉત્તમ બાબતો અવશ્ય જોઈએ : એક એ કે તે પરોપકાર નિરપેક્ષ અર્થાત્ સ્વાર્થશૂન્ય હોવો જોઈએ અને બીજું એ કે તે નામનાની લાલચથી મુક્ત હોવો જોઈએ. જરા સમજીએ આ બે ય વાત.

પ્રસિદ્ધ જૈન તત્ત્વજ્ઞાનગ્રન્થ 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં એક બહુ જ વાસ્તવસ્પર્શી સૂત્ર છે કે પરસ્પરોપગ્રહો જીવાનામ્. ભાવાર્થ એનો એ છે કે જીવદ્રવ્ય પરસ્પરને સહાયક થવારૂપે ઉપકાર કરે છે. આપણે જો આપણા દૈનિક જીવનનું જ અન્વેષણ કરીશું તો એમાં ય સ્પષ્ટપણે નિહાળાશે કે આપણે ઘણી ઘણી વ્યક્તિઓની સહાયનાં કારણે જ સુગમતાથી દૈનિક જીવન જીવી રહ્યા છીએ. આમ છતાં આપણને અન્યોની એ સહાય ઉપકારસ્વરૂપે એટલે મહેસૂસ નથી થતી કે એમાંની મહદંશ સહાય વેતનની યા વળતરની અપેક્ષાથી રંગાયેલી હોય છે. અલબત્ત, શ્રેષ્ઠ સ્તરની કૃતજ્ઞતા તો એ છે કે જેમાં અપેક્ષાસભર સહાયની પણ સરસ કદરદાની હોય. આમ છતાં એક વાત ચોક્કસ છે કે વેતનની-વળતરની અપેક્ષાથી ભરપૂર વ્યવહાર પરોપકારની શુદ્ધ વ્યાખ્યાને અનુરૂપ નથી થઈ શકતો. સાચો પરોપકાર તે છે કે જેમાં દુન્યવી સ્તરની અપેક્ષાઓનો અગ્નિસંસ્કાર હોય અને સમર્પણની સુગંધનો મઘમઘાટ હોય. કરવી છે આ સ્તરના પરોપકારની ઝલકની ઝાંખી? તો વાંચો આ નિકટના ભૂતકાળની ઘટના :

વિખ્યાત હિંદી કવિ સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા.' એમનામાં જેમ કવિત્વ ભરપૂર હતું, એમ કરુણા પણ ભરપૂર હતી. કોઈ પણ દીન-દુઃખીને એ નિહાળે અને એમનું અંતર કરુણાર્દ્ર બન્યા વિના ન રહે. કોઈ પણ અપેક્ષા વિના એ એને યથાશક્તિ સહાય કરવા તત્પર થઈ જતા.

એક વાર ગ્રીષ્મ ઋતુની બળબળતી બપોરે એ પોતાના ખંડમાં આરામ કરી રહ્યા હતા. ત્યાં એમની નજર અચાનક રાજમાર્ગ તરફ ગઈ. ત્યાં

એક અતિ વૃદ્ધ દુર્બળ વ્યક્તિ માથે મોટો ભારો ઊંચકીને જઇ રહી હતી. એનાં અંગ પર પૂરતાં વસ્ત્રો ન હતા, તો પગમાં પગરખાં ય ન હતા. એ વૃદ્ધ વ્યક્તિ ખૂબ ત્રસ્ત જણાતી હતી. કરુણાર્દ્ર નિરાલાજી તરત જ દોડીને એની પાસે પહોંચી ગયા, એને આગ્રહ કરીને પોતાનાં ઘરે લઇ આવ્યા, એને ભોજન આપ્યું અને ઉપર વસ્ત્રો-પગરખા-છત્રીની ભેટ ધરી.

પેલી ગરીબ વૃદ્ધ વ્યક્તિ વિસ્મયસ્તબ્ધ થઇ ગઇ. એ નિરાલાજીને પહેંચાનતી પણ ન હતી. ઉપકારથી હૈયું ભરાઇ જતાં એ વૃદ્ધ જન બોલ્યા : ''અરે! તમે તો મને ઓળખતા પણ નથી. તો આટલું બધું કેમ આપો છો ? કાંઇ કારણ?'' તરત જ નિરાલાજીએ ઉત્તર આપ્યોઃ ''કારણ કાંઇ જ નથી, છતાં ગણો તો કારણ એટલું જ કે તમે મારા ક્રોડો માનવબંધુ પૈકી એક બંધુ છો!!'' આ ઉત્તરમાં જાણે કે નિરાલાજીના નિરપેક્ષ પરોપકારની મહેંક પ્રગટતી હતી...

પરોપકારમાં બીજી મહત્ત્વની બાબતરૂપે આપણે નામનિર્દેશ કર્યો હતો નામનાની લાલચનો અભાવ. કેટલીક વાર પરોપકારની પ્રવૃત્તિઓમાં એવું ય બનતું હોય છે કે 'કામ ઓછાં ને નામ ઝાઝાં.' જ્યારે તસવીરો ઝડપવાની હોય ત્યારે સહુ કાર્યકરો હાજર અને નક્કર કાર્ય કરવાનાં હોય ત્યારે બધા ગેરહાજર!! સેવાપ્રવૃત્તિમાં ભોગ બે-ચાર કર્મઠ કાર્યકરોનો હોય, પરંતુ ઉલ્લેખ કરવાનો હોય તો ટ્રેનના ડબ્બાઓ જેવી સળંગ નામાવલિ હાજર!! અલબત્ત, કાર્યના વ્યાપ માટે ઘણી વાર પ્રચારની પણ આવશ્યકતા હોય છે. એનો કોઇ ઇન્કાર નથી. પરંતુ એના અંચળા હેઠળ નિતાંત નામનાલાલચ પ્રવેશી ન જાય એની તકેદારીનો જ અહીં નિર્દેશ છે. કઇ હદે નામનાથી નિર્લેપ રહેવું જોઇએ તેનો માર્મિક નિર્દેશ એક સંસ્કૃત સુભાષિતમાં હૃદયંગમ ઉપમાપૂર્વક આ રીતે અપાયો છે કે :-

स्थितिः सतां काप्युपकृत्य यत्ते, प्रयान्ति तत्प्रत्युपकारभीताः।
निर्वाप्य पृथ्वीं तपतापतप्तां, न वारिदा नेत्रपथे स्फुरन्ति ॥

ભાવાર્થ કે તાપથી સંતપ્ત ગ્રીષ્મની ધરતીને અનરાધાર

જલવર્ષાથી પરિતૃપ્ત કરી દીધા બાદ વાદળાં ક્યારે ય આકાશમાં નજરે ચડવા પણ થોભતા નથી. આ એમ દર્શાવે છે કે સજ્જનોની મનઃસ્થિતિ જ એવી વિરલ હોય છે કે ઉપકાર કર્યા બાદ તેઓ તરત ત્યાંથી વિદાય થઈ જાય. એમને ભય હોય છે કે રખે ને એનો પ્રત્યુપકાર-વળતર મળવાની વાત આવે તો ? ? આ સૂક્તિમાં દર્શાવાયેલ વાદળાંઓ ઘણો મજબૂત દિશાનિર્દેશ કરી જાય એમ છે...

પૂર્વે નિર્દેશ કર્યો તેમ ઉપકારના બે વિભાગ છેઃ બાહ્ય અને અભ્યંતર. જ્યાં ભૌતિક સ્તરનો ઉપકાર હોય એ બાહ્ય ઉપકાર ગણાય અને જ્યાં આત્મિક સ્તરનો ઉપકાર હોય તે અભ્યંતર ઉપકાર ગણાય. ઉદાહરણરૂપે, એક વ્યક્તિને આર્થિકાદિ સહાય કરવી તે બાહ્ય ઉપકાર કહેવાય. અને એ વ્યક્તિને વ્યસન-દુરાચાર-વ્યભિચાર વગેરેથી મુક્ત કરીને સન્માર્ગમાં સ્થિર કરવી તે અભ્યંતર ઉપકાર કહેવાય. જે અવસરે જે સ્તરના ઉપકારની પ્રથમ આવશ્યકતા હોય તે અવસરે તે સ્તરનો ઉપકાર કરવો એ વિવેકી વ્યક્તિનું સમયોચિત કર્તવ્ય રહેવું જોઈએ. આમ છતાં સામાન્યતઃ એમ ચોક્કસ માનવું કે બાહ્ય કરતાં અભ્યંતર સ્તરનો ઉપકાર નિઃશંક શ્રેષ્ઠ છે.

અરે! સ્વયં ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં જીવનમાં ય અભ્યંતર સ્તરનો ઉપકાર જબરજસ્ત ઝળહળતો નિહાળી શકાય છે. આમ તો તે તારક ભગવંતો કેવલજ્ઞાન પ્રાપ્ત કરે એટલે પૂર્ણતઃ કૃતકૃત્ય થઈ જાય છે. હવે એમને કાંઈ ખાસ સિદ્ધ કરવાનું હોતું નથી. આમ છતાં તેઓ કેવલજ્ઞાન બાદ પ્રતિદિન સવાર-સાંજ પ્રદીર્ઘ ધર્મદેશના આપતા હોય છે અને હજારો-લાખો જીવોને કુમાર્ગમાંથી સુમાર્ગમાં, ઉન્માર્ગમાંથી સન્માર્ગમાં અને અધર્મમાંથી ધર્મમાં પ્રવર્તાવે છે. શા માટે તેઓ આ જહેમત કરે છે ? એનો મજાનો ઉત્તર 'મન્નહ જિણાણં' સૂત્રની પ્રબોધદીપિકાવૃત્તિમાં આ પંક્તિ દ્વારા અપાયો છે કે :-

''सर्वेऽपि तीर्थङ्करा उत्पन्नकेवलाः प्रतिदिनं देवनिर्मितसमवसृतौ सिंहासने उपविश्य प्रातः सन्ध्यायां च प्रहरप्रमाणकालं यावदनिर्विण्णतया

धर्मदेशनां तन्वते यत्तदुपकारमेव केवलं हृदि निधाय, नान्यथा.''

આનો ભાવાર્થ એ છે કે કેવલજ્ઞાની સર્વ તીર્થંકર દેવો પ્રતિદિન દેવનિર્મિત સમવસરણમાં વિરાજમાન થઇને સવાર-સાંજ ત્રણ ત્રણ કલાક અખિન્નપણે ધર્મદેશનાનું જે કર્તવ્ય અદા કરે છે તે હૈયે માત્ર ને માત્ર ઉપકારવૃત્તિ હોવાનાં કારણે જ. અન્ય કોઈ કારણે નહિ... યાદ રહે કે આ ઉપકાર અભ્યંતર સ્તરનો-આત્મિક સ્તરનો હોય છે અને તેનાં કારણે જ શ્રી તીર્થંકરદેવો પરમોપકારી - શ્રેષ્ઠ ઉપકારીરૂપે પ્રસ્થાપિત થાય છે.

દુઃખથી જ નહિ બલ્કે દુર્ગતિથી અને દર્દથી જ નહિ બલ્કે દોષથી બચાવી લેવાની અદ્‌ભુત ક્ષમતા ધરાવનાર આ અભ્યંતર ઉપકાર જેના પર વરસે છે એનાં જીવનની દશા-દિશા કેવી બદલાઈ જાય અને એ વ્યક્તિ જો કૃતજ્ઞ હોય તો ઉપકારી જન પ્રત્યેના આદરભાવથી કેવી તર-બ-તર થઇ જાય એ જાણવું છે ? તો વાંચો જૈન સાહિત્યની આ અદ્‌ભુત ઘટના :

મણિરથ અને યુગબાહુ નામે બે સગા બંધુ રાજકુમારો. કાળક્રમે વડીલબંધુ મણિરથ રાજા થયો અને લઘુબંધુ યુગબાહુ યુવરાજ થયો. યુગબાહુને અપ્સરા શી સોહામણી પત્ની હતી. નામ એનું મદનરેખા. એ ખરેખર નામ મુજબ મદનની-કામની રેખા સમી સૌંદર્ય શાલિની હતી. પરંતુ સાથે જ પ્રાણાંતે ય શીયળ ધરનારી ઉત્તમ મહાસતી હતી.

રાજા મણિરથ એની રૂપમોહિનીમાં પાગલ બની ગયો હતો. પોતાનું સ્થાન-માન વીસરીને એણે બે-ત્રણ વાર મદનરેખાને લલચાવવાની કોશિશ કરી. કિંતુ સુશીલ મદનરેખાએ એને જરાય મચક ન આપી. ઉપરાંત બન્ને ભાઈઓ વચ્ચે કલહ ન થાય માટે યુગબાહુને એની જાણ પણ ન કરી. આખરે કામાંધ મણિરથે સાન-ભાન ભૂલીને એક અંધારી રાત્રે યુગબાહુને એકાંત વાર્તાલાપ માટે બોલાવ્યો અને તક મળતાં જ જીવલેણ શસ્ત્રપ્રહાર કરીને એ ત્યાંથી પલાયન થઇ ગયો.

યુગબાહુની મરણચીસ સાંભળીને મદનરેખા અંગરક્ષકો સાથે

ત્વરિત ત્યાં ધસી ગઈ. લોહીના ખાબોચિયામાં તરફડતા યુગબાહુને નિહાળીને એને આભ તૂટી પડ્યા જેવો આઘાત અનુભવ્યો. પરંતુ સાથે એણે એ પણ જોયું કે પિતાતુલ્ય ભાઈએ કરેલ વિશ્વાસઘાતથી યુગબાહુ વૈરભાવનાથી ગ્રસ્ત થઈ રહ્યો હતો.

નખશિખ ધર્મિષ્ઠ રાણી મદનરેખાએ પતિની અંતિમ ક્ષણો સુધારવા હૈયે પથ્થર રાખીને એને અદ્ભુત નિર્યામણા કરાવવાપૂર્વક યુગબાહુ પર ભાવોપકાર કરતાં કહ્યું : ‘‘નાથ! તમે મોટા ભાઈ પર એક અંશ પણ દ્વેષ ન રાખશો. કારણ કે એમણે તમારી હત્યા નથી કરી, તમારાં અશુભ કર્મે જ આ સ્થિતિ સર્જી છે. મોટા ભાઈ તો માત્ર નિમિત્ત છે. એમની સાથે વૈરની ગ્રન્થિ બાંધશો તો તમારી દુર્ગતિ થશે. તમે એમને ય માફ કરીને મૈત્રીભાવ ધરજો..’’ એવી અસરકારક એ સમજાવટ હતી કે યુગબાહુ અંતિમ ક્ષણોમાં સર્વથા સમતાલીન બની ગયો અને મૃત્યુ બાદ દેવગતિમાં ઉચ્ચસ્તરીય દેવ બન્યો.

પતિનું મરણ સમાધિમય બનાવવાનો જબરજસ્ત અભ્યંતર ઉપકાર કર્યા બાદ, સતીત્વની રક્ષા કાજે મદનરેખાએ અગણિત કષ્ટો વેઠ્યા અને એક તબક્કે વિદ્યાધરલોકમાં વિશિષ્ટ જ્ઞાની ભગવંતની ધર્મદેશનાભૂમિમાં પ્રવેશી. ત્યાં એક આશ્ચર્યજનક ઘટનામાં એક તેજસ્વી દેવે મદનરેખાને પ્રથમ વંદન કરીને પછી જ્ઞાનીભગવંતને વંદન કર્યું. કારણપૃચ્છા થતા એ દેવે કૃતજ્ઞતાછલકતો ઉત્તર આપ્યો કે ‘‘હું પૂર્વજન્મનો યુગબાહુનો જીવ છું. અંતિમ ક્ષણોમાં મદનરેખાએ મારા પર કરેલ અભ્યંતર ઉપકારથી જ હું દેવ બની શક્યો છું, અન્યથા હું નર્કમાં સબડતો હોત. આ ઉપકારના દૃષ્ટિબિંદુથી જ મેં જ્ઞાની ભગવંત કરતાં ય એમને પ્રથમ વંદન કર્યા છે !!’’

આવો, આપણે પણ બાહ્ય-અભ્યંતર ઉભય ઉપકારની ધારા વહાવીએ અને સ્વ-પરનાં જીવનમાં પરમજ્યોતિનો પ્રકાશ પાથરીએ....

# ૨૨ પોતાનાથી અધિક પ્રત્યે આદરભાવ અને હીન પ્રત્યે કરુણાભાવઃ સિદ્ધિનો આ સાચો વૈભવ છે !!

સફળતા - સિદ્ધિની ચાહના કોને ન હોય, ભલા ? હર કોઈને હોય. સ્કૂલે જતાં નાના નાના બાળકોને પરીક્ષામાં સફળતાની ઝંખના હોય, તો રમતવીરોને પોતપોતાના રમતક્ષેત્રમાં ટોચ સર કરવાની ઝંખના હોય; વૈજ્ઞાનિકને નવી નવી શોધ દ્વારા કીર્તિમાન રચવાની તમન્ના હોય, તો કલાકારને પોતાનાં કલાક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાન હાંસલ કરવાના મનોરથ હોય.

પણ... સબૂર! સફળતા - સિદ્ધિ એમ કાંઈ રસ્તામાં - સસ્તામાં મળી જાય એવી સામાન્ય ચીજ નથી. એના માટે કેટલીક ચોક્કસ બાબતો અપેક્ષિત રહે છે. એમાં ય વાત જ્યારે ધર્મસાધનાનાં ક્ષેત્રની - અધ્યાત્મની હોય ત્યારે તો એ અપેક્ષિત બાબતો અવશ્ય મૂલ્યવંતી હોય. ૧૪૪૪ ગ્રન્થોના સર્જક પરમ પ્રજ્ઞાપુરુષ પૂર્વકાલીન જૈનાચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે એમના 'ષોડશક પ્રકરણ' નામે ગ્રન્થમાં ધર્મસાધનાને સાનુબંધ અર્થાત્ પરંપરામય સફળ બનાવવા કાજે પાંચ પ્રકારના આશયનો નિર્દેશ કર્યો છે. અલબત્ત, એ નિર્દેશ ધર્મસાધનાના સંદર્ભમાં હોવાથી એની કેટલીક વાતો એ પરિપ્રેક્ષ્યમાં નિહાળાવી જોઈએ. આમ છતાં ય એ પાંચ આશયો એવા છે કે જે બાહ્ય સ્તરની સફળતામાં પણ એટલા જ પ્રસ્તુત-ઉપયોગી બની રહે. આવો, આજે આપણે એના પર વિચારવિહાર કરીએ :

**(૧) પ્રણિધાન :-** પ્રણિધાનનો સીધો અર્થ છે એકાગ્રભાવ. એકાગ્રભાવે દૃઢ નિશ્ચયપૂર્વક કોઈ કાર્ય હાથ પર ધરાય તો જ એ કાર્યમાં સફળતાનો સંભવ રહે. જ્યાં એકાગ્રતાનાં સ્થાને વિક્ષિપ્તતા હોય, દૃઢ નિશ્ચયનાં સ્થાને 'Wavering Mind' હોય - વૈચારિક શિથિલતા હોય, ત્યાં સફળતાની સંભાવના ન હોય. ગ્રન્થકાર ભગવંતે 'પ્રણિધાન'ના જે ચાર વિશેષણ આપ્યા છે એમાંના પ્રથમ વિશેષણનો ભાવ એ છે કે તે

પ્રણિધાન નિશ્ચિતસમયસ્થિતિવાળું દઢતાસંપન્ન હોય. એટલે કે એ પ્રણિધાનમાં આ કાર્ય કરવું જ છે એવો દઢ નિશ્ચય તો હોય જ, ઉપરાંત 'આટલા સમયમાં કરવું છે ' એવો પણ નિશ્ચય એમાં હોય. વ્યવહારમાં આપણે અનુભવીએ છીએ કે નિશ્ચિત સમયમર્યાદા સાથે આપણે કોઈ કાર્ય આરંભીએ, ત્યારે એ સમયમર્યાદામાં તે કાર્ય પૂર્ણ કરવાનો જુસ્સો-જોમ-હોંશ અલગ જ પ્રકારના હોય. એથી વિપરીત, જે કાર્ય પરિપૂર્ણ કરવામાં દઢ નિશ્ચય અને સમયમર્યાદાનો અભાવ હોય એ કાર્યમાં લગભગ જોમ - જુસ્સો ન હોય અને પરિસ્થિતિ રગશિયા ગાડા જેવી હોય. તાત્પર્ય એ થયું કે સફળતા જો સંપ્રાપ્ત કરવી હોય તો દઢ નિશ્ચય અને નિશ્ચિત સમયમર્યાદા હોવી જોઈએ. એ જો હોય તો સફળતા કેવી સલામ ભરવા જેવી હાંસલ થાય એ જાણવું છે? તો વાંચો, અમારા ગુરુદેવ પ્રખર વિદ્વાન આચાર્યવર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનો જ વિદ્યાભ્યાસકાળનો આ પ્રસંગ :

ઈ.સ. ૧૯૫૬. એ વર્ષે તેઓને કલકત્તા યુનિવર્સીટીની સાહિત્યતીર્થ-ઉત્તમાની અને ન્યાયતીર્થ-મધ્યમાની પરીક્ષાઓ આપવાની હતી. પરંતુ પરમગુરુદેવ યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ત્યારે નવસારીમાં ઉપધાનતપારાધનાદિ શાસનપ્રભાવક કાર્યો યોજાયા હોવાથી એની જવાબદારીમાં તેઓ વ્યસ્ત રહ્યા. આથી અભ્યાસમાં સમય ફાળવી શક્યા નહિ. ઉપધાનતપ બાદ કેટલાક સહવર્તી હિતસ્વી મુનિવરોએ કહ્યું કે "તમે દરેક પરીક્ષામાં 'First Class First' આવો છો. કિંતુ આ વર્ષે સમયાભાવે એ શક્ય નહિ બને. માટે આ વર્ષે વિરામ રાખી આગામી વર્ષે પરીક્ષા આપજો."

પરીક્ષામાં સાહિત્ય અને ન્યાયશાસ્ત્રોના અતિ કઠિન વિષયો હતા. ગ્રન્થો ત્રેવીશ તૈયાર કરવાના હતા, ગ્રન્થોની ભાષા પૂર્ણ સંસ્કૃત હતી, અરે! પરીક્ષામાં ઉત્તરપત્રો પણ સંપૂર્ણ સંસ્કૃતમાં જ લખવાના હતા અને તૈયારીના દિવસો માત્ર સુડતાલીશ હતા. આથી ભલભલા મેધાવી અભ્યાસીઓ ય આ સ્થિતિમાં પારોઠનાં પગલા ભરે. પરંતુ અમારા ગુરુદેવનું પ્રણિધાન એ યુવાનવયે ય પ્રબળ-સબળ હતું. એમણે નિર્ધાર

વ્યક્ત કર્યો કે ‘‘સુડતાળીશ દિવસોમાં ત્રેવીશ ગ્રન્થોનો અભ્યાસ સંપૂર્ણ કરીને હું આ વર્ષે જ આ કઠિન પરીક્ષા આપીશ.’’ આ પ્રણિધાન પરિણામદાયી બનાવવા કાજે કાલિયાવાડી નામે નાનકડા ગામમાં સુડતાળીશ દિવસ તેઓએ સ્થિરતા કરી અને ત્યાં તમામ દિવસોમાં રોજે રોજ અઢાર-અઢાર કલાક અધ્યયનયજ્ઞ માંડીને તેઓએ તમામ ત્રેવીશ સંસ્કૃત ગ્રન્થો તૈયાર કરી દીધા. પૂર્ણ આત્મવિશ્વાસ સાથે સાહિત્ય અને ન્યાયની તે પરીક્ષાઓ આપી. અને... કમાલ. એ પરીક્ષામાં પણ તેઓ ‘First Class First’ જ ઉત્તીર્ણ થયા !!

પ્રણિધાન નામની આ પ્રથમ બાબતને આપણે બાહ્ય-અભ્યંતર સર્વ સફળતાના સંદર્ભમાં વિચારીએ તો, એમ લાગ્યા વિના નહિ રહે કે હર કોઇ સફળતામાં દૃઢ નિશ્ચયપૂર્વકનું પ્રણિધાન પ્રથમોપયોગી તત્ત્વ છે. ગ્રન્થકાર ભગવંતે આ બાબત ધર્મસાધનાના સંદર્ભમાં દર્શાવી છે. એથી એમણે પ્રણિધાન સાથે કુલ ચાર મજાની વિશેષતાઓ ગૂંથી છે. એ પૈકી પ્રથમ વિશેષતા આપણે ‘નિશ્ચિત સમયસ્થિતિક દૃઢતાસંપન્નતા’ રૂપે જોઇ. બાકીની ત્રણ વિશેષતાઓ સંક્ષેપમાં આ મુજબ છે :

એ પ્રણિધાન હીનગુણી વ્યક્તિ પર ધિક્કારના અભાવવાળું હોય. ઉદાહરણરૂપે, એક વ્યક્તિ ઉચ્ચ પ્રણિધાનપૂર્વક નિત્ય પચાસ શ્લોક કંઠસ્થ કરતી હોય અને બીજી વ્યક્તિ દિવસમાં પાંચ શ્લોક પણ કંઠસ્થ ન કરતી હોય. તો પહેલી વ્યક્તિને બીજી વ્યક્તિ પર તિરસ્કાર - ધિક્કાર ન થવો જોઇએ. તો જ એનું પ્રણિધાન સાર્થક... ત્રીજી વિશેષતા એ કે તે પ્રણિધાન પરોપકારપ્રધાન હોય. ભાવાર્થ કે ‘હું ભણી-ગણીને સર્વત્ર છવાઇ જઉં, અન્યોને ઝાંખા ઠેરવી દઉં’ આવી તુચ્છતા એ પ્રણિધાનમાં ન હોય. બલ્કે એવી ઉદાત્તતા હોય કે ‘હું જ્ઞાનશક્તિ દ્વારા અન્યોને સન્માર્ગ દર્શાવું, અન્યોનાં કલ્યાણમાં નિમિત્ત બનું...’ ચોથી વિશેષતા એ કે તે પ્રણિધાન નિરવદ્યવસ્તુવિષયક હોય. એટલે કે એ પ્રણિધાન ભલે અભ્યાસ અંગે (પ્રસ્તુતમાં) હોય, કિંતુ એની સાથે સાથે ગુરુનો વિનય-ભક્તિ આદિ નિરવદ્ય અને સહાયક યોગો પણ હોય. અભ્યાસને આગળ

કરીને સમજાવાયેલ આ પ્રણિધાનની વિશેષતાઓ એ સમજાવવા સક્ષમ છે કે જૈનશાસનનું ચિંતન કેટલું સૂક્ષ્મ અને કેટલું કલ્યાણલક્ષી છે...

**(૨) પ્રવૃત્તિ :-** પ્રવૃત્તિ એટલે તે તે કાર્યની સિદ્ધિને અનુરૂપ પુરુષાર્થ. પુરુષાર્થ વિના સિદ્ધિ કદાપિ નથી હોતી એ સર્વના માટે અનુભૂત સત્ય છે. એક સંસ્કૃત સુભાષિતનો પૂર્વાર્ધ કહે છે કે **''उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः''** મતલબ કે કોઈ પણ કાર્ય પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે, માત્ર મનોરથમહેલ રચ્યા કરવાથી નહિ. પુરુષાર્થ વિનાનો વિચાર તો વાંઝિયો હોય છે. કરવી છે એની પ્રતીતિ ? તો વાંચો આ રમૂજકથા :

રમેશે મહેશને કહ્યુ : ''હું આ શહેરની બહાર એક પ્લોટમાં ચાર મકાન વેચાણ માટે બનાવવાનું વિચારું છું. તારી ગણતરીએ એમાં કેટલો ખર્ચ આવે ?'' મહેશે મૂછમાં મલકતા જવાબ દીધો : ''એક પૈસાનો ખર્ચ ન આવે.'' રમેશ આશ્ચર્યથી બોલી ઊઠ્યો : ''અરે! તું કેવી નાસમજ વાત કરે છે. લાખોનો ખર્ચ તો કાચા અંદાજમાં ય આવે. હું તારી પાસેથી નક્કર ખર્ચ જાણવા માંગું છું.'' મહેશે ઠંડે કલેજે જવાબ દીધો : ''તું મકાનો બનાવવાનું માત્ર વિચારે છે, બનાવતો નથી. અને તારી પ્રકૃતિ જોતાં મને પાકી ખાતરી છે કે તું વિચારવા સિવાય બીજું કાંઈ કરવાનો નથી. એથી મેં કહ્યું કે એક પૈસાનો ખર્ચ ન આવે. વિચારવામાં ક્યાં એક પૈસાનો ય ખર્ચ લાગે છે ?'' રમેશ સ્તબ્ધ થઈ ગયો.

યાદ રહે કે જે વિદ્યાર્થીનો આશય પ્રથમ ક્રમાંકની પ્રાપ્તિરૂપ સિદ્ધિ મેળવવાનો છે એને વર્ષભર અભ્યાસની પ્રવૃત્તિ કરવી જ પડે. જે વ્યક્તિનો આશય શ્રીમંતાઈની પ્રાપ્તિરૂપ સિદ્ધિનો છે એને વ્યાપારરૂપ પ્રવૃત્તિ કરવી જ રહે. જે સાધકનો આશય સર્વકર્મક્ષયની પ્રાપ્તિરૂપ સિદ્ધિનો હોય એને સંયમસ્વીકારની પ્રવૃત્તિ કરવી જ રહે. આ તમામ ઉદાહરણમાં લક્ષ્યસિદ્ધિરૂપ આશયની મુખ્યતા છે. પ્રવૃત્તિ તેના માટે જ થાય છે. માટે અહીં પ્રવૃત્તિ ક્રિયારૂપ હોવા છતાં એની ક્રિયાત્મકતાને ગૌણ ગણીને એને ય આશયરૂપે સ્વીકૃત કરાઈ છે...

**(૩) વિઘ્નજય :-** પ્રવૃત્તિ હોય ત્યાં વિઘ્ન તો લગભગ

આવવાના જ. ચાલીએ તો કાંટા-કાંકરા નડવારૂપ વિઘ્ન આવે, ગાડી 'Drive' કરીએ તો અકસ્માત્‌રૂપ વિઘ્ન આવે, વ્યાપાર કરીએ તો કારમી નુકસાનીરૂપ વિઘ્ન આવે અને ઊંચે ચડીએ તો પતંગની જેમ પછડાઇ જવાના વિઘ્ન આવે. વિઘ્નની સંભાવના ડગલે ને પગલે હોવા છતાં આ ત્રીજો આશય ધરાવતી વ્યક્તિ એનાથી ડરે યા ડગે નહિ. બલ્કે એના પર વિજય મેળવીને આગેકદમ કરે. એક શાયરી આ સંદર્ભમાં સરસ પ્રસ્તુતિ કરે છે કે :-

**अडग रहा जो अपने पथ पर, लाख मुसीबत आने पर,**
**मीले सफलता उन्हें जगमें, जीनेपे और मर जाने पर ।**
**जोश तेरा कम होना न पाए, कदम कदम मीलाके चल,**
**मंझिल तेरा पाँव चुएगी, आज नहि तो निश्चे कल ।।**

વિઘ્નોને નહિ ગણકારીને આગળ ધપવાની આ ઝીંદાદિલ વૃત્તિનું અમારી નજર સમક્ષનું ઉદાહરણ પ્રસ્તુત કરવું છે અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ યુગદિવાકર જૈનાચાર્ય ધર્મસૂરીશ્વરજી મહારાજનું :

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર અને અજોડ શાસનપ્રભાવક એ સૂરીશ્વર આયુષ્યના ચુમ્મોતેરમા વર્ષે પાલિતાણામાં 'Paralysis'ની બિમારીમાં સપડાયા. સંપૂર્ણ જમણું અંગ લકવાગ્રસ્ત બની જતાં જમણી તરફના હાથ-પગસહિત જીભ પર પણ તેની અસરો થતાં પ્રારંભમાં વાચા સુદ્ધા સ્થગિત થઈ ગઈ. થોડા દિવસો બાદ વાચા તો પુનઃ પ્રાપ્ત થઇ, કિંતુ હાથ - પગમાં રોગની અસરો વિશેષ રહી. એ દિવસોમાં એમની નિરાગ્રહવૃત્તિ અને વિઘ્નોને ઓળંગી જવાના પ્રચંડ સત્ત્વને એક સાથે ઉજાગર કરતી એક ઘટના સર્જાઇ.

બન્યું હતું એવું કે એમની પ્રેરણા - પુરુષાર્થથી જ મુંબઇ-કાંદિવલીના જૈન સંઘે તીર્થસ્વરૂપ અતિ ભવ્ય મુનિસુવ્રત સ્વામીના ચોવીશ જિનાલયનું સર્જન કર્યું હતું. એની અંજનશલાકા- પ્રતિષ્ઠા તત્કાળ એકાદ વર્ષમાં કરવી જરૂરી હતી. અને પૂજ્યશ્રી ત્યાંથી ખૂબ દૂર પાલિતાણામાં

'Paralysis'ગ્રસ્ત હતા. જૈન શ્રમણના ચુસ્ત નિયમ મુજબ પૂજ્યશ્રી વાહનનો ઉપયોગ જરા ય કરવાના ન હતા. 'હવે શું કરવું' એ માટે કાંદિવલીનો સંઘ પૂજ્યશ્રી પાસે આવ્યો. એમણે પરાકાષ્ઠાની નિસ્પૃહતા દર્શાવી કે ''જો તમારે તત્કાળ પ્રતિષ્ઠા કરાવવી હોય તો એ તરફ વિચરતા અન્ય કોઇ આચાર્યને ભલામણપત્ર લખી દઉં.'' સંઘપ્રમુખ વ્રજલાલ શાહ આદિએ એક અવાજે ઇન્કાર કરી ભક્તિસભર ઉત્તર દીધો કે ''એ કદી નહિ બને. આપ જ્યાં સુધી મુંબઇ ન પધારો ત્યાં સુધી અમારો સંઘ રાહ જોવા તૈયાર છે. પણ આ મહાન કાર્ય આપના વરદ હસ્તે જ થવું જોઇએ.'' બે જ ક્ષણમાં પૂજ્યશ્રીએ ખુમારીભેર ઉત્તર આપ્યો કે ''સંઘની આવી પ્રબળ ભાવના છે તો હું આ સ્થિતિમાં ય વિહાર કરીને મુંબઇ આવીશ અને પ્રતિષ્ઠા કરાવીશ.'' તમામ વિઘ્નોને વટાવીને 'Paralysis'ગ્રસ્ત સ્થિતિમાં વિહાર કરીને છોંતેર વર્ષની વયે તેઓ મુંબઇ પધાર્યા અને તેમની નિશ્રામાં એ તીર્થરૂપ જિનાલયનો ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો.

ગ્રન્થકાર ભગવંત વિઘ્નના ત્રણ પ્રકાર જણાવે છે. માર્ગે જતાં કાંટો લાગે અને ક્ષણભર અટકવું પડે તેવું કંટકતુલ્ય જઘન્ય વિઘ્ન ગણાય, તાવ આવવાથી શરીર અટકી પડે એ જ્વરતુલ્ય મધ્યમ વિઘ્ન ગણાય અને દિશાભ્રમ-મિથ્યાત્વભ્રમ થાય તે દિગ્ભ્રમતુલ્ય ઉત્કૃષ્ટ વિઘ્ન ગણાય. સાધક આ ત્રણે ય સ્તરનો વિઘ્નજય કરે...

**(૪) સિદ્ધિ :-** તે તે લક્ષ્યની પ્રાપ્તિને કહેવાય છે સિદ્ધિ. પર્વતારોહક 'Everest' સર કરે એ તેની સિદ્ધિ છે, તો વિદ્યાર્થી પરીક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરે એ તેની સિદ્ધિ છે. સાધનાક્ષેત્રની વાત કરીએ તો, તે તે ઇષ્ટ ધર્મસ્થાનની - ધર્મક્ષેત્રીય ઇષ્ટ લક્ષ્યની પ્રાપ્તિને સિદ્ધિ કહેવાય. ગ્રન્થકાર ભગવંતે ધર્મક્ષેત્રના સંદર્ભમાં આ સિદ્ધિ સાથે ય બે વિશેષતાઓ જોડી છે કે પોતાનાથી અધિક ગુણવાન પ્રત્યે આદરભાવ અને હીન ગુણવાન પ્રત્યે કરુણાભાવ આ સિદ્ધિનો વૈભવ છે...

**(પ) વિનિયોગ :-** વિનિયોગ એટલે પોતાની સિદ્ધિનું અન્યોમાં પ્રત્યારોપણ. શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન આપે, તે છે જ્ઞાન નામે સિદ્ધિનો વિનિયોગ. ધર્મક્ષેત્રીય વિનિયોગમાં એ નમસ્કરણીય ઉદાહરણો મળે છે જેમાં ક્રોધનાબૂદીની સિદ્ધિ હાંસલ કરનાર યોગીજનનાં સાન્નિધ્યમાં વાઘ-સિંહ પણ સાવ શાંત બની જાય...

અંતે એ જ પ્રાર્થના કે આ પાંચ આશય પરમપદ તરફ પ્રગતિ કરાવનાર બની રહો...

# ૨૩ મોહદૃષ્ટિથી નિહાળતા શરીર રાગનું કારણ બને... તત્ત્વદૃષ્ટિથી નિહાળતા શરીર વિરાગનું કારણ બને...

સરેરાશ સંસારી વ્યક્તિ માટે મમતાનાં - આકર્ષણનાં કેન્દ્ર મુખ્યત્વે ત્રણ હોય છે : સંપત્તિ - સ્વજન અને શરીર. વ્યક્તિએ વ્યક્તિએ આ ત્રણ આકર્ષણકેન્દ્રોની તીવ્રતાની માત્રા અલગ અલગ હોય. પરંતુ સામાન્યતઃ એમ મનાય કે સંપત્તિ કરતા સ્વજનની મમતા તીવ્રતર હોય અને સ્વજન કરતાં શરીરની મમતા તીવ્રતમ હોય. ઉદાહરણથી સમજીએ આ વાત.

બધો પ્રમાદ - બધો શોખ બાજુ પર મૂકીને વ્યક્તિ સતત આઠ-દશ કલાક કમાણી કાજે મચી પડે છે એ, સંપત્તિની મમતા વ્યક્તિને તીવ્ર હોવાનું દર્શાવે છે. એ જ વ્યક્તિ પુત્ર-પત્ની-માતા વગેરે સ્વજનોની માંદગી હોય ત્યારે સંપત્તિ પાણીની જેમ ખર્ચી દે છે. એ એમ સમજાવે છે કે સંપત્તિ કરતાં સ્વજનની મમતા વ્યક્તિને મન તીવ્રતર હોય છે. પણ... જ્યારે જાતને બચાવવાની વાત આવે ત્યારે વ્યક્તિ નિકટના સ્વજનને પણ વિસારી દઈને માત્ર સ્વબચાવને પ્રાથમિકતા આપતી હોય છે. ભૂકંપ વગેરેમાં આવી વાસ્તવિકતા ઘણી વાર નજરે તરી આવતી હોય છે. એ દર્શાવે છે વ્યક્તિની શરીરની મમતા તીવ્રતમ હોય છે. જાતને બચાવવા વ્યક્તિ કઈ હદે પ્રયત્ન કરે એ જાણવું છે ? તો વાંચો આ કથા :

નદીનો દીર્ઘ પટ પસાર કરી રહેલી વાનરી, અચાનક ઉપરવાસમાંથી આવેલા ધસમસતા પૂરમાં ફસાઇ ગઈ. પાણી ઝડપભેર વધી રહ્યું હતું. જીવ બચાવવા વાનરી નદીપટના એક ઊંચાણવાળા ભાગ પર ચડી ગઈ. કિંતુ પાણી વધતું જ ગયું. વાનરી પાસે એનું બચ્ચું પણ હતું. એ બે પગે ખડી થઇ ગઇ અને બચ્ચાને છાતી સરસું રાખ્યું. પાણી હજુ વધતું જઈને ઘૂંટણ.... કમર... છાતી સુધી આવી ગયું. વાનરીએ બચ્ચાને મસ્તક પર લઇ લીધું. દૂર નદીપાર રહેલ લોકો વાનરીનો સંતાનપ્રેમ

નિહાળીને રાજી થયા. પણ આ શું ? પાણી નાક સુધી આવતા જ બેબાકળી થઇ ગયેલ વાનરી બચ્ચાને પગ નીચે રાખીને એના પર ઊભી થઇ ગઇ !! જીવ બચાવવાનો એનો આ છેલ્લો પ્રયત્ન, શરીર પરની મમતા તીવ્રતમ હોવાનો પુરાવો હતો....

અલબત્ત, ક્યાંક આ વાનરી કરતાં સાવ સામા અંતિમનો પરાકાષ્ઠાનો સંતાનપ્રેમ પણ મળી આવે છે. પરંતુ એકંદર સાર એ કે શરીર મમતાનું તીવ્રતમ કેન્દ્ર લગભગ સર્વત્ર હોય છે. આમ પણ વિચાર કરીએ તો, અન્ય તમામ પરિબળો કરતાં શરીર આપણું સૌથી નિકટનું પરિબળ છેઃ ભૌતિક રીતે અને માનસિક રીતે. ભૌતિક રીતે તો એ પ્રત્યક્ષ નિકટ છે. માનસિક રીતે જોઇએ તો, સંપત્તિ - સ્વજન ચાહે તેટલા પ્રિય હોય તો ય ત્યાં અભેદ નહિ આવે. 'મારી સંપત્તિ' 'મારા સ્વજન' આ જ શબ્દપ્રયોગ આવશે. જ્યારે શરીર સાથે તો અભેદ પણ આવી જાય. એથી જ 'શરીર માંદુ છે' ના બદલે 'હું માંદો છું' જેવા શબ્દપ્રયોગ પણ આવી જાય છે.

સાધનાનાં ક્ષેત્રે આગેકૂચ કરવા ચાહતા સાધક માટે આ શરીર સાધનાનું સાધન બની રહે અને મમતાનું - આસક્તિનું કેન્દ્ર ન બની જાય એ માટે, શરીરના સાત દોષ-સાત મર્યાદાઓ જ્ઞાનીજનોએ દર્શાવી છે. આજે આપણે એના પર વિચારવિહાર કરીએ :

**(૧) અશુચિ :-** શરીરમાં એટલી અશુચિ - અપવિત્રતા - મલિનતા છે કે એનું નિર્માણ જ અશુચિ તત્ત્વોથી થયાનું સ્પષ્ટ પ્રતીત થાય. જૈન શાસ્ત્રોએ તો બાર વૈરાગ્યપ્રેરક ભાવનાઓમાં એક આખી ભાવના જ આ શરીરની અશુચિ અંગે દર્શાવી છે. એમાં શરીરની તમામ અશુચિઓનું વૈરાગ્યભૂમિકાએ ચિંતન છે. શરીરની અશુચિમયતાનાં એક-બે ઉદાહરણો વિચારીએ. ગુલાબજાંબુ - રસગુલ્લાં વગેરેરૂપે 'Input' ભલે ગમે તેટલું સરસ - મૂલ્યવાન કરાયું હોય, પરંતુ 'Output' તો એનું પણ અશુચિરૂપે જ થવાનું. શરીર પર વસ્ત્ર ભલે અત્તરથી સુગંધિત પરિધાન કર્યા હોય, પરંતુ પ્રસ્વેદ થવાનાં કારણે આઠ-દશ કલાકે એ વસ્ત્ર પણ સુગંધમયમાંથી

દુર્ગંધમય બની જવાના. અરે! શરીરની આ અશુચિમયતા અંગે તો એક કાલ્પનિક કથામાં ધારદાર કટાક્ષ પણ કરાયો છે. વાંચો એ કલ્પનાકથા :

નગરનો ધોબી વસ્ત્રોનો ઢગ લઈને ધોબીઘાટે વસ્ત્રો ધોવા ગયો. નદીતટની કાળમીંઢ શિલા પર એણે વસ્ત્રો પછાડી પછાડીને સ્વચ્છ કર્યાં. સૂકવીને એ વસ્ત્રો લઈ પણ ગયો. પરંતુ ચાર દિવસ પછી એ જ વસ્ત્રોને ધોબી ફરી ત્યાં ધોવા લઈ આવ્યો. કાલ્પનિક કથા કહે છે કે ફરી મલિન થઈ ગયેલ વસ્ત્રોને જોઈને શિલાને વાચા ફૂટી. એ નારાજગીથી બોલી : ‘‘એય! શરમ નથી આવતી તમને? ચાર દિવસ પહેલા અહીં માર ખાઈ ખાઈને અધમૂઆ થઈ ગયા હતા. ત્યારે તમે માંડ સ્વચ્છ થયા હતા. આજે ફરી પછડાટ ખાવા આવી ગયા છો. જરા તો લજ્જા રાખો ? ’’ વસ્ત્રોએ શરમાઈને ઉત્તર આપ્યો : ‘‘શરમ તો ઘણી આવે છે અમને. પણ શું કરીએ? માનવીના શરીરનો સંગ કર્યો છે ને. એટલે આ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે !! ’’

‘શાંતસુધારસ’ ગ્રન્થની ‘અશુચિ ભાવના’માં શરીરની અશુચિમયતાનો અને ઉપરોક્ત કાલ્પનિક કથાના સારનો નિર્દેશ બહુ અસરકારક રીતે માત્ર બે પંક્તિમાં આમ કરાયો છે કે :-

केवलमलमयपुद्गुलनिचये,
अशुचीकृतशुचिभोजनसिचये...

મતલબ કે શરીર અશુચિમય પુદ્ગલના ખજાના જેવું છે અને સ્વચ્છ ભોજનને- વસ્ત્રને ય અપવિત્ર બનાવી દે તેવું છે. શરીરની આ વિષમતાનું ચિંતન શરીરનું મમત્વ ઘટાડવામાં અવશ્ય ઉપયોગી બને....

**(૨) વ્યાધિઃ-** વ્યાધિ એટલે રોગ. શરીરને યોગાયતન બનાવવાના બદલે જેઓ એને ભોગાયતન બનાવી દે છે તેમનાં શરીર બહુ આસાનીથી રોગાયતન બની જાય છે. બજારુ અભક્ષ્ય ચીજો - વ્યસનો વગેરેના ભોગવટાથી અંતે વ્યક્તિ ખુદ જ્યારે કેન્સર વગેરે રોગનો ભોગ બની જાય ત્યારે એની હાલત જીવતાં દોઝખ જેવી બની જાય છે. છેલ્લા

તબક્કાનું ગળાનું કેન્સર હોય, પાણીની ચમચી પણ પી ન શકાય એવી ભયંકર સ્થિતિ હોય, ગળા પાસે કાણું પડી ગયું હોય ને એમાંથી કીડા ખરતા હોય : એ ક્ષણોમાં જે કારમી પીડા હોય એની કલ્પના ય થરથરાવી દે એવી હોય છે. અમે એક એવી ક્રોડાધિપતિ શ્રીમંત વ્યક્તિને જોઈ-જાણી છે કે જેને અંતિમ અવસ્થામાં, સિગારેટનાં વ્યસનના અંજામરૂપે કેન્સરની રીબામણ આવી. અરે! સ્વરપેટી - અન્નનળી સુદ્ધાં કાઢી નંખાઈ. ન બોલાય કે ન મુખેથી ખવાય. છતાં ય તેઓ ન બચ્યા ને કમોતે મર્યા. આ છે શરીરની 'વ્યાધિ' નામે બહુ મોટી વિષમતા...

**(૩) ક્ષુધા :-** ક્ષુધા એટલે ભૂખ. શરીર સાથે સંલગ્ન આ રોજિંદી વિષમતા છે. ચાહે તેવી મનપસંદ સામગ્રીઓ ચાહે તેવું પેટ ભરીને આરોગી હોય, તો પણ સાત-આઠ કલાક થાય એટલે પેટનો ખાડો ખાલી થઈ જ જાય અને ભૂખ લાગે જ. ચિંતકો કહે છે કે ચાર બાબતો એવી છે કે જે કદી તૃપ્ત ન થાય : સ્મશાન, દરિયો, કંજૂસની મનોવૃત્તિ અને માનવીનું પેટ. આ ચારને ગમે તેટલું મળે તો ય એ જાણે ખાલી હોય એમ નવું નવું ઝંખ્યા જ કરે. એમાં પણ પેટની વાત બહુ ખતરનાક છે. ખાલી થઈ ગયા પછી થોડા સમયમાં જો એને ભરી ન શકાય તો થોડા દિવસમાં શરીર કાર્ય કરવામાં અશક્ત બની જાય.

આ પેટ ભરવા કાજે જ શ્રમજીવી વર્ગ તનતોડ મહેનત કરતો હોય છે. 'પેટ કરાવે વેઠ' આ ઉક્તિ ક્ષુધાનાં દુઃખની પ્રબળતાનો નિર્દેશ કરે છે. અરે! સંસ્કૃત સુભાષિત તો એમ કહે છે કે " **बुभुक्षितः किं न करोति पापं** " એટલે કે ક્ષુધાતુર માનવી ક્ષુધા શમાવવા કયું પાપ ન કરી બેસે એ પ્રશ્ન છે. ઈથિયોપિયાના દુષ્કાળ દરમ્યાન જીવતાં જીવ-જંતુ ખાઈ જતાં દુષ્કાળગ્રસ્ત માનવોની વાત અમે વાંચી ત્યારે આ સંસ્કૃત સુભાષિત એકદમ સચોટ ભાસ્યું. 'પેટનો બળ્યો ગામ બાળે' એ ગુજરાતી ઉક્તિ પણ આ સંસ્કૃત સુભાષિતની જ '**Wavelength**' પર રજૂઆત કરે છે.

એક મહત્ત્વની વાત. સંસારત્યાગી જૈન શ્રમણ-શ્રમણી ભગવંતોને જૈન ગ્રન્થોમાં અવારનવાર 'ભિક્ષુ' અને 'ભિક્ષુણી' શબ્દથી

સંબોધિત કરાયા છે. ક્યારેક કોઇને એમ થાય કે ‘ભિક્ષુ’ શબ્દ તો યાચક-માંગણને પણ લાગુ થતો હોવાથી એ શબ્દ આવા મહાન ત્યાગી ભગવંતો માટે કેમ પ્રયોજાય? પરંતુ ટીકાગ્રન્થોમાં આનું સમાધાન બહુ સરસ અપાયું છે. ત્યાં ‘ભિક્ષુ’ શબ્દનો નિરુક્ત અર્થ એ કરાયો છે કે ભિ=ભેદે અને ક્ષુ=ક્ષુધાનું દુઃખ. જેઓ સમ્યક્ સમજ દ્વારા ક્ષુધાપરિષહ સહન કરીને ભૂખનાં દુઃખને ય ભેદી નાંખે તેનું નામ ભિક્ષુ. ભૂખનું દુઃખ સૌથી વધુ અસહ્ય હોવા છતાં શ્રમણ એ સહન કરે છે માટે આ ‘ભિ-ક્ષુ’ શબ્દનો પ્રયોગ કરાયો છે. આ નિર્દેશમાંથી ય એ સ્પષ્ટ થાય છે કે ભૂખ એ શરીર સાથે સંલગ્ન પ્રબળ વિષમતા છે....

(૪) **પરિશીલનીયતા :-** પરિશીલનીયતાનો અર્થ છે ખૂબ કાળજીપૂર્વકની સાચવણી. વસ્ત્રોને એક વાર સ્વચ્છ કરી - ઇસ્ત્રી કરી બેગમાં મૂકી દેવાય, તો પછી એની કોઇ વિશેષ કાળજી લેવી ન પડે. એ દિવસોપર્યંત - મહિનાપર્યંત એવા ને એવા જ સ્વચ્છ રહે. અનાજને એક વાર જરૂરી સફાઈ કરીને કોઠારમાં રાખી દેવાય તો તે મહિનાઓ સુધી યથાવત્ રહી જાય. પણ... શરીર ? એની કાળજી એક વાર નહિ, રોજ રોજ કરવી પડે. રોજ સવારે એને સ્નાન કરાવવું પડે. શોખીન વ્યક્તિ હોય તો એ શરીરને રોજ પાવડર વગેરેથી નિખારે. એ શરીર જો બી.પી. વગેરે રોગોથી ગ્રસ્ત હોય તો એની નિયમિત દવા વગેરેથી કાળજી લેવી પડે. આમ છતાં વરવી વાસ્તવિકતા એ છે કે સૌંદર્ય પ્રસાધનોથી નિત્ય સજાવવા છતાં ય એ કાયમ એવું ને એવું જ સૌંદર્યસભર રહી શકતું નથી કે દવાઓથી ટકાવવા છતાં ય એ યથાવત્ રહી શકતું નથી.

આ સંદર્ભમાં ટાંકવાનું મન થાય છે તત્કાલીન પ્રસિદ્ધ સૌંદર્યસામ્રાજ્ઞી અને બ્રિટીશ રાજવંશની પુત્રવધૂ પ્રિન્સેસ ડાયેનાનો કિસ્સો. એને એવી સૌંદર્યજાળવણીની ઘેલછા હતી કે દર વર્ષે એનો આ માટેનો ખર્ચ બેંતાળીશ ક્રોડ રૂપિયા જેટલો હતો!! જે રકમમાંથી સેંકડો પરિવારો વર્ષભર પોષણ પામી શકે એ રકમ માત્ર સૌંદર્યજાળવણી માટે. આમ છતાં છત્રીશ વર્ષે એ ખુદ પરલોક સિધાવી ગઇ. ‘પ્રશમરતિ’ ગ્રન્થકારે

શરીર માટે 'नित्यं परिशीलनीये' શબ્દપ્રયોગ કરીને શરીરની આ વિષમતાને ઉજાગર કરી છે....

**(૫) પરાધીનતા :-** શરીર જ્યાં સુધી સ્વાધીન હોય ત્યાં સુધી એ સર્વાધિક સહાયક પરિબળ બને છે, પરંતુ એ જ શરીર જ્યારે પરાધીન બની જાય ત્યારે સર્વાધિક અવરોધક પરિબળ બની જતું હોય છે. જેણે અકસ્માત્માં બન્ને હાથ ગુમાવ્યા હોય એને ખબર પડે કે ભોજન - વસ્ત્રપરિધાનાદિ અઢળક બાબતોમાં કેવી પરાધીનતા અનુભવવી પડે છે, જેના બે ય પગ ઘુંટણથી કપાઇ ગયા હોય એને મહેસૂસ થાય કે એક સ્થળથી બીજા સ્થળે જવામાં કેવી પરાધીનતા નડે છે, બે ય આંખોનું નૂર જેણે ગુમાવ્યું હોય એને જ સમજાય કે પત્ર વાંચવાથી લઇને માર્ગ શોધવા સુધી કેવા પરાવલંબી બનવું પડે છે, 'Paralysis' થી સંપૂર્ણ શરીર જકડાઇ જાય ત્યારે ખ્યાલ આવે કે પડખું બદલવામાં ય કેવી પરાધીનતા રહે છે. અરે ! પરાધીનતાની પરાકાષ્ઠાએ વ્યક્તિ ત્રાસીને મોત માંગતી પણ થઇ જાય છે !! શરીર સાથે સંલગ્ન છે આ પાંચમી વિષમતા...

**(૬) વૃદ્ધાવસ્થા :-** દેવકુમાર સમો યુવાન કે અપ્સરા સમી યુવતી ય વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ જાય ત્યારે ઘણી વાર એના દિદાર એવા થઇ જાય કે એની સામે ય કોઇ ન જૂએ. મુખમાંથી લાળ ટપકે, તો નાસિકામાંથી લીંટ ટપકે, લખતા હાથ ધ્રૂજે, તો ચાલતા પગ ધ્રૂજેઃ ભલભલા સમર્થ જનોની હાલત વૃદ્ધાવસ્થામાં આ થઇ જતી હોવાનું જોઇને જ કો'કે રચના કરી છે કે 'ઘડપણ કોણે મોકલ્યું રે...' શારીરિક બદસુરતીથી લઇને પરાધીનતાનો પર્યાય બની જતી આ વૃદ્ધાવસ્થા છે શરીરની છટ્ઠી વિષમતા....

**(૭) નાશઃ-** સંસ્કૃતભાષામાં 'શરીર' શબ્દની વ્યુત્પત્તિ આ કરાઇ છે કે 'शीर्यते तच्छशरीरम्' જે નષ્ટ થવાનું જ છે તેનું નામ શરીર. આજે નહિ તો એક દિવસ એ નષ્ટ થવાનું જ છે. કિંતુ એથી ય કરુણ બાબત એ છે કે તે એક ક્ષણ પછી પણ નષ્ટ થવાનું હોય તો ય આપણને ખબર ન હોય. આપણે સાવ જ ઊંઘતા ઝડપાઇ જઇએ. હમણાં જ ભાયંદર-

બાવનજિનાલતીર્થમાં પરિચિત ડૉ. બિનોય શાહે એમના માતુશ્રીનો આવો કિસ્સો અમને કહ્યો. જો કે, એમણે એ કિસ્સાનો સાર ‘Positive’ લીધો. એમણે કહ્યું કે ‘‘મહારાજશ્રી! મારા માતુશ્રી સાવ નિરોગી હતા.ઘરમાં ચાલતા લાદી પર પાણીનાં કારણે લપસ્યા અને ત્યાં જ હેમરેજ - તરત જ મોત. આ નજરોનજર જોઇને હું જાગી ગયો કે આવું કાંઇક મને થાય એ પહેલા ધર્મમાં વધુ જોડાઇ જઉં.’’

શરીરની આ સાત વિષમતાઓ આપણે એટલે વિચારી છે કે એનાથી શરીરનું મમત્વ વિખરાય અને વૈરાગ્ય વિકસ્વર થાય. આ જ સંદર્ભમાં એક સૂત્ર આપીને વિરામ લઇશું કે ‘‘મોહદષ્ટિથી નિહાળતા શરીર રાગનું કારણ બને... તત્ત્વદષ્ટિથી નિહાળતા શરીર વિરાગનું કારણ બને...’’

# ૨૪ મહાવીરસ્વામી નિર્વાણનાં દિવાળી પર્વે પ્રભુપ્રાર્થના : "હે વીર! મુજ મનમાં તમારાં, વચનપુષ્પ બિછાવજો...."

સમતાના સાગર સાધનાના સુવર્ણ શિખર અહિંસાના અવતાર અને કરુણાના ભંડાર પરમતારક પરમાત્મા શ્રી મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકનો પવિત્ર પર્વદિવસ એટલે દીવાળી. આજથી ૨૫૭૦ વર્ષ પૂર્વે તે કાળના મગધદેશ (આજના બિહાર પ્રદેશ) ના અપાપાપુરી નગરમાં પ્રભુ અંતિમ ચાતુર્માસ કરીને અંતિમ ધર્મદેશના આપતા આપતા દીવાળીપર્વના પુણ્યદિને પરિનિર્વાણ પામ્યા હતા. એટલે જ લાખો જૈનોને મન દીવાળી મોજ-શોખનો તહેવાર નથી, બલ્કે આરાધનાનું અદ્‌ભુત પર્વ છે. તપસાધનાની જીવંત મૂર્તિ સમા પ્રભુમહાવીરદેવના અનુયાયીને શોભે તેમ, આ દીવાળી પર્વે અનેકાનેક જૈન ભાવિકો સળંગ બે ઉપવાસનો તપ કરીને જાપસાધના કરતા હોય છે.

કેવું હતું પ્રભુ મહાવીર દેવનું તપોમય જીવન ? માત્ર આંકડાકીય માહિતી પણ મેળવીએ તોય આપણાં દિલ-દિમાગ આશ્ચર્યથી તર-બ-તર અને અહોભાવથી ભાવિત થઈ જાય. સાડા બાર વર્ષના સાધનાકાળમાં પ્રભુએ કુલ 4515 દિવસમાંથી કુલ 4166 દિવસ તો અન્નના એક કણ અને પાણીના એક બુંદ વિનાના ચોવિહાર ઉપવાસ કર્યા હતા !! આ સમયખંડમાં એમના પારણાના કુલ દિવસ હતા માત્ર 349. પારણાનાં દિને પણ ભિક્ષાચર્યામાં જે કલ્પ્ય ચીજ મળે તે ત્યાં જ વાપરી લેવાની. તે પછી કે પહેલા તે દિવસે પણ આહાર-પાણીનો ત્યાગ જ હોય !!

એમના ઘોર તપની એક યાદી વાંચીએ તો ય હૈયું આદરથી ઓળઘોળ થઈ જાય. સળંગ છ માસના ઉપવાસ એક વાર, સળંગ પાંચ માસ પચીશ દિનના ઉપવાસ એક વાર, સળંગ ચાર માસના ઉપવાસ નવ વાર, સળંગ ત્રણ માસના ઉપવાસ બે વાર, સળંગ અઢી માસના ઉપવાસ બે વાર, સળંગ બે માસના ઉપવાસ છ વાર, સળંગ ૪૫ ઉપવાસ બે વાર, સળંગ ૩૦ ઉપવાસ બાર વાર, સળંગ ૧૫ ઉપવાસ બહોંતેર વાર,

ભદ્રપ્રતિમાતપ એક વાર, મહાભદ્રપ્રતિમાતપ એકવાર, સર્વતોભદ્ર-પ્રતિમાતપ એક વાર, અટ્ઠમતપ બાર વાર અને છટ્ઠતપ બસો ઓગણત્રીશ વાર : આ છે ઘોર તપસ્વી પ્રભુમહાવીર દેવના તપનો આંકડાકીય આલેખ.

માત્ર જૈન જ નહિ, જૈનેતર ધર્મગ્રન્થોએ પણ જેઓને 'દીર્ઘ તપસ્વી' કહીને બિરદાવ્યા છે તે શ્રમણ પરમાત્મા મહાવીરદેવની સ્તુતિ કરતાં સુયગડાંગ આગમમાં જણાવાયું છે કે ''સાગરોમાં જેમ અંતિમ સમુદ્ર-સ્વયંભૂરમણ મહાસમુદ્ર શ્રેષ્ઠ છે, રસોમાં જેમ ઇક્ષુરસ ઉત્તમ છે, તેમ તપસ્વીમાં મહાવીર પ્રભુ શ્રેષ્ઠ છે !!''

આ ઘોર તપસાધનાના અંતે પ્રભુએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને વિશ્વકલ્યાણ કાજે ધર્મશાસનની સ્થાપના કરવા પૂર્વક પ્રતિદિન છ છ કલાકની અનુપમ ધર્મદેશના પ્રભુએ આપી. સતત ત્રીશ ત્રીશ વર્ષો વહેલી પ્રભુની ઉપદેશગંગા અનેક રાજા-મહારાજા-રાજપુત્રો-શ્રેષ્ઠીઓ-સામાન્ય જનોએ ઝીલી અને તેઓ એ ગંગાનું સ્નાન-પાન કરીને પાવન બન્યા. એમના હસ્તે સંયમ સ્વીકારીને-સંસારત્યાગ કરીને ઉદાયીરાજા જેવા પુણ્યાત્માઓ મોક્ષપદ પામ્યા, બુદ્ધિનિધાન મન્ત્રીશ્વર અભયકુમાર જેવાઓ તરી ગયા, ધન્ના-શાલિભદ્ર જેવા દંતકથા સમા ધનકુબેરોએ આત્મકલ્યાણ સાધ્યું, કઠિયારા જેવા સામાન્ય જનો શ્રમણશ્રેષ્ઠ બન્યા, તો રૌહિણેય ચોર અને ભયંકર હત્યારા અર્જુનમાળી જેવા પાપીજનો ય ઉદ્ધાર પામ્યા.

ચૌદ હજાર પુરુષોએ પ્રભુના શિષ્યરૂપે સંયમસ્વીકાર કર્યો. એ સિવાય એમના પ્રથમ ગણધર ગૌતમસ્વામીજીના શિષ્ય થયેલ પચાસ હજાર શ્રમણો વગેરેની સંખ્યા અલગ.ભગવાનના સ્વહસ્તે છત્રીશ હજાર મહિલાઓ સંયમી થઇને શ્રમણી બની. એક લાખ ઓગણસાઠ હજાર પુરુષોએ બાર વ્રત સ્વીકારીને શ્રાવકધર્મ અપનાવ્યો, તો ત્રણ લાખ અઢાર હજાર મહિલાઓ એ એ જ રીતે શ્રાવિકાધર્મ સ્વીકાર્યો. આ ઉપરાંત બાર વ્રતધારી ન હોય તેવા સ્ત્રી-પુરુષો તો લાખોની સંખ્યામાં પ્રભુના ભક્ત હતા.

આ અદ્‌ભુત ઉપલબ્ધિનું શ્રેય પ્રભુની અમોઘ ઉપદેશધારાને જતું હતું.

ઉપદેશગંગાના હિમાચલગિરિ સમા પ્રભુમહાવીરદેવ આયુષ્યના અંતિમ વર્ષે, પ્રારંભે જણાવ્યું તેમ, અપાપાપુરી (આજની પાવાપુરી)માં ચાતુર્માસ હતા. આયુષ્યના અંતિમ બે દિવસોમાં, પ્રભુએ નિત્યની સવાર-સાંજ ત્રણ-ત્રણ કલાકની ધર્મદિશનાનો ક્રમ સહેતુક બદલ્યો અને અખંડ ૪૮ કલાકની અંતિમ ધર્મદિશના પ્રભુએ આપી. ઈન્દ્રો-દેવો-અઢાર ગણરાજાઓ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા અને અગણિત અન્ય શ્રોતાઓ સમક્ષ પ્રભુએ જે ધર્મદિશના વહાવી તેમાં પુણ્યનું ફળ દર્શાવનાર પંચાવન અધ્યયનો હતા, પાપનું ફળ સમજાવનાર પંચાવન અધ્યયનો હતા અને ઉત્તરાધ્યયનનાં છત્રીશ અધ્યયનો હતા. આજે પણ મોજૂદ આ ગ્રન્થો પૈકી ઉત્તરાધ્યયન સૂત્ર નામે આગમગ્રન્થ દીવાળીપર્વના દિવસોમાં પ્રવચનરૂપે વાંચવાનો ઉપક્રમને આજે ય જૈન શ્રમણ-શ્રમણીઓ ધરાવે છે. આપણે એ ઉપક્રમ અનુસરીને દીવાળીપર્વ નિમિત્તેના આ લેખમાં ઉત્તરાધ્યયન સૂત્રમાંના જ એક પ્રેરક સંવાદના અંશો નિહાળીએ. એની ભૂમિકારૂપ કથા સંક્ષેપમાં કાંઈક આવી છે :

વિશાલ સામ્રાજ્યના સ્વામી મિથિલાપતિ મહારાજા નમિ. એ બબ્બે રાજ્યોના માલિક હતા, તો અનેક સૌંદર્યવતી રાણીઓના પ્રાણેશ હતા. યૌવનવય હોવાથી એ સર્વ રીતે સુખાનુભૂતિ કરી રહ્યા હતા. કિંતુ એક વાર અચાનક રંગમાં ભંગ પડયો અને નમિરાજ અસાધ્ય દાહજ્વરથી ઘેરાઈ ગયા. રોગ એવો જાલિમ હતો કે પૂરા દેહમાં સતત આગ પ્રગટ્યા જેવી વેદના રહે. અચ્છા અચ્છા વૈદ્યોના ઔષધો પણ રોગ શમાવવામાં નાકામિયાબ રહ્યા. સર્વ રાણીઓ-સ્વજનો-પરિચારકો ખડે પગે હતા. પરંતુ રાજાને જરા ય ચેન ન હતું.

આખરે એક વૈદ્યરાજે મહામૂલ્યવાન શુદ્ધ ચંદનનો લેપ કરવાનું સૂચવ્યું. તુર્ત એવું ચંદન મંગાવાયું અને સ્વયં રાણીઓ એ ચંદન ઓરસિયા પર ઘસવાં માંડી. રાણીઓના હસ્તમાં સરસ સુવર્ણકંકણો હતા. ચંદન ઘસતાં એ સુવર્ણકંકણો પરસ્પર અથડાવા માંડ્યા અને એમાંથી અવાજ

આવવા માંડ્યો. વેદનાગ્રસ્ત રાજા આટલો ય અવાજ સહી ન શકતા રાડ પાડી ઊઠ્યા : ‘‘મગજ બહેર મારી જાય એવો આ ઘોંઘાટ શેનો છે?’’ રાણીઓએ કારણ જણાવીને ‘હવે જરા ય ઘોંઘાટ નહિ થાય’ તેમ કહ્યું. રાજાની સુખાકારી કાજે રાણીઓએ સૌભાગ્યસૂચક એકેક કંકણ રાખી બીજા કંકણો કાઢી નાખ્યા. પરિણામ એ આવ્યું કે ચંદન ઘસવાની પ્રક્રિયા ચાલુ હોવા છતાં એક જ કંકણ હોવાનાં કારણે ઘર્ષણના અભાવે અવાજ સદંતર બંધ થઇ ગયો.

ચંદનલેપથી દાહજવર શાંત થવા માંડ્યો ત્યારે રાજાએ રાણીઓને પૂછ્યુંઃ ‘‘તમે ચંદન ઘસી રહ્યા છો, છતાં હવે કંકણનો અવાજ કેમ નથી આવતો?’’ રાણીઓએ ઉત્તર આપ્યોઃ ‘‘પહેલા અમારા હસ્તમાં અનેક કંકણો હતા. હવે અમે એક જ કંકણ રાખ્યું છે. એથી અવાજ ક્યાંથી થાય?’’ આ ઉત્તરથી રાજાનાં અંતરમાં ચેતનાની અલૌકિક ચિનગારી પ્રગટી કે ‘‘જ્યાં અનેક છે ત્યાં સંઘર્ષ છે, સંક્લેશ છે, કોલાહલ છે. જ્યાં એક છે ત્યાં કોઈ સંઘર્ષ - સંક્લેશ-કોલાહલ નથી. હું પણ આ સામ્રાજ્ય - પરિવાર - સમૃદ્ધિ ત્યજીને સાવ એકલો બની જઉં, આત્મભાવમાં આવી જઉં. તો જ જીવનના સંઘર્ષોથી મુક્ત થઇ સાચી શાંતિ પામી શકીશ.’’ આ તરફ દાહજવર શાંત થયો અને આ તરફ નમિરાજનો આત્મા શાંત-પ્રશાંત થઇ ગયો. હવે એ સંપૂર્ણપણે સંસારથી વિરક્ત થઇ ગયા. જાણે કે આ રોગ રાજવીની રાગદશા તોડવા જ ન આવ્યો હોય !!

જૈન પરિભાષા મુજબ જેઓ પ્રત્યેક બુદ્ધ ગણાય છે તે નમિરાજ પુત્રને રાજપદે સ્થાપીને સર્પ કાંચળી ત્યાગે તેમ રાજ્યસમૃદ્ધિને-સ્વજનોને ત્યાગીને પ્રભુના પંથે ચાલી નીકળ્યા. એમનો વૈરાગ્ય ઘુંટાયેલો - પરિપક્વ છે કે ઉપછલ્લો છે તેની ચકાસણી કરવા દેવરાજ ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ લઈને, મુનિ બનવા જઇ રહેલ નમિરાજર્ષિ સાથે વિવિધ પ્રશ્નો-વાર્તાલાપ કરે છે. નમિરાજર્ષિ એના વૈરાગ્યપ્રેરક સરસ ઉત્તરો આપે છે. બસ, આ સંવાદ એ જ ઉત્તરાધ્યયનસૂત્રનું નવમું નમિરાજર્ષિઅધ્યયન. આપણે એ અધ્યયનમાંના કેટલાક પસંદગીના સંવાદોનું રસપાન કરીએઃ

વિરક્ત બનીને જઈ રહેલ નમિરાજર્ષિની પરીક્ષા કરતા દેવરાજ ઈન્દ્ર દેવમાયાથી સમગ્ર મિથિલાનગરી ભડકે બળતી હોય તેવું દૃશ્ય સર્જે છે અને પછી નમિરાજર્ષિને કહે છે કે 'ભંતે ! પાછળ નજર તો કરો. આપની પ્રિય રાજધાની આગમાં ભસ્મીભૂત થઈ રહી છે. આપનો પેલો અત્યંત રળિયામણો રાજમહેલ અને આપની અર્ધાંગિની રાણીઓનું અંતઃપુર પણ આગનાં આલિંગનમાં આવી ગયું છે. આપ શું એના પર જરા ય ધ્યાન નહિ આપો ?'

વિરાગની ટોચ પર આરૂઢ નમિરાજર્ષિ જે ઉત્તર આપે છે એના શબ્દો યાદગાર છે. તેઓ કહે છે કે ''**मिहिलाऐ डज्झमाणीऐ, न मे डज्झइ किंचन**''. મતલબ કે 'મિથિલાનગરી બળતી હોય તો ય એમાં મારું કાંઈ બળતું નથી. કેમ કે હું આ બધાથી હવે પર છું!!' ભીતરમાં વિરાગનો મહાસાગર ઘૂઘવતો હોય તો જ આટલો નિઃસ્પૃહ ઉત્તર તાજા જ પરિત્યાગ સમયે ઉદ્ભવે. આ જ અનુસંધાનમાં નમિરાજર્ષિ આગળ જણાવે છે કે 'પુત્ર-પત્ની અને ગૃહસ્થજીવનના તમામ વ્યવહારથી મુક્ત શ્રમણને હવે કોઈ બાબત પ્રિય પણ નથી અને અપ્રિય પણ નથી. બધી જ રીતે મુક્ત-અનાસક્ત ગૃહત્યાગી જે મુનિ 'આત્મા એકાકી છે - પર સંબંધથી રહિત છે' એમ વિચારે છે એ મુનિનું ખરેખર કલ્યાણ થાય છે.'

આ શબ્દો જાણે જીવંત વૈરાગ્યનો વિરલ વૈભવ છે....

દેવરાજ ઈન્દ્રે નમિરાજર્ષિની ચકાસણી કરવા હવે નવો દાવ ખેલ્યો. એ બોલ્યા : 'અન્ય શત્રુરાજાઓનાં આક્રમણ સામે આપનો પુત્ર અને પ્રજા પરાભવ ન પામે એ માટે નગરને મજબૂત કિલ્લાથી અને તોપ વગેરેથી સુરક્ષિત કરી લો, પછી સંયમી વેષ સ્વીકારજો...' આ લલચામણા પ્રસ્તાવનો નમિરાજર્ષિ સરસ કલ્પનાશીલ ઉત્તર આપે છે કે 'શ્રદ્ધા મારું નગર છે, મન-વચન-કાયાની ગુપ્તિથી અત્યંત સુરક્ષિત ક્ષમાનો કિલ્લો મેં એની આસપાસ રચ્યો છે અને તપ-સંયમની એમાં અર્ગલા રાખી છે.' આત્માર્થી સાધક પૌદ્ગલિક ભાવોને કેવા પરાયા ગણે અને આત્મભાવોને કેવા પોતીકા ગણે એ ઉપરોક્ત બે ઉત્તરોથી સ્પષ્ટ સમજાય છે. નમિરાજર્ષિ

એ પછી કેટલીક સરસ કલ્પનામઢી પ્રસ્તુતિના અંતે યુદ્ધના સંદર્ભમાં શાશ્વત સત્ય ઉચ્ચારે છે કે 'તપના ધનુષ્ય-બાણથી કર્મકવચ ભેદી નાંખનાર મુનિ બાહ્ય શત્રુઓ સાથેના સંગ્રામથી રહિત હોય છે અને અંતે સંસારથી પણ રહિત હોય છે.'

આ જ વિચારતંતુને અનુરૂપ, આગળ પર દેવરાજ ઇન્દ્ર નમિરાજર્ષિને કહે છે કે ' જે જે રાજાને પરાજિત કરવાના બાકી છે તેમને આપ પહેલા જીતીને પ્રભુત્વ સ્થાપો. પછી પ્રવ્રજ્યા સ્વીકારો તો આપની મહત્તા વધે.' નમિરાજર્ષિ આનો પ્રત્યુત્તર બહુ અદ્ભુત આપે છે કે 'સંગ્રામમાં જે લાખો સૈનિકોને જીતી લે તેના કરતા પણ જે પોતાના આત્મા પર અર્થાત્ આત્માની કામ-ક્રોધાદિ દુર્વૃત્તિઓ પર જીત મેળવે છે તે મહાન વિજેતા છે.' જાણે કે 'જગને જીતે તે વીર.. પણ જાતને જીતે તે મહાવીર' આ સૂત્રનું ઉદ્ભવસ્થાન નમિરાજર્ષિનો આ ઉત્તર ન હોય !! પછી તેઓ પરમપ્રેરણાપ્રદ વાત કહે છે કે ''अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ'' મતલબ કે 'હે સાધક ! તું આંતર શત્રુઓ સાથે જ યુદ્ધ કર, બાહ્ય યુદ્ધ કરવાની તારે શી જરૂર છે?'

બ્રાહ્મણસ્વરૂપે રહેલ ઇન્દ્રરાજ એક નવો મુદ્દો રજૂ કરે છે કે 'નમિરાજ ! આપ સુવર્ણ - રૂપું - હીરા-મણિથી રાજખજાનો ભરપૂર કરી દો, પછી દીક્ષા ગ્રહણ કરો તો શ્રેષ્ઠ ગણાશે.' નમિરાજર્ષિ માનવમનની સદા ય અતૃપ્ત રહેવા સર્જાયેલ તૃષ્ણાનો-લોભનો નિર્દેશ કરતા કહે છે કે 'કદાચ કૈલાસ પર્વત જેવા વિરાટ સોના-ચાંદીના અસંખ્ય પર્વતો પણ પ્રાપ્ત થઈ જાય તો ય લોભી વ્યક્તિ એનાથી તૃપ્ત થતી નથી હોતી. કેમ કે ઈચ્છાઓ તો આકાશ જેવી અનંત છે : 'इच्छा हु आगाससमा अणंतिया'. માટે ખજાનો તર-બ-તર કરવાની વાતો વ્યર્થ છે.'

આખરે, નમિરાજર્ષિના ઉત્કટ વૈરાગ્યથી પ્રભાવિત ઇન્દ્રરાજ એમની ભાવવિભોર સ્તુતિ કરીને સ્વસ્થાને વિદાય થાય છે....

વૈરાગ્યમંડિત અને અધ્યાત્મકેન્દ્રિત આ સંવાદ જે આગમમાં છે તે

ઉત્તરાધ્યયનઆગમ દીવાળીપર્વે પ્રકાશિત કરનાર પ્રભુમહાવીરદેવને શ્રદ્ધાસભર હૈયે વંદનપૂર્વક આપણે કરીએ આ મસ્ત પ્રાર્થના કે :-

**હે વીર ! મુજ મનમાં તમારાં, વચનપુષ્પ બિછાવજો...**
**હે વીર ! કરુણાનીર અનરા-ધાર થઈ વરસાવજો...**

# ૨૫ વીસમી સદીની વિરલ વિભૂતિ : યુગદિવાકર જૈનાચાર્ય વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ !!

કેટલાક ઉપકારક તત્ત્વો-જીવંત વ્યક્તિત્વો આપણી આસપાસમાં એવા હોય છે કે જેનો ઉપકાર અદ્‌ભુત-અપ્રતિમ હોય અને છતાં આપણે એના ઉપકારને પૂરેપૂરા પિછાણી ન શકતા હોઈએ. આપણાં જીવન પર આંખનો ઉપકાર કેવો છે એનો કદાચ સૌથી વાસ્તવિક ખ્યાલ દૃષ્ટિ વિલોપાઈ જવાનો પ્રસંગ આવે ત્યારે થતો હોય છે. એમ આ જીવંત ઉપકારક તત્ત્વોને ઉપકાર કેવો છે એનો કદાચ સૌથી વાસ્તવિક ખ્યાલ અનુભવજ્ઞાની આર્ષપુરુષોના ટંકશાળી વચનશ્રવણનો પ્રસંગ આવે ત્યારે થતો હોય છે.

આપણી આસપાસનું-સમકાલીન જીવંત વ્યક્તિત્વ હોય અને અપ્રતિમ ઉપકારક હોય આવું એક તત્ત્વ છે સદ્‌ગુરુ. એને આપણી આંખે નિહાળીએ તો એનો ઉપકાર-એનો મહિમા આપણે યથાર્થ પામી ન શકીએ. એને જો આર્ષવચનોની આંખે-શાસ્ત્રોની સાખે નિહાળીએ તો ગુરુતત્ત્વનો મહિમા યથાર્થ સમજી શકાય. હમણાં આવું એક મજાનું આર્ષવચન નિહાળ્યું 'ઉપદેશપ્રદીપ' નામે જૈન ગ્રન્થમાં ગુરુતત્ત્વની ગરિમા પ્રતિબિંબિત કરતું અને 'અક્ષર' શબ્દનો મનોરમ શ્લેષ કરતું એ વચન-એ શ્લોક આ છે કે :-

''स्यादक्षरपदप्राप्ति – र्द्वेधाऽपि गुरुयोगतः।
गुरुरूपेण भूभागे, प्रत्यक्षः परमेश्वर ।।''

સંસ્કૃતભાષા મુજબ, 'અક્ષર' શબ્દના બે અર્થ થાય. એક અર્થાનુસાર અક્ષર એટલે વર્ણમાળામાં હોય છે તે અ-આ-ઈ વગેરે વર્ણ. બીજા અર્થાનુસાર અ-ક્ષર એટલે જે કદી ક્ષય ન પામે તે અર્થાત્ મોક્ષ. ઉપરોક્ત શ્લોક કહે છે કે 'ગુરુના યોગથી-પ્રભાવથી અક્ષરપદ એટલે શબ્દજ્ઞાનની પ્રાપ્તિ થાય અને અક્ષરપદ એટલે મોક્ષની પણ પ્રાપ્તિ થાય. સાથે એ પણ ચોક્કસ માનજો કે ગુરુ તો પ્રત્યક્ષપણે પૃથ્વી પરના પરમેશ્વર

છે !!

ગુરુતત્ત્વના ઉપકારની કેવી અદ્ભુત પ્રસ્તુતિ આ શ્લોકમાં છે !! એ નિર્દેશ આપે છે કે દરેકે અવસર પામીને ગુરુગુણસંકીર્તન અવશ્ય કરવું જ જોઈએ.'

આપણે એ નિર્દેશનો સંદેશ ઝીલીને, અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ જૈન શાસનના મહાન જ્યોતિર્ધર સમર્થ સંઘનાયક યુગદિવાકર દિવંગત જૈનાચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું ગુણસંકીર્તન આજના લેખમાં કરીશું. કારણકે આ શ્રાવણ શુદિ-૧૧ તા. ૭-૮-૧૪ ને ગુરુવારે તેઓનો ૧૧૧ મો પાવન જન્મદિન છે. વિવિધ જૈન સંઘોમાં ઠેરઠેર ભક્તિપૂર્વક ઉજવાઇ રહેલ આ ગુરુભક્તિપર્વ નિમિત્તે અમારા ગુરુદેવ આચાર્યપ્રવર સૂર્યોદયસૂરીશ્વરજીમહારાજનાં સાન્નિધ્યમાં, અમારા ચાતુર્માસિક સ્થળ કાંદિવલી-પૂર્વ (મુંબઇ) ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયસંઘમાં પણ પંચદિવસીય ભવ્ય આયોજનો થયાં છે. આપણે એ સર્વને અનુરૂપ રહી દિવંગત ગુરુદેવના જીવનમાં વિલસતા અગણિત ગુણો પૈકી ત્રણ ગુણોના ત્રિવેણીસંગમ પર વિચારયાત્રા કરીશું.

પ્રસિદ્ધ હિંદુધર્મ સ્થાન પ્રયાગતીર્થને ગંગા-યમુના-સરસ્વતીનો ફક્ત એક જ ત્રિવેણીસંગમ વર્યો છે. પરંતુ ગુરુદેવનાં જીવનતીર્થે તો વિવિધ ગુણધારાના વિરલ ત્રિવેણીસંગમ સર્જાયા હતા. ત્યાં પ્રજ્ઞા-પ્રતિભા-પ્રભાવકતાનો ત્રિવેણીસંગમ હતો, તો પુણ્યાઇ-પરિણતિ - પવિત્રતાનો પણ ત્રિવેણી સંગમ હતો; પ્રભુભક્તિ - ગુરુભક્તિ-શાસનભક્તિનો ત્રિવેણીસંગમ હતો, તો આરાધના-પ્રભાવના -રક્ષાનો પણ ત્રિવેણી સંગમ હતો; રત્નત્રયીની આરાધનાનો ત્રિવેણીસંગમ હતો, તો તપ-ત્યાગ-તિતિક્ષાનો પણ ત્રિવેણી સંગમ હતો. આપણે એ પૈકી રત્નત્રયી આરાધનાના ત્રિવેણીસંગમનું હૃદયંગમ દર્શન પ્રસંગપરિમલનાં માધ્યમે કરીએ :

રત્નત્રયીમાં પ્રથમ ક્રમે આવે છે સમ્યગ્દર્શન. વસ્તુતઃ

સમ્યગ્દર્શન આત્મપરિણામ છે. તેની પ્રાપ્તિ નિસર્ગ અને અધિગમ બે પ્રકારે થાય. પરંતુ મહદંશ જીવો અધિગમ દ્વારા સમ્યગ્દર્શન પામે. આ અધિગમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ-શુદ્ધિ-વૃદ્ધિ કાજે જેને પ્રબળ અસરકારક બાહ્ય આલંબનો ગણવામાં આવ્યા છે તેમાં શ્રી જિનપ્રતિમા-જિનમંદિર સૌથી ટોચ ઉપર છે. જેટલી આ બે અંગો પર ભક્તિ-પ્રીતિ, એટલી સમ્યગ્દર્શનની વધુ શક્યતા.

આ પરિપ્રેક્ષ્યમાં પરમગુરુદેવનું જીવનદર્શન કરીએ તો ત્યાં જિનપ્રતિમા-જિનમંદિરોની પ્રચુર બોલબાલા નિહાળવા મળે છે. પ્રચંડ પુણ્યાઈનાં કારણે એમના પગલે પગલે જૈન સંઘોમાં જિનમંદિર સર્જાયા. ચેમ્બુરનું મહાતીર્થ હો કે ભાયંદરનું બાવનજિનાલય હો, ગોવાલીયા ટેંકનું પંચશિખરીય જિનાલય હો કે ઘાટકોપરનું ચતુર્મજલી મહાજિનાલય હો, કાંદિવલી ઈસ્ટ-વેસ્ટના ઉત્તુંગ જિનાલયો હો કે ઘોલવડ-બોરડી-ફણસા-પાલેજ-કરજણ-કારવણ-વડોદરા-વઢવાણ આદિ દૂર-સુદૂરનાં ક્ષેત્રોના જિનાલયો હો : એકેકથી ચડિયાતા આ સર્વ જિનાલયો ધર્મસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાના પરિણામો છે. કુલ ૧૩૫ જિનાલયોનું નિર્માણ અને હજારો પ્રભુપ્રતિમાનું અંજન-વિધાન એમની ઉત્કૃષ્ટ પ્રભુભક્તિનું દ્યોતક છે.

કોઈ કદાચ આને પ્રભાવકતાની દ્યોતક બીના ગણે તો, એ ય મંજૂર રાખીને અમે એ જણાવતા બેતાબ છીએ કે એમાં પરમગુરુદેવે કરેલ પ્રણિધાનપૂર્વકનું અંજનવિધાન જરા ય નજરઅંદાજ કરી શકાય તેમ નથી. એ પ્રણિધાનના પ્રતાપે આજે એમાંના ઘણા જિનાલયો તીર્થસ્વરૂપ બની ગયા છે. અરે! આવા એક જિનાલયમાં ભક્તિ કરીને આવ્યા બાદ શાસન સમ્રાટ સમુદાયના આ.ભ. વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજે હર્ષોદ્ગારરૂપે આવા શબ્દો ઉચ્ચાર્યા કે ‘‘આ. શ્રી ધર્મસૂરિજી એવું મહાપુણ્ય ઉપાર્જિત કરી રહ્યા છે કે જે કદાચ તીર્થંકરનામ કર્મ બંધાવે !!’’

હવે નિહાળીએ વૈયક્તિક સ્તરની પરમગુરુદેવની પ્રભુભક્તિની સંક્ષિપ્ત ઝલકો :

* વિ. સં. ૧૯૮૨માં, પાલિતાણા રાજ્ય સાથે સંઘર્ષનાં કારણે જૈન સંઘે તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજની યાત્રા સ્વૈચ્છિક બંધ કરી ત્યારે છેલ્લી યાત્રા કરતાં પૂજ્યશ્રી એ યાત્રાબંધીનો નિકાલ ન આવે ને દાદાનાં દર્શન ન થાય ત્યાં સુધી બાંસુદીનો ત્યાગ કર્યો. અઢી વર્ષે સમાધાન થતાં એ પ્રતિજ્ઞા પૂર્ણ થઇ...

* વિ.સં. ૨૦૦૨ માં તેઓ શંખેશ્વરજીમહાતીર્થે પધાર્યા ત્યારે સતત અઢાર દિવસ રોજના સાત સાત કલાક જિનાલયે પ્રભુભક્તિ કરી અને એ જ દિવસોમાં શંખેશ્વરપ્રભુનો અટ્ઠમતપ કર્યો....

* વિ.સં. ૨૦૧૧ માં શ્રી કેશરિયાજી તીર્થપદયાત્રાસંઘ દરમ્યાન, જાનના જોખમે જંગલમાં ઊંડે જઇને ત્યાંના નિર્જન જિનાલય સ્થિત પાંચ વિરાટ શ્વેતાંબર પ્રતિમાઓ સુરક્ષિતપણે તેઓએ હિંમત નગર જૈન સંઘમાં સફળ સ્થાનાંતરિત કરાવી...

* મુંબઇના પાયધુનીવિસ્તારમાંથી તેઓ વિહાર કરી પસાર થતાં હોય તો શ્રી ગોડીજી પાર્શ્વપ્રભુનાં દર્શને અચૂક પધારે જ. અંતિમ અવસ્થામાં ય આ ક્રમ અમે ખુદ નજરોનજર નિહાળ્યો છે. ગોડીજી સંઘના ચાતુર્માસો દરમ્યાન પ્રતિદિન સાન્ધ્યપ્રભુદર્શન કરી તેઓ ગોડીજીપ્રભુનું વિશેષ ધ્યાન ધરતા હતા.

* ચેમ્બુરતીર્થાધિનાયક આદીશ્વરપ્રભુની તેઓ અનન્ય આસ્થા-શ્રદ્ધા ધરી ભક્તિ કરતા હતા.

આ તમામ ઝલકરૂપ બાબતો એ પ્રતીતિ કરાવે છે કે ગુરુદેવમાં સમ્યગ્દર્શનગુણ કેવો ઉચ્ચ હશે.

હવે વિચારીએ સમ્યગ્જ્ઞાન. આ પણ આત્મપરિણામ છે અને એની પ્રાપ્તિ શ્રુતોપાસનાદિજન્ય જ્ઞાનાવરણીયકર્મક્ષયોપશમથી થાય છે. પરમગુરુદેવનો આ જ્ઞાન - બોધ એવો ઉચ્ચતર હતો કે તેઓ જૈન દર્શનના અતિ ગહન દ્રવ્યાનુયોગના વિષયમાં નિષ્ણાત લેખાતા હતા. એમના માટે

‘દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા’ વિશેષણ પ્રસિદ્ધ છે. એમના શાસ્ત્રબોધથી પ્રભાવિત થઈને પૂજ્યપાદ ઉદયસૂરીશ્વરજી મ. જેવા પરમગીતાર્થભગવંતે આચાર્યપદાનુજ્ઞા પત્રમાં ખાસ ઉલ્લેખ કરીને આચાર્યપદ સમયે ‘સિદ્ધાંતમહોદધિ’ બિરૂદ અર્પવા જણાવેલ.એ મૂળ પત્ર આજે ય ‘યુગદિવાકર’ મહાગ્રન્થમાં મૂળ હસ્તાક્ષરોમાં મોજૂદ છે.

સંયમ જીવનના પ્રારંભે પ્રતિદિન આઠથી દશ કલાક અને ઘણી વાર તેર-તેર કલાકનો સખત સ્વાધ્યાય-અભ્યાસયજ્ઞ એમણે આદર્યો હતો. આના પરિપાકરૂપે દીક્ષાના માત્ર ચૌદમા વર્ષે, છ હજાર શ્લોકપ્રમાણ નૂતન ‘નવતત્ત્વ-સુમંગલા’ ટીકા સર્જન કરવા ઉપરાંત તેઓએ પંચમકર્મગ્રન્થ-ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણ-ક્ષેત્રસમાસ-વંદિત્તુસૂત્રટીકા વગેરનાં વિસ્તૃત વિવેચનો પ્રકાશિત કર્યા. એમનો ‘ભગવતીસૂત્રનાં પ્રવચનો’ નામે વ્યાખ્યાન ગ્રન્થ છ છ આવૃત્તિ અને ‘શ્રમણ ભગવાન મહાવીર’ નામે ચિંતનગ્રન્થ સાત સાત આવૃત્તિઓ પામ્યો. એ જ દર્શાવે છે કે તેમનો શાસ્ત્રબોધ કેવો વિશદ છતાં લોકોપકારક હતો.

બોધ આત્મપરિણત થાય ત્યારે તેનું એક સરસ પરિણામ એ આવે કે પ્રરૂપણામાં કદાગ્રહ - અભિનિવેશ-ઉગ્રતા ન રહે. ગુરુદેવની પ્રરૂપણા આવી હતી. એથી જ એમની પાસે વર્ષોનાં વર્ષો અભ્યાસ કરનાર જાણીતા વિદ્વાન ડૉ. રમણલાલ શાહે તે કાળે ‘પ્રબુદ્ધજીવન’માં લખ્યું કે “દરેક પ્રશ્નોમાં તેમની રજૂઆત સંતુલિત રહેતી. વિવાદાસ્પદ પ્રશ્નોની છણાવટમાં ય તેમનામાં અસદ્ભાવ જોવા મળતો નહિ.” આ જ વિદ્વાને ગુરુદેવનાં જ્ઞાનને અંજલિ આપતા આ શબ્દો લખ્યા છે કે :- “ચિત્ત પર એક છાપ દઢપણે અંકિત થઈ કે પૂ. આચાર્યમહારાજે આપણા શાસ્ત્રગ્રન્થોનું ઘણું ઊંડું અધ્યયન કર્યું છે. પ્રત્યેક વિષયનો તેમની પાસે તરત શાસ્ત્રીય ઉત્તર હાજર હોય. શાસ્ત્રોની સેંકડો પંક્તિઓ તેમને કંઠસ્થ હતી. અમારા દરેક પ્રશ્નોની તેઓ વિવિધ દષ્ટિકોણથી સવિગત છણાવટ કરતા. જેથી અમને પૂરો સંતોષ થતો. વળી તેમની દૃષ્ટિ હંમેશા વ્યવહાર નય અને નિશ્ચયનયના સમન્વયની રહેતી...”

ગુરુદેવનું જ્ઞાન કેવું નિર્મલ અને સમ્યક્ હતું તે ઉપરોક્ત અવતરણોથી સમજી શકાય છે.

રત્નત્રયીનું અંતિમ રત્ન છે સમ્યક્ ચારિત્ર. ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થતો આ આત્મ પરિણામ મુખ્યત્વે સર્વવિરતિધર્મના દેશ-કાળાનુસારી પાલનથી પરખાય છે. ગુરુદેવ સર્વવિરતિધર્મના નાના નાના નિયમ પાલનમાં ય કેવા જાગરૂક હતા એનાં એક - બે અમારા સ્વાનુભવના પ્રસંગો નિહાળીએ :

* પાલિતાણામાં અક્ષયતૃતીયાએ એક શ્રાવક ઇક્ષુરસ વહોરવા શ્રમણને ધર્મશાળાએ પાઠવવાની વિનંતિ કરવા આવ્યા. તરત જ ચોકસાઇ કાજે ગુરુદેવે પૂછ્યું : ‘‘રસને બે ઘડી થઇ ગઇ છે? એ અચિત્ત જ છે ને?’’ શ્રમણના બદલે સ્વયં પૂછ્યું એ એમની જાગરૂકતાની-સંયમપ્રીતિની નિશાની હતી.

* જીવનની અંતિમ રાત્રિએ સ્વાસ્થ્યમાં ભયજનક કાતિલ વળાંક આવ્યો ત્યારે તમામ ડૉક્ટરોએ સર્વાનુમતે તાકીદ કરી હતી કે તત્કાલ હોસ્પિટલમાં ભરતી કરવી. પરંતુ વિરાધનાના અને અંતિમ આરાધનાથી વંચિત રહી જવાના ભયે તેઓએ એનો મક્કમ ઇન્કાર કર્યો હતો. સાડા ત્રણ વર્ષના દીક્ષાપર્યાયી બાલશ્રમણરૂપે એ ઘટનાને નજરોનજર નિહાળનાર અમને એની એકેક ક્ષણ આજે ય મન સમક્ષ તાદૃશ છે.

ગણિતના દાખલાના પ્રત્યેક આંકડાઓનો છેવટનો સાર જેમ જવાબમાં આવે, એમ જીવનભરની આરાધનાનો અંતિમ સાર મરણ સમયે આવે. મરણ જો સમાધિમય હોય - પ્રભુસ્મરણમાં લીન હોય તો એનાથી જીવનભરની સાધના-આરાધના સાર્થક ઠરે. ગુરુદેવને માંગ્યું ન મળે તેવું ઉત્કૃષ્ટ સમાધિમરણ વર્યું હતું. ઉપાશ્રયનું સ્થાન, શિષ્યો-પ્રશિષ્યો અને શ્રમણીવર્ગ - શ્રાવકવર્ગ - શ્રાવિકાવર્ગસહિત ચતુર્વિધ સંઘની વિશાલ ઉપસ્થિતિ, સતત પોણા બે કલાક નવકારમન્ત્રની અખંડ ધૂન, છેલ્લી ચારેક મિનિટ સિવાય સ્વયં નવકારમન્ત્રોચ્ચારણ, ચાર મિનિટ માત્ર

નવકારશ્રવણ અને ફાગણ શુદિ તેરશ છગાઉયાત્રાના મહાન દિને પ્રભાતે પરલોકગમનઃ આ એમની અંતિમ ક્ષણોનો સમાધિમઢ્યો આલેખ છે. રત્નત્રયીની ઉત્તમ આરાધના અને અંતે સ્પૃહણીય સમાધિ વરનાર ગુરુદેવને આજના પાવન દિને શ્રદ્ધાસુમન અર્પતા ભાવવિભોર હૈયે અમે એ જ લખીશું કે :-

**આકાશમાં છે જેટલા સિતારા....**
**એથી અધિક છે ગુરુ! ગુણ તમારા ......**

# ૨૬ જન્મશતાબ્દી પ્રારંભે જૈનાચાર્યને ભાવાંજલિ : સાહિત્યકલારત્ન આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.

માનવ તરીકે એક સમાન ગણાતી વ્યક્તિઓ જેમ શરીરસૌષ્ઠવ-રૂપ-પ્રભાવશાલિતા વગેરેની દૃષ્ટિએ એક સરખી નથી હોતી, એમ વ્યક્તિત્વની દૃષ્ટિએ પણ સમાન નથી હોતી. અહીં વ્યક્તિત્વનો અર્થ બાહ્ય 'પર્સનાલીટી' સમજવાનો નથી. વ્યક્તિત્વ એટલે સ્વભાવ-પરિણતિ અને એમાંથી વિકસ્વર થતાં આચાર-વિચાર. સ્વભાવ-પરિણતિ એ અંતરંગ સ્તરનું વ્યક્તિત્વ છે, તો આચાર-વિચાર એ બાહ્ય સ્તરનું વ્યક્તિત્વ છે. કેમ કે એ તરત પ્રત્યક્ષ જણાઈ આવે છે.

કેટલીક વ્યક્તિના વ્યક્તિત્વ હોય છે સોપારી જેવા કનિષ્ઠ. એ બહારથી પણ કઠોર હોય છે ને ભીતરથી પણ કઠોર-નઠોર હોય છે. એનું બાહ્ય સ્તર એટલું બધું કઠોર હોય છે કે એને હાથથી તોડવી પણ શક્ય ન બને. સૂડીથી જ એ તૂટી શકે. ભીતરનું સ્તર પણ એનું એવું કઠોર હોય છે કે નાના નાના ટુકડા કર્યા પછી ય એને સારોગવામાં સાવધાની દાખવવી પડે. નહિ તો ક્યારેક સોપારી તૂટવાના બદલે દાંત તૂટી જાય!! જે વ્યક્તિઓ કનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવે છે એ બિલકુલ આ સોપારી જેવી લાક્ષણિકતાના સ્વામી હોય છે. એ બાહ્ય સ્તરે ય કઠોર હોય ને આંતરિક સ્તરે પણ કઠોર હોય. આચાર-વિચારનાં સ્તરે ય ગલત હોય અને સ્વભાવ-પરિણતિનાં સ્તરે ય ગલત હોય. અને હા, સોપારીની જેમ ગુણોના રસાસ્વાદનું ત્યાં નામ-નિશાન ન હોય.

એથી વિપરીત, કેટલીક વ્યક્તિનાં વ્યક્તિત્વ હોય છે દ્રાક્ષ જેવા શ્રેષ્ઠ. દ્રાક્ષ ઉપરથી પણ કોમળ હોય છે ને ભીતરથી પણ કોમળ હોય છે. એનું બાહ્ય સ્તર એટલું કોમળ હોય કે જરાક નખ લાગે તો ય એમાંથી રસ ઝરે અને એનું અંદરનું સ્તર પણ એટલું કોમળ હોય કે દાંત વિનાની સાવ વૃદ્ધ વ્યક્તિ ય એને સુખપૂર્વક મજેથી આરોગી શકે. શ્રેષ્ઠ વ્યક્તિત્વની

સ્વામી વ્યક્તિઓ બિલકુલ આ દ્રાક્ષ જેવી લાક્ષણિકતા ધરાવતી હોય. એ બાહ્ય અને આંતર, બે ય સ્તરે કોમળ હોય. એમના આચાર-વિચાર પણ સરસ હોય, તો સ્વભાવ-પરિણતિ ય સરસ હોય. અને હા, દ્રાક્ષની જેમ એમનામાં ય સદ્ગુણોનો રસાસ્વાદ ભરપૂર હોય.

આવો, આજે આપણે આ લેખમાં એવા વ્યક્તિત્વને જાણીએ-માણીએ કે જે દ્રાક્ષનું પ્રતિનિધિત્વ કરતા હોય... આંતર-બાહ્ય ઉભય સ્તરે સરસતા ધરાવતા હોય. એ વ્યક્તિત્વ એટલે અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ સમર્થસંઘનાયક યુગદિવાકર આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક સાહિત્ય કલારત્ન આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ. આગામી પોષ શુદિ બીજ, તા. ૨૩-૧૨-૧૪ થી તેઓના સોમા જન્મવર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે એમના જીવનનો આછો પ્રસંગ પરિમલ માણવો પ્રાસંગિક બની રહેશે. આપણે 'સ્' અક્ષરથી શરૂ થતી ચાર બાબતો દ્વારા એ પરિમલ માણીએ :

**(૧) સંસ્કાર :-** છોડને નવપલ્લવિત બનાવવો હોય તો એનું સૌથી આવશ્યક પરિબળ જલસિંચન છે. જલસિંચનનાં કારણે જ છોડ નવપલ્લવિત - લીલોછમ બની શકે છે. એટલું જ નહિ, આગળ જતાં વિરાટ ઘટાદાર વૃક્ષરૂપે જામી પણ શકે છે. એ જ રીતે, સંસ્કાર સિંચન હોય તો જ બાળક કે વ્યક્તિ ધર્મભાવનાની દૃષ્ટિએ નવપલ્લવિત બની શકે. એટલું જ નહિ, આગળ જતાં એ સજ્જનરૂપે અને સંત-મહંત યાવત્ ભગવંતરૂપે જીવન જમાવી શકે. આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. શૈશવથી જ આ સંદર્ભમાં ખૂબ ઉચ્ચ સ્તરની યોગ્યતા ધરાવતા હતા.

એમનું મહાન સૌભાગ્ય એ હતું કે તેઓ તીર્થભૂમિ-દીક્ષાભૂમિ ડભોઇ (દર્ભાવતી) તીર્થે જન્મ પામ્યા હતા. અર્ધપદ્માસનસ્થ મહાચમત્કારિક પ્રભુ લોઢણપાર્શ્વનાથનું એ તીર્થસ્થાન છે, વિક્રમની અગિયારમી શતાબ્દીમાં જન્મ ધરનાર શ્રુતહેમનિકષ પૂર્વાચાર્ય મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. નું તથા છેલ્લા એક સૈકામાં દીક્ષિત ૧૪૧ મુમુક્ષુઓનું એ જન્મસ્થાન છે, તો સમર્થ શાસ્ત્રકાર ન્યા. ન્યા. મહોપાધ્યાય

શ્રી યશોવિજયજી મ. તથા પ્રવચનપ્રભાવક શુદ્ધપ્રરૂપક આ.ભ. શ્રી મોહનસૂરીશ્વરજી મ. નું એ સમાધિસ્થાન છે. આવી પુણ્યભૂમિમાં વિ.સં. ૧૯૭૨ ના પોષશુદિ બીજે જન્મ ધરનાર આચાર્યશ્રીમાં પૂર્વજન્મગત-જન્મભૂમિગત અને કુલક્રમાગત સંસ્કારોનો ત્રિવેણીસંગમ રચાયો હતો.

વિ.સં. ૧૯૮૪ માં ડભોઈ તીર્થે અમારી ગુરુપરંપરાના ત્રણ મહાન સૂરિપુંગવો આ. શ્રી મોહન-પ્રતાપ-ધર્મસૂરીશ્વરજી મ. નું ચાતુર્માસ થતાં, આમના પેલા સંસ્કારો પૂર્ણરૂપે વિકસ્વર બન્યા અને વૈરાગ્યની પરાકાષ્ઠાએ માત્ર ચૌદ વર્ષની વયે એમણે સંસારત્યાગ કર્યો. પરિવારની સમંતિ ન હતી તો એમણે એ વયે ભાગી જઈને ય ખાનગી દીક્ષા સ્વીકારી !!

અલબત્ત, એમનો સમૃદ્ધ પરિવાર ધાર્મિક હતો. પરંતુ કેટલાક સામાજીક કારણસર વડીલબંધુએ બાળદીક્ષા વિરુદ્ધ કોર્ટકેસ કર્યો. ત્યારના વડોદરાના ગાયકવાડી રાજ્યમાં બાળદીક્ષાપ્રતિબંધક કાયદો અમલમાં હોવાથી વડીલ બંધુ કેસ જીતી ગયા અને આમણે ન છૂટકે વેશત્યાગ કરવો પડ્યો. બહુ ઓછાને એ ખબર હશે કે જૈન સંઘના મોભી આચાર્યોએ બાળદીક્ષાપ્રતિબંધની વિરુદ્ધ જે જબરજસ્ત ઝુંબેશ ચલાવી તેનાં મૂળમાં આ કિસ્સો હતો !!

અમારે ખાસ ભારપૂર્વક જે નિર્દેશ કરવો છે તે એ છે કે આ વિલક્ષણ સંયોગોમાં વેશત્યાગ પછી ય એમણે વૈરાગ્યજ્યોત જ્વલંત રાખી. એથી ઘરે આવ્યા પછી સળંગ છ માસથી અધિક સમય દીક્ષાપ્રાપ્તિ માટે આયંબિલ-એકાસણાં જારી રાખ્યા અને તેમાંની તમામ તિથિએ એકાકીપણે પૌષધ કર્યા!! કોઈ પ્રેરણા વિના ચૌદ વર્ષની વયે પ્રતિકૂળતા વચ્ચે આ મક્કમતા દાખવવી એ ઉચ્ચસ્તરીય જન્માંતરગત સંસ્કાર સિવાય બીજું શું કહેવાય? ‘યુગદિવાકર’ મહાગ્રન્થલેખન સમયે અમને મળેલ એક જીર્ણ પત્રમાં આ નોંધ વાંચી ત્યારે અમે એ દૃઢતા પ્રત્યે નતમસ્તક થઈ ગયા હતા. આ જ દૃઢતાએ એમને વિ.સં. ૧૯૮૭ ના વૈશાખ શુદિ ત્રીજે પુનઃદીક્ષાનો યોગ કરાવ્યો અને તે દીક્ષા આજીવન રહી....

**(૨) સાહિત્યોપાસના :-** જૈન સંઘમાં સર્વત્ર પ્રસિદ્ધ એમનું એક બિરુદ હતું 'સાહિત્યકલારત્ન.' તેઓ ખરા અર્થમાં સાહિત્ય અને કળામાં ઊંડી દિલચશ્પી ધરાવતા હતા. એનાં એક ઉદાહરણરૂપે આપણે ટાંકીશું દેશ-વિદેશમાં વિખ્યાત 'ભગવાન મહાવીર ચિત્રસંપુટ.'

મૂળભૂત રીતે ૧૫ ચિત્રોનો પ્રથમ સંપુટ કલ્પનાશીલ સર્જક બેજોડ ચિત્રકાર ગોકુલદાસ કાપડિયાએ સ્વતઃ તૈયાર કર્યો હતો. આચાર્યશ્રીની દૃષ્ટિ એ ચિત્રો પર ગઈ અને એમની કલાપારખુ નજરે વિશાલ ફલક પર એ કાર્ય વિસ્તારવાનું વિચાર્યું. એ જ ચિત્રકાર દ્વારા એમણે ભગવાન મહાવીર દેવના વિવિધ જીવપ્રસંગોના આબેહૂબ ચિત્રો તૈયાર કરાવ્યા. દરેક ચિત્રોની સાથે ગુજરાતી-હીંદી- ઇંગ્લીશ ભાષાનો ચિત્રપરિચય પ્રસ્તુત કરાયો. પ્રથમ વાર ૧૫ તથા ૨૦ મળીને કુલ ૩૫ ચિત્રોનો ભવ્ય સંપુટગ્રન્થ અને આગળ જતા કુલ ૪૮ ચિત્રોનો અવનવી માહિતીસભર ભવ્ય ગ્રન્થ આચાર્યશ્રીએ સંપાદિત કર્યો. એવા શાનદાર-જાનદાર એ ચિત્રો છે કે આજપર્યંત દેશ-વિદેશમાં એ લાખો નહિ, ક્રોડોની સંખ્યામાં વિવિધ સ્તરે પ્રસારિત થયા છે.એમ કહીએ તો ચાલે કે ભગવાન મહાવીરદેવનું આ સંપુટમાંનું ચિત્ર જ સૌથી વ્યાપક ફેલાવો પામ્યું છે. અરે ! નાકોડાજીતીર્થ જેવા સ્થાનોમાં તો એની સ્વતન્ત્ર આર્ટગેલેરી પણ બની છે.

આચાર્યશ્રીનું આવું એક લોકપ્રિય પ્રકાશન છે 'સંવત્સરી પ્રતિક્રમણની સરલ વિધિ.' સંવત્સરી જૈનોનું સર્વોચ્ચ પર્વ હોવાથી જૈનમાત્ર એ પ્રતિક્રમણ અવશ્ય કરે જ. કિંતુ બધાને કાંઇ ત્રણ કલાકનું એ પ્રતિક્રમણ કંઠસ્થ ન હોય. અરે ! કેટલા ય લોકો એવા હોય કે જે વર્ષમાં ફક્ત એક વાર પ્રતિક્રમણ માટે આવતા હોય અને વિધિથી સંપૂર્ણ અજ્ઞાત હોય. એ વર્ગને નજરમાં રાખીને એમણે આ પુસ્તક એ રીતે તૈયાર કર્યું છે કે સાવ અજ્ઞાત વ્યક્તિ પણ વાંચતી જાય અને પ્રતિક્રમણ કરતી જાય. પ્રતિક્રમણની વિવિધ મુદ્રાના ચિત્રો પણ એમાં અપાયા છે. આ ઉપરાંત અન્ય કેટલાક પ્રકાશનો ય એમણે સાહિત્ય તથા કલાસંબંધી કરાવ્યા છે. જે તેઓના આ ક્ષેત્રના લગાવના દ્યોતક છે...

**(૩) સંશોધનવૃત્તિ :-** વિચારશક્તિ બે પ્રકારની હોય છેઃ પ્રવાહને અનુસરનારી અને સંશોધનને અનુસરનારી. પાણીનો પ્રવાહ જે દિશામાં વહે એ જ દિશામાં કાગળ-કાષ્ઠ પાણીમાં વહેતા રહે છે કે વાયુનો પ્રવાહ જે દિશામાં હોય એ દિશામાં તણખલું-કાગળ વગરે ઊડે છે. બસ, એ જ રીતે પ્રવાહાનુસારી વિચાશક્તિ ધરાવતી વ્યક્તિઓ પરંપરાગત ચાલી આવતી બાબતોને યથાવત્ સત્ય સમજીને ચાલતી હોય છે. એ બાબતો ક્વચિત્ ખામી ભરેલી હોય-ક્ષતિયુક્ત હોય તો ય વિચારશક્તિ પ્રવાહાનુસારી હોવાથી એને એમાં કાંઇ અજુગતું ન લાગે. સામાન્યપણે મહદંશ વ્યક્તિઓની વિચારશક્તિ આ રીતની હોય છે. જ્યારે સંશોધનને અનુસરતી વિચારશક્તિ અલગ હોય છે. એ પરંપરાગત બાબતોના પ્રવાહમાં દોરવાઇ ન જતાં તુલનાત્મક વિચારણા -સમીક્ષા કરે અને જો ક્યાંક ખામી હોય તો એને બરાબર પકડીને યોગ્ય રીતે નિવારણ કરે. આવી વિચારશક્તિ પ્રમાણમાં અલ્પ વ્યક્તિને વરે છે. આચાર્યશ્રીની આ શક્તિની એક-બે ઝલક નિહાળીએ :

* અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુઃ આ પંચ પરમેષ્ઠી ભગવંતો જૈનો માટે સર્વોચ્ચ ધ્યેય = ધ્યાનયોગ્ય છે. દરેકના વર્ણ શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. પરંતુ મોટે ભાગે ઉપાધ્યાયપદનો વર્ણ લીલો દર્શાવાતો હતો. વસ્તુતઃ એ ચતુર્થ પદનો વર્ણ લીલો નહિ, પણ નીલો છે. નીલો વર્ણ એટલે આછો આકાશી (Blue) રંગ અને લીલો વર્ણ એટલે હરિત રંગ. શબ્દની લગભગ સમાનતાનાં કારણે લીલો વર્ણ સમજી લઇને ઉપાધ્યાયપદનો તેવો રંગ દર્શાવાતો હતો. આમણે ઉપાધ્યાયનો વર્ણ નીલો પુરવાર કરીને એ 'Sky Blue' હોય એ વાત પ્રસારિત કરી. આજે હવે લગભગ ઘણાં સ્થાને ઉપાધ્યાયપદનો વર્ણ નીલો જ દર્શાવાય છે.

* સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર ૩૨૮ વર્ષ પૂર્વે ડભોઇતીર્થે અંતિ ચાતુર્માસ કરીને ડભોઇમાં જ કાલધર્મ પામ્યા. એ મહાન જ્ઞાની ભગવંતના જીવનની કેટલીય બાબતો અસ્પષ્ટ હતી, પુરાવાના અભાવે તેનો નિર્ણય કરી ન શકાય તેમ હતું. વિવાદી બાબતોમાં

હંમેશા પુરાવાથી જ નિર્ણયો થતા હોવાથી એમના ગુરુવર્યોએ મહોપાધ્યાયજીના સ્તૂપનો, મૂળ પાદુકા યથાવત્ રાખીને, ઉદ્ધાર કરાવ્યો ત્યારે તેઓએ પુરાવાઓના આધાર પર જ્યાં સુધીનો નિર્ણય થઈ શકે ત્યાં સુધીનો કર્યો અને બાકીની બાબતો સામે પ્રશ્નચિહ્ન કર્યું. આજે પણ યશોવાટિકાનાં સમાધિસ્થાનમાં એ રીતનો નિર્દેશ છે. જે એમની સંશોધનવૃત્તિનો પરિચાયક છે. અહીં એક પ્રાસંગિક નિર્દેશ કરીશું કે આ 'યશોવાટિકા' સ્થાનનો રૂ. એક ક્રોડના ખર્ચે સંપૂર્ણ ઉદ્ધાર અમારા ગુરુદેવ આચાર્યપ્રવર સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે કરાવ્યો છે અને 'યશોવાટિકા' મૂળ સમાધિસ્થાન ન હોવાનો બિનપાયાદાર પ્રચાર કેટલાક તત્ત્વો દ્વારા થયો ત્યારે અમારા ગુરુદેવે જ એનો મક્કમ પ્રતીકાર પુરાવાઓ સાથે કરીને 'યશોવાટિકા'નું ગૌરવ બરકરાર રાખ્યું હતું......

**(૪) સૌભાગ્ય :-** આચાર્યશ્રીના સૂરિપદારોહણનો પ્રસંગ એમના સૌભાગ્યનો સૂચક શ્રેષ્ઠ પ્રસંગ ગણી શકાય. વિ.સં. ૨૦૩૫ ના માગશર શુદિ પાંચમે યુગદિવાકર ગુરુદેવશ્રીના વરદ હસ્તે તેઓને તથા શતાવધાની આ. જયાનંદસૂરીશ્વરજી મ. ને આચાર્ય પદાર્પણ થયું. તેના પૂર્વદિને તત્કાલીન ભારતના વડાપ્રધાન મોરારજી દેસાઇ બન્ને ભાવિ આચાર્યોના અભિવાદન માટે પાલિતાણા આવ્યા, જંગી જનમેદની વચ્ચે અભિવાદન સમારોહ થયો અને વડાપ્રધાને સ્વહસ્તે કાંતીને તૈયાર કરેલ કામળ ત્રણે ય ગુરુવર્યોને સમર્પિત કરી!! એક પ્રજાસત્તાક રાષ્ટ્રના વડાપ્રધાન જૈનશાસનના પદપ્રદાનસમારોહમાં ઉપસ્થિત રહે એ નોંધપાત્ર ઘટના હતી અને એનાથી જોરદાર શાસનપ્રભાવના થઈ હતી. યુગદિવાકર ગુરુદેવે તથા ભાવિ આચાર્યશ્રીઓએ વડાપ્રધાનને દેશમાં અહિંસાની વિભાવના બળવત્તર કરવાના આશીર્વાદ આપ્યા હતા. અમારું સુખદ સંસ્મરણ એ છે કે જે સમારોહમાં તેઓને આચાર્યપદ પ્રદાન થયું તે જ સમારોહમાં તે જ સ્થળે અમને સંયમપ્રદાન થયું હતું...

પંચોતેર વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય ધરાવતા આચાર્યશ્રી વિ.સં. ૨૦૬૨ માં ભાદ્ર.શુદિ છઠે કાલધર્મ પામ્યા. તેમની દાયકાઓ પર્યંત સરસ

ભક્તિ પં. વાચસ્પતિ વિજયજી ગણિ તથા મુનિરાજ જયભદ્રવિજયજીએ કરી હતી. તેઓની ગુરુમૂર્તિની સર્વપ્રથમ પ્રતિષ્ઠા ગોવાલીયાટેંક જૈન સંઘમાં અમારા ગુરુદેવ આચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મ. ના વરદ હસ્તે ત્રણ ગુરુમૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે થઇ હતી. એમના ગુણવૈભવને વિનમ્ર વંદન સાથે આપણે ગાઈએ કે :-

**ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે ;**
**એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય વહે....**

# ૨૭ ગુરુકૃપાનાં બીજમાંથી પાંગરેલ વિરાટ વ્યક્તિત્વઃ પ્રખર જૈનાચાર્ય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ!!

ગુજરાતીમાં એક ઉક્તિ પ્રસિદ્ધ છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા.' ભાવાર્થ કે સ્વસ્થ-નીરોગી શરીરસંપદા પ્રાપ્ત થવી એ સૌથી પ્રથમ સુખ છે. વ્યક્તિ પાસે સંપત્તિનું - સત્તાનું - સ્વજનોનું સુખ ભલે ને ચાહે તેવું શ્રેષ્ઠ હોય, પરંતુ સ્વાસ્થ્યનું સુખ જો ન હોય તો પેલા તમામ સુખો વામણા ભાસે - લાચાર લાગે. જેમ કે સંપત્તિની છોળો ઊછળવાનાં કારણે પરિવાર મનગમતી મીઠાઈઓ આરોગતો હોય, પણ વ્યક્તિનો દેહ જો 'Doabeties'નું ઘર હોય તો એ કાંઈ માણી ન શકે. એને તો ચા પણ સાવ સાકર વિનાની લેવી પડે. માટે કહેવાય છે કે સ્વસ્થ - તંદુરસ્ત શરીર પ્રાપ્ત થવું એ **ભાગ્ય** છે....

વિકાસના ક્રમમાં એથી ઉપરનાં સોપાન પર આવે છે ખાનદાન કુલની પ્રાપ્તિ. જન્મ જો કુલીન પરિવારમાં હશે તો પ્રામાણિકતા - સચ્ચાઇ- સંસ્કારિતા - વિવેક વગેરે બાબતો બહુ આસાનીથી મળી જવાની સંભાવના રહે છે. માટે ચોક્કસ કહી શકાય કે ખાનદાન કુલની પ્રાપ્તિ થવી એ **સૌભાગ્ય** છે...

હજુ એક સોપાન ઉપર જઈએ તો ત્યાં આવે છે સજ્જન મિત્રોનો સંસર્ગ. બગીચાનો સંપર્ક જેમ તન-મન ને સુગંધથી તર-બ-તર કરી દે અને અત્તરનો સંપર્ક જેમ વસ્ત્રોને સુવાસિત કરી દે, એમ સારા મિત્રોનો સંપર્ક જીવનને સારપથી ભર્યું ભર્યું બનાવી દે. માટે સન્મિત્રની પ્રાપ્તિ થવી એ **સદ્‌ભાગ્ય** છે.

પણ... સબૂર ! આ ત્રણે ય કરતા શ્રેષ્ઠ પુરવાર થાય એવી બાબત છે સદ્‌ગુરુની પ્રાપ્તિ. પારસમણિના સ્પર્શે લોખંડ જેમ સુવર્ણમાં પરિવર્તિત થઇ જાય છે અને શિલ્પીના સંગે પથ્થર જેમ પ્રતિમામાં પરિવર્તિત થઇ જાય એમ સદ્‌ગુરુના સંગે પાપી પણ પાવન થઇ શકે છે અને પરમાત્મા ય

પરમાત્મા બની શકે છે. માટે જ જૈન પરંપરાના પ્રાર્થના સૂત્રમાં 'सुहगुरुजोगो' શબ્દો દ્વારા સ્વયં પ્રભુ પાસે એ પ્રાર્થના કરાઈ છે કે ''મને સદ્ગુરુ ની પ્રાપ્તિ થાઓ.'' આ સદ્ગુરુની પ્રાપ્તિ થવી એ તો જીવનનું **પરમભાગ્ય** છે.

અમારા જીવનની એ સર્વશ્રેષ્ઠ ખુશનસીબી છે કે સદ્ગુરુભગવંતના યોગરૂપ આ પરમભાગ્ય છેલ્લા સાડત્રીશ વર્ષોથી પળે પળ સાંપડી રહ્યું છે. ૬૭/૬૭ વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય ધરાવતા એ સદ્ગુરુભગવંત એટલે પૂજ્ય પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક આચાર્યપ્રવર સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. વિ.સં ૨૦૭૧માં કાર્તિદ વદિ સાતમે તેઓ યશોજ્જ્વલ આચાર્ય પદપર્યાયના ૨૮ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે ત્યારે, એમના વિરલ ગુણોનાં સંકીર્તન દ્વારા આપણે પેલા પરમભાગ્યને સાથે મળીને માણીએ :

**(૧) પરમગુરુકૃપા :-** જૈન શાસ્ત્રકારો વિનયશીલતાને - સમર્પણ શીલતાને જીવન વિકાસનો મૂલ આધાર ગણે છે. એટલે મહાન શાસ્ત્રકાર ઉમાસ્વાતિભગવંતે 'પ્રશમરતિ' ગ્રન્થમાં બે હજારથી વધુ વર્ષો પૂર્વે આ શબ્દ લખ્યા છે કે ''**विनयायत्ताश्च गुणाः**'' મતલબ કે તમામ ગુણો વિનયને-સમર્પણને આધીન છે. આ વિનયનું-સમર્પણનું જીવંત ઉદાહરણ એટલે આચાર્યશ્રીનું જીવન. પોતાના જીવનશિલ્પી યુગદિવાકર મહાન જૈનાચાર્ય ધર્મસૂરીશ્વરજી મહારાજનાં સર્વપ્રથમ દર્શન કર્યા એમણે વિ.સં. ૨૦૦૦માં. પોતાના ગામ તરફ ચાતુર્માસ પધારી રહેલ ધર્મસૂરિદાદાને લેવા બાર વર્ષીય બાળકરૂપે તેઓ સામે ગયા હતા. પહેલી જ મુલાકાતમાં અનાયાસે એવું બન્યું કે એમની તરફ ધર્મસૂરિદાદાએ હાથ લંબાવ્યો ને એમણે એ હાથ પકડી લીધો. ગુરુદેવે હસતા હસતા કહ્યું : ''હવે આ હાથ છોડી તો નહિ દે ને?'' આમણે કહ્યું : ''ના, નહિ છોડું.'' તે સમયના વિહાર પૂરતો થયેલ આ સંવાદ એ પછીનાં વર્ષોમાં એવો સચોટ સત્ય ઠર્યો કે તેઓ સતત આડત્રીશ-આડત્રીશ વર્ષ ગુરુદેવની સાથે પડછાયાની જેમ રહ્યા !! સ્વયં સમર્થ વિદ્વાન અને અનેકવિધ પ્રભાવક શક્તિસંપન્ન હોવા

છતાં તેઓએ ધર્મસૂરિદાદાની હયાતિ દરમ્યાન એક પણ ચાતુર્માસ અલગ ન કર્યું અને આ રીતે તેઓ ગુરુદેવના આજીવન અંતેવાસી બન્યા.

ગુરુની સાથે જ રહે એ શિષ્યને સ્થૂલ અર્થમાં ગુરુનિશ્રાવર્તી કહેવાય અને દૂધમાં સાકર ભળે તેમ ગુરુની દ્રવ્ય-ભાવભક્તિમાં અસ્તિત્વ ઓગાળી દે એ શિષ્યને સૂક્ષ્મ અર્થમાં ગુરુનિશ્રાવર્તી કહેવાય. આચાર્યશ્રી આ બન્ને અર્થમાં શ્રેષ્ઠ ગુરુનિશ્રાવર્તી હતા. ગુરુદેવની પ્રતિલેખના-કાપ આદિ ભક્તિ હો કે પત્રવ્યવહાર યા ગ્રન્થોનાં પ્રૂફ સંશોધન આદિની ભક્તિ હો, ચાતુર્માસિક પ્રવચનોની જવાબદારી હો કે ગુરુદેવની નિશ્રામાં સતત યોજાતા અંજનશલાકા-પ્રતિષ્ઠા-જિનાલયનિર્માણ-ઉપધાનતપ-ઉદ્યાપન-પદયાત્રાસંઘો આદિની જવાબદારી હો : સર્વાંગીણ રૂપે તેઓ ગુરુદેવની સમર્પિત ભક્તિમાં એવા મગ્ન હતા કે ગુરુદેવને એમના વિના અક્ષરશઃ ચાલતું નહિ. આ સંદર્ભમાં અમે નજર નિહાળેલ એક પ્રસંગ ટાંકીએ :

વિ.સં. ૨૦૩૮. એ વર્ષે મુંબઇ- મલાડમાં ગુરુદેવની નિશ્રામાં ઉપધાનતપ ચાલતા હતા. એ દરમ્યાન શાસનસમ્રાટસમુદાયના આચાર્ય અજિતચન્દ્રસૂરિજી મ. ગુરુદેવને વંદનાર્થે આવ્યા. એ દિવસોમાં મુંબઇના અનેક સંઘો ચાતુર્માસો માટે શ્રમણો આપવા ગુરુદેવને વિનંતિઓ કરતા હતા. પણ નિશ્ચિત શ્રમણસમૂહોના ચાતુર્માસો સ્વીકારાઇ ગયા હોવાથી ગુરુદેવ હવે કોઇ વિનંતિ સ્વીકારતા ન હતા. આ અનુસંધાનમાં વાત વાતમાં અજિતચન્દ્રસૂરિજી બોલ્યા : ‘‘પંન્યાસ શ્રી સૂર્યોદયવિજયજી ને અલગ ચાતુર્માસ પાઠવો ને. એ બધી રીતે સમર્થ છે.’’ તુર્ત જ ગુરુદેવે કહ્યુંઃ ‘‘એ ન બને. મારી તમામ કાર્યવાહી એ સંભાળતા હોવાથી એ તો મારી સાથે જ જોઇએ !!’’

સમર્પણશીલતાનાં કારણે તેઓ ગુરુદેવનાં હૈયે કેવા વસ્યા હતા તે આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. એક પ્રાકૃત સુભાષિત કહે છે કે ‘‘તે શિષ્ય ધન્ય છે કે જેનાં હૈયે ગુરુદેવ વસે છે. પરંતુ તે શિષ્ય તો ધન્યાતિધન્ય છે કે જે પોતાના ગુણોનાં કારણે સ્વયં ગુરુદેવનાં હૈયે વસે

છે...'' વિ.સં. ૨૦૩૮ માં ગુરુદેવ કાળધર્મ પામ્યા તે પછી ય આજપર્યંત તેઓની ગુરુભક્તિ પ્રકારાંતરે અખંડ ધારાએ વિલસી રહી છે : સર્વાધિક ગુરુમંદિરોનાં નિર્માણરૂપે, ગુરુદેવના સંસ્કૃત-ગુજરાતી જીવનચરિત્રાદિ ગ્રન્થપ્રકાશનરૂપે, ઠેર ઠેર શિલાલેખમય જીવનજ્યોતરૂપે, વિવિધ સંઘોમાં ધર્મવિહારાદિ ઉપાશ્રયનિર્માણરૂપે અને આલીશાન અદ્ભુત ધર્મધામ - નાગેશ્વર પાર્શ્વતીર્થનિર્માણરૂપે. આ ગુરુભક્તિથી પ્રાપ્ત થયેલ પરમગુરુકૃપાએ જ એમને સર્વક્ષેત્રીય સફળતાના શિખરે આરૂઢ કર્યા છે....

**(૨) પ્રકાંડ પ્રજ્ઞા :-** સંપત્તિનો વૈભવ સંસારી વ્યક્તિને સમાજનાં ક્ષેત્રે પ્રગતિ કરાવે છે, તો બુદ્ધિનો વૈભવ સાધુજનોને શાસ્ત્રોનાં ક્ષેત્રે પ્રગતિ કરાવે છે. આચાર્યશ્રી અસાધારણ બુદ્ધિ-પ્રતિભા ધરાવતા હોવાથી સંસ્કૃત વ્યાકરણ-સાહિત્ય અને ન્યાયના વિષયોમાં મૂર્ધન્ય વિદ્વાનરૂપે સ્થાન-માન પામ્યા છે. આ ત્રણ વિષયોની કલકત્તા યુનિવર્સીટીની કુલ નવે નવ પરીક્ષાઓમાં એક પણ અપવાદ સિવાય તેઓ 'First Class First' ઉત્તીર્ણ થયા હતા!! આ જ પ્રકાંડ પ્રજ્ઞાનાં કારણે તેઓએ ધર્મસૂરિદાદા દ્વારા સર્જિત છ હજાર શ્લોક પ્રમાણ સંસ્કૃત નવતત્ત્વ-સુમંગલાટીકા ગ્રન્થનો દશ હજાર શ્લોકપ્રમાણ ગુર્જર ભાવાનુવાદ કર્યો છે, તો ગુરુદેવના વિવેચિત પંચમકર્મગ્રન્થ-લઘુક્ષેત્રસમાસ-ષટ્ત્રિંશિકાપ્રકરણાદિ નાના-મોટા વીશેક ગ્રન્થપુષ્પોનું સ્વયં સંપાદન પણ કર્યું છે. શિષ્યો સાથે મળીને કુલ સો પુસ્તકોનું તેઓએ પ્રકાશન કરાવ્યું છે.

એમની આ પ્રકાંડ પ્રજ્ઞાની એક - બે ઝલક નિહાળીએ :

* વિ.સં. ૨૦૫૬ માં મુંબઈથી ગુજરાત તરફના પદયાત્રા - વિહારમાં અમારી એક દિવસની સ્થિરતા મહાલક્ષ્મી પેટ્રોલપંપમાં હતી. અમને જ્યાં નિવાસ અપાયો હતો એની બાજુમાં નાનકડો બગીચો હતો. એ પંપના એક ભાગીદાર માલિક જયંતિભાઈ ગાલા બપોરે વાર્તાલાપ કરતા હતા. વાત-વાતમાં એ કહે : ''અહીં બગીચામાં લાલ-લીલા-કાળા દરેક વર્ણના મરચા ઉગાડી શકાય છે. આજનાં વિજ્ઞાને આ પ્રગતિ કરી છે.''

તરત જ આચાર્યશ્રી બોલ્યાઃ ''સિદ્ધહેમચન્દ્ર સંસ્કૃતવ્યાકરણની બૃહદ્વૃત્તિમાં સૂત્ર નં. ૩-૧-૧ નાં વિવરણમાં, ધાતુ અને ઉપસર્ગના સંબંધથી થતા વિવિધ અર્થો અંગે, તે તે દ્રવ્યોના બીજકાલીન સંબંધથી વનસ્પતિમાં નવા નવા વર્ણો સર્જાતા હોવાનું ઉદાહરણ, નવસો વર્ષ પૂર્વે થયેલ શ્રી હેમચન્દ્રાચાર્યે આપ્યું જ છે.'' અને એ પછી તેઓ તરત બૃહદ્વૃત્તિના બે શ્લોકો આ અંગેના બોલી ગયા!! પચાસ વર્ષ પૂર્વે અભ્યાસકાળે કરેલ શ્લોકો કોઈ સ્વાધ્યાય વિના ઉપસ્થિત રહે એ વિરલ પ્રજ્ઞાશક્તિનું જ પ્રતીક ગણાય...

* સામાન્યપણે એવું બને છે કે બહુ પ્રસિદ્ધ બાબતોના શ્લોકો કે પંક્તિઓમાં આપણી બુદ્ધિ પ્રવાહમાં તણાતા તણખલા જેવી રહે. એથી એમાં ગુણ-દોષનો ઝાઝો વિચાર ન કરી શકે. પણ આચાર્યશ્રી આવી બાબતોમાં સ્થિર બુદ્ધિ રાખી ઊંડાણથી વિચારી શકે છે. એનું એક ઉદાહરણ જોઈએ : કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં, મહાવીરપ્રભુનાં ગર્ભસંક્રમણ પૂર્વેનાં શક્રચિંતનમાં **न कस्यापि भूतपूर्वः** શબ્દો લખવા દ્વારા એ ભાવની રજૂઆત છે કે 'ભૂતકાળમાં કોઈ તીર્થંકરપ્રભુને આવા કુળોમાં ગર્ભપણે આવવાનો પ્રસંગ નથી બન્યો.' પ્રચલિત પ્રવાહ મુજબ, અમારા જેવાને એ શબ્દોમાં કાંઈ વિચારવા જેવું લાગતું ન હતું. પરંતુ એક વાર આચાર્યશ્રીના વપરાશની પ્રત અમારા હાથમાં આવી, તો એમાં પૂર્વોક્ત સંસ્કૃત શબ્દો પર સંસ્કૃતભાષામાં આ ભાવની નોંધ એમની હતી કે 'બીજા કોઈ પ્રભુને પૂર્વે કદી આમ નથી થયું એમ ન કહી શકાય. કલ્પસૂત્રના મૂળ પાઠના '**आयाइंसु वा**' શબ્દથી તો એમ નક્કી થાય છે કે ભૂતકાળમાં ય અચ્છેરારૂપે ક્વચિત્ તીર્થંકરપ્રભુ આવા કુળમાં આવ્યા છે.'

કેવી સૂક્ષ્માર્થગ્રાહિણી પ્રજ્ઞા !! આવા ચમકાર અનુભવીને જ અભ્યાસકાળમાં ધર્મસૂરિદાદાએ એક વાર એમને નીકોરાગામમાં કહેલ કે ''તારી બુદ્ધિ - ક્ષયોપશમ કેટલેક અંશે પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મ. ની યાદ અપાવે તેવો છે....''

**(૩) પ્રભાવકતા :-** જૈન શાસનના આચાર્યો અચ્છા આરાધક

હોવા ઉપરાંત પુણ્યબળના યોગે અચ્છા પ્રભાવક પણ હોય છે. આચાર્યશ્રી પણ પરમગુરુસમર્પણથી પ્રાપ્ત પરમગુરુકૃપાના પ્રભાવે અનેકાનેક શાસનપ્રભાવનાઓ વિસ્તારી રહયા છે. ધર્મસૂરિદાદાની હયાતિ સુધી એમની તમામ પ્રભાવક શક્તિ ગુરુદેવનાં કાર્યોમાં જ સંનિહિત હતી. પરંતુ એ પછી એમના વરદ હસ્તે સર્જાયેલી શાસનપ્રભાવનાઓ સિલસિલાબદ્ધ છે. મુંબઈ-ઠાકુરદ્વારનું ત્રિમજલી ભવ્ય જિનાલય હો કે વાલકેશ્વર-લીજેન્ડ પેલેસનું જિનાલય હો, બોરીવલી-કાર્ટર રોડનું જિનાલય હો કે વસઈના બબ્બે જિનાલયો હો, ભાયંદરનું જીરાવલાપાર્શ્વજિનાલય હો કે રથાકારમંદિર હો, ઘાટકોપર-જગડૂશાનગર જિનાલય હો કે ડભોઈનું શાંતિનાથ જિનાલય હો, વડોદરાનું નવપદ-મહાવીર સ્વામી જિનાલય હો કે વડોદરા-દેરાપોળનો ગોડીપાર્શ્વતીર્થોદ્ધાર હોઃ આ અને આવા તમામ શિખરબદ્ધ જિનાલયો આચાર્યશ્રીના પુણ્યપ્રભાવના પરિચાયક છે. પરંતુ અમારી દૃષ્ટિએ આ તમામમાં (૧) રૂ. તેર ક્રોડનાં ખર્ચે તેઓએ કરાવેલ જન્મભૂમિ દર્ભાવતીતીર્થનો સર્વાંગીણ પુનરુદ્ધાર (૨) મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે ટચ શ્રી ધર્મસૂરીશ્વરજી મ. પુણ્યસ્મારક ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથતીર્થનું અત્યંત આલીશાન વિરાટ નિર્માણ અને (૩) જગડૂશાતીર્થરક્ષા સર્વોત્તમ શાસનકાર્યો છે.

૮૧ નૂતન જિનાલયો+ઉપાશ્રયો, ૭૮ પ્રતિષ્ઠા મહોત્સવો, ૨૦ અંજનશલાકામહોત્સવો, ૨૧ ઉપધાન તપ, ૧૫ પદયાત્રા સંઘો અને અનેક દીક્ષા પ્રદાન : આ છે એમની શાસનપ્રભાવનાઓનો આછો આલેખ. બાર શ્રમણોનું એમનું વિદ્વાન અને આરાધક વિશાલ શિષ્ય - પ્રશિષ્યવૃંદ પણ એમની શાસનપ્રભાવનાનો જ એક પ્રકાર ગણી શકાય....

**(૪) પરિણતિ :-** પ્રવૃત્તિ જો ધંધો છે, તો પરિણતિ નફો છે. પ્રવૃત્તિની સાથોસાથ પરિણતિ જો ઉચ્ચતર બનતી જાય તો એની અસરો સંપર્કમાં આવનાર વ્યક્તિઓ સુધી ફેલાતી જાય. આચાર્યશ્રીની આવી પરિણતિને ઉજાગર કરતો એક નાનકડો પ્રસંગ જોઈએ :

વિ.સં. ૨૦૬૬ માં અમે એક દિવસ મુંબઈ-કાંદિવલીના

મુનિસુવ્રતજિનાલય - ઉપાશ્રયે હતા. એ દિન હતો ચૌદશનો. થોડી વારમાં ત્યાં વર્ધમાનભક્તિમંડળના તરવરિયા પ્રવક્તા પરેશભાઇ આવ્યા. એ કહે "સાહેબજી! આપ જો ચૌદશે કાંદિવલીના ઉપાશ્રયે હો તો ચૌદશનું પ્રતિક્રમણ ઉપાશ્રયે આપની નિશ્રામાં જ કરવાનો મારો અચૂક ભાવ હોય છે. આપ 'સંસારદાવા' સજ્ઝાય એવા ગંભીર નાદે અને કલકલ નિનાદે વહેતા ઝરણાં જેવી પદ્ધતિથી તન્મયતાપૂર્વક બોલો છો કે એનાથી હું અનાયાસે ભાવોનાં ઊંડાણમાં ઊતરી જઉં છું." આ ફક્ત પરેશભાઈનો નહિ, અમારા સહુનો ય અનુભવ હતો. આચાર્યશ્રીએ સહજ નિખાલસતાથી પરેશભાઇને કહ્યું : "એ સ્તોત્રના શબ્દો જ એવા છે કે અનાયાસે ભાવોનાં ઊંડાણમાં ઊતરી જવાય." શબ્દોના સોદાગર પરેશભાઈએ હૃદયના ભાવથી ઉત્તર આપ્યો : "સાહેબજી! શબ્દો તો પુદ્ગલાત્મક-જડ છે. એની સાથે આપનું ઉત્તમ ચૈતન્ય-પરિણતિ ભળે છે. માટે એનું શ્રવણ અમને ભાવોનાં ઊંડાણમાં લઈ જાય છે!!" પરેશભાઈનો આ ઉત્તર આચાર્યશ્રીની પરિણતિનો મસ્ત દ્યોતક છે....

૨૮મા આચાર્યપદારોહણદિન નિમિત્તેના આ ગુરુગુણાનુવાદ-લેખનું સમાપન કરતા આપણે આચાર્યશ્રીને શબ્દાંજલિ અર્પીએ કે :

'उगते हुए सूरज के किरणें रोशनी दे आपको,
खीलती हुइ कलियाँ खुशबू दे आपको ।
हम तो कुछ देने को काबिल नहि,
पर कर्मसत्ता बडी उम्र दे आपको ।।'